કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
રાપર તાલુકાના ફતેહગઢ, બાલાસર, અમરાપર (ખડીર) રામવાવ, સુવઈ, નાની હમીરપર, આડેસર પલાંસવા, ચિત્રોડ, કિડીયાનગર, માખેલ, સરવામોરા, મોમાયમોરા, મોટી હમીરપર, ભીમાસર, ભુટકીયા, પદમપર, પ્રાગપર, સુખપર, વરણો, નાંઢા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
સુરેશ ઠક્કર (રાપર) : 99791 99595
સ્થળ : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, રાપર-કચ્છ.

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-
ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૪ જૂલાઇ, ૨૦૨૬ મંગળવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
33 વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
મુંદરા તાલુકાના ભદ્રેશ્વર, લુણી, વડાલા, ગુંદાલા, બારોઈ, નાના કપાયા, ભુજપુર, સમાઘોઘા, મોટા કપાયા, ફાચરીયા, પ્રાગપર, દેશલપર (કંઠી), વાંઢ, ધ્રબ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: મુકેશભાઈ ગોર :-
90990 79342, 98790 41665
૫ મૈત્રી કોમ્પલેક્ષ, તાલુકા પંચાયત રોડ, મુંદરા-કચ્છ.

◆અંક નંબર : ૦૪૮◆વર્ષ : 33 ◆પાના - ૧૪ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ નિજ જેઠ વદ - ૩૦ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# રથયાત્રા પૂર્વે ગુજરાત ATSનું મેગા ઓપરેશન

## પાટણ અને બનાસકાંઠામાં દરોડા

ગાંધીનગર : છૂજી એ ચોક્કસ બાતમીના આધારે ઉત્તર ગુજરાતના સરહદી જિલ્લાઓમાં વહેલી સવારથી જ કડક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમપાટણના ચાણસ્માના ચાટાવાડ સહિતના વિસ્તારોમાંથી કુલ ૫ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરવામાં આવી છે. બનાસકાંઠાના કમલપુર ગામમાંથી અન્ય ૨ આતંકીઓને એટીએસની ટીમે દબોચી લીધા છે.

## ઉત્તર ગુજરાતમાંથી જૈશ-એ-મોહમ્મદના વધુ ૭ આતંકીઓ ઝડપાયા

ગાંધીનગર: અષાઢી દૂજની પવિત્ર રથયાત્રા પૂર્વે ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા રાજ્યમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને એક ખૂબ જ મોટું અને સફળ ઓપરેશન પાર પાડવામાં આવ્યું છે. દેશવિરોધી તત્વોના મનસૂબા પર પાણી ફેરવી દેતા એટીએસની ટીમે ઉત્તર ગુજરાતમાંથી પ્રતિબંધિત આતંકી સંગઠન 'જૈશ-એ-મોહમ્મદ' સાથે સંકળાયેલા વધુ ૭ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ કરી છે. આ અગાઉ પણ આ જ વિસ્તારમાંથી ૮ આતંકીઓને ઝડપી લેવામાં આવ્યા હતા, જેથી અત્યાર સુધીમાં કુલ પકડાયેલા આતંકીઓનો આંકડો ઘણો મોટો થયો છે.હજુ પણ ધરપકડનો દોર લંબાઈ શકે છે"સૂત્રો પાસેથી મળતી



માહિતી મુજબ, પકડાયેલા આતંકીઓની કડીઓ રાજ્યના અન્ય ભાગો સાથે પણ જોડાયેલી હોવાની આશંકા છે. જેને પગલે હજુ પણ અન્ય કેટલાક શંકાસ્પદ સ્થાનિક સાગરીતો અથવા

## મોટા ઘટસ્ફોટની શક્યતા

ગાંધીનગર : રથયાત્રા જેવા મોટા મહોત્સવ પૂર્વે જૈશ-એ-મોહમ્મદના આટલા મોટા નેટવર્કનો પર્દાફાશ થતાં સુરક્ષા એજન્સીઓ વધુ સતર્ક બની છે. હાલ આ સાતેય આતંકીઓને અજ્ઞાત સ્થળે લઈ જઈને સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે. પોલીસ અને એટીએસના ઉચ્ચ અધિકારીઓના મતે, આ પૂછપરછ દરમિયાન રાજ્યમાં આતંકીઓ કયા મોટા ષડયંત્રને અંજામ આપવાની ફિરાકમાં હતા તે અંગેના મોટા ખુલાસા થઈ શકે છે.

અનુસંધાન પાના નં.૪ પર

## સુરક્ષા વ્યવસ્થા સજ્જ : રથયાત્રા પૂર્વે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની હાજરીમાં યોજાઈ ભવ્ય મેગા ફ્લેગ માર્ચ

**કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિત ઉચ્ચ પોલીસ કાફલા સાથે રથયાત્રાના રૂટ પર કરાયું સંવેદનશીલ નિરીક્ષણ: શાંતિપૂર્ણ માહોલમાં ઉત્સવ ઉજવવા તંત્ર સજ્જ**

અમદાવાદ :અષાઢી દૂજના પવિત્ર પર્વે નીકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ, કોમી એકતા અને સુરક્ષિત માહોલમાં સંપન્ન થાય તે માટે રાજ્ય સરકાર અને પોલીસ તંત્ર દ્વારા એક્શન પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે. રથયાત્રાના રૂટ પર સુરક્ષા વ્યવસ્થાનો તાગ મેળવવા અને અસામાજિક તત્વોમાં કાયદાનો ડર પેદા કરવાના હેતુથી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની સીધી હાજરીમાં એક ભવ્ય 'મેગા ફ્લેગ માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું.



ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓની ટીમ સાથે રથયાત્રાના સમગ્ર રૂટનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન સંવેદનશીલ વિસ્તારો, સાંકડી ગલીઓ અને રથયાત્રાના મુખ્ય પોઈન્ટ્સ પર પોલીસ ફોર્સની ગોઠવણી અંગે સઘન ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ગૃહમંત્રીએ રૂટ પર સ્થાનિક નાગરિકો સાથે પણ સંવાદ સાધી શાંતિ અને ભાઈચારો જાળવી રાખવા અપીલ કરી હતી.આ મેગા ફ્લેગ માર્ચમાં સ્થાનિક પોલીસ, એસઆરપી, ક્રાઈમ બ્રાન્ચ અને ક્યુઆરટીના જવાનો સહિત મોટો સુરક્ષા કાફલો જોડાયો હતો. આધુનિક ટેકનોલોજી, બોડી વોર્ન કેમેરા અને ડ્રોન સર્વેલન્સ દ્વારા પણ સમગ્ર રૂટ પર બાજ નજર રાખવામાં આવી રહી છે. શંકાસ્પદ હિલચાલ કરનારાઓ પર અત્યારથી જ વોચ ગોઠવી દેવામાં આવી છે.પ ોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું

અનુસંધાન પાના નં.૪ પર

## નાથનો નૈત્રોત્સવ : હર્ષ સંઘવી સહિતનાઓની ગરિમામય ઉપસ્થિતી





**નાયબ મુખ્યમંત્રીએ ધ્વજારોહણ કરી ભગવાન જગન્નાથજી સમક્ષ રાજ્યના નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના કરી : ઉર્જા અને જિલ્લા પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ**

અમદાવાદ : અમદાવાદ શહેરમાં ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા પૂર્વે ભગવાનને આવકારવા અને તેમના દર્શન કરવા ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અષાઢી બીજના દિવસે નીકળનારી ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રા પૂર્વે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી જગન્નાથ મંદિરે નેત્રોત્સવ વિધિમાં ઉપસ્થિત રહ્યા હતા. ઉર્જા અને જિલ્લા પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી ના હસ્તે મંદિરમાં ધ્વજારોહણ સંપન્ન થયું હતું. ધ્વજારોહણ બાદ નાયબ મુખ્યમંત્રી ઉપસ્થિત મહાનુભાવો સાથે ભગવાનની મહાઆરતીમાં સહભાગી થયા હતા. હર્ષ સંઘવીએ ભગવાન જગન્નાથજીના દર્શન કરીને આશીર્વાદ મેળવ્યા હતા તથા રાજ્યના નાગરિકોની સુખાકારી માટે પ્રાર્થના

અનુસંધાન પાના નં.૪ પર

## ઇરાન- અમેરિકા યુદ્ધમાં રશિયાની એન્ટ્રી

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સૈન્ય તનાવ વચ્ચે રશિયાએ પોતાનું સૌથી સુરક્ષિત અને આધુનિક હવાઈ કમાન્ડ વિમાન ટીયુ-૨૧૪ પીયુ (ડૂમ્સ કે પ્લેન) તહેરાન મોકલ્યું છે. ફલાઈટ ટ્રેકીંગ ડેટાના રિપોર્ટ મુજબ વિમાન મોસ્કોના વનુકોવો આંતરરાષ્ટ્રીય વિમાન મથકેથી રવાના થયુ છે.આ વિમાન રશિયાના ટોચના નેતૃત્વ માટે એક મોબાઈલ કમાન્ડ સેન્ટર તરીકે કાર્ય કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, જે રાષ્ટ્રપતિની યાત્રા અને હાલતા-ચાલતા સરકારી




**અમેરિકા સાથે જંગ દરમિયાન ઈરાન પહોંચ્યું રશિયાનું ડૂમ્સ કે વિમાન**

કાર્યોમાં સહાયતા માટે સમર્પિત રેડિયો અને સંચાર સીસ્ટમથી સજ્જ છે. રક્ષા વિશેષજ્ઞોનું માનવું છે કે આ વિમાનની ઈરાનમાં હાજરી માત્ર કૂટનીતિક સંયોગ નથી, બલ્કી વૈશ્વિક રાજનીતિમાં એક મોટા ફેરફારનો સંકેત છે.વિશેજ્ઞોનું માનીએ તો જો રશિયા અને ઈરાન વચ્ચે સૈન્ય સહયોગ વધુ મજબૂત થાય છે તો તે અમેરિકા માટે ચિંતાની વાત બની શકે છે. જો કે માત્ર એક વિમાન ઈરાન પહોંચી જવાથી એમ ન કહી શકાય કે યુદ્ધની ભાષા બદલી જાય.

## ફરી સળગ્યું હોર્મુઝ

નવીદિલ્હી : વૈશ્વિક ઉર્જા સપ્લાયની સૌથી મહત્વપૂર્ણ કડી ગણાતી હોર્મુઝની ખાડી ફરી એકવાર ભયાનક સૈન્ય સંઘર્ષનું કેન્દ્ર બની ગઈ છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો તણાવ હવે ચરમસીમાએ પહોંચ્યો છે, જેની સીધી અસર વૈશ્વિક સમુદ્રી વ્યાપાર અને નિર્દોષ નાગરિકો પર પડી રહી છે. એવામાં સંયુક્ત અરબ અમીરાતના બે તેલ ટેક્રરો પર ક્રૂઝ મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો છે.આ હુમલામાં કમનસીબે એક ભારતીય ક્રૂ મેમ્બરે પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે અન્ય ૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટના બાદ મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વધુ વણસી ગઈ છે અને વૈશ્વિક બજારોમાં પણ ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

**ભગવાન જગન્નાથજીની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે**

## રાજ્યના પોલીસ વડાશ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં યોજાઈ મહત્વની વીડિયો કોન્ફરન્સ





ગાંધીનગર : આગામી ભગવાન જગન્નાથજીની રથયાત્રા રાજ્યભરમાં શાંતિપૂર્ણ, કોમી એકતા અને સુરક્ષિત માહોલમાં સંપન્ન થાય તેમજ ચાલુ વરસાદી માહોલમાં પણ સુરક્ષા વ્યવસ્થા ખોરવાય

અનુસંધાન પાના નં.૪ પર

## ૭ રાજ્યોની ચૂંટણી પહેલા ભાજપ ફરી ચોંકાવશે! મુખ્યમંત્રીના નામ જાહેર નહીં કરે તેવી શક્યતા

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : આગામી વર્ષે ઉત્તર પ્રદેશ અને ગુજરાત સહિત દેશના ૭ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. ભારતીય જનતા પાર્ટીએ તેના માટે તાડામાર તૈયારી શરૂ કરી દીધી છે. ભાજપ નેતૃત્વ આગામી વિધાનસભા ચૂંટણીઓમાં નવી વ્યૂહરચના અપનાવવા પર ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે, જેમાં ભાવી મુખ્યમંત્રી જાહેર કરવાને બદલે સામૂહિક અને વર્તમાન નેતૃત્વ સાથે ચૂંટણી લડવામાં આવશે.છેલ્લા ઘણા ચૂંટણી ટ્રેન્ડને જોતા પાર્ટીનું માનવું છે કે, આનાથી સફળતાની ટકાવારી વધે છે અને વધુ લાભ મળે છે. જે રાજ્યમાં પાર્ટીની સરકાર છે, ત્યાંના નેતાને આગળ પણ યથાવત રાખી શકાય છે, પરંતુ તેઓ જ ફરીથી નેતા બનશે તેવી સીધી જાહેરાત કરવાનું ટાળવામાં આવશે. ભાજપમાં નવા નેતૃત્વ સાથે નવા ફેરફારો અને નવી વ્યૂહરચના પર પણ ઘણું મંથન ચાલી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પાર્ટીનું માનવું છે કે, જે રાજ્યોમાં તેની સરકારો છે ત્યાં ચૂંટણી દરમિયાન જ આગામી મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવાથી સત્તા વિરોધી માહોલ વધી જાય છે અને પાર્ટીમાં પણ બે પ્રકારની ધારા બની જાય છે. જો આવું કરવામાં ન આવે તો પાર્ટી પૂરી તાકાત લગાવે છે અને વિરોધીઓને પણ તક મળતી નથી. સૂત્રોનું કહેવું છે કે, પાર્ટીમાં એક મોટા વર્ગનું માનવું છે કે જ્યાં હાલમાં તેમના મુખ્યમંત્રી છે, ત્યાં ચૂંટણી તો તેમના જ નેતૃત્વમાં લડવામાં આવશે અને તેમને આગળ પણ યથાવત રાખી શકાય છે, પરંતુ તેની અગાઉથી જાહેરાત થવી જોઈએ નહીં. જ્યાં પાર્ટી સત્તામાં નથી, ત્યાં પણ સામૂહિક નેતૃત્વમાં જ જવાથી વધુ સફળતા મળવાની સંભાવના રહે છે. આગામી વર્ષે સાત વિધાનસભાઓની ચૂંટણી છે, જેમાં ફેબ્રુઆરી-માર્ચમાં ૫ અને ડિસેમ્બરમાં ૨ વિધાનસભાઓની ચૂંટણી થશે. ભાજપની આમાંથી પંજાબ અને હિમાચલ પ્રદેશને છોડીને બાકીના ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર, ગોવા, ગુજરાતમાં સરકારો છે. પાર્ટીનો પ્રયાસ છે કે, તે સત્તાવાળા રાજ્યોમાં પોતાની સરકાર યથાવત રાખે અને બાકીના બે રાજ્યોમાં પણ જીત હાંસલ કરે. આવી સ્થિતિમાં તેને આ નવી વ્યૂહરચનાથી પહેલા કરતા પણ વધુ સફળતા મળવાની સંભાવના દેખાઈ રહી છે.

## જનતા મોંઘવારીથી ત્રસ્ત : સરકારનાં અચ્છે દિન !

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી: ભારતનો રિટેલ ફુગાવો જૂન મહિનાના અંતે ૪.૩૮ ટકા પર બંધ આવ્યો છે. આ ફુગાવો ૧૭ મહિનાના ઊંચા સ્તરે છે અને રિઝર્વ બેક્કે નિયત કરેલી ચાર ટકાની સપાટી કરતાં વધારે છે. આમ સળંગ છઠ્ઠા મહિને ફુગાવામાં વધારો થયો છે. મે મહિનામાં પણ ફુગાવામાં વધારો જોવા મળ્યો હતો. મે મહિનામાં રિટેલ ફુગાવો ૩.૯૩ ટકા પર હતો અને હવે જૂનમાં તે ૦.૪૫ ટકા વધી ૪.૩૮ ટકા પર પહોંચી ગયો છે.આ આંકડો નિરાશાજનક એટલા માટે છે કેમકે સળંગ પાંચમાં મહિને રિટેલ ફુગાવો રિઝર્વ બેક્કના નિયત લક્ષ્યાંક કરતાં વધારે છે. રિઝર્વ બેક્કે મધ્યમ સમયગાળા માટે ચાર ટકાનું રિટેલ ફુગાવાનું લક્ષ્યાંક નક્કી કર્યુ છે. તેમા બે ટકા વધઘટ સામેલ છે.વર્તમાન વર્ષના રિટેલ ફુગાવા પર નજર નાખીએ તો જાન્યુઆરીમાં રિટેલ ફુગાવો ઘટીને ૨.૭૪ ટકા થયો હતો, પરંતુ ફેબ્રુઆરીમાં વધીને ૩.૨૧ ટકા, માર્ચમાં ૩.૪૦ ટકા, એપ્રિલમાં ૩.૪૮ ટકા અને મેમાં ૩.૯૩ ટકા, અને જૂનમાં ૪.૩૮ ટકા આવ્યો છે.સરકારે સોમવારે રિટેલ ફુગાવાના આંકડા જારી કર્યા છે. તેમા જૂનમાં ખાદ્ય ફુગાવો વધીને ૫.૩૨ ટકા થઈ ગયો હોવાનું જણાવ્યું છે. જ્યારે ગ્રામીણ ક્ષેત્રમાં મોંઘવારી ૫.૪૫ ટકા રહી. જ્યારે શહેરી ક્ષેત્રોમાં ૫.૦૯ ટકા નોંધાઈ.

સરકારી આંકડા મુજબ ગ્રામીણ અને શહેરી બંને ક્ષેત્રમાં મોંઘવારીનો માર પડયો છે. ગ્રામીણ મોંઘવારી દર મેના ૪.૨૫ ટકાથી વધીને જૂનમાં ૪.૭૪ ટકા થયો. શહેરી મોંઘવારી દર મેના ૩.૫૩ ટકાથી વધી જૂનમાં ૩.૯૨ ટકા થયો.ઈંધણ અને પરિવહન ખર્ચમાં વધારો થવાના લીધે આ ફુગાવો વધ્યો હતો. પરિવહન ફુગાવો મેના ૧.૭૫ ટકાથી વધીને જૂનમાં ૪.૩૧ ટકા થઈ ગયો હતો. સરકારનું માનવું છે કે વિશ્વસ્તરે હળવા થયેલા ભાવ અને ખાતરના ખર્ચમાં થયેલા ઘટાડાના કારણે ફુગાવા પર દબાણ ઘટી શકે છે.

જો કે ફુગાવાને નિર્ધાર કરતાં પરિબળોમાં હવામાનનો ટ્રેન્ડ, ફૂડ સપ્લાયનો ટ્રેન્ડ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવો અત્યંત મહત્ત્વનું પરિબળ રહેશે.

### તિકડમ ! - દેવેન વ્યાસ



**31 ડિસેમ્બરની ઉજવણી જેવો ઉત્સાહ અષાઢી બીજની ઉજવણી માટે રાખોને !**

**વિકસીત દેશોને ગ્લોબલ વોર્મિંગના પાપની સજા મળવા લાગી**

## યુરોપમાં હીટવેવે આતંક મચાવ્યો : યુકેમાં મે અને જૂનની ગરમીએ ૨૭૦૦ લોકોનો ભોગ લીધો

લંડન (બ્રિટન) : યુરોપમાં હવામાને આતંક મચાવ્યો છે. વર્ષ ૨૦૨૬માં હીટવેવે પુરા યુરોપને બતાવી દીધું છે કે એર કન્ડીશનર માત્ર લકઝરી નથી, બલકે જીવ બચાવવાનું સાધન છે. આ દરમિયાન એક નવી સ્ટડીમાં મે-જૂનની ગરમીથી ઈંગ્લેન્ડ અને વેલ્સમાં ૨૭૦૦થી વધુ લોકોના મોત થયાનું અનુમાન છે.આગામી દિવસોમાં યુરોપમાં સાઉદી અરબ જેવી ગરમી નકકી છે, જયારે બીજી બાજુ ટ્રેન કંપની યુરોસ્ટારે ૫૫ ડીગ્રી સેલ્સીયસમાં કામ કરનારી નવી ટ્રેનો બનાવવાની તૈયારી શરૂ કરી દીધી છે.યુરોપમાં હાલ એસીની જ નહીં, તાબૂતોની ડિમાન્ડમાં પણ ઉછાળો આવ્યો છે! મે-જૂનના હિટવેવમાં ઈંગ્લેન્ડ અને વેલ્સમાં કમસેકમ ૨૭૦૦ લોકોના મોતનું અનુમાન લગાવાયું છે. નિષ્ણાંતોનું માનવું છે કે અસલી પડકાર આવવાનો હજુ બાકી છે.

## દેશભરમાં ૮૦ થી વધુ ટોલ પ્લાઝા હટાવવામાં આવશે

નવી દિલ્હી : નેશનલ હાઈવે પર મુસાફરી કરતાં કરોડો વાહન ચાલકો માટે રાહતના સમાચાર છે. સરકારનાં એક આંતરિક ઓડિટ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે દેશભરમાં આશરે ૮૦ થી વધુ ટોલ પ્લાઝા એવા છે, જેમની રોકાણ કિંમત વસૂલ થઈ ચૂકી છે અથવા તેઓ ૬૦ કિલોમીટરની અંદર ખોટી રીતે વસૂલાત કરી રહ્યાં છે. સરકારે નિયમોને બાજુ પર મૂકીને ચલાવવામાં આવી રહેલાં આવા ટોલ પ્લાઝાને ૧ ઓક્ટોબરથી બંધ કરવાનો નિર્ણય કર્યો છે.સડક




પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયનાં સૂત્રોએ જણાવ્યું કે, ઉત્તર પ્રદેશ, દિલ્હી, બિહાર, ઉત્તરાખંડ સહિત દક્ષિણ ભારતનાં ઘણાં ટોલ ઓપરેટર ૬૦ ટકા ટોલ માફીથી બચવા માટે ચાલાકી કરે છે.

## એનડીએના ૫૩ ટકા મતદારો ઈથેનોલ મિશ્રણના પક્ષમાં નથી

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી: દેશમાં ઈથેનોલ પૉલિસી ભારે ચર્ચાસ્પદ બની છે. દેશનો મોટો વર્ગ ઈ-૨૦ પેટ્રોલનો વિરોધ કરે છે. તેમને ડર છે કે ઈથેનોલ ભેળવેલા પેટ્રોલથી વાહનો ખરાબ થઈ જશે. એવરેજમાં કડાકો બોલી જશે અને એન્જિન વહેલું ખરાબ થઈ જશે. સી-વૉટરના એક સર્વેમાં જણાયું કે સત્તાધારી ગઠબંધન એનડીએના બહુમતી સમર્થકોમાં ઈ-૨૦નો ભારે વિરોધ છે. તેમને સરકારની આ પૉલિસી મંજૂર નથી. ૨૯ ટકા લોકો ઈથેનોલ બાબતે કોઈ નિર્ણય પર આવી શક્યા નથી.

કેન્દ્ર સરકારની ઈથેનોલ પૉલિસીએ દેશવ્યાપી ચર્ચા જગાવી છે. એક તરફ સરકાર સતત આ પૉલિસીનો બચાવ કરે છે અને તેને સલામત ગણે છે.

# કચ્છમાં ૬ મહિનામાં હાર્ટ સંબંધિત ઈમરજન્સી કેસોમાં ૩૫.૭૧ ટકાનો ચિંતાજનક ઉછાળો

**ગત વર્ષના ૧૦૮૧ કેસ સામે આ વર્ષે ૧૪૬૭ દર્દીઓને ઈમરજન્સી સારવાર આપવી પડી : કોઈ પણ ચિહ્નો વગર આવતા હાર્ટ એટેકથી બચવા ૧૭ વર્ષથી મોટી ઉંમરના લોકોને નિયમિત ટેસ્ટ કરાવવા તબીબોની સલાહ**

ભુજ - કચ્છઉદય : સમગ્ર ગુજરાત રાજ્યની સાથે હવે સરહદી જિલ્લા કચ્છમાં પણ હૃદયરોગના કેસોમાં ખૂબ જ ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે, જે કચ્છના નાગરિકો માટે લાલબત્તી સમાન છે. તાજેતરમાં જાહેર થયેલા આંકડા અનુસાર, કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષના પ્રથમ ૬ મહિનામાં જ હૃદય સંબંધિત સમસ્યાઓના કારણે ૧૦૮ ઈમરજન્સી સેવાની મદદ લેવી પડી હોય તેવા ૧૪૬૭ કેસો નોંધાયા છે. ગત વર્ષે આ જ સમયગાળા દરમિયાન કચ્છમાં આવા ૧૦૮૧ કેસો સામે આવ્યા હતા. આમ, ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે કચ્છમાં હૃદયરોગની ઈમરજન્સીના કેસોમાં ૩૫.૭૧ ટકા જેટલો મસમોટો અને આંચકાજનક વધારો નોંધાયો છે, જે દર્શાવે છે કે કચ્છના લોકોમાં હૃદયરોગનું જોખમ દિનપ્રતિદિન વધુ ગંભીર બની રહ્યું છે.

સમગ્ર રાજ્યની સ્થિતિ પર નજર કરીએ તો છેલ્લા ૬ મહિનામાં કુલ ૫૩,૨૨૬ ઈમરજન્સી કેસ નોંધાયા છે, જેમાં સૌથી વધુ ૨૬ ટકા કેસ માત્ર અમદાવાદમાં છે. જોકે ટકાવારીના આધારે વધારાની દ્રષ્ટિએ જોવામાં આવે તો કચ્છમાં કેસો વધવાની ગતિ અત્યંત ઝડપી છે.

તબીબોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી યુવાનોમાં પણ હૃદયરોગના હુમલાનું પ્રમાણ નોંધપાત્ર રીતે વધ્યું છે. સૌથી વધુ ચિંતાની વાત એ છે કે હૃદયરોગના પચાસ ટકા કેસોમાં અગાઉથી કોઈ પણ પ્રકારના લક્ષણો દેખાતા નથી અને વ્યક્તિને અચાનક જ હાર્ટ એટેક આવી જાય છે. ઘણી વખત નિયમિત કસરત કરનારા અને હેલ્થી લાઈફસ્ટાઈલ જીવતા લોકો પણ અજાણતા જ હૃદયની નળીઓમાં બ્લોકેજનો શિકાર બનેલા હોય છે.

આ બદલાતા સમય અને ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને અગ્રણી હૃદયરોગ નિષ્ણાતો દ્વારા કચ્છના લોકોને ખાસ અપીલ કરવામાં આવી છે. તબીબોની સલાહ મુજબ હવે ૧૭ વર્ષથી વધુ વય ધરાવતી તમામ વ્યક્તિઓએ પોતાના હૃદયની સુરક્ષા માટે નિયમિત અંતરે તબીબી તપાસ કરાવવી અનિવાર્ય બની ગઈ છે. હૃદયમાં કોઈ બ્લોકેજ કે અન્ય ખામી છે કે નહીં તે જાણવા માટે બેઝિક પેનલ બ્લડ ટેસ્ટ, ઈસીજી, ઈકોકાર્ડિયોગ્રામ અને કાર્ડિયાક સીટી સ્કેન જેવા ટેસ્ટ નિયમિત કરાવવા જોઈએ. હૃદયરોગના સહેજ પણ લક્ષણો કે છાતીમાં અસ્વસ્થતા જણાય તો સમય બગાડ્યા વિના તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો હિતાવહ છે જેથી કરીને અમૂલ્ય માનવ જિંદગી બચાવી શકાય.


## ભુજમાં ઝાયડસ હોસ્પિટલ દ્વારા હૃદય અને લોહીની નળીના રોગો માટે ખાસ મેડિકલ કેમ્પ યોજાયો



ભુજ - કચ્છઉદય : ભુજમાં ગત શનિવારના રોજ ઝાયડસ હોસ્પિટલ અમદાવાદ દ્વારા હૃદય તથા લોહીની નળી સંબંધિત રોગોના નિદાન માટે એક ખાસ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ રાવલવાડી રીલોકેશન સાઈટ પર રઘુવંશી ચોકડી પાસે આવેલી લાયન્સ હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર ખાતે યોજાયો હતો. કેમ્પમાં બાયપાસ સર્જરી, હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ, હૃદયમાં છિદ્ર કે વાલ્વ બદલવા જેવી તકલીફો ધરાવતા દર્દીઓ તેમજ વેરીકોઝ વેન, પ્રોસ્ટેટ વૃદ્ધિ, લીવર કે ગર્ભાશયમાં ગાંઠ, થાઈરોઈડનો સોજો, સાંધાનો દુખાવો અને નસોના રોગો જેવી વિવિધ સમસ્યાઓથી પીડાતા અનેક દર્દીઓએ લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન અમદાવાદની ઝાયડસ હોસ્પિટલના જાણીતા હૃદયરોગ સર્જન ડૉ. સંદીપ અગ્રવાલ તેમજ વાસ્ક્યુલર અને ઈન્ટરવેંશનલ રેડિયોલોજીસ્ટ ડૉ. સાકેથ રાવ દ્વારા દર્દીઓની સચોટ તપાસ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. માત્ર પાંચસો રૂપિયાની નજીવી ફીમાં યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં સ્થાનિક દર્દીઓએ નિષ્ણાત તબીબોની સેવાઓનો લાભ મેળવ્યો હતો.

## મુંદરામાં સરકારી જમીન પર કરેલા દબાણ દૂર કરી એક કરોડની જમીન ખાલી કરાવાઈ





ભુજ - કચ્છઉદય : મુંદરા વિસ્તારમાં સરકારી જમીનો પર કરેલા દબાણો દુર કરવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે વધુ એક વખત તંત્ર દ્વારા બુલડોઝર ફરાવવામાં આવ્યું હતું. ડ્રગ્સ અને દારૂની પ્રવૃતિ સાથે સંકળાયેલા વ્યક્તિઓના દબાણો દૂર કરવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ મુંદરાના સુખપરવાસમાં રહેતા ઈસ્માઈલ યુસુફ શેખ સામે એનડીપીએસનો ગુનો દાખલ થયો હતો. તેણે સરકારી જમીન પર બે રૂમ બનાવ્યા હતા, તે દુર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત હુસેન ઉર્ફે સંજય દત રમઝાન સમેજાએ સરકારી જમીન પર વંડો બનાવ્યો હતો, તે દુર કરવામાં આવ્યો છે. જયારે વવારના હાલે અંબિકાનગરમાં રહેતા રામ વીરમ ગઢવીએ અંબિકાનગરમાં સાર્વજનીક પ્લોટમાં દબાણ કર્યુ હતું. ત્યાં પણ બુલડોઝર ફરાવવામાં આવ્યું છે. કુલ્લ ૩૦૪૫ ચો.મી. સરકારી જમીન ખાલી કરાવી ૧,૦૫,૧૮,૦૦૦ ની સરકારી જમીન દબાણ મુકત કરી હોવાનું જણાવાયું છે.

## ભુજમાં વ્યાજે લીધેલા ૮ લાખની સામે ૩૬ લાખ મેળવ્યા છતાં ઉઘરાણી કરાઈ

ભુજ - કચ્છઉદય : શહેરમાં વ્યાજે લીધેલા રૂપિયા બાબતે માથાકુટ થતા બી ડીવીઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. રહીમનગરમાં રહેતા અમીન મોહમદ હનીફ સોઢાના જણાવ્યા પ્રમાણે આરોપીઓએ નાણા વ્યાજે ધીરવાનો તેમજ વધારે વ્યાજ લેવાનો ધંધો કરી ફરીયાદી અને સાહેદને છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૮ લાખ રૂપિયા માસિક ૧૦ ટકા વ્યાજે આપ્યા હતા. જે પેટે ૩૬ લાખ રૂપિયા લઈ વધુ વ્યાજની માંગણી કરી અવારનવાર જાનથી મારી નાખવાની ધમકી આપી માર મારી રૂપિયા અને એકસેસ પડાવી લેવા માટે દબાણ કરતા ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## વરસામેડીમાંથી ૧૪ વર્ષના કિશોરનું અજાણ્યો શખ્સ અપહરણ કરી જતા ચકચાર

અંજાર: તાલુકાના વરસામેડી સીમ વિસ્તારમાં આવેલ અરિહંતનગરમાંથી એક ૧૪ વર્ષના સગીર કિશોરનું કોઈ અજાણ્યો શખ્સ વાલીપણામાંથી અપહરણ કરી ગયો હોવાની ગંભીર ફરિયાદ અંજાર પોલીસ મથકે નોંધાતા ચકચાર મચી ગઈ છે. મૂળ છત્તીસગઢના અને હાલ વરસામેડી વેલસ્પન કંપની સામે અરિહંતનગરમાં ઓરડીમાં રહીને વેલ્ડર તરીકે કામ કરતા શ્યામલાલ શ્રવણરામ ગાડાએ ફરિયાદ નોંધાવી છે કે, તા. ૦૨/૦૭/૨૦૨૬ ના રોજ તેમનો ૧૪ વર્ષ, ૬ મહિના અને ૧૫ દિવસની ઉંમરનો દીકરો કલેશ્વર (ધનુરામ ગાડાનો દીકરો) કોઈને કહ્યા વગર ગાયબ થઈ ગયો હતો. પરિવારજનોએ પોતાની રીતે ભારે શોધખોળ કરવા છતાં કલેશ્વરનો કોઈ પતો લાગ્યો ન હતો. આખરે કોઈ અજાણ્યો ઈસમ તેને વાલીની સંમતિ વિના લલચાવી-ફોસલાવી અપહરણ કરી ગયો હોવાની શંકા સાથે અંજાર પોલીસમાં બી.એન.એસ. કલમ-૧૩૭(૨) મુજબ ગુનો નોંધાવાયો છે. એ.એસ.આઈ. જયેશભાઈ ખેંગારભાઈ પરમાર આ મામલે સગીરની શોધખોળ ચલાવી રહ્યા છે.

## સામખીયાળી પોલીસે દેશી હાથ બનાવટની બંદૂક સાથે યુવકને ઝડપી પાડ્યો



ભચાઉ : પૂર્વ કચ્છ પોલીસના ગેરકાયદેસર હથિયારો સામેના અભિયાન હેઠળ સામખીયારી પોલીસે મહત્વપૂર્ણ કાર્યવાહી કરતાં એક દેશી હાથબનાવટની બંદૂક (અગ્નિશસ્ત્ર) સાથે એક આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ અધિક્ષક સાગર સાંબડાના સુપરવિઝનમાં પીઆઈ જે.એમ. ઝાલાના માર્ગદર્શન મુજબ સામખીયારી પોલીસ સ્ટાફ શિકારપુર ઓ.પી. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન મુમતાસાપીરની દરગાહથી આગળ તળાવ જેવી ખાડી પાસે બાવળની ઝાડીમાંથી દેશી હાથબનાવટની બંદૂક સાથે એક શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપીની ઓળખ ફારૂક રમઝાનભાઈ ત્રાયા (ઉ.વ. ૨૨), રહે. કોલીવાસ, શિકારપુર, તા. ભચાઉ તરીકે થઈ છે. આરોપી પાસેથી અંદાજિત રૂ. ૫,૦૦૦ કિંમતની એક દેશી હાથબનાવટની બંદૂક જપ્ત કરવામાં આવી છે. સમગ્ર મામલે સામખીયારી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીધામમાં જાહેરમાં અડચણ ઊભી કરનાર ચાલક સામે ગુનો દાખલ

### કાર્ગો ઝોન જાહેર રોડ પર અડચણરૂપ ટ્રેક્ટર ઊભું રાખનાર ચાલકને પોલીસે દબોચ્યા

ગાંધીધામ:જાહેર માર્ગો પર વાહનો ગમે તેમ પાર્ક કરીને ટ્રાફિક જામ કરનારા અને અકસ્માતને નોતરું આપનારા ચાલકો સામે પોલીસે લાલ આંખ કરી છે. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકની હદમાં જાહેર રોડ પર વાહન વ્યવહાર ખોરવાય તે રીતે ટ્રેક્ટર પાર્ક કરવા બદલ એક ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.મળતી માહિતી મુજબ, પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે પૂર્વે આશરે ૪.૩ કિમી દૂર જાહેર રોડ પર ટ્રેક્ટર (નંબર જીજે-૧૨-બીડી-૬૭૧૭) રોડની વચ્ચે આડું ઊભું રાખેલું જોવા મળ્યું હતું. આ ટ્રેક્ટરના કારણે આમ જનતા તેમજ આવતા-જતા વાહનોને પસાર થવામાં ભારે અડચણ ઊભી થતી હતી. પોલીસે આ મામલે ટ્રેક્ટર ચાલક યુવાનભાઈ સુલેમાન કુંભાર (ઉ.વ.૩૫, રહે. પ્રભુનગર, ગાંધીધામ) ની અટકાયત કરી તેની સામે બી.એન.એસ. (BNS)ની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ એ.એસ.આઈ. કેમરાજભાઈ એસ. ચલાવી રહ્યા છે.બીજીતરફ પોલીસ હેડ કોન્સ્ટેબલ કિશોરસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન કાર્ગો રોડ પર એક ટ્રેક્ટર (નંબર જીજે-૩૯-સીસી-૦૧૩૭) કોઈ પણ જાતની તકેદારી રાખ્યા વિના જાહેર રસ્તા પર જ પાર્ક કરેલું મળી આવ્યું હતું. આ બેજવાબદાર પાર્કિંગના કારણે અન્ય વાહનો ભયજનક સ્થિતિમાં મુકાયા હતા. પોલીસે ટ્રેક્ટર ચાલક ગની સીધીક કુંભાર (ઉ.વ. ૨૧, રહે. કાર્ગો યાદવનગર, ગાંધીધામ) ની હાજર મળી આવતા અટકાયત કરી છે અને તેની સામે બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ યુ.એચ.સી. ભુપેન્દ્રસિંહ એ. બારડે હાથ ધરી છે.

## અંજારના કળશ સર્કલ પાસે કલેક્ટરના જાહેરનામાનો સરેઆમ ભંગ

**પ્રતિબંધિત સમયે ભારે ટ્રેલર ઘુસાડનાર ડ્રાઈવર ઝબ્બે**

અંજાર: કચ્છ-ભુજ કલેક્ટરશ્રી દ્વારા જાહેર સુરક્ષા અને ટ્રાફિક નિયમન માટે ભારે વાહનોના પ્રવેશ અંગે બહાર પાડવામાં આવેલા પ્રતિબંધિત જાહેરનામાનો ભંગ કરનારા એક ડ્રાઈવરને અંજાર પોલીસે ઝડપી પાડ્યો છે. અંજાર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. અરજણભાઈ કરશનભાઈ ગઢવી ગત રાત્રે કળશ સર્કલ પાસે ફરજ પર હતા, ત્યારે એક ભારે માલવાહક ટ્રેલર (નંબર જીજે-૩૯-ટી-૮૬૪૦) કલેક્ટર સાહેબના ભારે વાહન પ્રતિબંધિત સુધારા જાહેરનામાનો ભંગ કરીને અંજાર શહેરમાં પ્રવેશેલું મળી આવ્યું હતું. પોલીસે જાહેરનામાના સરેઆમ ઉલ્લંઘન બદલ ટ્રેલર ચાલક રજાક ઓસ્માણ કકલ (ઉ.વ.૨૪, રહે. સિનુગ્રા, તા. અંજાર) ની અટકાયત કરી તેની સામે બી.એન.એસ. કલમ-૨૨૩ મુજબ ગુનો નોંધ્યો છે. હેડ કોન્સ્ટેબલ બલભદ્રસિંહ એમ. જાડેજા આ કેસની આગળની કાર્યવાહી કરી રહ્યા છે.

---

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

**તંત્રી સ્થાનેથી....**

નિજ જેઠ વદ-૩૦, તા.૧૪ જૂલાઇ, મંગળવાર

## માંજલપુર વિધાનસભાનો જંગ

**ભાજપ માટે ગઢ સાચવવાનો પડકાર: અસંતોષ ખાળવો અનિવાર્ય : કોંગ્રેસ-વિપક્ષ માટે અસ્તિત્વ અને પુનઃઉત્થાનની લડાઈ**

માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટેના ફોર્મ ભરાઈ જવાની પ્રક્રિયા પૂર્ણ થતાં જ હવે વડોદરાના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. તમામ પક્ષોના સત્તાવાર ઉમેદવારો અને અપક્ષોએ પોતપોતાના દાવેદારી પત્રો રજૂ કરી દીધા છે, ત્યારે હવે આ બેઠક પર માત્ર સત્તા મેળવવાનો જંગ નથી, પરંતુ વિવિધ રાજકીય પક્ષો માટે પોતાની પ્રતિષ્ઠા બચાવવાનો ખરાખરીનો ખેલ શરૂ થઈ ચૂક્યો છે. આ બેઠકની વર્તમાન રાજકીય સ્થિતિ, આંતરિક સમીકરણો અને મતદારોના મિજાજનું તટસ્થ અભ્યાસ વડોદરાના ભવિષ્યના રાજકારણના અનેક સંકેતો આપે છે. પરંપરાગત રીતે માંજલપુર બેઠક ભાજપનો મજબૂત ગઢ ગણાય છે. શહેરી મતદારો અને શિક્ષિત વર્ગનું પ્રભુત્વ ધરાવતી આ બેઠક પર ભાજપની પકડ હંમેશાં મજબૂત રહી છે. જો કે, આ વખતની પેટાચૂંટણીમાં ટિકિટ વિતરણ બાદ પક્ષમાં આંતરિક રીતે સળવળાટ અને નારાજગી જોવા મળી છે. ફોર્મ ભરાઈ ગયા હોવા છતાં, અંદરખાને ચાલતી જૂથબંધી અને પાયાના કાર્યકરોની ઉપેક્ષા ભાજપ માટે ચિંતાનો વિષય બની શકે છે. પક્ષના મોવડીમંડળ માટે હવે પક્ષીનો મોટો પડકાર ડેમેજ કંટ્રોલ કરવાનો અને તમામ જૂથોને સાથે રાખીને મતદાન મથક સુધી મતદારોને લાવવાનો રહેશે.સામે પક્ષે કોંગ્રેસ અને અન્ય વિપક્ષી ગઠબંધન માટે આ ચૂંટણી સંજીવની સમાન છે. ભાજપના ગઢમાં ગાબડું પાડવા માટે વિપક્ષે આ વખતે સ્થાનિક પ્રશ્નો, મોંઘવારી, સ્માર્ટ સિટીના નામે ચાલતી અસુવિધાઓ અને ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓને હથિયાર બનાવ્યા છે. ઉમેદવારે ફોર્મ ભરતી વખતે જે શક્તિપ્રદર્શન કર્યું તેનાથી કાર્યકરોમાં ઉત્સાહ જરૂર દેખાયો છે, પણ તેને મતમાં પરિવર્તિત કરવા માટે બૂથ લેવલનું સચોટ આયોજન જરૂરી બનશે. જો વિપક્ષ અસંતુષ્ટ ભાજપી મતો અને તટસ્થ મતદારોને પોતાના તરફ વાળવામાં સફળ રહેશે, તો આ જંગ ધારણા કરતાં વધુ રસાકસીભર્યો બની રહેશે. મુખ્ય પક્ષો સિવાય મેદાનમાં ઉતરેલા અન્ય નાના પક્ષો અને મજબૂત અપક્ષ ઉમેદવારો આ ચૂંટણીમાં 'એક્સ-ફેક્ટર' (ઠ્ઠક્ષ્ફરૂ) સાબિત થઈ શકે છે. ફોર્મ ભરાઈ ગયા બાદ સ્પષ્ટ દેખાય છે કે અમુક જ્ઞાતિ સમીકરણો અને ચોક્કસ વિસ્તારોમાં અપક્ષો મુખ્ય પક્ષોની વોટબેંકમાં મોટું ગાબડું પાડી શકે છે. જીત ભલે ગમે તેની થાય, પણ હાર-જીતના માર્જિન નક્કી કરવામાં આ ઉમેદવારોની ભૂમિકા અત્યંત મહત્વની રહેશે.માંજલપુરના મતદારો સામાન્ય રીતે સુશિક્ષિત અને જાગૃત માનવામાં આવે છે. અહીં પક્ષીય વફાદારીની સાથે સાથે ઉમેદવારની છબી અને સ્થાનિક સ્તરે પ્રાથમિક સુવિધાઓ (જેમ કે રોડ-રસ્તા, પાણી, અને ડ્રેનેજની સમસ્યાઓ) પણ મોટો ભાગ ભજવશે. ફોર્મ ભરાઈ ગયા બાદ હવે શરૂ થનારા ડોર-ટુ-ડોર પ્રચારમાં કયો પક્ષ જનતાના હૃદયને સ્પર્શી શકે છે તેના પર પરિણામનો આધાર છે. માંજલપુરની આ પેટાચૂંટણી માત્ર વડોદરા પૂરતી સીમિત નથી, પરંતુ તેના પરિણામો આગામી સમયની રાજકીય દિશા નક્કી કરશે. ફોર્મ ભરાઈ ગયા બાદ જ મોહરા ગોઠવાઈ ગયા છે અને ખરાખરીનો જંગ જામ્યો છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ પોતાના આ અભેદ ગઢને બચાવી રાખે છે કે પછી જનતા પરિવર્તનનો નવો ઇતિહાસ લખે છે. આગામી દિવસોનો પ્રચાર અને મતદારોનો મિજાજ જ આ રાજકીય મહાભારતનો અસલી વિજેતા નક્કી કરશે.

## ભુજની કેડીસીસી બેંકમાં સાયબર ઠગાઈના વધુ ૧૫.૧૬ લાખ જમા થયા

ભુજ - કચ્છઉદય : હાલમાં મ્યુલ એકાઉન્ટની તપાસ કરવામાં આવી રહી છે ત્યારે થોડાક દિવસ અગાઉ કેડીસીસી બેંકમાં સાયબર ઠગાઈના રૂપિયા જમા થયા હતા. જે બાદ વધુ રૂપિયા જમા થયા હોવા બાબતે વધુ એક ફરિયાદ નોંધાઈ છે.

બી ડીવીઝન પોલીસ દ્વારા સરકાર તરફે નોંધવામાં આવેલી ફરીયાદ મુજબ ધ કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો ઓપરેટીવ બેંકના ખાતા ધારકે અલગ અલગ વ્યક્તિઓ સાથે થયેલી છેતરપીંડીથી સાયબર ફ્રોડના રૂપિયા ટ્રાન્સફર કરવા માટે બેંકના ખાતાનો ઉપયોગ કર્યો હતો. આ ખાતામાં ૧૫,૧૬,૬૨૬ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા. જે બાબતે બી ડીવીઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

---

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in  ફેકસ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ**  અરજી નં. ૧૦૧/૨૦૨૬

શ્રીમતી લીલાબેન ઈશ્વરભાઈ મકવાણા,
રહે. પ્લોટ નં.૧૩૦, ખોડીયાર નગર, ઝુંપડપટી, ગાંધીધામ-કચ્છ ..................... અરજદાર
વિરૂધ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ..................... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભઃ- શ્રીમતી લીલાબેન ઈશ્વરભાઈ મકવાણા, રહે. પ્લોટ નં.૧૩૦, ખોડીયાર નગર, ઝુંપડપટી, ગાંધીધામ-કચ્છની તા.૩૦/૦૫/૨૦૨૬ વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રીમતી લીલાબેન ઈશ્વરભાઈ મકવાણા, રહે.પ્લોટ નં.૧૩૦, ખોડીયાર નગર, ઝુંપડપટી, ગાંધીધાધામ કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી અરજીથી તેમના પુત્ર વિષ્ણુ ઈશ્વરભાઈ મકવાણાનો જન્મ તા.૦૩/૦૨/૨૦૧૨ના રોજ મકાન નં.૧૩૦, ખોડીયાર નગર ઝુંપડપટી મધ્યે થયેલ છે. પરંતુ તેમના પુત્રના જન્મની નોંધ મહાનગરપાલિકા ગાંધીધામના જન્મના રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૧૦૧/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પુત્રની જન્મ નોધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતા અને અભણતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૯/૦૭/૨૦૨૬  એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in  ફેકસ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ**  અરજી નં. ૯૩/૨૦૨૬

મિરવાણી મંગારામ લાલચંદ,
રહે. એસ.સી.એક્સ.,૪૨/૪૩, વોર્ડ ૨/એ આદિપુર, ગાંધીધામ-કચ્છ. ..................... અરજદાર
વિરૂધ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ..................... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભઃ- શ્રી મિરવાણી મંગારામ લાલચંદ, રહે.એસ.સી.એક્સ., ૪૨/૪૩, વોર્ડ ૨/એ આદિપુર, ગાંધીધામ-કચ્છ ની ૦૯/૦૫/૨૦૨૬ વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી મિરવાણી મંગારામ લાલચંદ, રહે.એસ.સી.એક્સ.,૪૨/૪૩, વોર્ડ ૨/એ આદિપુર, ગાંધીધામ-કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી વાળી અરજીથી તેઓના ભાઈ મિરવાણી લક્ષ્મન લાલચંદ નો જન્મ તા.૧૧/૦૬/૧૯૬૭ ના રોજ આદિપુર, તા.ગાંધીધામ-કચ્છ ખાતે થયેલ છે. પરંતુ તેઓના ભાઈ મિરવાણી લક્ષ્મન લાલચંદ ની જન્મની નોંધ મહાનગરપાલિકા, ગાંધીધામના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૯૩/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેઓના ભાઈ મિરવાણી લક્ષ્મન લાલચંદ ની જન્મ નોધણી જે તે વખતે શરતચુકને કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૦/૦૬/૨૦૨૬  એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં,**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ

**જાહેર નોટીસ**  જન્મ નોંધણી અરજી રજિ નં.૩૩૯/૨૦૨૬

શ્રી કનુભાઈ ડાયાભાઈ ભટી
રહે. બેલા, તા.રાપર-કચ્છ ..................... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને
તલાટી સહ મંત્રીશ્રી, બેલા, તા. રાપર-કચ્છ ..................... સામાવાળા

**વિષય -: જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી કનુભાઈ ડાયાભાઈ ભટી રહે.બેલા, તા. રાપર વાળાએ તા.૧૮/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પુત્રી પલકબેન કનુભાઈ ભટી નો જન્મ મોજે બેલા, તા. રાપર-કચ્છ મુકામે તા.૨૬/૧૦/૨૦૨૩ ના રોજ થયેલ છે.પરંતુ તેમના માતા-પિતાની અજ્ઞાનતાના તથા શરત ચુકના કારણે જન્મ અંગેની નોંધણી મોજે.બેલા. તા. રાપર-કચ્છના વર્ષ-૨૦૨૩ ના જન્મ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે, જેથી સદરહું જન્મની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી જન્મ નોંધણી અરજી રજીસ્ટર નં.૩૩૯/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર જન્મ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦ માં અત્રેની કોર્ટમાં વાંધો રજૂ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહી થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખઃ ૨૯/૦૬/૨૦૨૬  (એચ.બી. વાઘેલા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in  ફેકસ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ**  અરજી નં. ૯૫/૨૦૨૬

શ્રી કુમારી લલિતા પન્નાલાલ,
રહે. પ્લોટ નં.૫૪૩/બી, રેલ્વે કોલોની, ગાંધીધામ-કચ્છ ..................... અરજદાર
વિરૂધ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ..................... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભઃ- શ્રીકુમારી લલિતા પન્નાલાલ, રહે.પ્લોટ નં.૫૪૩/બી, રેલ્વે કોલોની, ગાંધીધામ-કચ્છની તા.૧૧/૦૬/૨૦૨૬ વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી કુમારી લલિતા પન્નાલા, રહે.પ્લોટ નં.૫૪૩/બી, રેલ્વે કોલોની, ગાંધીધાધામ કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી અરજીથી તેમનો જન્મ તા.૦૬/૧૨/૧૯૭૩ના રોજ પ્લોટ નં૬.૨૭, ખન્ના માર્કેટ વિસ્તાર, ગુરુનગર, ગાંધીધામ-કચ્છ મધ્યે થયેલ છે. પરંતુ તેમના જન્મની નોધ મહાનગરપાલિકા ગાંધીધામના જન્મના રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૯૫/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમની જન્મ નોધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૯/૦૭/૨૦૨૬  એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ  મરણ નોંધણી અરજી રજિ.નં.૧૦૭/૨૦૨૬

**જાહેર નોટિસ**

શ્રી રહીમાબેન જુસબશા શેખ, રે. નીલપર, તા.રાપર-કચ્છ ....... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, સણવા, તા. રાપર-કચ્છ. ........ સામાવાળા

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી રહીમાબેન જુસબશા શેખ, રે. નીલપર વાળાએ તા.૧૧/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના માતા આસબાઈ જુસબશા શેખનું અવસાન મોજે : સણવા, તા. રાપર-કચ્છ મુકામે તા.૨૫/૦૩/૨૦૦૦ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરત ચૂકના કારણે મરણ અંગેની નોંધણી મોજે : સણવા, તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૦૦ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૧૦૭/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ : ૨૯/૦૬/૨૦૨૬  (એચ.બી. વાઘેલા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**એચ.બી. વાઘેલા, એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપરની કોર્ટમાં**
ડાભુંડા રોડ, રાપર-કચ્છ  મરણ નોંધણી અરજી રજિ.નં.૧૦૮/૨૦૨૬

**જાહેર નોટિસ**

શ્રી રહીમાબેન જુસબશા શેખ, રે. નીલપર, તા.રાપર-કચ્છ ....... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારી અને તલાટી સહ મંત્રીશ્રી, સણવા, તા. રાપર-કચ્છ. ........ સામાવાળા

**વિષય :- જન્મ-મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી રહીમાબેન જુસબશા શેખ, રે. નીલપર વાળાએ તા.૧૧/૦૬/૨૦૨૬ વાળી અરજીથી જણાવેલ છે કે તેમના પિતા જુસબશા હાજીશા શેખનું અવસાન મોજે : સણવા, તા. રાપર-કચ્છ મુકામે તા.૨૧/૦૧/૨૦૧૯ના રોજ થયેલ છે. પરંતુ તેમની અજ્ઞાનતાના તથા શરત ચૂકના કારણે મરણ અંગેની નોંધણી મોજે : સણવા, તા.રાપર-કચ્છના વર્ષ-૨૦૧૯ના મરણ રજીસ્ટરે કરાવવાની રહી ગયેલ છે. જેથી સદરહું મરણની નોંધણી કરવાનો હુકમ થવા માટે અત્રે અરજી દાખલ કરેલ છે. જે અરજી મરણ નોંધણી અરજી રજીસ્ટર નં.૧૦૮/૨૦૨૬ ઉપર નોંધવામાં આવેલ છે. સબબ, સદર મરણ નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ જાહેર થયાના દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો. જો સમયમર્યાદામાં વાંધો રજુ નહીં થાય તો વાંધો નથી તેમ માની આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ લાગતા વળગતા ઈસમો નોંધ લેશો.

તારીખ : ૨૯/૦૬/૨૦૨૬  (એચ.બી. વાઘેલા) એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર રાપર-કચ્છ

**::: જાહેર ચેતવણી :::**

આથી અમારા અસીલણ નામે (૧) અલ્પાબેન વા/ઓ કિર્તીકુમાર દયારામ ચૌહાણ, ઉ.વ.૪૧, રહેઃ-ગ્રીનલેન્ડ સોસાયટી, અંજાર-કચ્છ વાળા (૨) ભુમીબેન ડો/ઓ કિર્તીકુમાર ચૌહાણ (૩) અનન્યાબેન ડો/ઓ કિર્તીકુમાર ચૌહાણ (જે સગીર હોઈ તેમની માતા વતી) મળેલ સુચના અને માહીતી મુજબ જાહેર જનતાને ચેતવણી આપી જાહેર જાણ કરવામા આવે છે.

અમારા અસીલણના લગ્ન વર્ષ ૨૦૦૪ મા કિર્તીકુમાર દયારામ ચૌહાણ, રહેઃ- નાગલપર, તા.અંજાર-કચ્છ વાળા સાથે હિન્દુ શાસ્ત્રોવિધી થી સમાજ અને પરીવારની હાજરીમા થયેલ છે અને આ લગ્ન જીવનથી તેમને બે પુત્રીઓ છે જેમા મોટી પુત્રી (૧)ભુમીબેન ચૌહાણ,ઉ.વ.૨૦ તથા નાની દિકરી (૨) અનન્યાબેન ચૌહાણ, ઉ.વ.૧૧ વાળી નો જન્મ થયેલ છે અમારા તમામ અસીલણોના નામદાર કોર્ટ મધ્યેથી ભરણપોષણના હુકમો તેમના તરફેણમા થઈ ગયેલ છે અને અનેક કેસો ફેમીલી કોર્ટમા રકમ રીકવરી તથા મિલ્કત જપ્તી માટે ચાલુમા છે.

વધુમા (૧) મકાન નં.૭૧, ગ્રીનલેન્ડ સોસાયટી, અંજાર-કચ્છ વાળા મકાનમા અમારા અસીલણ તેમની દિકરીઓ સાથે સને ૨૦૧૧ થી રહે છે તે મકાન જે મકાન કિર્તીકુમાર દ્વારા તેમના હકકો ડુબાડવા કાવતરાના ભાગરૂપે જયશ્રીબેન જયંતિભાઈ ખોડીયાર ના નામે માત્ર કાગળો પર નામ ટ્રાન્સફર કરેલ જે અંજાર કોર્ટમા રે.દિ.દા.નં.૧૫૧/૨૦૧૯ થી ચાલેલ જે અમારા અસીલણના તરફેણમાં આવેલ છે અને આ મિલ્કત બાબતે પણ નામદાર કોર્ટમા કાર્યવાહી ચાલુમા છે. અમારા સાસરાપક્ષની તમામ મિલ્કતો જે વારસાઈના રૂએ મળેલ તે (૨) ડીસ્ટ્રીકટ કચ્છ, સબ ડીસ્ટ્રીકટ અંજાર તાલુકાના ગામ શ્રી દેવળીયાની સીમમા આવેલ રેવન્યુ સર્વે નં. ૩૭૧/૧ વાળી ખેતીની જમીન ક્ષેત્રફળ ૨-૭૭-૨૧ હેકટર વાળી મિલ્કત બાબતે નામદાર પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટમા રે.દિ.દા નં. ૬૨/૨૦૨૨ વાળો દાવો ચાલુમા છે જે મિલ્કત હાલે (૧) કિર્તીકુમાર દયારામ ચૌહાણ (૨) મિતેશ દયારામ ચૌહાણ (૩) જાગુતી દયારામ ચૌહાણ (૪) નીતાબેન દયારામ ચૌહાણ ના સંયુક્ત નામે ચાલુમા છે અને જે તમામ વિરૂધ્ધ દાવો દાખલ કરવામા આવેલ છે અને આ કામના ઉપરોકત તમામ વ્યક્તિઓ તથા મામા જયંતિભાઈ ખોડીયાર તથા મામી જયશ્રીબેન જયંતિભાઈ ખોડીયાર આ મિલ્કતો સગેવગે કરવાની કે ટ્રાન્ફર કરવાની કે વેચાણ કરવા અમુક લે-ભાગુ દલાલો સાથે કાવતરૂ ઘડી મીલ્કત માથાભારે વ્યકિતને વહેચી સગેવગે કરવાની ફીરાકમા છે તેવી સચોટ માહીતી મળેલ છે અને આ બંને મિલ્કતોમા અમારા અસીલણના તથા તેમની બંને દિકરીઓ ના (૧) Hindu Succession Act તથા (2) Hindu Adoptions and Maintenance Act (3) Code of Civil Procedure તથા (4) Hindu Marriage Act તથા (૫) The Constitution of India મુજબ ના હકકો રહેલ છે જે બાબતે અમારા અસીલણ જાતે તથા તેમની દિકરીઓ વતી નામદાર કોર્ટમા દાવાઓ પણ કરેલ છે અને રેવન્યુ રેકર્ડમા બીજા હકકોમા અમારા અસીલના ભરણપોષણના હુકમોની નોંધો કરવામાં આવેલ છે અને તે ભવિષ્યની અસર સાથે દર મહીને દાખલ કરવામા આવતી રહેશે જેથી આ મિલકત કોઈપણ સમયે સરકાર પોતાના હસ્તક લઈ નીલામ કરી શકે તેમ છે જેથી કોઈપણ વ્યકિતઓએ કે દલાલોએ આ પારીવારીક વિવાદિત મિલ્કતો બાબતે કોઈ સાટા કરાર કે વેચાણ કરાર કે ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ વ્યવહાર કરવો નહી અન્યથા અમારા અસીલણ દ્વારા નામદાર કોર્ટમા તેમને પણ પક્ષકાર બનાવવામા આવશે અને વધુમા તમામ સામે અલગથી નામદાર સીવીલ કોર્ટ, નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા જરૂર પડયેથી સુપ્રીમ કોર્ટમા તથા ફોજદારી રાહે પોલીસ ફરીયાદ તથા અન્ય કાયદાની રૂએ થતી તમામ કાર્યવાહી હાથ ધરવામા આવશે જેના આવનારા તમામ ખર્ચ અને પરીણામોની જવાબદારી તેમના શીરે રહેશે જેની સર્વે નોંધ લેવી.

**વિનોદકુમાર જી. મકવાણા (એડવોકેટ)**
(૧) અલ્પાબેન કિર્તીકુમાર ચૌહાણ તથા
(૨) ભુમીબેન ડો/ઓ કિર્તીકુમાર ચૌહાણના વકીલશ્રી,

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in  ફેકસ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ**  અરજી નં. ૮૧/૨૦૨૬

શ્રીમતી રમીલાબેન રમેશ ભીલ
રહે. વોર્ડ ૧બી, રેલ્વે પાટાના ઝુપડાની બાજુમાં, ભીલવાસ, આદિપુર, તા.ગાંધીધામ-કચ્છ. ............ અરજદાર
વિરૂધ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ......... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભઃ- શ્રી રમીલાબેન રમેશ ભીલ, રહે. વોર્ડ ૧ બી, રેલ્વે પાટાના ઝુપડાની બાજુમાં, ભીલ વાસ આદિપુર, તા. ગાંધીધામ-કચ્છ ની તા.૨૪/૦૨/૨૦૨૬વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રીમતી રમીલાબેન રમેશ ભીલ, રહે. વોર્ડ ૧ બી, રેલ્વે પાટાના ઝુપડાની બાજુમાં, ભીલ વાસ આદિપુર, તા.ગાંધીધામ-કચ્છવાળાની ઉકત સંદર્ભવાળી વાળી અરજીથી તેમની પુત્રી પ્રિયાબેન રમેશ ભીલ નો જન્મ તા.૨૪/૦૫/૨૦૧૬ ના રોજ આદિપુર, ગાંધીધામ-કચ્છ ખાતે થયેલ છે. પરંતુ તેમની પુત્રી પ્રિયાબેન રમેશ ભીલની જન્મની નોંધ મહાનગરપાલિકા, ગાંધીધામના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૮૧/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમની પુત્રી પ્રિયાબેન રમેશ ભીલની જન્મ નોંધણી જે તે વખતે શુધ્ધબુધ્ધિ ની શરતચૂકને કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૯/૦૬/૨૦૨૬  એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.**
સેકટર-૧-એ,ગાંધીધામ,પિનઃ૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in  ફેકસ નં./ફોન નં. (02836)250270

**જાહેર નોટીસ**  અરજી નં. ૭૯/૨૦૨૬

શ્રી દિપક માનસિંઘ નેગી
રહે. પ્લોટ નં.૧૩, એલ.એસ.૩૯૩/૧, વરસામેડી, તા.અંજાર-કચ્છ ..................... અરજદાર
વિરૂધ્ધ
સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી,
મહાનગરપાલિકા, ગાંધીધામ-કચ્છ. ..................... સામાવાળા

**વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.**

સંદર્ભ :- શ્રી દિપક માનસિંઘ નેગી, રહે. પ્લોટ નં.૧૩, એલ.એસ.૩૯૩/૧, વરસામેડી, તા.અંજાર-કચ્છની તા.૧૪/૦૩/૨૦૨૬ વાળી અરજી

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, શ્રી દિપક માનસિંઘ નેગી, રહે. પ્લોટ નં.૧૩, એલ.એસ.૩૯૩/૧, વરસામેડી, તા.અંજાર-કચ્છ વાળાની ઉકત સંદર્ભવાળી વાળી અરજીથી તેમના પિતાશ્રી માનસિંઘ સોવતસિંઘ નેગીનું અવસાન તા.૦૫/૦૭/૨૦૧૩ના રોજ હરીઓમ હોસ્પીટલ, આદિપુર, તા.ગાંધીધામ-કચ્છ મધ્યે થયેલ છે. પરંતુ તેમના પિતાની નોંધ સબ રજીસ્ટ્રારશ્રી અને જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, મહાનગરપાલિકા, ગાંધીધામના મરણ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી મરણ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેમના મરણની અરજી નં.૭૯/૨૦૨૬ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પિતાની મરણ નોંધણી જે તે વખતે શુધ્ધબુધ્ધિની શરતચુકને કારણે કરાવવાની રહી ગયેલ હોઈ સદર મરણની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસમાં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

તા. ૦૦/૦૭/૨૦૨૬  એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ગાંધીધામ કચ્છ.

**::: જાહેર નોટીસ :::**

કચ્છ જીલ્લાના ગાંધીધામ તાલુકાના ગામશ્રી અંતરજાળમાં આવેલ રે. સર્વે નં. ૯૨ (જુના રે. સર્વે નં. ૩૬/૩) માં આવેલ પ્લોટ નં. ૩૧, જેનું ક્ષેત્રફળ ૭૧.૦૬ ચો.મી. વાળી મિલકતના કાયદેસરના માલિક તથા કબજેદાર શ્રી હિરેન વિજય સુખવાણી છે. ઉપરોક્ત મિલકતના ઉત્તરોત્તર દસ્તાવેજો પૈકી વેચનાર-રોયલ ઈન્ફ્રાપ્રોજેક્ટસ એલએલપી વતી તેના સ્પેશિયલ પાવરદાર સંજય ગીડીયન પાત્રો તથા ખરીદનાર-હિરેન વિજય સુખવાણી વચ્ચે થયેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ નં. ૨૦૮, તા. ૦૭/૦૧/૨૦૨૧ વાળો અસલ દસ્તાવેજ ક્યાંક ગુમ થઇ ગયેલ છે તેવું જણાવી અમારી પાસેથી ટાઇટલ કલીયરની માંગણી કરેલ છે. આ મિલકત અંગે કોઇપણ વ્યક્તિ, બેંક કે સંસ્થાને કોઇપણ પ્રકારનો હક્ક, હિસ્સો, અધિકાર, લેણું કે બોજો હોય અથવા કોઇપણ પ્રકારનો કાયદાકીય વાંધો હોય તો દિવસ ૭ (સાત) માં નીચે જણાવેલ સરનામે આધાર-પુરાવા સાથે લેખિતમાં જાણ કરવી તેમજ મુદત વીત્યે સદરહુ મિલકતનું ટાઇટલ કલીયર આપવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

**આશિષ બી. સિસોદીયા (એડવોકેટ)**
ઓફિસ નં. ૪, ગ્રાઉન્ડ ફ્લોર, શાહ એવન્યું-૧, પ્લોટ નં. ૨૧૧,
વોર્ડ-૧૨/બી, પોલીસ સ્ટેશન રોડ, ગાંધીધામ-કચ્છ. પીન-૩૭૦૨૦૧.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

ગેસનો બગાડ અટકાવો–ઘરનું બજેટ સુધારો
બિનજરૂરી સિલિન્ડર બુકીંગ ન કરો : રાષ્ટ્રને મદદરૂપ બનો

# કચ્છના કાંડાનું કૌવત : ઇંગ્લેન્ડની 'ફિફ્ટીઝ' મુખ્ય ક્રિકેટ ટીમમાં ભુજના મુકેશ ભટ્ટની ધમાકેદાર એન્ટ્રી!

**મેલબોરો કપની ભારત સામેની સિરીઝમાં ૨ સાથે ઇંગ્લેન્ડ ૫૦+ની ટીમ વતીથી કુલ ૪ વિકેટ ખેરવી જીતમાં ભજવી મહત્વની ભૂમિકા : હવે ન્યૂઝીલેન્ડ સામે પણ બિલાટેરલ કપમા મુકેશ ભટ્ટ મારફતે કચ્છી હીર ઝળકશે**








ભુજ : વિશ્વ ક્રિકેટના જનક ગણાતા ઇંગ્લેન્ડના ક્રિકેટ જગતમાં એક કચ્છી યુવાને (૫૦ વર્ષની વયજૂથમાં) પોતાનું નામ સુવર્ણ અક્ષરે અંકિત કર્યું છે. મૂળ ભુજના અને છેલ્લા ત્રણ દાયકાથી લંડનમાં સ્થાયી થયેલા મુકેશ રસિકલાલ ભટ્ટની ઇંગ્લેન્ડની ૫૦ વર્ષની વયજૂથની મુખ્ય રાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં પસંદગી થઈ છે. અગાઉ ઇંગ્લેન્ડની કાઉન્ટી ક્રિકેટમાં પોતાની ફિરકી અને સ્પીનનો જાદુ ચલાવનાર મુકેશે આ વર્ષે ઇંગ્લેન્ડની 'ફિફ્ટીઝ' ટીમની અંતિમ ૧૧ (scwod)માં સ્થાન મેળવીને સમગ્ર કચ્છ-ગુજરાત અને ભારતનું ગૌરવ વધાર્યું છે.તાજેતરમાં રમાયેલી ભારત સામેની મહત્વની સિરીઝમાં મુકેશ ભટ્ટે ઇંગ્લેન્ડની મુખ્ય ટીમ વતી રમતા ૨ મેચોમાં શાનદાર બોલિંગ કરી ૨ મહત્વપૂર્ણ વિકેટો ઝડપી હતી. તેમના આ ઘાતક પ્રદર્શનના જોરે ઇંગ્લેન્ડે ભારત સામેની સિરીઝ પર કબ્જો કર્યો છે. ભારતને ધૂળ ચટાવ્યા બાદ હવે આગામી સમયમાં લંડન ખાતે જ ન્યૂઝીલેન્ડ સામે સિરીઝ રમાનાર છે, જેમાં પણ આ કચ્છી ઓલરાઉન્ડર પોતાની રમતનો પરચો બતાવવા ઇંગ્લેન્ડ વતીથી સજ્જ બન્યા છે. નોંધનીય છે કે, ઇંગ્લેન્ડના વિકેટ કીપર જહોન બૈરીસ્ટોઉંના નાના ભાઈ એન્ડી બૈરીસ્તો ઇંગ્લેન્ડ ૫૦+ મા મુકેશ સાથે રમ્યા હતા. એકમા હર્ષ અને ગૌરવના તો બીજી આંખમાં કરુણાના આસુ સાથે ઇંગ્લેન્ડની ટીમમાં થયેલી પસંદગીની સિદ્ધિ મુકેશ એ તેમના પિતાને સમર્પિત કરી હતી. મુકેશ ભટ્ટની આ સફળતા પાછળ તેમના પિતા અને કચ્છના જાણીતા પૂર્વ ક્રિકેટર તથા અચ્છા રમતવીર સ્વ. રસિકલાલ માર્કંડરાય ભટ્ટની વર્ષોની મહેનત અને પ્રેરણા છુપાયેલી છે. ભુજના ખારસરા મેદાન, જ્યુબિલી ગ્રાઉન્ડ અને વ્યાયામશાળાના ધૂળિયા મેદાનોમાંથી પોતાના પુત્રને ઇંગ્લેન્ડની મુખ્ય ટીમમાં રમતો જોવાનું સ્વપ્ન સ્વ. રસિકલાલે સેવ્યું હતું, જે આજે મુકેશે સાકાર કરી બતાવ્યું છે. ભાવુક હૃદયે અને ભીની આંખે મુકેશ ભટ્ટે જણાવ્યું હતું કેઃ "આજે જો મારા પિતાજી હયાત હોત તો દુનિયામાં સૌથી વધુ ખુશ હોત. ક્રિકેટમાં મારું શૂન્યમાંથી સર્જન કરનાર તેઓ જ હતા. તેમનું સપનું હતું કે હું એક દિવસ ઇંગ્લેન્ડની મેઇન ટીમ માટે રમીશ. આજે હું એમની જ પ્રેરણાથી રમ્યો છું, પણ વસવસો એ વાતનો છે કે આ ક્ષણ માણવા તેઓ મારી સાથે નથી."મુકેશે પોતાની આ ઐતિહાસિક સિદ્ધિ તેમના પ્રથમ ગુરુ અને સદગત પિતા રસિકભાઈ ભટ્ટના ચરણોમાં અર્પણ કરી છે.સાથો સાથ જ તેની ઉજ્જવળ કારકિર્દીમા સહયોગી બનનાર શ્રી ગંગારામભાઈ ભાનુશાલી, શ્રી રાજેશભાઈ ચૌહાણ (પૂર્વ indian test ક્રિકેટર), શ્રી અનિલ ઠકરાર (પૂર્વ રણજી Player), શ્રી કુલદીપ શર્મા(પૂર્વ Ips અધિકારી),શ્રી જોરાવરસિંહ રાઠોડ઼ (જોરુભા), તથા સમગ્ર પરિવાર પ્રત્યે ઋણાનુભાવ વ્યક્ત કર્યો હતો.

ઇંગ્લેન્ડ જેવા દેશની રાષ્ટ્રીય ટીમની જર્સી પહેરીને કચ્છી માડુ રમવા ઉતરે તે ક્ષણ સમગ્ર રમત જગત માટે ગૌરવરૂપ છે. મુકેશ ભટ્ટની આ અદ્ભુત સિદ્ધિ બદલ ભુજ સહિત સમગ્ર કચ્છના રમતપ્રેમીઓ, મિત્રો અને સ્નેહીઓ તરફથી તેમના પર અભિનંદનનો અવિરત વરસાદ થઈ રહ્યો છે.

## ગાંધીધામમાં શક્તિનગર ગાર્ડન પાસે ખૂની ખેલ: ગાડી સાઈડમાં રાખવા જેવી નજીવી બાબતે યુવક પર છરી અને લોખંડની પાઈપથી હુમલો

### ઈજાગ્રસ્ત અમદાવાદ રિફર : ગાડીનો કાચ તોડ્યો અને છરી-પાઈપ વડે હુમલો કર્યો

ગાંધીધામ : ગાંધીધામના શક્તિનગર ગાર્ડન પાસે પુષ્પા મોલની સામે ગાડી સાઈડમાં રાખવા જેવી સામાન્ય બાબતમાં ચાર અજાણ્યા શખ્સોએ આતંક મચાવી બે ભાઈઓ પર જીવલેણ હુમલો કર્યો હોવાની સળગતી ઘટના સામે આવી છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા એક યુવકને વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરવામાં આવ્યો છે.ગાંધીધામ ના શક્તિનગરમાં રહેતા અને શિપિંગના ધંધા સાથે સંકળાયેલા લલિતભાઈ સત્યપાલ શર્મા (ઉ.વ.૪૬) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તા. ૧૨/૦૭/૨૦૨૬ ની રાત્રે તેઓ તેમના ભાઈ સાથે ઈનોવા ગાડી (નંબર GJ-12-FC-0014) લઈને નીકળ્યા હતા. પુષ્પા મોલ સામે સાઈડમાં ગાડી રાખવા બાબતે ત્યાં હાજર પકાડો, જીગર અને અન્ય બે અજાણ્યા શખ્સો સાથે બોલાચાલી થઈ હતી. આરોપીઓએ ઉશ્કેરાઈને પહેલા ગાડીનો આગળનો કાચ તોડી નાખ્યો હતો. ત્યારબાદ લલિતભાઈ સમજાવવા જતાં ચારેય જણાએ માર મારવાનું શરૂ કર્યું હતું.આ દરમિયાન એક શ્યામવર્ણના શખ્સે કમરમાંથી છરી કાઢીને મારતા ફરિયાદી લલિતભાઈના જમણા હાથની આંગળીમાં ગંભીર ઈજા (૬ ટાંકા) થઈ હતી, તેમજ પથ્થર મારતા ડાબા કાંડા પર પણ ૬ ટાંકા આવ્યા હતા. જ્યારે બીજા એક લાંબા અને પાતળા શખ્સે લોખંડની પાઈપ વડે લલિતભાઈના ભાઈને બેરહેમીથી ફટકારતા તેના બંને હાથ અને નાક પર ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલા બાદ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા. આ ઝઘડા દરમિયાન ભાઈની આશરે ૫ તોલાની સોનાની પોચી (બ્રેસલેટ) પણ ક્યાંક ખોવાઈ ગઈ હોવાનું જણાવાયું છે.

કચ્છ-ભુજ કલેક્ટરશ્રીના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરીને આ હુમલો કરાતા ગાંધીધામ 'એ' ડિવિઝન પોલીસ મથકે બી.એન.એસ. કલમ ૧૧ canvas(૨), ૧૧૮(૧), ૧૧context(૩), ૨૯૬(બી), ૩૫૧(૩), ૩૨૪(૪), ૫૪ અને જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. યુ.એચ.સી. દેવજીભાઈ ધર્માભાઈ ગામેતી અને પી.એસ.આઈ. વી.એચ.ઝાલા આ કેસની આગળની તપાસ ચલાવી રહ્યા છે.

## બ્લડબેંકની લોહી એકત્રીકરણ અને ટ્રાન્સફ્યુઝન સુધીની કામગીરીને રાષ્ટ્રીય હેલ્થ બોર્ડની માન્યતા

**અદાણી સંચાલિત GAIMS જી. કે. જન.હોસ્પિટલની બ્લડબેંકને NABH સર્ટિફિકેટ**



અદાણી સંચાલિત GAIMS જી.કે.જનરલ હોસ્પિટલ અંતર્ગત કાર્યરત બ્લડબેંકની કામગીરી ગુણવત્તાયુક્ત રીતે અને દર્દીની સુરક્ષાના તમામ ધોરણોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે એ બાબતને ધ્યાનમાં લઈ કેન્દ્ર સરકારના નેશનલ એક્રેડિટેશન બોર્ડ ઓફ હોસ્પિટલ અને હેલ્થકેર પ્રોવાઈડર્સ દ્વારા NABH પ્રમાણપત્ર બ્લડબેંકને એનાયત કરવામાં આવ્યું છે. NABH એ બ્લડબેંકની કામગીરીનું ઉત્કૃષ્ટ સર્ટિફિકેટ છે જે દર્શાવે છે કે, બ્લડબેંકમાં લોહી એકત્રીકરણ, ટેસ્ટિંગ, સ્ટોરેજ અને ટ્રાન્સફ્યુઝનની દરેક પ્રક્રિયા હેલ્થના ચોક્કસ માપદંડને નજર સમક્ષ રાખીને ઉત્તમ રીતે કરવામાં આવે છે અને કરવામાં આવશે એમ મેડિકલ ડાયરેક્ટર ડૉ.નરેન્દ્ર હિરાણી અને બ્લડબેંકના હેડ ડૉ. જીજ્ઞાબેન ઉપાધ્યાયએ જણાવ્યુ હતું. બ્લડબેંક અને હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીને સુરક્ષિત અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત લોહી પૂરું પડવાનો હેતુ છે, જે NABH સર્ટિફિકેટ તેનું પ્રમાણપત્ર છે અને બ્લડબેંકની ટીમની મહેનતનું આ પરિણામ છે એમ પણ વધુમાં કહ્યું હતું.

NABH સર્ટિફિકેટ હોસ્પિટલ અને સ્વાસ્થ્ય સેવા પ્રદાતાઓ માટે રાષ્ટ્રીય બોર્ડ દ્વારા અપાતી માન્યતા છે, જે દર્દીને ગુણવત્તા તથા સુરક્ષિત ઈલાજ વિગેરેની ગેરંટી આપે છે.માન કમિશનર બી.ડી. દવેરા ની અધ્યક્ષતામા સંચારી રોગ મીટીંગનુ આયોજન કરવામાં આવ્યુ. જેમાં નાયબ કમિશનર સંજય રામાનુજ,અલગ અલગ વિભાગ ના અધિકારીઓ, વિનોદ ગેલોતર, મૂરુભા જાડેજા, મેડીકલ ઓફિસર વગેરે હાજર રહેલ. MOH ડો દિનેશ સુતરીયા દ્વારા સંચારી રોગ અંગેની વિસ્તૃત સમજ આપી.કમિશનર દ્વારા પાણીજન્ય રોગચાળાની ચર્ચા કરવામાં આવી. પીવાના પાણીનુ ક્લોરીનેશન ટેસ્ટિંગ થાય અને ક્લોરીનેશન અને જરૂર પડે સુપર ક્લોરીનેશન કરવાની સૂચનાઓ અપાઈ જેથી ઝાડા ઉલ્ટી, કમળો, મરડો, કોલેરા, ટાઈફોઈડ જેવા રોગો ને અટકાવી શકાય,લીકેજીસ તાત્કાલિક રીપેરીંગ કરવા,પાણીના વાલ્વ હોય ત્યા સાફ સફાઈ અને વાલ્વ લીકેજ ના થાય તે જોવુ, બરફના કારખાના,રેસ્ટોરન્ટ,હોટલ અને નાસ્તાની લારીઓ પર સ્વચ્છ પાણી,ફૂડની ગુણવત્તાની નિયમિત ચકાસણી, સ્ટાફની મેડીકલ તપાસ અને સ્વચ્છતાના ધોરણનુ પાલન કરે તે જોવુ. રેપિડ રીન્સ્પોન્સ ટીમ બનાવવી,અલાયદી બેડ વ્યવસ્થા,તમામ ખાનગી ડોક્ટર અને લેબોરેટરી તમામ રોગોના નિદાનની જાણ કરે. પાણીના સેમ્પલ ની નિયમિત ચકાસણી કરવી SARI and ILI કેસોનુ મોનીટરીંગ કરવુ અને જનજાગૃતિ ફેલાવવી ચાંદીપુરા જે સેન્ડ ફલાયથી થાય છે.જે ઘરની અંદર પાકી કે કાચી દિવાલમા રહે છે, પશુઓના વાડા કે ખેતરના ખૂણા,માટીની દિવાલ અને લીંપણવાળા ઘરો ની તિરાડ મા રહે છે.જે સામાન્ય માખી કરતાં ચાર ગણી નાની હોય છે.મચ્છરની જેમ ઈંડા મૂકે છે.

સામાન્ય રીતે ૦-૧૪ વર્ષ ના બાળકો રોગ પ્રતિકારક શકિત ઓછી હોવાથી આ જોવા મળે છે.બાળકને સતત વધુ પડતો તાવ,ઝાડા,ઉલટી,ખેંચ આવવી,અર્ધ બેભાન કે બેભાન થવુ એ લક્ષણો છે.અટકાયતી પગલા તરીકે દિવાલની તિરાડ અને છિદ્રો પૂરવા,ઘરમાં હવા ઉજાસ અને સૂર્યપ્રકાશ રહે તેવી વ્યવસ્થા કરવી,બાળકોને મચ્છરદાની માં સૂવડાવવા,બાળકો ખુલ્લા શરીરે ઘરની બહાર કે આંગણા માના રમે અને તાત્કાલિક ડોક્ટરનો સંપર્ક કરવો અને આરોગ્ય વિભાગ ને જાણ કરવી.

## ગાંધીધામમાં એસ. પોદ્દાર વિદ્યાજ્યોતિ શાળા દ્વારા દીકરીઓના શિક્ષણ માટે પ્રશંસનીય પહેલ :'સ્પોન્સર એ ગર્લ્સ એજ્યુકેશન' અભિયાન શરૂ

ગાંધીધામ : શિક્ષણ, નૈતિકતા અને શિષ્ટાચાર ના સૂત્ર સાથે કાર્યરત જાણીતી શૈક્ષણિક સંસ્થા 'એસ. પોદ્દાર વિદ્યાજ્યોતિ' દ્વારા સમાજમાં દીકરીઓના ઉજ્જવળ ભવિષ્ય અને મહિલા સશક્તિકરણને વેગ આપવા માટે એક વિશેષ અને પ્રેરણાદાયી અભિયાન 'સ્પોન્સર એ ગર્લ્સ એજ્યુકેશન' શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય હેતુ આર્થિક રીતે નબળા વર્ગની દીકરીઓને શિક્ષણ આપી તેમનું ભવિષ્ય સુરક્ષિત કરવાનો છે.'દીકરીને શિક્ષિત કરો, રાષ્ટ્રને સશક્ત બનાવો' ના ઉમદા વિચાર સાથે શરૂ કરાયેલા આ પ્રોજેક્ટ અંતર્ગત સમાજના દાતાઓ અને સહૃદયી નાગરિકોને દીકરીઓના શિક્ષણની જવાબદારી ઉપાડવા માટે આહવાન કરવામાં આવ્યું છે. સંસ્થાના જણાવ્યા અનુસાર, આપનો એક નાનકડો સહયોગ કોઈ દીકરીનું ભવિષ્ય બદલી શકે છે.આ અભિયાન અંતર્ગત દાતાઓ સહયોગ કરી શકશે. શાળાની ફી ભરીનેઃ જરૂરિયાતમંદ દીકરીઓની શૈક્ષણિક ફીમાં આર્થિક મદદ કરી શકાશે. પુસ્તકો અને શૈક્ષણિક સામગ્રી આપી શકાશે. દીકરીઓને ભણવા માટે જરૂરી પુસ્તકો, સ્ટેશનરી અને અન્ય સામગ્રી પૂરી પાડીને. ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણઃ દીકરીઓને આત્મનિર્ભર બનાવી તેમના સારા ભવિષ્યનો પાયો નાખીને. સંસ્થા દ્વારા અપીલ કરવામાં આવી છે કે, એક દીકરીને સશક્ત બનાવવી એટલે તેના આવતીકાલને આકાર આપવો. આ પુણ્યના કાર્યમાં જોડાવા અને વધુ માહિતી મેળવવા માટે સંસ્થાના પ્રતિનિધિ શ્રી રમેશ ગોયલ નો મોબાઈલ નંબર ૯૮૨૫૨ ૨૯૩૪૩ પર સંપર્ક કરી શકાશે.

## વરસાદની અછતથી કચ્છના માલધારીઓને ઘાસચારો પૂરો પાડવા મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત

### વાસણભાઈ આહીરે સીએમશ્રી ઉપરાંત કૃષીમંત્રી જીતુભાઈ વાઘાણી, કુંવરજીભાઈ બાવળીયા સહિતનાઓને રૂબરૂમાં મળી સ્થિતીનો આપ્યો ચિત્તાર







ગાંધીનગર : કચ્છ જિલ્લામાં ચાલુ સીઝનમાં વરસાદની અછતને કારણે પશુપાલકો અને માલધારીઓ સામે ઊભી થયેલી ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીરની આગેવાનીમાં પ્રતિનિધિમંડળે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ગાંધીનગર ખાતે મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન કચ્છના પશુધનને બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા તાત્કાલિક ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી હતી.

પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી કે વરસાદના અભાવે માલધારીઓ પોતાના પશુઓ માટે ચારા મેળવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ સંવેદનશીલ સ્થિતિને ધ્યાને લઈ રાજ્ય સરકાર તાત્કાલિક રાહતરૂપ પગલાં ભરે તેવી વિનંતી કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ રજૂઆતને ગંભીરતાથી લઈ સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપ્યાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત ભુજ તાલુકાના ધાણેટી ગામે લાંબા સમયથી પેન્ડિંગ રહેલા બ્રિજના નિર્માણ મુદ્દે પણ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ગ્રામજનોના હિતમાં આ બ્રિજ અત્યંત જરૂરી હોવાનું જણાવી તેની વહેલી તકે મંજૂરી અને કામગીરી શરૂ કરવાની માંગ કરવામાં આવી હતી. મુખ્યમંત્રીએ આ અંગે પણ હકારાત્મક અભિગમ દર્શાવી જરૂરી કાર્યવાહીનું આશ્વાસન આપ્યું હતું.

અંજાર વિધાનસભા વિસ્તારના વિવિધ વિકાસકાર્યોમાં થયેલા વિલંબ, લોકોપયોગી યોજનાઓને ઝડપથી પૂર્ણ કરવા તેમજ બાકી રહેલા કામો સમયસર પૂર્ણ થાય તે માટે પણ પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ સંબંધિત વિભાગોના અધિકારીઓને વિકાસકાર્યોમાં ગતિ લાવવા અને પ્રશ્નોના ત્વરિત નિરાકરણ માટે જરૂરી સૂચનાઓ આપી હોવાનું જણાવાયું છે.

મુલાકાત બાદ પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રતિનિધિમંડળમાં પૂર્વ રાજ્યમંત્રી વાસણભાઈ આહીર સાથે વાઘજીભાઈ માતા, કાનજીભાઈ આહીર, વાલજીભાઈ આહીર, ભાવજીભાઈ આહીર, ગોપાલભાઈ માતા, સન્નીભાઈ પંચોળી તથા ગોપાલભાઈ આહીર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભચાઉમાં બાથરૂમની ગંદકી બાબતે ઠપકો આપતા યુવક પર બે શખ્સોનો હુમલા

*ભચાઉ : ભચાઉના જુણેજા રેફ્રિજરેશન દુકાન પાસે બાથરૂમમાં ગંદકી કરવા બાબતે ઠપકો આપવાની સામાન્ય બાબતમાં મનદુઃખ રાખીને એક યુવકને બે શખ્સોએ બેરહેમીથી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ભચાઉના માનસરોવર વિસ્તારમાં રહેતા અને મજૂરી કામ કરતા સિકંદર રસુલભાઈ સંધી (ઉ.વ. ૩૧) એ આ અંગે ફરિયાદ નોંધાવી છે. તા. ૧૨/૦૭/૨૦૨૬ ના બપોરે બનેલી આ ઘટનામાં, બાથરૂમની ગંદકી અંગે ઠપકો આપવાનું મનદુઃખ રાખી આરોપી સાજીદભાઈ ઈબ્રાહીમ બ્લોચે ફરિયાદી સિકંદરને પકડી રાખ્યો હતો, જ્યારે બીજા આરોપી આકીબ અકબર બ્લોચે ફરિયાદીને પીઠના ભાગે ગડદાપાટુનો આડેધડ માર મારી ઈજાઓ પહોંચાડી હતી. આ સાથે જ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ભચાઉ પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ બી.એન.એસ. કલમ-૧૧૫(૧), ૩૫૧, ૫૪ મુજબ ગુનો નોંધી એ.એસ. આઈ. રવજીભાઈ બાબુભાઈ લોંચાએ તપાસ શરૂ કરી છે.*

## ભજારભાવ

| ભુજ માર્કેટ યાર્ડ — ૧૦૦ કિલોના ભાવ | |
|---|---|
| ગોવાર | ૪૭૦૦-૫૮૨૫ |
| મગ | ૭૦૦૦-૮૦૦૦ |
| તુવેર | ૬૦૦૦-૬૪૦૦ |
| **ભુજ માર્કેટ યાર્ડ — ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૭૩૦-૨૭૫૦ |
| રાયડો | ૨૭૦૦-૨૮૪૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ — ૧૦૦ કિલોના ભાવ** | |
| ગોવાર | ૩૦૦૦-૫૫૮૦ |
| કાળા તલ | ૧૬૦૦૦ |
| **અંજાર માર્કેટ યાર્ડ — ૪૦ કિલોના ભાવ** | |
| એરંડા | ૨૭૦૦-૨૮૦૦ |
| જીરૂ | ૬૪૦૦-૭૬૬૦ |
| તલ | ૪૮૦૦-૪૮૮૨ |
| ઈશબગુલ | ૪૪૫૦ |
| **ભચાઉ માર્કેટ યાર્ડ** | |
| ગોવાર | ૧૦૮૫-૧૧૦૫ |
| એરંડા | ૧૩૫૫-૧૩૭૦ |
| સાખજીરૂ | ૩૨૦૦-૩૭૭૬ |
| તલ કાળા | ૨૯૦૦-૩૩૦૦ |

| ભુજ માર્કેટ યાર્ડ (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ) | |
|---|---|
| ડુંગળી | ૨૬-૨૮ |
| બટેટા | ૧૧-૧૮ |
| ટમેટા | ૨૨-૩૦ |
| મરચા | ૨૦-૪૦ |
| મરચી | ૨૫-૭૦ |
| રીંગણા કાળા | ૫-૧૦ |
| રીંગણા બાજરીયા | ૪-૧૩ |
| કોબી | ૧૮-૨૬ |
| ફુલાવર | ૩૦-૩૫ |
| ફુલાવર દેશી | ૩૫-૪૦ |
| વટાણા | ૧૬૦-૨૦૦ |
| ધાણા | ૫૦-૮૦ |
| ભીંડા | ૨૫-૩૫ |
| કાકડી કાળી | ૫-૧૦ |
| કાકડી સફેદ | ૮-૧૫ |
| કાકડી ખીરા | ૨૫-૪૦ |
| પાલક | ૧૦-૨૦ |
| લસણ સુકું | ૧૨૦-૨૦૦ |
| લીંબુ | ૨૦-૩૫ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૧૫-૩૦ |
| દુધી | ૭-૧૫ |
| આદુ | ૧૭૦-૨૦૦ |
| કારેલા | ૨૦-૪૦ |
| શક્કરિયા | ૧૫-૩૦ |
| ગીલોડા | ૨૦-૪૦ |
| મરચા સીમલા | ૭૦-૧૦૦ |
| ગોવાર દેશી | ૩૦-૬૦ |
| ગીસોડા | ૨૫-૪૫ |
| ગેલકા | ૫-૧૨ |
| પરવળ | ૪૦-૬૦ |
| સરગવો | ૨૫-૪૦ |
| કોળુ | ૧૦-૧૮ |
| બીટ | ૩૦-૪૦ |

| ભુજ ફ્રુટ બજાર | |
|---|---|
| કેળા કાચા | ૫-૧૨ |
| કેળા પાકા | ૧૫-૩૦ |
| પપૈયા કાચા | ૫-૧૦ |
| પપૈયા પાકા | ૧૫-૨૦ |
| જામફળ | ૩૦-૪૫ |
| ચીકુ | ૨૦-૫૦ |
| શક્કરટેટી | ૧૫-૩૫ |
| ફણસી | ૧૫૦-૧૮૦ |
| દાડમ | ૩૦-૬૫ |
| કલીંગર | ૧૦-૨૫ |

## ભુજમાં ઇ-મેમોને લઈને વાહનચાલકોમાં રોષ : 'ટાર્ગેટ પૂરા કરવા દંડ ફટકારાય છે'

**હેલ્મેટ અને સીટ બેલ્ટના અમલીકરણમાં શહેરી વિસ્તારમાં માનવીય અભિગમ અપનાવવાની માંગ**

ભુજઃ કચ્છના પાટનગર ભુજમાં નેત્રમ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ કરવામાં આવતી દંડ ફટકારવાની કાર્યવાહી સામે કેટલાક વાહનચાલકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. વાહનચાલકોનો આક્ષેપ છે કે ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો લાવવા કરતાં દંડની સંખ્યા વધારવા પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. વાહનચાલકોના જણાવ્યા મુજબ ભુજના સ્ટેશન રોડ, બસ સ્ટેશન, જી.કે. જનરલ હોસ્પિટલ રોડ, જ્યુબિલિ સહિત વિવિધ સર્કલ સહિતના વિસ્તારોમાં દિવસભર ટ્રાફિકજામ રહે છે. આવી સ્થિતિમાં વાહનોની ગતિ ખૂબ ઓછી હોવા છતાં સીટબેલ્ટના ઈ-મેમો મળતા હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. લોકોનું કહેવું છે કે જો ઓવરસ્પીડિંગ કે જોખમી ડ્રાઈવિંગ જેવા ગંભીર નિયમભંગ થાય તો કાર્યવાહી યોગ્ય છે, પરંતુ ટ્રાફિકજામ વચ્ચે સીટબેલ્ટના મેમો મળવાથી લોકોમાં અસંતોષ ફેલાયો છે. આ ઉપરાંત શહેર વિસ્તારમાં હેલ્મેટને લઈને પણ કેટલાક વાહનચાલકોનો આક્ષેપ છે કે પોલીસ દ્વારા ચેકિંગ દરમિયાન દંડાત્મક કાર્યવાહી વધુ કરવામાં આવે છે. લોકોનું માનવું છે કે હેલ્મેટ પહેરવું પોતાની સુરક્ષા માટે જરૂરી છે, પરંતુ શહેરના ધીમા ટ્રાફિકવાળા વિસ્તારોમાં માનવીય અભિગમ પણ અપનાવવો જોઈએ. વાહનચાલક રમેશભાઈ પંડ્યાએ જણાવ્યું કે, ઓવરસ્પીડિંગ કે અન્ય ગંભીર ટ્રાફિક નિયમોના ભંગ બદલ કાર્યવાહી થવી જોઈએ, પરંતુ શહેરના ટ્રાફિકજામવાળા વિસ્તારોમાં આ પ્રકારના ઈ-મેમો યોગ્ય લાગતા નથી. હાલ મોંઘવારીના સમયમાં આવા દંડથી સામાન્ય લોકો પર વધારાનો આર્થિક બોજ પડે છે.

વાહનચાલકોનું કહેવું છે કે ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાની સાથે પોલીસ અને તંત્ર લોકો પ્રત્યે સંવેદનશીલ અને માનવીય અભિગમ અપનાવે તો વધુ સકારાત્મક પરિણામ મળી શકે.

## ગાંધીધામના કિડાણા રોડ પર વીજ ચેકિંગ કરવા ગયેલી ટીમ પર હુમલોઃ સરકારી ફરજમાં રૂકાવટ બદલ ત્રણ સામે ગુનો : ત્રણેય આરોપીઓ ફરાર, પોલીસ શોધખોળમાં

ગાંધીધામ : ગાંધીધામના ભુકંપનગર કિડાણા રોડ પર કાયદેસરની વીજ ચોરી ચેકિંગની કામગીરી કરવા ગયેલા અધિકારી પર સ્થાનિક શખ્સો દ્વારા હુમલો કરી, ફરજમાં રૂકાવટ ઊભી કરવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલે ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. મૂળ જામનગરના અને હાલ વીજ ચેકિંગની કાયદેસરની ફરજ પર તૈનાત સમીરભાઈ છોટાલાલ ચોટાઈ (ઉ.વ.૫૦) તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ સાંજના અરસામાં ભુકંપનગર કિડાણા રોડ પર ચેકિંગમાં હતા. આ દરમિયાન ત્યાં રહેતા આરોપીઓ (૧) જાનમામદ ખારા, (૨) મુસ્તાક ખારા અને (૩) મામદ ખારાએ એકસંપ થઈ ફરિયાદીની સરકારી ફરજમાં રૂકાવટ કરી હતી. આરોપીઓએ ઉશ્કેરાઈને ગમે તેમ ભુંડી ગાળો આપી, સમીરભાઈને શરીરે ગડદાપાટુનો મૂઢ માર માર્યો હતો. આ સાથે જ આરોપી મુસ્તાક ખારાએ ફરિયાદી તથા સાહેદને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે સમીરભાઈ ચોટાઈએ ગાંધીધામ 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. (BNS) ની કલમ ૧૨૧(૧), ૨૨૧, ૨૯૬(બી), ૩૫૧(૩), ૧૧૫(૨) અને ૫૪ મુજબ ગુનો નોંધાવ્યો છે. એ.એસ.આઈ. ભરતભાઈ એ. જાદવ અને પો.સબ.ઇન્સ. કે.જે.વાઢેર આ મામલે કાયદેસરની તપાસ ચલાવી રહ્યા છે. હાલ ત્રણેય આરોપીઓ હાજર મળી આવ્યા નથી.

# રાજ્યના તમામ ચાઇલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાંધીનગર મુખ્ય મથક સાથે સંકલનમાં રહેવા સૂચના અપાઇ : પ્રફુલભાઇ પાનશેરીયા



ગાંધીનગર : રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેસોને પગલે આરોગ્ય વિભાગ વધુમાં વધુ કાર્યક્ષમતા સાથે સતત કામગીરી કરી રહ્યું છે. ચાંદીપુરા વાયરસની હાલની સ્થિતિ અંગેની સમીક્ષા કરવા માટે આજે સચિવાલય ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રી એ રાજ્યમાં આ વાયરસના નિયંત્રણ, દર્દીઓની સારવાર અને સર્વેલન્સની કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી. આરોગ્ય મંત્રી પાનશેરીયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ચાંદીપુરા વાયરસના સચોટ નિદાન માટે લેબોરેટરી ટેસ્ટિંગની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે. કુલ ૨૭ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૧૯ નમૂનાના પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે. જેમાંથી ૭ પોઝિટિવ અને ૧૨ નેગેટિવ આવ્યા છે. જ્યારે બાકી રહેલા ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું બાકી છે, જે આજે સાંજ સુધીમાં આવી જશે. ચાલુ વર્ષે ચાંદીપુરા વાયરસના કારણે કુલ ત્રણ પોઝિટિવ બાળકોના દુઃખદ મૃત્યુ થયા છે, જે અંગે મંત્રીશ્રીએ બેઠકમાં દુઃખ વ્યક્ત કરીને એવું રાજ્યમાં એકપણ બાળકનું ચાંદીપુરા વાયરસના કારણે મૃત્યુ ન થાય તે અંગે સઘન કાળજી લેવા આરોગ્ય તંત્રને તાકીદ કરી હતી. આરોગ્ય મંત્રી એ જણાવ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન-ની મદદ લેવામાં આવી રહી છે. રાજ્યના તમામ ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાઈડલાઈન જાહેર કરી ગાંધીનગર મુખ્ય મથક સાથે સંકલનમાં રહેવા જણાવાયું છે. નાના સેન્ટરો અને ખાનગી ક્લિનિક ચલાવતા ડોક્ટરોને પણ સૂચના આપવામાં આવી છે કે, જો આવો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો પ્રાથમિક સારવાર બાદ સમય બગાડ્યા વિના બાળકને ઓક્સિજન અને વેન્ટિલેટરની સુવિધા ધરાવતી મોટી હોસ્પિટલોમાં તુરંત જ દાખલ કરવામાં આવે, જેથી બાળકની કિંમતી જિંદગી બચાવી શકાય. આરોગ્ય મંત્રી એ કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૪માં રાજ્યમાં જે ૬૧ સ્થળો પરથી ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા હતા, તે તમામ સ્થળો પર આરોગ્ય વિભાગની ટીમો દ્વારા દવાનો છંટકાવ અને લોકજાગૃતિના કાર્યક્રમો યુદ્ધના ધોરણે પૂર્ણ કરી લેવામાં આવ્યા છે.

# અકરી-વાલાવારી વાંઢ દરિયાકિનારે ૧.૭૫ ટન લોખંડના જથ્થા સાથે ૪ ઝડપાયા



ભુજ - કચ્છ ઉદય : પશ્ચિમ કચ્છ એસઓજી અને વાયોર પોલીસે સંયુક્ત કાર્યવાહી દરમિયાન અબડાસાના અકરીથી વાલાવારી વાંઢ વચ્ચેના દરિયાકિનારેથી આધાર-પુરાવા વિના રાખવામાં આવેલા બિનવારસુ જૂના છરા જેવી લોખંડની ધાતુના જથ્થા સાથે ત્રણ પુરુષ અને એક મહિલાને ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી પ્લાસ્ટિકની ૭૦ કોથળીઓમાં ભરેલો અંદાજે ૧,૭૫૦ કિલોગ્રામ લોખંડનો જથ્થો કબજે કર્યો હતો. તેની કિંમત રૂ. ૩૫ હજાર આંકવામાં આવી છે. ઉપરાંત બે મોટરસાયકલ પણ જપ્ત કરવામાં આવી હતી. કુલ રૂ. ૬૫ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

ઝડપાયેલા આરોપીમાં કેરવાંઢના હમીર જુમા કોલી (૪૮) અને તેમની પત્ની ભાવનાબેન હમીર કોલી (૪૫), તેરાના ભાવેશ બાબુભાઈ કોલી (૩૩) તેમજ લાખણીયાના મામદ હુસેન અલીમામદ ઓઢેજા (૩૦)નો સમાવેશ થાય છે. આ કાર્યવાહીમાં એસઓજી ભુજના એએસઆઈ જોરાવરસિંહ જાડેજા તથા વાયોર પોલીસ સ્ટેશનના એએસઆઈ રવીન્દ્રસિંહ સોઢા અને પોલીસ કોન્સ્ટેબલ રાધેશ્યામ હડીયા જોડાયા હતા.

# હાજીપીરમાંથી બે ભેંસની ચોરી કરનારા ત્રણ શખ્સો પકડાયા

**બન્ની - પચ્છમની અન્ય ભેંસો ચોરીનો ભેદ ઉકેલાય તેવી શક્યતા**



ભુજ - કચ્છ ઉદય : કચ્છના બન્ની વિસ્તારની લાખણી ભેંસોની દેશભરમાં વિશેષ માંગ છે અને એક ભેંસની કિંમત લાખો રૂપિયામાં પહોંચતી હોવાથી તેની ચોરીના બનાવો પોલીસ માટે પડકારરૂપ બનતા હોય છે. હાજીપીર પોલીસ મથક વિસ્તારમાંથી બે જેટલી બન્ની ભેંસોની ચોરીના બનાવમાં નોંધાયેલી ફરિયાદ બાદ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ઝડપાયેલા શખ્સોની પૂછપરછમાં અન્ય ચોરીનો ભેદ ઉકેલાય તેવી શક્યતા સેવાઈ રહી છે.

આ કેસમાં પોલીસે ત્રણ ઈસમોની અટકાયત કરી છે. હાજીપીર પોલીસના જણાવ્યા પ્રમાણે આ બનાવમાં નાના લુણા ગામના સરમણ નાથા જત, નવાઝ સરમણ જત તેમજ સુરેન્દ્રનગરના દસાડાના ગફાર ગનીભાઈ વેપારીની અટક કરવામાં આવી હતી. ગત ૧૬ જૂનના હાજીપીરમાં રહેતા પશુપાલક અશગર જુમા મુજાવરે હાજીપીર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેની પાસે રહેલી બે ભેંસોની ચોરી થઈ હતી.

પાંચ મહિના પહેલા ભેંસો હાજીપીર સીમમાં ચરવા માટે ગઈ હતી જે પરત આવી ન હતી. તેના મિત્ર અમદાવાદના રાજુભાઈ રબારીની માલીકીની ભેંસો હોવાનું પોલીસમાં જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, બન્નીની લાખણી ભેંસોની કિંમત સામાન્ય રીતે રૂ. ૪ લાખ કે તેથી વધુ હોવાના કારણે આવા પશુઓની ચોરી પશુપાલકો માટે મોટું આર્થિક નુકસાન સાબિત થાય છે. તેથી પોલીસે પણ આવા ગુનાઓમાં ગંભીરતાથી તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ પણ નખત્રાણા વિસ્તારમાં પશુચોરીના બનાવમાં પોલીસે બનાસકાંઠા જિલ્લામાંથી આરોપીઓને ઝડપી લઈને ચોરીનો ભેદ ઉકેલ્યો હતો.

# ગુજરાતમાં બાળકો માટે ''નો સોશિયલ મીડિયા''ની તૈયારી

અમદાવાદ : ગુજરાત સરકાર ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ના ઉપયોગ પર પ્રતિબંધ કે કડક નિયંત્રણો મુકવાની તૈયારી કરી રહી છે. ઓસ્ટ્રેલિયા અને યુકે જેવા દેશો દ્વારા લેવાયેલા નિર્ણયો તેમજ ભારતના અન્ય રાજ્યો (જેમ કે કર્ણાટક) ના પગલાંથી પ્રેરિત થઈને ગુજરાત સરકારે આ દિશામાં સક્રિયપણે વિચારણા શરૂ કરી દીધી૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો દ્વારા સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાના ઓસ્ટ્રેલિયાના નિર્ણયને વડા પ્રધાન મોદીના તાજેતરના સમર્થનથી પ્રેરણા લઈને, ગુજરાત સરકારે રાજ્યના શાળાના વિદ્યાર્થીઓમાં સોશિયલ મીડિયા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ના ઉપયોગને નિયંત્રિત કરવા માટે એક માળખું વિકસાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. તેમ ટાઈમ્સ ઓફ ઈન્ડીયાનો અહેવાલ જણાવે છે.ઓસ્ટ્રેલિયાના નિર્ણયની વડા પ્રધાન દ્વારા પ્રશંસા બાદ રાજ્ય સરકારે ૧૬ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓમાં સોશિયલ મીડિયા અને છૈં ના ઉપયોગને કેવી રીતે પ્રતિબંધિત કરવો તે શોધવાનું શરૂ કર્યું છે, કારણ કે બાળકોના જ્ઞાનાત્મક વિકાસ પર વધુ પડતા સ્ક્રીન સમય અને AI પર નિર્ભરતાની અસર અંગે ચિંતા છે, રાજ્ય સરકારના એક વરિષ્ઠ અધિકારીએ પુષ્ટિ આપી.

ગયા અઠવાડિયે ઓસ્ટ્રેલિયા-ભારત નેતાઓની સમિટમાં વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે માહિતી ટેકનોલોજી અને સોશિયલ મીડિયા સંબંધિત કાયદાઓમાં સુધારા કરવાના ઓસ્ટ્રેલિયાના પ્રયાસો વિશ્વ માટે અત્યંત પ્રેરણાદાયક છે અને ઉમેર્યું હતું કે ભારત તે પગલાંથી ઘણું શીખી રહ્યું છેઅધિકારીઓએ જણાવ્યું હતું કે ચાલુ ઝુંબેશ ફક્ત સોશિયલ મીડિયા સુધી મર્યાદિત નથી. જ્યારે બાળકોના માનસિક સ્વાસ્થ્ય, ધ્યાન કેન્દ્રિત કરવાની ક્ષમતા અને વર્તન પર વધુ પડતા સોશિયલ મીડિયાના ઉપયોગની અસરો વ્યાપકપણે દસ્તાવેજીકૃત કરવામાં આવી છે, ત્યારે સરકાર AI-આધારિત સાધનો પર વિદ્યાર્થીઓની વધતી જતી નિર્ભરતા પર પણ ધ્યાન આપી રહી છે. એવી ચિંતા વધી રહી છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા પર વધુ પડતી નિર્ભરતા વિદ્યાર્થીઓની સ્વતંત્ર રીતે વિચારવાની, તર્ક આપવાની અને સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતાને અસર કરી રહી છે

# પરિવારથી વિખૂટી પડેલી કિશોરીને ગણતરીના કલાકોમાં શોધી દુધઇ પોલીસે કરાવ્યું સુખદ મિલન



દુધઈ: નવી દુધઈ વિસ્તારમાં પરિવારથી વિખૂટી પડેલી કિશોરીને દુધઈ પોલીસે ગણતરીના કલાકોમાં શોધી સુરક્ષિત રીતે પરિવારને સોંપી હતી.

આઈજી ચિરાગ કોરડીયા, એસપી સાગર બાગમાર અને ડીવાયએસપી મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીઆઈ એન. બી. ડોડીયા તથા દુધઈ પોલીસ સ્ટાફે તાત્કાલિક શોધખોળ હાથ ધરી કિશોરીનું પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું. કિશોરી સુરક્ષિત મળતાં પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

# જખૌ-દીવ એસટી બસમાં માછલીના પાર્સલ દીઠ લાંચ લેતો ઉના ડેપોનો કંડક્ટર રંગેહાથ ઝડપાયો



ભુજ - કચ્છઉદય : ગીર સોમનાથ જિલ્લાના ઉના એસટી ડેપોમાં ફરજ બજાવતો કંડક્ટર મનીષભાઈ મગનલાલ કાનાબાર રૂપિયા ૨,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપાઈ જતાં એસટી તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. લાંચ રુશ્વત વિરોધી વિભાગ (એસીબી) દ્વારા ગોઠવવામાં આવેલા સફળ છટકામાં આ લાંચિયો કંડક્ટર આબાદ આબાદ ઝડપાઈ ગયો હતો.આ ઘટનાની વિગત એવી છે કે, જખૌથી દીવ રૂટ પર દોડતી એસટી બસમાં ફરિયાદીના માછલીના પાર્સલો નિયમિતપણે આવતા હતા. આ પાર્સલ ઉતારવા અને વહન કરવા માટે ઉના ડેપોના કંડક્ટર મનીષભાઈ કાનાબાર દ્વારા ફરિયાદી પાસે પાર્સલ દીઠ લાંચની માંગણી કરવામાં આવી હતી. કંડક્ટરની આ કનડગતથી પરેશાન થઈને ફરિયાદીએ આ અંગે લાંચ રુશ્વત વિરોધી વિભાગનો સંપર્ક સાધીને કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે એસીબીની ટીમ દ્વારા તપાસ હાથ ધરીને એક ચોક્કસ છટકું ગોઠવવામાં આવ્યું હતું. જેમાં કંડક્ટર મનીષભાઈ કાનાબાર ફરિયાદી પાસેથી લાંચ પેટે રૂપિયા ૨,૦૦૦ની રકમ સ્વીકારતા હતા, બરાબર તે જ સમયે એસીબીની ટીમે ત્રાટકીને તેમને રંગેહાથ દબોચી લીધા હતા. એસીબી દ્વારા લાંચની રકમ જપ્ત કરી કંડક્ટર વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ અને કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# અંજારના સતાપર રોડ પરના જમીન વિવાદમાં ૧૯ વર્ષે મળ્યો ન્યાય



અંજાર - કચ્છઉદય : અંજાર સતાપર રોડ પર રહેણાંકના મકાનોની જમીન ખાલી કરાવી તેનો કબજો મેળવવા અંગે ચાલી રહેલા ૧૯ વર્ષ જૂના કાનૂની વિવાદમાં આખરે પ્રતિવાદીઓનો વિજય થયો છે. અદાલતે વાદીઓનો દાવો નામંજૂર કરીને વર્ષોથી ત્યાં વસવાટ કરતા પરિવારોને મોટી રાહત આપી છે અને ન્યાય પ્રણાલી પરનો લોકોનો વિશ્વાસ વધુ દ્રઢ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, વર્ષ ૨૦૦૭માં હેમાંગ મનસુખલાલ શાહ અને પારસ હરેન્દ્ર શાહ દ્વારા અંજાર સતાપર રોડ પર આવેલા ગોવિંદ મગન વાઘરી સહિત અન્ય ૧૨ વ્યક્તિઓના રહેણાંક મકાનો વિરુદ્ધ જમીન ખાલી કરાવી તેનો કબજો મેળવવા માટે દીવાની દાવો દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ અદાલતમાં લાંબા સમય સુધી ચાલ્યો હતો, જેમાં પ્રતિવાદીઓ વતી સતત ૧૯ વર્ષ સુધી કાનૂની લડત આપવામાં આવી હતી. પ્રતિવાદીઓના બચાવ પક્ષે આશરે ૩૦ જેટલા દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ સમક્ષ રજૂ કર્યા હતા. આ સાથે જ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ ટાંકીને ન્યાયિક બચાવ રજૂ કર્યો હતો. અદાલતે આ તમામ દલીલો અને દસ્તાવેજી પુરાવાઓને ગ્રાહ્ય રાખીને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ બી. આર. વાઘેલાએ ગત તારીખ ૧૦/૭ ના રોજ વાદીઓનો દાવો નામંજૂર કરતો હુકમ કર્યો હતો. આ ચુકાદાથી વર્ષોની કાનૂની લડત બાદ ગરીબ પરિવારોને પોતાનું ઘર બચાવવામાં સફળતા મળી છે અને તેમને ન્યાય મળ્યો છે, આ દીવાની દાવા દરમિયાન પ્રતિવાદીઓ તરફથી વકીલ હિમાંશુ એમ. પુરોહિતે હાજર રહીને દલીલો રજૂ કરી હતી.

# સુરેન્દ્રનગરની મુલાકાતે કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા

## વઢવાણ જીઆઈડીસીમાં ESI ડિસ્પેન્સરીનું કરશે ઉદ્ઘાટન

ગાંધીનગર : કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા સુરેન્દ્રનગર જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન વઢવાણ જીઆઈડીસીમાં તેમના હસ્તે એક અદ્યતન ઈજીૈં ડિસ્પેન્સરી (ESI DiSnsray) અને નવી બ્રાંચ ઓફિસનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવશે.

આ નવી ડિસ્પેન્સરી શરૂ થવાથી ય઼ૈંડ્ઢઝ્ર વિસ્તારમાં રાત-દિવસ કામ કરતા હજારો ઔદ્યોગિક કામદારોને નજીકમાં જ સરળતાથી અને ઝડપી સારવાર મળી રહેશે. આ પ્રોજેક્ટથી શ્રમિકોને સરકારની વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ મળશે. આ ગરિમાપૂર્ણ ઉદ્ઘાટન પ્રસંગે સ્થાનિક સાંસદ, ધારાસભ્યો અને રાજકીય અગ્રણીઓ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

# ગાંધીધામ બી ડિવિઝન પોલીસને વધુ એક સફળતા



**ધાડના ગુનામાં વધુ બે આરોપી ઝડપાયા, ગુનામાં વપરાયેલ બાઈક સહિત મુદ્દામાલ જપ્ત**

ગાંધીધામ : ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ધાડના ગુનામાં સંડોવાયેલા વધુ બે આરોપીઓને ઝડપી પાડતાં તપાસમાં મહત્વની સફળતા મળી છે. આરોપીઓ પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલ મોટરસાયકલ, રોકડ રકમ તેમજ ધાડ દરમિયાન વપરાયેલા સાધનો કબજે લેવામાં આવ્યા છે. પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ અને નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. ગોજીયાની ટીમે આ કાર્યવાહી હાથ ધરી હતી. અગાઉ આ જ ગુનામાં સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને એટ્રોસિટી એક્ટની કલમોનો પણ ઉમેરો કરવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન વધુ બે આરોપીઓની સંડોવણી બહાર આવતા તેમની ધરપકડ કરવામાં આવી છે. ઝડપાયેલા આરોપીઓમાં આદમ અબ્દુલ જામ (ઉં.વ. ૨૫), રહે. કંડલા રેલવે ઝૂંપડપટ્ટી, ગાંધીધામ તથા સદ્દામ કરીમ ઝેવા (ઉં.વ. ૩૨), રહે. સુરજબારી, ભચાઉનો સમાવેશ થાય છે. પોલીસ તપાસમાં બંને આરોપીઓ સામે અગાઉ પણ વિવિધ પોલીસ સ્ટેશનોમાં મારામારી, ચોરી અને અન્ય ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓ પાસેથી આશરે રૂ. ૪૫ હજાર કિંમતની મોટરસાયકલ, રૂ. ૭ હજાર રોકડ તથા ગુનામાં વપરાયેલા બે ધોકા કબજે કર્યા છે. હાલમાં આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓને ઝડપી પાડવા પોલીસે તપાસ વધુ તેજ કરી છે.

# પહેલા પાનાથી...

### રથયાત્રા પૂર્વે ગુજરાત

આતંકીઓ પકડાય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. રથયાત્રા પહેલા એટીએસના આ મેગા ઓપરેશને સંભવિત મોટી આતંકી આફતને ટાળી દીધી છે.

### સુરક્ષા વ્યવસ્થા સજ્જ

હતું કે, રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસે નહીં તે માટે રાઉન્ડ ધ ક્લોક પેટ્રોલિંગ અને બંદોબસ્તનું આયોજન પૂર્ણ કરી લેવાયું છે. રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય અને શ્રદ્ધાળુઓ નિર્ભય બનીને દર્શન કરી શકે તે માટે પોલીસ તંત્ર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. ગૃહમંત્રીની હાજરીમાં યોજાયેલી આ ફ્લેગ માર્ચે સ્થાનિક નાગરિકોમાં સુરક્ષા પ્રત્યે ભારે વિશ્વાસ જગાડ્યો છે.

### નાથનો નૈત્રોત્સવ

કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે અણસરના ૧૫ દિવસ બાદ સ્વસ્થ થઈને નિજ મંદિર પધારેલા ભગવાનના તેજસ્વી સ્વરૂપના 'નવયૌવન દર્શન' સાથે ગર્ભગૃહમાં પ્રભુની આંખો પર રેશમી પાટા બાંધવાની પરંપરાગત નેત્રોત્સવ વિધિ નાયબ મુખ્યમંત્રી ની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી, જ્યાં ભક્તોને ભવ્ય 'સોનાવેશ' (શણગાર)માં ભગવાનના દર્શનનો લહાવો મળ્યો હતો.

અમદાવાદ સહિત રાજ્યના અન્ય જિલ્લાઓમાં નીકળતી ભગવાન જગન્નાથજીની રથયાત્રાઓ કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે. ભગવાન જગન્નાથજીની ૧૪૯મી રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સુરક્ષિત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત સરકારે મજબૂત સુરક્ષા વ્યવસ્થા, આધુનિક ટેકનોલોજી આધારિત અનેક નવીન પ્રકલ્પો અને સોશિયલ પોલીસિંગ થકી તમામ આનુષંગિક તૈયારીઓ સુનિશ્ચિત કરી છે. જમાલપુર જગન્નાથજી મંદિર ખાતે ધ્વજારોહણ, નેત્રોત્સવ વિધિ અને મહાઆરતીમાં શહેરના મેયર હિતેશભાઈ બારોટ, રાજ્ય પોલીસ વડા જી.એસ. મલિક, શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, શહેર પ્રમુખ પ્રેરકભાઈ શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન કમલેશભાઈ પટેલ સહિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારો, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર, પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજ અને ટ્રસ્ટીઓ, આગેવાનો સહિત મોટી સંખ્યામાં ભાવિભકતો ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યના પોલીસ

નહીં તે માટે આજે પોલીસ ભવન ખાતેથી એક ઉચ્ચ સ્તરીય વીડિયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના પોલીસ વડા શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રાજ્યના તમામ શહેરના પોલીસ કમિશનરશ્રીઓ, રેન્જ વડાશ્રીઓ તેમજ જિલ્લાના પોલીસ વડાશ્રીઓ ઓનલાઈન જોડાયા હતા. રથયાત્રા દરમિયાન કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રહે તેવા મુખ્ય ઉદ્દેશ સાથે યોજાયેલી આ બેઠકમાં જી. એસ. મલિક દ્વારા સબંધિત પોલીસ અધિકારી ઓને મહત્વની સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ, ભાવનગર, ખંભાત સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ સતર્કતા રાખવા આદેશ આપવામાં આવ્યા છે. કોઈપણ આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા માટે પૂરતા પ્રમાણમાં ટિયર ગેસ, લાઠી, હેલ્મેટ સહિતની જરૂરી સુરક્ષા સામગ્રી તૈયાર રાખા પણ જણાવાયું છે.

સ્થાનિક સ્તરે શાંતિ સમિતિની બેઠકો શક્ય તેટલી વધુ યોજવા તેમજ રથયાત્રા અને રેલીના આયોજકો સાથે અગાઉથી જ બેઠક કરી લેવા સૂચના અપાઈ છે. આ ઉપરાંત, વિસ્તારોમાં સઘન ફૂટ પેટ્રોલીંગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. બીજી તરફ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર કડક મોનિટરિંગ રાખવા અને રથયાત્રા દરમિયાન કોઈ પણ પ્રકારની અફવાઓ ન ફેલાય તેની ખાસ તકેદારી રાખવા રાજ્યના પોલીસ વડાશ્રીએ સૂચના આપી છે. સુરક્ષા અને પારદર્શિતાના ભાગરૂપે ઓન-ડ્યુટી પોલીસ કર્મચારીઓ દ્વારા બોડી વોર્ન કેમેરા નો શક્ય તેટલો વધુ ઉપયોગ કરવા આદેશ અપાયા છે. રથયાત્રાના રૂટ પર આવતા વિસ્તારોના હિસ્ટ્રીશીટરો સાથે અગાઉથી બેઠકો કરી કાયદાકીય પગલાં લેવા, જેથી રથયાત્રાના દિવસે કોઈ વિક્ષેપ ન પડે. આ ઉપરાંત, જે વિસ્તારોમાં રથયાત્રાનો રૂટ વધુ લાંબો હોય ત્યાં અગાઉથી જ પોલીસ ફોર્સનું પ્રોપર ડી-બ્રિફિંગ કરી લેવા સૂચના અપાઈ છે. વરસાદી માહોલને ધ્યાને રાખીને રથયાત્રાના માર્ગ પર બિલ્ડીંગોની ઉપર નડતરરૂપ કે જોખમી વીજવાયરો ન હોય તેની ખાસ ચકાસણી કરવા સંબંધિત વિભાગો સાથે સંકલન સાધવા પણ જણાવાયું છે.જી. એસ. મલિકે આ બેઠકમાં તમામ જિલ્લાના એસ.પી અને રેન્જ આઈ.જી.પી સાથે તેમની સ્થાનિક સ્તરની સુરક્ષા તૈયારીઓ અંગે ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી અને જરૂરી સુધારા-વધારા સૂચવ્યા હતા. આ ઉચ્ચ સ્તરીય વીડિયો કોન્ફરન્સમાં પોલીસ ભવન ખાતેથી કાયદો અને વ્યવસ્થાના ડીજીપી, આઈજીપી, આઈબી આઈજીપીશ્રી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે તમામ શહેરોના પોલીસ કમિશનરશ્રીઓ અને જિલ્લા પોલીસ વડા ઓ ઓનલાઈન માધ્યમથી વીડિયો કોન્ફરન્સમાં જોડાયા હતા.

# મોદી મંત્રીમંડળમાં ફેરબદલના સંકેત શિંદે સેનાને મળશે કેન્દ્રમાં 'ડબલ' પાવર!

નવી દિલ્હી :કેન્દ્ર સરકારમાં મંત્રીમંડળના વિસ્તરણ અંગેની અટકળો તેજ બની છે, જેમાં શિંદે સેનાને બે મહત્વના મંત્રીપદ મળવાની પ્રબળ શક્યતા જોવા મળી રહી છે.દિલ્હીના રાજકીય ગલિયારાઓમાં છેલ્લા ઘણા સમયથી કેન્દ્રના મંત્રીમંડળમાં ફેરફારની ચર્ચા ચાલી રહી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં મંત્રીમંડળનું વિસ્તરણ થવાની પૂરેપૂરી સંભાવના છે. આ વિસ્તરણમાં સહયોગી પક્ષોને પણ યોગ્ય પ્રતિનિધિત્વ આપવાની રણનીતિ ભાજપ દ્વારા તૈયાર કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ આગામી ચૂંટણીઓ અને રાજકીય સમીકરણોને મજબૂત કરવાનો છે. આ સંભવિત વિસ્તરણમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિંદે સેના પર કેન્દ્રનું વિશેષ ધ્યાન હોવાનું મનાઈ રહ્યું છે. અહેવાલો મુજબ, શિંદે જૂથને કેન્દ્ર સરકારમાં બે મંત્રીપદ આપવામાં આવી શકે છે. આ નિર્ણય દ્વારા ભાજપ મહારાષ્ટ્રમાં પોતાના ગઠબંધનને વધુ મજબૂત કરવા માંગે છે. આ બંને પદ માટે શિંદે જૂથના વરિષ્ઠ નેતાઓના નામ પણ ચર્ચાઈ રહ્યા છે, જોકે અંતિમ નિર્ણય હાઈકમાન્ડ લેશે. મહારાષ્ટ્રની બદલાતી રાજકીય સ્થિતિ અને આગામી ચૂંટણીઓના સંદર્ભમાં આ નિર્ણય અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે. રાજકીય વિશ્લેષકોના મતે, આ વિસ્તરણ માત્ર વહીવટી જરૂરિયાત નથી, પરંતુ એક રાજકીય માસ્ટરસ્ટ્રોક છે. બે મંત્રીપદ મળવાથી શિંદે સેનાનું દિલ્હીમાં વજન વધશે અને રાજ્ય સરકારમાં પણ સત્તાનું સંતુલન જળવાઈ રહેશે. હવે સૌ કોઈની નજર સત્તાવાર જાહેરાત પર ટકેલી છે.

# CBSEનો મોટો નિર્ણય

નવી દિલ્હી : રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ના અમલીકરણના ભાગરૂપે, સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન એ શાળાકીય શિક્ષણમાં મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. તાજેતરના ૫ રિપત્ર મુજબ, હવે ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓ માટે તેમની 'ત્રીજી ભાષા' માં આંતરિક મૂલ્યાંકન પાસ કરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આ નિયમ ૨૦૨૭-૨૮ શૈક્ષણિક સત્રથી પૂર્ણપણે અમલી બનશે.

આ નવા નિયમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં બહુભાષીતાને પ્રોત્સાહન આપવાનો અને ભારતીય ભાષાઓનું જતન કરવાનો છે. મહત્વની વાત એ છે કે, ત્રીજી ભાષા માટે કોઈ લેખિત બોર્ડ પરીક્ષા લેવામાં આવશે નહીં; તે સંપૂર્ણપણે શાળા-સ્તરના આંતરિક મૂલ્યાંકન પર આધારિત રહેશે. જોકે, આ મૂલ્યાંકન પાસ કરવું ધોરણ ૧૦ નું પાસ પ્રમાણપત્ર મેળવવા માટે અનિવાર્ય છે. એટલે કે, જો કોઈ વિદ્યાર્થી આ આંતરિક મૂલ્યાંકનમાં નિષ્ફળ જશે, તો તેને ૧૦મા ધોરણની સફળતાનું સર્ટિફિકેટ નહીં મળે.

# પહેલગામ હુમલો : હાફીસ સઈદ સામે ગેરજમાનતી વોરન્ટ

જમ્મુ : કાશ્મીરમાં પહેલગામ હુમલામાં તાર છેક પાકિસ્તાનસુધી પહોંચ્યા હતા અને પાકમાંથી છુટેલા ચાર આતંકીઓએ પહેલગામ પણ સહેલાણીઓને ઘેરી લઈને ૨૬ની હત્યા કરી હતી જેનું ષડયંત્ર પાકિસ્તાનમાં રચાયુ હતું.જેમાં જમ્મુની એક કોર્ટે આ હુમલાનું ષડયંત્ર રચનાર જૈશ-એ-મોહમ્મદના વડા હાફીસ સઈદ સામે બિન જામીન વોરન્ટ ઈસ્યુ કર્યુ છે. જેના આધારે ભારત હવે પાક પર કાનુની સકંજો કસશે.

૨૬/૧૧ મુંબઈ હુમલા સહિત ભારતમાં અનેક ત્રાસવાદી હુમલા માટે જવાબદાર હાફીસ સઈદ ઓપરેશન સિંદુર સમયે બચવામાં સફળ રહ્યો હતો તેની સામે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીએ મુકેલા ચાર્જશીટમાં હાફીસ સઈદની નિશ્ચિત કરી હતી. જેના આધારે આ ગેરજમાનતી વોરન્ટ ઈશ્યુ થયુ છે. જો કે તે પાક.માં બજે તેવી શકયતા નથી તેથી સઈદ સામે તેની ગેરહાજરીમાં ટ્રાયલ ચલાવવા કોર્ટે મંજુરી આપી છે. ખાસ કરીને ભાગેડુઓ સામે કાનુની કાર્યવાહી તેની ગેરહાજરીથી વિલંબમાં મુકાય નહી તેવી ખાસ જોગવાઈ સરકારે કાનુની સુધારાથી કરી છે. પરંપરાગત હુમલામાં હાફીસ સઈદની ભૂમિકા મહત્વની રહી છે.

આ ચાર્જશીટમાં ત્રણ આતંકી સુલેમાન, જિબ્રાન અને હમઝા અફઘાની પણ સામેલ છે. તે ઉપરાંત લશ્કરે તૈયબાનો પાકમાં રહેતો આતંકી સાજીદ સૈફલ્લા અને પહેલગામનો બશીર અહેમદ તથા પરવેઝ અહમદ પણ સામેલ છે.

# બંગાળમાં બોટ દુર્ઘટનામાં નવ માછીમારોના મોત, મૃતકોના પરિવારજનોને આર્થિક સહાયની જાહેરાત

કોલકતા : પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં સુંદરવન નજીક બંગાળની ખાડીમાં એક મોટી ઘટના બની છે. અધિકારીઓએ મીડિયાને સોમવારે જણાવ્યું હતું કે આ મહિનાની શરૂઆતમાં માછીમારી બોટ લાપતા થઈ હતી તેમાં નવ માછીમારો મૃત હાલતમાં મળી આવ્યા છે અને છ અન્ય ગુમ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો અને મૃતકો અને ઘાયલોના પરિવારજનોને આર્થિક સહાયની જાહેરાત કરી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં કહ્યું કે પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં બોટ પલટી જવાથી થયેલ જાનમાલનું નુકસાન અત્યંત પીડાદાયક છે. આ દુઃખની ઘડીમાં મારી સંવેદનાઓ પીડિત પરિવારો સાથે છે. ઘાયલો જલદી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના. તેમણે મૃતકોના પરિવારજનોને ?૨ લાખ અને ઘાયલોને ૫૦,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરી.

# રશિયન સેનાને અખતરો કરવો ભારે પડ્યો, હેલિકોપ્ટરના હથિયારે જમીન પર મચાવ્યો આતંક

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : સોશિયલ મીડિયા પર રશિયન સેનાનો એક અત્યંત ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં ડ્રોન હુમલાથી બચવા માટે રશિયન સૈનિકોએ હેલિકોપ્ટરની ભારે મશીનગન જમીન પર લગાવીને ફાયરિંગ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ટ્રિગર દબાવતાં જ આ ગન કાબૂ બહાર થઈ ગઈ હતી અને સૈનિકોએ જીવ બચાવવા માટે આમ-તેમ ભાગવું પડ્યું હતું. વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે સૈનિકો સોવિયત કાળના રૈ-૨૪ અટેક હેલિકોપ્ટરની ખાસ 'YakB-૧૨.૭' મશીનગનને જમીન પર ફિટ કરીને ટેસ્ટ કરી રહ્યા હતા. ફાયરિંગ શરૂ થતાં જ ગનના જોરદાર રિકોઈલ(પાછળ તરફ લાગતો ધક્કો)ના કારણે આખું માઉન્ટિંગ ઉખડી ગયું હતું. મશીનગન હવામાં ગોળ-ગોળ ઘૂમવા લાગી હતી અને ત્યાં ઊભેલા સૈનિકો તરફ વળી ગઈ હતી. આ અકસ્માતમાં એક સૈનિક તો છેલ્લી સેકન્ડે કૂદીને માંડ બચી શક્યો હતો.આ હથિયાર ૪ બેરલ વાળી ગેસ ઓપરેટેડ ગન છે, જે ૧૨.૭ટ૧૦૮ mmના રાઉન્ડ વાપરે છે.

# માધાપરનો ગૂમ કિશોર અંતે ૨૬ દિવસ પછી દિલ્હીથી હેમખેમ મળી આવ્યો



**એક ફોન આવ્યો અને લોકેશનના આધારે પોલીસે ગંભીરતા દાખવતા મળી ભાળ : ધ્રુવને લેવા માટે પરિવાર સાથે પોલીસની ટીમ દિલ્હી પહોંચી : છોકરો મળી ગયાનું જાણવા મળતા પરિવાર સહિત સૌને હાશકારો થયો**

ભુજ - કચ્છઉદય : મુળ બનાસકાંઠાના હાલે માધાપરમાં રહેતા મધ્યમ વર્ગીય પરિવારનો ૧૪ વર્ષિય દિકરો ઘરેથી રૂપિયા કે ફોન લીધા વીના નિકળી ગયો હતો, વ્યાપક શોધખોળ છતાં કોઈ અતોપતો મળ્યો ન હતો. પરિવારે એસપી કચેરીમાં રજુઆત કરી હતી. દરમ્યાન આ કિશોર દિલ્હીમાંથી મળી આવ્યો છે. પરિવાર સાથે પોલીસની ટીમ તેને લેવા માટે દિલ્હી પહોંચી છે. કિશોર હેમખેમ મળી આવતા સૌએ રાહતનો શ્વાસ લીધો છે. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ ૧૪ વર્ષિય ધ્રુવ પ્રભુભાઈ નાઈ ગત ૧૯ તારીખે પોતાના ઘરેથી ૧૧ વાગ્યે નિકળી ગયો હતો. ભુજના જેષ્ઠાનગરમાં સબંધીની દુકાને આવતો હોવાનું કહીને નિકળ્યો હતો. પરંતુ રાત સુધી ઘરે આવ્યો ન હતો. તપાસ દરમ્યાન છેલ્લું લોકેશન ભુજોડી પાસે મળ્યું હતું. તેની પાસે કોઈ ફોન કે અન્ય કોઈ કડી ન હતી. પરિવારે તેના વતન, કચ્છમાં અલગ અલગ સ્થળોએ તપાસ કરી પરંતુ કયાંય અતોપતો ન મળ્યો, માધાપર પોલીસમાં ગુમ નોંધ દાખલ કરવામાં આવી હતી. અઠવાડિયા સુધી કોઈ અતોપતો ન મળતા ભુજમાં એસપી કચેરીએ પરિવાર તેમજ સમાજ દ્વારા રજુઆત પણ કરવામાં આવી હતી. દરમ્યાન આ કિશોર દિલ્હીથી મળી આવ્યો હતો. કિશોરને શોધવા માટે વોટસઅપ ગ્રુપોમાં વ્યાપક મેસેજો શેર કરવામાં આવ્યા હતા. ભુજના બસ સ્ટેશન, રેલવે સ્ટેશન સહિતના જાહેર સ્થળોએ પોસ્ટરો લગાવાયા હતા. ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવી લોકો સુધી સંદેશો પહોંચાડવામાં આવ્યો હતો. પોલીસે પણ અલગ અલગ ગ્રુપોમાં ફોટાની વિગત વાયરલ કરી કયાંય જોવા મળે તો સંપર્ક કરવા અનુરોધ કર્યો હતો. તેના વતન પાટણ અને બનાસકાંઠામાં પણ વ્યાપક પ્રચાર કરાયો હતો. જે બાદ અંતે સફળતા મળી છે. આ બાબતે માધાપરના પીઆઈ એ. કે. જાડેજા સાથે વાત કરતા તેમણે જણાવ્યું કે, ધ્રુવ નાઈ પાસે ફોન ન હતો. અલગ અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સના આધારે શોધખોળ કરવામાં આવી હતી. દરમ્યાન તેના પિતાના ફોન પર એક ફોન આવ્યો હતો જેને ટ્રેસ કરતા દિલ્હી લોકેશન મળી આવ્યું હતું. દિલ્હીમાં ઓળખીતા ઓફીસરને ફોન કરી તેઓને બનાવથી વાકેફ કરતા તાત્કાલિક કિશોરને શોધી પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો. હાલમાં અમારી માધાપર પોલીસની ટીમ દિલ્હી જવા પહોંચી છે અને ત્યાંથી ધ્રુવનો કબજો લઈ પરિવાર સાથે મીલન કરાવવામાં આવશે.

# મુંદરાના છસરા ગામની ગૌશાળામાં ૩૧ ગાયોના કરુણ મોતથી અરેરાટી

**પાંજરાપોળમાં બપોરનો ચારો ખાધા બાદ એકાએક પશુઓ ઢળી પડ્યા : પશુચિકિત્સકોની સમયસરની કામગીરીથી ૭ ગાયોનો આબાદ બચાવ**



મુન્દ્રા - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં વરસાદના વિલંબને કારણે દુષ્કાળ જેવા સંજોગો સર્જાયા છે, પાણીની કટોકટી ઘેરી બની રહી છે અને માલધારીઓ માટે પશુધનને બચાવવું મુશ્કેલ બન્યું છે, ત્યાં મુંદરા તાલુકામાંથી એક અત્યંત હૃદયદ્રાવક અને આઘાતજનક ઘટના સામે આવી છે. તાલુકાના છસરા ગામે આવેલી પાંજરાપોળમાં કથિત રીતે નબળી ગુણવત્તાવાળો અથવા ઝેરી ચારો ખાઈ લેવાના કારણે ટૂંકા જ સમયમાં ૩૧ જેટલી ગાયોના મોત નીપજતાં સમગ્ર પંથકના પશુપ્રેમીઓમાં ગમગીની સાથે ભારે રોષ ફેલાયો છે.

સ્થાનિક સ્તરેથી પ્રાપ્ત વિગતો અનુસાર, છસરા જીવદયા કેન્દ્રમાં દરરોજની જેમ સોમવારે બપોરે અંદાજે એક વાગ્યાની આસપાસ ગૌવંશને નીરણ કરવામાં આવી હતી. ચારો ચર્યા બાદ પશુઓ આરામ કરી રહ્યા હતા, ત્યાં જ બપોરે ત્રણ વાગ્યાના અરસામાં અચાનક ગાયોની તબિયત બગડવા લાગી હતી. જોતજોતામાં એક પછી એક એમ ૩૧ જેટલી ગાયોએ દમ તોડી દીધો હતો. ઘટનાને પગલે ગ્રામજનો અને ગૌસેવકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ ગાયોને મકાઈનો ચારો આપવામાં આવ્યો હતો, જે કદાચ નુકસાનકારક સાબિત થયો હોઈ શકે છે. આ ગંભીર દુર્ઘટના અંગે તુરંત જ ગૌસેવા આયોગને પણ વાકેફ કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક દ્રષ્ટિએ આ ઘટના પાછળ ઘાસચારામાં રહેલી કોઈ ખામી અથવા ઝેરી અસર જવાબદાર હોવાનું જણાય છે. ભોગ બનનારા પશુઓમાં મોટાભાગે નાની વાછરડીઓ અને શારીરિક રીતે નબળી ગાયોનો સમાવેશ થાય છે. ગામના આગેવાનોના જણાવ્યા અનુસાર હાલ બજારમાં ઘાસચારાની ભારે અછત અને આસમાને પહોંચેલા ભાવોને કારણે ઉતાવળે કાચો ચારો વાઢીને પશુઓને નીરવામાં આવી રહ્યો છે, પશુપાલકોએ આવા કાચા ઘાસનો ઉપયોગ કરવાથી બચવું જોઈએ. જો કે ગાયોના મોતના સત્તાવાર કારણની પુષ્ટિ હજુ બાકી છે.

બીજી તરફ, મુંદરા પ્રશાસનને જાણ થતાં જ પશુ ડૉક્ટરોની ટીમ તાત્કાલિક અસરથી ઘટનાસ્થળે મોકલી દેવામાં આવી હતી. તબીબોએ યુદ્ધના ધોરણે ગંભીર ગાયોને જરૂરી ઇન્જેક્શન અને તબીબી સારવાર આપવાનું શરૂ કર્યું હતું, જેના પરિણામે અન્ય ૭ ગાયોના જીવ બચાવી શકાયા છે. વહીવટી તંત્ર દ્વારા આ મામલે તપાસના આદેશ આપી આગામી સમય માટે ગૌશાળા સંચાલકોને વિશેષ તકેદારી રાખવા કડક સૂચનાઓ આપવામાં આવી છે.

# ભુજના 'બાંધણી હેરીટેજ' શોરૂમમાં ૫૦ ટકા સુધીના જંગી ડિસ્કાઉન્ટ સાથે ધમાકેદાર સેલનો પ્રારંભ






ભુજ - કચ્છઉદય : કચ્છની ભાતીગળ કલા અને વિશ્વવિખ્યાત હેરીટેજ બંધણીના શોખીનો માટે ભુજ શહેરમાં એક શાનદાર અને આકર્ષક તક આવી પહોંચી છે. ભુજના અનમ રીંગ રોડ પર આવેલા સુપ્રસિદ્ધ અબદુલાહદ ઈમ્તિયાઝ ખત્રી'સ બાંધણી હેરીટેજ શોરૂમ દ્વારા ગ્રાહકો માટે એક વિશેષ સેલની જાહેરાત કરવામાં આવી છે. આ ખાસ સેલ અંતર્ગત ગ્રાહકોને પરંપરાગત અને આધુનિક ફેશનના અદભુત સંગમ સમાન બંધણી કલેક્શન પરવીસ થી પચાસ ટકા સુધીનું માતબર વળતર મેળવવાની સોનેરી તક મળી રહી છે. આ સેલ આજથી શરૂ થઈને ૧૮ જુલાઈ સુધી માત્ર પાંચ દિવસ માટે જ રહેશે, જેમાં ખરીદી કરીને ગ્રાહકો મોટો ફાયદો મેળવી શકશે. 'બાંધણી હેરીટેજ' હંમેશાથી તેના શ્રેષ્ઠ કલેક્શન અને ઉત્કૃષ્ટ ગુણવત્તા માટે જાણીતું છે. આ ભવ્ય સેલમાં ખાસ કરીને સ્ત્રીઓના પરંપરાગત પહેરવેશને ઓર નિખારવા માટે આકર્ષક બાંધણી સાડીઓ, સુંદર બાંધણી શૂટ્સ, કલાત્મક દુપટ્ટાઓ અને ટ્રેન્ડી કુર્તીઓની વિશાળ શ્રેણી આકર્ષક ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ અનોખા સેલમાં દરેક વયની મહિલાઓ માટે તેમની પસંદગીના અવનવા રંગો અને અદભુત ડિઝાઈનની અઢળક વેરાયટીઓ જોવા મળશે. ગ્રાહકો વ્યાજબી કિંમતે અને મનગમતી ડિઝાઈન સાથે ઉત્તમ ગુણવત્તાયુક્ત હેરીટેજ બંધણી ખરીદી શકે તે માટે આ સેલનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. મર્યાદિત સમય માટેના આ ધમાકેદાર સેલનો લાભ લેવા અને ખરીદીનો અનોખો આનંદ માણવા માટે ભુજના અનમ રીંગ રોડ સ્થિત શોરૂમની સત્વરે મુલાકાત લેવા અનુરોધ કરાયો છે.

# રથયાત્રા પૂર્વે દુધઈ પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



દુધઈ - કચ્છ ઉદય : રથયાત્રા નિમિત્તે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પર્વ શાંતિપૂર્ણ અને ભાઈચારાના વાતાવરણમાં ઉજવાય તે હેતુથી દુધઈ પોલીસ સ્ટેશન ખાતે પીઆઈ એમ.એન. ડોડીયાના માર્ગદર્શન હેઠળ શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં સૌને શાંતિ, સંયમ અને પરસ્પર સહકાર જાળવવા અપીલ કરવામાં આવી હતી.

# પશ્ચિમ કચ્છમાં અકસ્માતમાં પાંચ ઘવાયા

ભુજ - કચ્છઉદય : ભુજ સહિત જિલ્લામાં અકસ્માતના બનાવો વધી રહ્યા છે ત્યારે વધુ કિસ્સાઓ સામે આવ્યા છે. જિલ્લા ઉદ્યોગ સર્કલથી રીલાયન્સ સર્કલ જતા માર્ગે સોમવારે અકસ્માત થયો હતો. જેમાં ટાટા હેરીયર ગાડી નંબર જી.જે.૧૨ ઈઈ ૮૨૭૬ ના ચાલકે બાઈકને ટક્કર મારતા ન્યુ લોટસમાં રહેતા બીટ્ટુ મુન્ના શાહને ઈજાઓ થઈ હતી. આ તરફ અંજાર તાલુકાના વીડી ગામની બહાર રોડ પર પગપાળા જતા બાયાબેન કુંભાર નામના વૃદ્ધ મહિલાને મોપેડ ચાલકે ટક્કર મારતા ઈજાઓ થઈ હતી. માધાપરમાં રીક્ષા પલ્ટી મારી જતા પ્રકાશભાઈ દેવીપુજકને ઈજાઓ થઈ હતી. નખત્રાણાના મોરગર પાસે બાઈક લઈને ભુજ આવતી વખતે મોપેડ સ્લીપ થતા ભાડરાના ખેંગારભાઈ રબારીને માથામાં ઈજાઓ થતા પ્રથમ નખત્રાણા અને બાદમાં ભુજ જી.કે.માં દાખલ કરવામાં આવ્યો હતો. ભુજમાં હોટલ લેકવ્યુ નજીક રાજેન્દ્ર બાગ પાસે બાઈક અને ટુ વ્હીલર સામ સામે ભટકાતા સત્ય નારાયણ સોસાયટીમાં રહેતા ૭૦ વષીય પ્રવીણભાઈ ભટ્ટને ઈજાઓ થઈ હતી.

# ભુજમાં આવતીકાલે ૫૦૦ જરૂરતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક નોટબુકનું વિતરણ કરાશે

ભુજ - કચ્છઉદય : શિક્ષાને જ સૌથી મોટું દાન ગણીને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે કાર્યરત ભુજ રોટરી પરિવાર દ્વારા આવતીકાલે એક વિશેષ સેવાકીય પ્રકલ્પ અંતર્ગત નોટબુક વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. માતાના મઢ જાગીર ટ્રસ્ટના આર્થિક સહયોગથી યોજાનારા આ કાર્યક્રમમાં ભુજમાં રોટરી પરિવાર દ્વારા દત્તક લેવાયેલી સ્લમ એરિયાની વિવિધ શાળાઓ તેમજ મહિલા કલ્યાણ કેન્દ્રમાં ધોરણ ૬ થી ૯ માં અભ્યાસ કરતા આશરે ૫૦૦ જેટલા જરૂરતમંદ વિદ્યાર્થીઓને મફત નોટબુકનું વિતરણ કરવામાં આવશે. સેવા પરમો ધર્મના સૂત્રને સાર્થક કરતા આ પ્રોજેક્ટમાં ઈન્નરવ્હીલ ક્લબ, રોટરેક્ટ ક્લબ તેમજ ઈન્ટરેક્ટ ક્લબો પણ સહયોગી તરીકે જોડાશે.

આ નોટબુક વિતરણ સમારોહ આવતીકાલે તારીખ ૧૫ જુલાઈના સવારે ૧૦:૧૫ કલાકે ભુજ સ્થિત રોટરી હોલ ખાતે રાખવામાં આવ્યો છે. આ અવસરે મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સંજય પરમાર, માતાનામઢ જાગીરના ટ્રસ્ટીઓ ખેંગારજીભાઈ જાડેજા અને વિનોદભાઈ સોલંકી તેમજ ભુજના રોટેબલ ટ્રસ્ટના ચેરમેન ડોક્ટર નવઘણ આહિત વિશેષ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરશે તેવું ભુજ રોટરી ક્લબના પ્રમુખ અશરફ મેમણ, પ્રોજેક્ટ ચેરમેન ભરત ત્રિવેદી અને મંત્રી ડોક્ટર ઉર્મિલ હાથીની સંયુક્ત યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# કચ્છમાં ચાંદીપુરા વાયરસનો શંકાસ્પદ કેસ દેખાતા આરોગ્ય તંત્ર થયું દોડતું

**શંકાસ્પદ લક્ષણો ધરાવતા બાળકની તબિયતમાં સુધારો : ગળપાદરના ૧૦ વર્ષના બાળકના ગાંધીનગર મોકલાયેલ સેમ્પલનો રિપોર્ટ આજે સાંજે સુધી આવે તેવી સંભાવના : આરોગ્ય તંત્ર એલર્ટ મોડમાં : ગળપાદર અને ગાંધીધામના જુદા જુદા વિસ્તારોમાં સ્પ્રે અને ડસ્ટીંગની કામગીરી કરાઈ**

ભુજ - કચ્છઉદય : રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ચાંદીપુરા વાયરસે માથું ઊંચકતા રાજ્ય સરકારે હરકતમાં આવીને આગોતરા પગલાં ભરવાની શરૂઆત કરી દીધી છે. આ જ ઘટનાક્રમ વચ્ચે કચ્છ જિલ્લામાં પણ ચાંદીપુરા વાયરસનો એક શંકાસ્પદ કેસ સામે આવતાં જ સમગ્ર આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે. ગાંધીધામ તાલુકાના ગળપાદર ગામના એક ૧૦ વર્ષના બાળકમાં આ વાયરસના શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા છે. લક્ષણો દેખાતાની સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા બાળકના સેમ્પલ મેળવીને ઊંડાણપૂર્વકના પરીક્ષણ માટે ગુજરાત બાયોટેકનિકલ ઈન્સ્ટિટ્યૂટ, ગાંધીનગર ખાતે મોકલી આપવામાં આવ્યા છે. હાલમાં આ બાળક ગાંધીધામની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ અંગે કચ્છ જિલ્લાના રોગચાળા નિયંત્રણ અધિકારી ડૉ. કેશવકુમારે વિગતો આપતા જણાવ્યું હતું કે, શંકાસ્પદ લક્ષણો ધરાવતા આ બાળકની સ્થિતિમાં હાલ સુધાર થઈ રહ્યો છે અને તે સતત તબીબી દેખરેખ હેઠળ છે. આ બાળકનો લેબોરેટરી રિપોર્ટ આજે સાંજ સુધીમાં અથવા તો આવતીકાલ સુધીમાં આવી જશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, હાલના તબક્કે કચ્છ જિલ્લામાં બીજો કોઈ શંકાસ્પદ કેસ નોંધાયો નથી. આ પ્રથમ શંકાસ્પદ કેસ અંગેની પ્રાથમિક સૂચના આરોગ્ય તંત્રના ફિલ્ડ વર્કર દ્વારા સમયસર મળી આવી હતી. શંકાસ્પદ કેસ પ્રકાશમાં આવતાની સાથે જ આરોગ્ય વિભાગ દ્વારા સંબંધિત વિસ્તારોમાં સર્વેલન્સની કામગીરીને અત્યંત સઘન બનાવી દેવામાં આવી છે. વાયરસના ફેલાવા માટે નિમિત્ત બનતી સેન્ડફ્લાય (રેતીલી માખી)નો નાશ કરવા માટે ફોગિંગ સહિતની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. જિલ્લા આરોગ્યતંત્ર દ્વારા ગાંધીધામના સુંદરપુરી અને ગળપાદર સહિતના તમામ સંવેદનશીલ વિસ્તારોમાં આવેલા કાચા મકાનોમાં સ્પ્રે અને ડસ્ટિંગની કામગીરી પૂર્ણ કરી લેવામાં આવી છે. આ વિસ્તારોમાં રજકણો દૂર કરવા તેમજ દવા છંટકાવ કરવા સહિતની તમામ આગોતરી તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. રોગચાળા નિયંત્રણ અધિકારીએ ભૂતકાળની વિગતો આપતા વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં જ્યારે ચાંદીપુરાનો પહેલો કેસ નોંધાયો ત્યારથી જ કચ્છનું આરોગ્ય વિભાગ સંપૂર્ણપણે હરકતમાં આવી ગયું હતું. વર્ષ ૨૦૨૪ની સાલમાં કચ્છના ચાર તાલુકાઓમાં ચાંદીપુરાના કેસ નોંધાયા હતા, જેમાં નખત્રાણા તાલુકાના દેવપર, મુંદરા શહેર, અંજારના મેઘપર બોરીચી તેમજ ગાંધીધામના સુંદરપુરીમાં કેસ જોવા મળ્યા હતા અને આ વાયરસ પાંચ બાળકોનો ભોગ પણ લઈ ચૂક્યો છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગે બે વર્ષ પહેલાં જ્યાં જ્યાં કેસ નોંધાયા હતા, તે તમામ વિસ્તારોમાં પણ વિશેષ સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. તંત્ર દ્વારા નાગરિકોને કોઈપણ પ્રકારના ગભરાટમાં આવ્યા વગર સચેત અને સાવધ રહેવાની સલાહ આપવામાં આવી છે તેમજ આરોગ્ય વિભાગ કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંપૂર્ણપણે એલર્ટ મોડમાં હોવાનું જણાવ્યું છે.

# ગાંધીધામ રેલવે સ્ટેશન નજીક LCBનો સપાટોઃ ક્રેટામાંથી રૂ. ૪.૧૦ લાખનો દારૂ ઝડપાયો

ગાંધીધામ : પૂર્વ કચ્છ ન્ઝમ્ની ટીમે બાતમીના આધારે ગાંધીધામ રેલવે સ્ટેશન નજીકના સર્વિસ રોડ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈ ક્રેટા કાર નં. GJ-08-CC-9839નો ચાલક વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો. કારની તપાસ કરતાં વિદેશી દારૂની ૧,૭૮૮ બોટલ અને બિયરના ૨૬૪ ટીન સહિત કુલ રૂ. ૪,૧૦,૮૨૦નો દારૂનો જથ્થો મળી આવ્યો હતો.પોલીસે રૂ. ૮ લાખની ક્રેટા કાર સહિત કુલ રૂ. ૧૨,૧૦,૮૨૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ફરાર ચાલક તથા તપાસમાં સામે આવનારા અન્ય શખ્સો વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

# આદિપુરમાં ચોંકાવનારી ઘટનાઃ પત્નીને પાણીના ખાડામાં ધક્કો મારી મોતને ઘાટ ઉતારતો પ્રેમી

ગાંધીધામ : કચ્છના આદિપુર પોલીસ મથકની હદમાં અંજારથી શિણાય તરફ જતા રોડ પર એક હૃદયકંપાવનારી હત્યાની ઘટના સામે આવી છે. પરિણીતાને મોતના ઘાટ ઉતારવાના ઈરાદે પાણીના ખાડામાં ધક્કો મારી ડૂબાડી દેવાઈ હોવાની ફરિયાદ આદિપુર પોલીસ મથકે નોંધાઈ છે. આ મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગાંધીધામના નવી સુંદરપુરી (તલાવડી વિસ્તાર) માં રહેતા અને છૂટક મજૂરી કરતા શખ્સની પત્ની કોઈપણ કારણોસર તેમના જ વિસ્તારમાં રહેતા આરોપી વિજય રમેશભાઈ ભીલ સાથે ગઈ હતી. દરમિયાન, તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ અંજારથી શિણાય તરફ જતા રોડ પર આવેલા એક પાણીના ખાડા પાસે પરિણીતા પગ ધોવા માટે ગઈ હતી. આ સમયે આરોપી વિજય ભીલે તેને જાનથી મારી નાખવાના ઈરાદે પાછળથી જોરદાર ધક્કો મારી પાણીમાં પાડી દીધી હતી, જેના કારણે પાણીમાં ડૂબી જવાથી પરિણીતાનું કરૂણ મોત નીપજ્યું હતું. આ અંગે મૃતકના પતિ અરવિંદભાઈ રાણાએ આદિપુર પોલીસ સ્ટેશનમાં વિજય રમેશભાઈ ભીલ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૧૦૩(૧) (હત્યા) મુજબ ગુનો નોંધી ફરિયાદ દાખલ કરાવી છે. આદિપુર પોલીસ સ્ટેશનના યુ.એચ.સી. સુરેશભાઈ ખેતાભાઈ તરાલ અને પોલીસ ઈન્સ્પેક્ટરે તપાસ હાથ ધરી છે. હાલ આરોપી ફરાર હોઈ તેને પકડી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે.

# ગણેશનગર ધાડકાંડઃ સાતેય આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ કરાયું રિ-કન્સ્ટ્રક્શન





ગાંધીધામઃ ગણેશનગરના રહેણાક મકાનમાં ધોકા-છરી સાથે ઘૂસી રોકડ અને જ્યુપિટરની લૂંટ ચલાવવાના કેસમાં ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે સાતેય આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું.

પીઆઈ એસ.વી. ગોજીયા અને તેમની ટીમની હાજરીમાં આરોપી ફારૂક દિલાવર ઝેડા, સાહિલ અબ્દુલભાઈ મોવર, ઈબ્રાહીમ મુસ્તાકભાઈ કાજડીયા, હુશેન ઈકબાલ ભટ્ટી, લતીફ હૈદરભાઈ કાજેડીયા, નિઝામુદીન ઈસરાયલ મોહમ્મદ અંસારી અને મેરાજઅલી રમજાનઅલીએ ઘટનાસ્થળે સમગ્ર ઘટનાક્રમનું નિદર્શન કર્યું હતું. પોલીસે આરોપીઓ કયા માર્ગેથી આવ્યા, ઘરમાં કેવી રીતે પ્રવેશ્યા, લૂંટને કેવી રીતે અંજામ આપ્યો અને બાદમાં કઈ રીતે ફરાર થયા સહિતની કડીઓની ચકાસણી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાપરના પાલનપર વાડી વિસ્તારમાંથી ૧૮ વર્ષીય યુવતી ભેદી સંજોગોમાં ગુમઃ પરિવારમાં ચિંતાનો માહોલ

રાપરઃ રાપર તાલુકાના પાલનપર ગામના વાડી વિસ્તારમાંથી એક ૧૮ વર્ષની યુવતી પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વગર ક્યાંક ચાલી ગઈ હોવાની ગુમનોંધ રાપર પોલીસ મથકે નોંધાવાઈ છે.મળતી વિગતો મુજબ, પાલનપર ગામના વાડી વિસ્તારમાં રહેતા અને ખેતીકામ કરતા ડાયાભાઈ દેશરાભાઈ કોલીની ૧૮ વર્ષ અને ૧ મહિનાની દીકરી અનુસયાબેન કોલી તા. ૧૨/૦૭/૨૦૨૬ ની રાત્રે ૨૩:૦૦ વાગ્યાથી તા. ૧૩/૦૭/૨૦૨૬ ના સમયગાળા દરમિયાન પોતાના ઘરેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક એકાએક ચાલી ગઈ છે. પરિવારજનોએ દીકરીની આસપાસ અને સગા-સંબંધીઓમાં ભારે શોધખોળ કરી હોવા છતાં તેનો કોઈ પતો લાગ્યો ન હતો. આખરે પિતાએ રાપર પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુમનોંધ નં. ૨૧/૨૦૨૬ જાહેર કરી છે. હેડ કોન્સ્ટેબલ ચંદનભાઈ ઈશ્વરભાઈ અને મનહરભાઈ માલાભાઈ ચૌધરી આ મામલે ગુમ થયેલી યુવતીની શોધખોળ ચલાવી રહ્યા છે.

# ભુજના મહાવીર નગરમાં જુગાર રમતા છ ખેલી પકડાયા

ભુજ - કચ્છઉદય : શહેરમાં જયનગરની બાજુમાં આવેલ મહાવીર નગરની મંગલાચરણ કોલોનીમાં જુગાર રમતા છ ખેલી પકડાયા હતા. જેમાં શ્રુતિબેન કૃષ્ણદીપસિંહ જેઠવા, નયનાબેન મનીષભાઈ સોની, રોશનબેન જુસબ સમા, ધુનીબેન કાનજીભાઈ આહીર, હંસાબેન દશરથભાઈ ઠક્કર, રક્ષાબેન અવનીશભાઈ ઠાકોરને પકડી રોકડા રૂા. ૨૬,૨૦૦ કબજે કરી એ ડીવીઝનમાં ગુનો દાખલ કરાયો હતો.

# અંજારના મેઘપર બોરીચી ફાટક પાસે કરુણ અકસ્માતઃ ટ્રેનની અડફેટે યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત

"અંજારઃઅંજારના મેઘપર બોરીચી ફાટક પાસે એક ૨૩ વર્ષનો યુવક અકસ્માતે ટ્રેનની અડફેટે આવી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેનું કરુણ મોત નીપજ્યું છે. પોલીસ ચોપડે નોંધાયેલી વિગત મુજબ, મેઘપર બોરીચી વિસ્તારમાં રહેતા રામરતન તોમરનો ૨૩ વર્ષીય પુત્ર અંકિત તોમર તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે આશરે ૦૩:૪૫ વાગ્યા પહેલા મેઘપર બોરીચી ફાટક પાસેથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે કોઈ અગમ્ય કારણોસર તે ટ્રેન સાથે ભટકાઈ ગયો હતો. ટ્રેનની જોરદાર ટક્કર વાગવાના કારણે અંકિતને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતદેહને પીએમ અર્થે અંજારની સી.એચ.સી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબ ડો. હરસુલ મલુકાણીએ તેને મૃત જાહેર કર્યો હતો. અંજાર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ બલભદ્રસિંહ એમ. જાડેજાએ અકસ્માત મોત અંગેની નોંધ કરી છે અને લાશનું ઈનક્વેસ્ટ ભરવા માટે તાલુકા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને જાણ કરી છે. કેસની પ્રાથમિક તપાસ હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ ચૌધરી અને આગળની વધુ તપાસ પ ો.સબ.ઈન્સ. વી.એ. ઝાલા ચલાવી રહ્યા છે.

# અંજારના વિસ્તારમાંથી ૨૦ વર્ષીય પરિણીતા ગુમ

**'સાસરે જાઉં છું' તેમ કહી નીકળ્યા બાદ પરત ન ફરી**

અંજારઃ અંજારના સિતારામ પરિવાર વિસ્તારમાંથી 'હું સાસરે જાઉં છું' તેમ કહીને નીકળેલી ૨૦ વર્ષની એક પરિણીતા ભેદી સંજોગોમાં ગુમ થઈ ગઈ હોવાની ફરિયાદ અંજાર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. અંજારના શેખટીંબો (શેખ સમાજવાડીની બાજુમાં) રહેતા જુસબશા અમિલશા શેખ (ઉ.વ.૨૬) એ પોલીસમાં કરેલી જાહેરાત મુજબ, તેમની ૨૦ વર્ષીય પત્ની મુસ્કાનબાનુ શેખ ગત તા. ૧૦/૦૭/૨૦૨૬ ના રોજ સાંજે ૦૬:૪૦ વાગ્યાના અરસામાં સિતારામ પરિવાર વિસ્તારમાંથી 'હું સાસરે જાઉં છું' તેમ કહીને નીકળી હતી, જે આજદિન સુધી ઘરે પરત આવી નથી. મુસ્કાનબાનુ પોતાની સાથે મોબાઈલ ફોન પણ લઈ ગઈ છે, જે હાલ બંધ આવી રહ્યો છે. સગા-સંબંધીઓમાં તપાસ કરવા છતાં તેણીની કોઈ ભાળ મળી નથી. ગુમ થનાર મુસ્કાનબાનુ રંગે ઘઉંવર્ણની, શરીરે પાતળા બાંધાની, આશરે ૫.૨ ફૂટ ઊંચાઈ ધરાવે છે. તેણી ગુજરાતી ભાષા જાણે છે અને ગુમ થઈ ત્યારે તેણીએ પંજાબી ડ્રેસ પહેરેલો હતો. અંજાર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ બલભદ્રસિંહ એમ. જાડેજા અને જીતુદાન ઈહરદાન ગઢવીએ ગુમનોંધ નંબર ૭૬/૨૦૨૬ ના આધારે પરિણીતાને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અષાઢી બીજ પૂર્વે પશ્ચિમ કચ્છના વાતાવરણમાં આહલાદક પલટો

**ભુજ સહિતના વિસ્તારોમાં અમીછાંટણા થતાં મેઘમહેરની આશા બંધાઈ : સતત ફૂંકાતા પવન અને ઉકળાટ વચ્ચે વહેલી સવારે છવાયેલા કાળા ડિબાંગ વાદળો અને ઝરમર વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી : જુલાઈના અંત સુધીમાં સાર્વત્રિક મેઘમહેર થવાના હવામાન અને જ્યોતિષશાસ્ત્રના સ્પષ્ટ સંકેત**

ભુજ - કચ્છઉદય : કચ્છીઓ માટે જેનો અનેરો મહિમા છે તેવા કચ્છી નૂતન વર્ષ અષાઢી બીજને આડે હવે જ્યારે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે, ત્યારે પશ્ચિમ કચ્છના વાતાવરણમાં અચાનક ખુશનુમા બદલાવ જોવા મળ્યો છે. આજે વહેલી સવારથી જ જિલ્લા મથક ભુજ સહિત પશ્ચિમ કચ્છના જુદા જુદા વિસ્તારોમાં આકાશમાં કાળા વાદળોનો જમાવડો જોવા મળ્યો હતો. સવારના ભાગે ભુજ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અમીછાંટણા થતાં રસ્તાઓ ભીના થયા હતા. આ ઝરમર વરસાદના પગલે છેલ્લા ઘણા સમયથી અનુભવાઈ રહેલી ગરમીમાં આંશિક રાહત મળી હતી અને વાતાવરણમાં આહલાદક ઠંડક પ્રસરી ગઈ હતી. અષાઢી બીજના પર્વ પૂર્વે જ આકાશમાં કાળા વાદળો ઘેરાતા મેઘરાજા અષાઢી બીજનું શુકન સાચવી લેશે તેવી આશા લોકોમાં બંધાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા કેટલાક દિવસોથી કચ્છમાં વરસાદ ખેંચાતા પાણી અને ઘાસચારાની સ્થિતિ વિકટ બનવાની ચિંતા સતાવી રહી હતી. ગઈકાલ સુધી જિલ્લામાં સરેરાશ ૨૦થી ૨૫ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાતો હતો અને ધૂંધળું વાતાવરણ સર્જાયું હતું. ભુજ અને કંડલામાં મહત્તમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીને પાર પહોંચી જતાં અને લઘુત્તમ તાપમાન ૨૭થી ૨૯ ડિગ્રીની આસપાસ રહેતા લોકોએ ભારે ભેજયુક્ત ઉકળાટનો સામનો કરવો પડ્યો હતો. જોકે, આજના વાતાવરણના પલટાએ લોકોને ભારે ગરમીમાંથી રાહત અપાવી છે.

હવામાન શાસ્ત્રીઓના મતે આગામી બે દિવસ દરમિયાન જિલ્લામાં છૂટોછવાયો વરસાદ થવાની સંભાવના છે, જ્યારે જુલાઈના અંતિમ સપ્તાહમાં નવી વરસાદી સિસ્ટમ સક્રિય થતાં રાજ્યની સાથે કચ્છમાં પણ વરસાદનો એક સારો રાઉન્ડ આવી શકે છે. બીજી તરફ, ગ્રહ અને નક્ષત્રોની સ્થિતિ જોતા જ્યોતિષશાસ્ત્રના આધારે પણ સારા વરસાદના સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે. જ્યોતિષાચાર્યોના મત મુજબ, ચાલુ વર્ષે અલ નીનોની અસરને કારણે ભલે વરસાદ અસમાન રહ્યો હોય, પરંતુ આજથી ચંદ્ર અને ગુરુની સાનુકૂળ સ્થિતિ સર્જાતા જળતત્ત્વને બળ મળશે. પુનર્વસુ અને પુષ્ય નક્ષત્ર વરસાદ માટે અત્યંત સાનુકૂળ માનવામાં આવે છે, જેથી આગામી ૧૭થી ૧૯ જુલાઈ અને ત્યારબાદ ૨૪થી ૨૬ જુલાઈ દરમિયાન વ્યાપક વરસાદ થવાની પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. આમ, વિલંબિત હોવા છતાં પાછોતરો વરસાદ સારો થવાની આશાથી જગતનો તાત હરખાઈ ઉઠ્યો છે.

::: જોઈએ છે ગાંધીધામ માટે :::
પ્યુન (પટ્ટાવાળો)
ઓફીસના સંપૂર્ણ રૂટીન કામકાજ માટે
કલાર્ક
ગુજરાતી તથા અંગ્રેજીમાં પત્રવ્યવહાર તેમજ દેશીનામુ (હિસાબ) કરી શકે તેવી વ્યક્તિ સંપર્ક કરે
સંપર્ક સમય :- સાંજે ૫.૦૦ થી ૬.૦૦ કલાકે
Mo.90990 79342

સ્ટાફ જોઈએ છે
ભુજની હોસ્પિટલના મેડીકલ સ્ટોરમાં કામ કરી શકે તેવા સ્ટાફ - 3
Male / Female
2 વર્ષના અનુભવી
Contact : 9023691429

**મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ભચાઉ**
સામખીયાળી રોડ, વાગડ વેલ્ફર હોસ્પિટલની સામે, ભચાઉ-કચ્છ. પીનઃ ૩૭૦૧૪૦
Email : mambhachau@gmail.com મેજીસ્ટ્રીયલ શાખા ફેક્સ નં./ફોન નં. ૦૨૮૩૭-૨૨૪૦૨૬

નં.મેજી/જન્મ/વશી-૩૧૪/૨૦૨૬

**જાહેર નોટીસ**

તા. ૨૩/૦૬/૨૦૨૬
જન્મ રજી.નં.૩૧૪/૨૦૨૬

શ્રી નવિન જગાભાઈ પીરાણા
રહે. ભરૂડીયા, તા.ભચાઉ-કચ્છ. ........................ અરજદાર

વિરૂધ્ધ

જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહમંત્રીશ્રી ભરૂડીયા, તા.ભચાઉ, જિ.કચ્છ-ભુજ. ........................ સામાવાળા

**વિષયઃ- જન્મની નોંધ કરવા હુકમ કરવા બાબત.**

જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતાઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત અરજદારશ્રીએ તેમના પુત્ર નામે દિપક નવિન પીરાણા નો જન્મ તા.૧૮-૦૬-૨૦૧૭ ના રોજ ગામ ભરૂડીયા તા.ભચાઉ મધ્યે થયેલ તેવુ અરજદારશ્રી દ્વારા જણાવેલ છે. તેની નોંધ જે તે સમયે કાયદાની અજ્ઞાનતાને કારણે સામાવાળાના જન્મ રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો તકરાર હોયતો તેઓએ જરૂરી પુરાવા સાથે અત્રેની કોર્ટ સમક્ષ મુદત તા.૧૫/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના ૦૪:૦૦ કલાકે હાજર રહેવું. કસુર થયે સદરહું કામમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર-ભચાઉ.

**::: PUBLI NOTICE :::**

I, Dibyendu Sarkar, currently residing at Quarter D2/3, Indian Oil Housing Colony, Ward 10-A, Gandhidham, wish to report the loss of my original Educational Certificates.

On 12.07.2026, at approximately 15:30 has, I was returning home from the market by public transport. During the journey, I inadvertently lost the folder containing my original educational documents. Despite making sincere efforts to trace the documents by checking the route, contacting the transport, and searching the surrounding area, I have unable to recover them.

**The lost documents include:-**

1. Class 10th Admit Card.
2. Class 10th GradeCard.
3. Class 12th Admit Card
4. Class 12th Marksheet
5. Class 12th passed Certificate
6. B.Tech Degree Certificate
7. B.Tech Grade Cards (Semester-1 to 8)

Dibyendu Sarkar - 99378 97966

KRISHNA J. KELLA
NOTARY
Gandhidham-Kutch

# વિશ્વ હિન્દુ પરિષદ – ગાંધીધામ દ્વારા સેવા સપ્તાહ અંતર્ગત નિઃશુલ્ક મેડિકલ કેમ્પ અને વૃક્ષારોપણ યોજાયો





ગાંધીધામ, તા. વિશ્વ હિન્દુ પરિષદ – ગાંધીધામ દ્વારા સેવા સપ્તાહ નિમિત્તે ભાઈ પ્રતાપ પ્રખંડ , જગન્નાથ પ્રખંડ, રવેચી પ્રખંડ આમ કુલ મળીને ૩ નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો.કેમ્પમાં જૈન સેવા સમિતિ ટ્રસ્ટ ના સહયોગથી તેમજ ડૉ. જિગ્નેશ મહેતા ડૉ. ભાવિન રાઠોડ ડૉ જિમીત મીરાણી સહિત નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા જનરલ આરોગ્ય તપાસ, બ્લડ પ્રેશર, બ્લડ શુગર, દાંતની તપાસ તેમજ આરોગ્ય સંબંધિત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પ માં અંદાજે ૬૦૦ થી વધુ દર્દીઓએ નિઃશુલ્ક આરોગ્ય સેવાનો લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું અને વધુમાં વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવાની અપીલ કરવામાં આવી હતી.આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના પ્રાંતના કાર્યકર્તા શ્રી સુરેશ ભાઈ ગુપ્તા શ્રી મહાદેવભાઈ વીરા, ગાંધીધામ નગર અધ્યક્ષ હરેશ ભાઈ રામવાણી શ્રી કિરીટભાઈ કોટક, નગર મંત્રી શ્રી કાનજીભાઈ ચૌધરી, કૈલાસ ભાઈ રેગર સામાજિક આગેવાન આંબાભાઈ રબારી, રામાભાઈ રબારી, ધનાભાઈ રબારી, સહિત વિશ્વ હિન્દુ પરિષદ ના કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા જણાવાયું હતું કે સમાજના આરોગ્ય, સેવા અને પર્યાવરણના સંરક્ષણ માટે આવા સેવાકીય કાર્યક્રમો આગામી સમયમાં પણ સતત યોજવામાં આવશે.“સ્વસ્થ સમાજ – સમૃદ્ધ સમાજ” તથા “સેવા જ સંગઠનની ઓળખ”ના સંકલ્પ સાથે યોજાયેલા આ કાર્યક્રમને નાગરિકોનો ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો.

## શ્રી સમસ્ત ગુર્જર લુહાર જ્ઞાતિ દ્વારા ૩૨મો સરસ્વતિ સન્માન કાર્યક્રમ યોજાશે

ગાંધીધામઃ અત્રે શ્રી સમસ્ત ગુર્જર લુહાર જ્ઞાતિ, ગાંધીધામ દ્વારા વર્ષોથી ઉજવાતો સરસ્વતિ સન્માન કાર્યક્રમ યોજવા માટે ટ્રસ્ટી મંડળ પ્રમુખ-મંત્રીની એક મીટીંગ યોજવામાં આવી હતી. ગાંધીધામ વિસ્તારમાં વસતા અને સભ્યપદ ધરાવતા લુહાર જ્ઞાતિના ભાઈ / બહેનોના બાળકોને આ વર્ષે પરીક્ષા આપેલ છે તેવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના હોઈ ધોરણ-૧ થી કોલેજ/ડીગ્રીનો ફાઈનલ કોર્ષ પાસ કરેલ હોય તેવા દરેક વિદ્યાર્થીએ માર્કશીટની ઝેરોક્ષ કોપી એ-૪ સાઈઝના પપરમાં અસલ પ્રમાણપત્ર સાથે ફોર્મ ભરી આપી જવી તથા મનોરંજન કાર્યક્રમમાં જે વ્યકિત ને ભાગ લેવો હોય તેમણે પણ ફોર્મ ભરી જવા. આ માટે તા.૨૦–૦૭–૨૦૨૬ થી ૩૧-૦૭-૨૦૨૬ સુધીમાં રવિવાર સિવાયના દિવસે સાંજના ૫.૦૦ થી ૬.૦૦ વાગ્યાના સમય દરમ્યાન જ્ઞાતિની વાડીમાં જમા કરાવવાના રહેશે. સાથે સાથે લવાજમની રકમ પણ સ્વીકારવામાં આવશે.

## ગાંધીધામ મનપાનો પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે સપાટો, ૩૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી રૂ.૬ હજારનો દંડ વસૂલ્યો

ગાંધીધામઃ ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પ્રતિબંધિત સિંગલ-યૂઝ પ્લાસ્ટિક સામે વિશેષ ચેકિંગ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન વિવિધ વેપારી એકમોમાંથી કુલ ૩૦ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત નિયમોના ઉલ્લંઘન બદલ સંબંધિત વેપારીઓ પાસેથી રૂ. ૬,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો. મનપાએ વેપારીઓ અને નાગરિકોને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે આવનારા સમયમાં પણ આવી કાર્યવાહી સતત ચાલુ રહેશે.




## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 4 | | | | 9 | 3 | |
| | | 3 | 6 | | 2 | 1 | | |
| 6 | | 8 | | | | 4 | | 2 |
| | | | 1 | | 7 | | | |
| | | 5 | | 2 | | 6 | | |
| | | | 3 | | 6 | | | |
| 1 | | 9 | | | | 8 | | 3 |
| | | 6 | 9 | | 4 | 5 | | |
| | 3 | 7 | | | | 2 | 4 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 1 | 3 | 5 | 8 | 2 | 4 | 6 |
| 8 | 3 | 6 | 9 | 4 | 2 | 5 | 1 | 7 |
| 2 | 4 | 5 | 7 | 6 | 1 | 9 | 3 | 8 |
| 1 | 6 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 |
| 3 | 2 | 7 | 4 | 1 | 5 | 6 | 8 | 9 |
| 5 | 8 | 4 | 6 | 9 | 7 | 3 | 2 | 1 |
| 6 | 1 | 3 | 2 | 7 | 9 | 8 | 5 | 4 |
| 4 | 5 | 2 | 1 | 8 | 6 | 7 | 9 | 3 |
| 7 | 9 | 8 | 5 | 3 | 4 | 1 | 6 | 2 |

## અવસાન નોંધ

**અંજાર** : જમનાદાસ ભીંડે ( ઉ.વ.૯૩) તે લક્ષ્મીબેન ના પતિ, તે સ્વ.વાઘજીભાઈ ભીંડે ( ઉનવાલા ) ના પુત્ર,સ્વ. ગીતાબેન, નિતીન, ધીરજ ના પિતા,સ્વ. વિજયભાઈ, મંજુલાબેન, વર્ષાબેન ના સસરા, કવિતા, વિનય, પ્રણવ, પ્રતીક ના દાદા, જીગર કોડરાણી, અદિતિના દાદાજી સસરા, ક્રિષ્ના, વિનીત ના નાના, અજીતભાઈ ના નાનાજી સસરા,સ્વ. ચત્રભુજ,સ્વ. મોહનલાલ, મંગલજી,સ્વ. ગિરધરલાલ, લક્ષ્મીદાસ, જીતુભાઈ ,સ્વ. કેસરબેન જમનાદાસ,સ્વ. મણીબેન લક્ષ્મીદાસ શેઠીયા,સ્વ. સરસ્વતીબેન વસંતભાઈ ના ભાઈ,સ્વ. કસ્તુરબેન, સ્વ. ઓધવજીભાઈ મહિધર ના જમાઈ,સ્વ. બાબુભાઈ, સ્વ. લક્ષ્મીદાસ,સ્વ. અમૃતલાલ, સ્વ. મધુબેન, સ્વ. ઈન્દિરાબેન, ભગવાનદાસ, હર્ષાબેન ના બનેવી તા.૧૩-૭-૨૦૨૬ના સોમવારે અવસાન પામેલ છે. બંને પક્ષની પ્રાર્થના સભા તા.૧૫-૭-૨૦૨૬ના બુધવારે સાંજના ૫-૦૦ થી ૬-૦૦ શ્રી લોહાણા મહાજન વાડી, સવાસર નાકા મધ્યે રાખેલ છે.

**અંજાર** : સારસ્વત બ્રાહ્મણ પ્રતિમાબેન (ઉ.વ. ૬૪) તે સ્વ. હર્ષદભાઈ દેવશંકર કનૈયાના પત્ની, પ્રતીક, કરણના માતા, સ્વ. લીલાવંતીબેન દયાળજી રામજી પંડ્યાના પુત્રી, જટાશંકર રામજી પંડ્યાના ભત્રીજી, રાજેન્દ્ર (નિવૃત્ત એસ.ટી.), સ્વ. સુરેશભાઈ, જેષ્ટારામ, ડાહીબેન વિઠ્ઠલદાસ ધિક્કાના બહેન, નિકેશ, અંકિતાના ફઈ,ભાવિકાબેન અને રમેશભાઈના ફઈસાસુ તા. ૧૨-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૨૦૨૬ના મંગળવારે સાંજે ૪.૩૦થી ૫.૩૦ સારસ્વત સમાજવાડી, વાગડિયા ચોક રોડ, નિગાળિયા ફળિયાં સામે અંજાર ખાતે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ભુજ** : ભૂપેન્દ્રભાઈ કરમશીભાઈ ભગદે (કચ્છ એગ્રીકલ્ચર ઈક્વિપમેન્ટ) (ઉ.વ. ૮૮) તે સ્વ. કરમશી માવજી ભગદે (મોટા અંગિયા)ના પુત્ર, સ્વ. મથરાદાસ નેણશીભાઈ સોમૈયા (વિંઝાણ)ના જમાઈ, સ્વ. ચંદ્રબાળાબેન, સ્વ. પુષ્પાબેનના પતિ, મનીષ, નીતિ, જિતેન (એનઆઈઆઈટી)ના પિતા, ઝંખના, જુલિયેટ, સંજય કોઠારીના સસરા, દયારામભાઈ, સુધીરભાઈ, ઝવેરબેન, દમયંતીબેન, વાસંતીબેન, ભારતીબેનના ભાઈ, લક્ષ્મીબેન, ચંદ્રિકાબેનના જેઠ, ગોપાલભાઈ, દિનેશભાઈ, સ્વ. કમળાબેન, સેનતારાબેનના બનેવી, સુનીલ, હેતલ દર્પણ પોપટ, દર્શન, જશમાના મોટાબાપા, કિન્નરી, જીત, દીવા, ભાગ્યના દાદા, ધાત્રી મીત ઠક્કર, હીરવિતા જય ઠક્કરના નાના, હિમાની, હેની, ઓમના મોટા દાદા તા. ૧૨-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૭-૨૦૨૬ના સાંજે ૫થી ૬ રુખાણા હોલ, પ્રથમ માળે, નાનજી સુંદરજી સેજપાલ લોહાણા મહાજનવાડી, વી.ડી. હાઈસ્કૂલ પાસે, ભુજ ખાતે.

**કોટાય (તા. ભુજ)** : ખતુબેન (ઉ.વ. ૭૫) તે ભીમજી કાયા મસાણિયાના પત્ની, કાનબાઈના બહેન, સ્વ. દાના કેશા મસાણિયા, સ્વ. સવજી કાયા મસાણિયા, સ્વ. ભાણા કાયા મસાણિયાના નાના ભાઈના પત્ની, નામાબેન હમીર સિજુ (ભુજોડી), બાયાબેન દેવજી સિજુ (ભુજોડી), જીવીબેન ગોપાલ નંજાર (નિરોણા), કંકુબેન હીરજી સિજુ, લખીબેન પરબત પઢિયાર (કઢેરાઈ), હીરુબેન રમેશ ગુડાર (આદિપુર), બેનાબેન મુકેશભાઈ (સરલી), સ્વ. બાબુભાઈ, વાલજીભાઈના માતા, મણિબેન, સવિતાબેનના સાસુ, સમર, કીર્તિ, જિયાનના દાદી, સ્વ. બચીબેન લખુ ભદરુના પુત્રી, હીરુબેન ડાયા બળિયા (ખીરસરા), માનબાઈ લખુ બળિયા (ખીરસરા), સ્વ. ધનજી લખુ ભદરુના બહેન, સ્વ. લખીબેન ગોપાલ બુચિયા (બિદડા)ના ભાભી, સ્વ. ઉમર દામા બડગા, ખેંગાર દામા બડગા, સ્વ. મૂરજી દામા બડગા (બળદિયા)ના બહેન અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા તા. ૧૪-૭-૨૦૨૬ના મંગળવારે રાત્રે આગરી અને તા. ૧૫-૭-૨૦૨૬ના સવારે ઘડાઢોળ પાણી નિવાસસ્થાને કોટાય (તા. ભુજ) ખાતે.

**દરશડી (તા. માંડવી)** : જાડેજા ભીખુભા નારાણજી (ઉ.વ. ૩૦) તે નારાણજી કેણજીના પુત્ર, સ્વ. રાજુભા કેણજી, મયાબા, ચંચળબાના ભત્રીજા, અજિતાસિંહ, રાણુભા, જગુભા, રાયસંગજી, તારાબા, કંકુબા, સોનલબા, જ્ઞાનબા, સોનલબાના ભાઈ, ભગીરથસિંહ, કુલદીપસિંહ, મહાવીરસિંહ, બટુકસિંહ, પ્રિયાબા, જાનવીબા, હેતવીબાના કાકા, વીરેન્દ્રસિંહ, યશ્વીબાના પિતા, ગોહિલ સજુભા ગંભીરસિંહ (ખદલપર-ભાવનગર)ના જમાઈ તા. ૧૨-૭-૨૦૨૬ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાને.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ કચ્છ ઉદય

**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**

**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**

**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ**

## કચ્છ કચ્છનોંધ

**સંસ્કૃતની વિવિધ પરીક્ષાના ફોર્મ અને નવા કેન્દ્ર શરૂ કરવા અંગે**

● ગુજરાત સંસ્કૃત પરિષદ અમદાવાદ દ્વારા ભૂજ કેન્દ્રમાં સપ્ટેમ્બર ૨૦૨૬માં લેવાનારી સંસ્કૃતની પ્રબોધ (મૌખિક) થી પ્રાજ્ઞ સુધીની પરીક્ષાના ફોર્મ ભરવાનું કાર્ય ચાલુ હોઈ સાંજે ૬:૩૦ થી ૭:૩૦ કલાક દરમિયાન સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે હેતલબેન જોશી અથવા જયશ્રીબેન હાથી પાસે ભરી જવાના રહેશે. નવા કેન્દ્ર શરૂ કરવા ઈચ્છતાને મોબાઈલ નંબર ૭૦૧૬૫ ૭૦૧૨૪ પર સંપર્ક કરવો. આ માટેના વર્ગો દરરોજ સાંજે ૬:૩૦ થી ૭:૩૦ કલાક દરમિયાન લેવાશે.

**નવરાત્રિ પ્રસંગે બેઠા ગરબા, કુમારીકા પૂજન, શક્રાદય પઠન સહિતના કાર્યક્રમ યોજાશે**

● ભુજના અંબિકા સિનિયર સિટીઝન અને હાટકેશ અંબિકા મહિલા મંડળ દ્વારા તારીખ ૨૨/૭ના નવરાત્રી પ્રસંગે બેઠા ગરબા, શક્રાદય પઠન, કુમારીકા બટુક પૂજન યોજાશે. આ માટેની એક મિટીંગ તારીખ ૧૫/૭ના સાંજે ૭ કલાકે સંસ્કૃત પાઠશાળા ભુજ ખાતે યોજાશે.

## મુંબઈની અવસાન નોંધ

શ્રી કચ્છ વાગડ લોહાણા કાશીબેન મણીલાલ ધનજીભાઈ રાણાના પૌત્ર, વિજયાબેન ભગવાનજીભાઈ રાણાના પુત્ર ઠક્કર હિતેશભાઈ (ભગત) (ઉ.વ. ૪૯), તા. ૧૨-૭ના અક્ષરધામ નિવાસી થયેલ છે. તે મણીલાલ મકનજીભાઈ પુજારા (રાપર)ના જમાઈ, મમતાબેનના પતિ, નિર્ભયના પિતા, મનોજના મોટા ભાઈ, ભાવનાબેન કિશોરકુમાર નાથાણીના ભાઈ, દિયા અને ધ્રુમીના મોટાબાપા, જયાબેન ધીરજલાલ રાણા, નીતાબેન હસમુખલાલ રાણા, નયનાબેન રાજેશભાઈ રાણા, મધુબેન ચંદ્રકાંતભાઈ ચંદે, નિર્મળાબેન દિનેશભાઈ કારીયા, જ્યોતિબેન રસિકલાલ ચંદે અને ભારતીબેન કિશોરભાઈ જીવાણીના ભત્રીજા, ઉમેશ, સંજય, સતીશ, દિયાબેન રાજેશભાઈ મજેઠીયાના બનેવી, સ્વ. ચુનીલાલ નેણસીભાઈ જોબનપુત્રાના દોહિત્ર. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૭ના મંગળવારના સાંજે ૪થી ૬વાગ્યે એનકેટી કોલેજ, સભાગૃહ કલેકટર કાર્યાલયની પાછળ ખારકર આલી થાણા વેસ્ટ ૪૦૦૬૦૧ મધ્યે રાખેલ છે (લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે) નિવાસ્થાન ગિરી દર્શન છઠ્ઠો માળો, રૂમ નંબર ૬૦૪ ત્રણ પેટ્રોલ પંપની બાજુમાં ફેડરલ બેંકની ઉપર નવપાડા થાણા વેસ્ટ. ધીરૂભાઈ - ૮૦૯૭૮ ૨૪૧૩૪, રાજેશભાઈ ૯૩૨૨૨ ૨૬૩૮૭.

કચ્છી વિશા ઓશવાળ જૈન ભોજાયના નવલબેન વલ્લભજી મારૂ (ઉં. વ. ૯૦) તા. ૧૧-૭ના અવસાન પામેલ છે. વેજબાઈ કુંવરજી, ભચીબાઈ ખેતશીના પુત્રવધૂ. વલ્લભજીના પત્ની. રમીલા, પ્રવીણા, પલ્લવીના માતા. નાનબાઈ ભાણજીના પુત્રી દેવજી, લખમશી, રતાડીયા મોટા બાઈયાબાઈ દામજીના બેન. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા.૪થી ૫:૩૦. નિ. કાંતિલાલ સાવલા, ૭૦૧, મિલન લક્ષ્મી, ચંદાવરકર ટ લેન, માટુંગા (ઈ), મું. ૧૯.

# કમિશનરશ્રી ખુદ રસ્તા પર ઉતર્યા ત્યારે અમુક રજૂઆતકર્તાઓ અને બૂમબરાડા કરનારાઓ ક્યાં ગુમ થઈ ગયા?

**મનપાના નબળા કામો, રસ્તા અને નાળા મુદ્દે હોબાળો મચાવતા અમુક વિપક્ષી નેતાઓ કે પછી બૂમબરાડાઓ કરનારા કેટલાક રજુઆતકર્તાઓ કમિશનરના સ્થળ નિરીક્ષણ વખતે કેમ ‘ગાયબ’ થઈ ગયા?: પ્રબુદ્ધ વર્ગમાં ઉઠતો મોટો સવાલ**

“ગાંધીધામ:મહાનગરપાલિકા વિસ્તારમાં ચોમાસા દરમિયાન રોડ-રસ્તા, વરસાદી નાળા, રસ્તા પરના ખાડા અને પેવર બ્લોકના નબળા કામોને લઈને અવારનવાર વિરોધ પક્ષના નેતાઓ અને કહેવાતા રજૂઆતકર્તાઓ મોટે-મોટેથી બૂમરાડા પાડતા જોવા મળે છે. સોશિયલ મીડિયાથી લઈને કચેરીઓ સુધી હોબાળો મચાવતી આ મંડળીઓ ત્યારે ક્યાં અદશ્ય થઈ જાય છે જ્યારે ખુદ મ્યુનિસિપલ કમિશનર વાસ્તવિક સ્થિતિ ચકાસવા માટે રસ્તા પર ઉતરે છે? હાલ શહેરના પ્રબુદ્ધ વર્ગ અને બુદ્ધિજીવીઓમાં આ સવાલ જોરશોરથી ચર્ચાઈ રહ્યો છે.

## ગાંધીધામના વેજિટેબલ માર્કેટ અને ક્રોમા રોડની મનપા કમિશનર બી.ડી. દાવેરાએ મુલાકાત લીધી



ગાંધીધામઃ આજે સવારે ૯:૩૦ વાગ્યે ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર બી.ડી. દાવેરાએ વેજિટેબલ માર્કેટ અને ક્રોમા રોડની મુલાકાત લઈ સ્થળ પર ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન સાઈટ એન્જિનિયર, MC કોન્ટ્રાક્ટર, ગાયત્રી પ્રસાદ જોષી, HSI સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### એરકન્ડિશન્ડ ઓફિસો છોડીને કમિશનર આવ્યા રસ્તા પર

ગાંધીધામ : સામાન્ય રીતે એવી ફરિયાદ રહેતી હોય છે કે ઉચ્ચ અધિકારીઓ માત્ર એસી ઓફિસોમાં બેસીને જ વહીવટ ચલાવે છે અને ગ્રાઉન્ડ રિયાલિટીથી અજાણ હોય છે. પરંતુ, જ્યારે ખુદ કમિશનર તમામ પ્રોટોકોલ બાજુ પર મૂકીને શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલતા માળખાગત સુવિધાઓના કામો, રોડ-રસ્તા અને ચોમાસા પૂર્વેની તૈયારીઓનું સ્થળ નિરીક્ષણ કરવા માટે ધોમધખતા તડકામાં રસ્તા પર ઉતરે છે, ત્યારે તે વિસ્તારના કહેવાતા અમુક જનપ્રતિનિધિઓ કે રજૂઆતકર્તાઓ ત્યાં ડોકાતા પણ નથી.

### રજૂઆત કરવાના સમયે કેમ ‘મૌન’?

ગાંધીધામ : જાણકારોના મતે, પોતાના વોર્ડ કે વિસ્તારના પ્રશ્નોનું જો સાચું અને કાયમી નિરાકરણ જોઈતું હોય, તો જ્યારે ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર હોય ત્યારે તેમની સમક્ષ પુરાવા સાથે રજૂઆત કરવી એ સૌથી ઉત્તમ તક ગણાય. પરંતુ આવા સમયે માત્ર રાજકીય રોટલા શેકવામાં અને મોટેથી બૂમો પાડીને સસ્તા પ્રચારમાં રસ ધરાવતા વિરોધ પક્ષના નેતાઓ કે રજૂઆતકર્તાઓ કમિશનર સામે જઈને વાત કરવાની હિંમત દાખવી શકતા નથી.

### પ્રસિદ્ધિની ભૂખ કે વાસ્તવિકતાનો અભાવ?

શહેરના સજાગ નાગરિકો પૂછી રહ્યા છે કે, કમિશનરની મુલાકાત વખતે પોતાના વિસ્તારના પ્રશ્નો રજૂ કરવામાં આ લોકોને કયું નડતર નડે છે? શું તેમની પાસે વાસ્તવિક વિગતોનો અભાવ હોય છે કે પછી માત્ર કચેરીઓ બહાર દેખાવો કરીને સસ્તી લોકપ્રિયતા મેળવવામાં જ તેમને રસ છે? વહીવટી વડા ખુદ તપાસમાં આવ્યા હોવા છતાં સ્થાનિક પ્રશ્નો રજૂ કરવામાં આ નેતાઓનું ગુમ થઈ જવું એ સાબિત કરે છે કે પ્રજાના પ્રશ્નો ઉકેલવા કરતાં માત્ર હોબાળો મચાવી રાખવામાં જ આવા અમુક તત્વોને રસ છે.

## જાયન્ટ્સ ગ્રુપ ઓફ રાપરનુ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો




રાપર - કચ્છઉદય : રાપરને હરીયાળુ બનાવવા જાયન્ટસ ગૃપ ના પ્રમુખ લાલજી આહિર, અશોક કુબડિયા, તેજાભાઈ કાનગડ, રાપર નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઈ ઠક્કર, જાયન્ટ્સ ઈન્ટરનેટ નેશનલના પ્રમુખ મઘુકાન્તભાઈ આચાર્યના હસ્તે વૃક્ષારોપણનુ કાર્યક્રમ કરવામા આવ્યું હતું. આ પ્રસંગે વાડીલાલ મોરબીયા, પ્રદીપભાઈ જોશી, હેમંતભાઈ ઠક્કર, મદુભા વાઘેલા, કાનજીભાઈ આહિર, ધર્મેન્દ્રભાઈ સોની, કેવલભાઈ, આકાશભાઈ, જીગરભાઈ, રમેશભાઈ, હેમંતભાઈ ઠક્કર, અશોકભાઈ કુબડીયા ઉપસ્થિત રહ્યા હતા.

## રત્નકણિકા

**જે પુરૂષની બુધ્ધિ સમ છે, તે ઉત્તમ છે.- શ્રીમદ્ ભગવદ ગીતા**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. સ્પેન્દાર્મદ-૧૩૯૫, મુ. મોહરમ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, નિજ જયેષ્ઠ વદ-૩૦ દર્શ અમાવસ્યા તા.૧૪ જુલાઈ ૨૦૨૬, મંગળવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૨૮, પુનર્વસુ નક્ષત્ર, વ્યાઘાત યોગ, નાગ કરણ, સૂ.ઉ.૬:૧૪, સૂ.અ.૭:૩૯

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), સાંજે ૬:૫૦ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – લાભની નવી તક સાંપડે. વડીલ વર્ગથી લાભ થાય.

**વૃષભ** – મનની મુરાદ પૂર્ણ થાય. રોકાયેલા નાણા છૂટા થાય.

**મિથુન** – આર્થિક સમસ્યામાં હળવાશ અનુભવાય. મહત્વના કાર્યમાં સફળતા મળે.

**કર્ક** – જૂના શત્રુઓનું જોર વધી જાય. સરળ કાર્યો કઠીન બને.

**સિંહ** – મહત્વના કાર્યમાં રૂકાવટ આવે. પ્રવાસમાં હાનિ ઉદ્ભવે.

**કન્યા** – મનમાં અશાંતિ રહે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.

**તુલા** – નાણાંભીડ અનુભવાય. ભાઈ-બહેન સાથે મતભેદ રહે.

**વૃશ્ચિક** – અણધાર્યો લાભ મળે. મનમાં ચંચળતા રહે.

**ધન** – આર્થિક લેવડ-દેવડથી દૂર રહેવું હિતાવહ. વાણી સંયમ જાળવવો.

**મકર** – સામાજિક માન, યશ, પ્રતિષ્ઠામાં વધારો થાય. માનસિક ચિંતા હળવી બને.

**કુંભ** – સમસ્યાનો ઉકેલ મળે. કાર્યબોજમાં વધારો થાય.

**મીન** – દરેક કામમાં સાવચેતી રાખવી હિતાવહ. વ્યર્થ ક્રોધને ટાળવું.

**કચ્છ સુધી સમગ્ર કેબીસીનું કેમ ન થાય સિવિલ ઓડીટ-સર્વે.!**

# પાટણ પાસે કચ્છ બ્રાન્ચ કેનાલમાં ભ્રષ્ટાચારના ગાબડાં? નર્મદાના માટીભગા અધિકારી-ઠેકેદારોનો લ્યો ઉધડો.!



**પાટણના સાંતલપુર પાસે કચ્છ બ્રાન્ચ કેનાલમાં ૪૦ ફૂટનું મોટું ગાબડુંઃ કરોડોના મેઈન્ટેનન્સના દાવાઓની પોલ ખૂલી"ભ્રષ્ટાચારના ગાબડાથી ખેડૂતોમાં ભારે રોષઃ સમગ્ર કેનાલનું ઓડિટ કરી કૌભાંડી ઠેકેદારો અને અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ : પાટણ નહી પરંતુ કચ્છભરમાં પણ આ જ રીતે કેનાલામાં ભુતકાળમાં પડી ચુકયા છે મોટા ગાબડાઓ, ઠેકેદારો અને નર્મદાના અમુક ભ્રષ્ટ અધિકારીઓની મીલીભગત જ આવા ગતકડાઓમાં છે કારણભુત**

ગાંધીધામ : પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ઝઝામ ગામ પાસેથી પસાર થતી મુખ્ય કચ્છ બ્રાન્ચ કેનાલમાં ૪૦ ફૂટ જેટલું મોટું ગાબડું પડતાં તંત્રની ઘોર બેદરકારી અને ભ્રષ્ટાચાર સપાટી પર આવ્યા છે. કેનાલ તૂટવાને કારણે લાખો લીટર પાણીનો વેડફાટ થયો છે, જેને પગલે સ્થાનિક ખેડૂતો દ્વારા વહીવટીતંત્ર સામે ભારે રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. આ ઘટનાને પગલે સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે કરાતા મેઈન્ટેનન્સના દાવાઓની પોલ ખુલ્લી પડી ગઈ છે.

સમગ્ર કચ્છ બ્રાન્ચ કેનાલના સર્વે અને ઓડિટની માંગ આ તબક્કે ઉઠે તે સહજ છે. સ્થાનિકો અને ખેડૂતોના જણાવ્યા અનુસાર, કચ્છ સુધી અને કચ્છની અંદર પણ અગાઉ આવી જ રીતે કેનાલો તૂટવાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. આ વારંવાર બનતી ઘટનાઓને રોકવા માટે સમગ્ર કચ્છ બ્રાન્ચ કેનાલનું તાત્કાલિક ધોરણે ટેકનિકલ સર્વે અને ઓડિટ કરવામાં આવે તેવી માંગ બુલંદ બની છે. નબળું કામ કરનાર ઠેકેદારો અને મિલીભગત વાળા અધિકારીઓ સામે લાલઆંખ કરવી સમયની માંગ બની રહી છે. આ મામલે ખેડૂતો અને જાગૃત નાગરિકો આક્રોશ પૂર્વક જણાવી રહ્યા છે કે, 'લોટ-પાણી ને લાકડા' જેવું નબળું કામ કરનારા જવાબદાર ઠેકેદારો (કોન્ટ્રાક્ટર્સ) સામે વહીવટીતંત્ર દ્વારા લાલઆંખ કરવામાં આવે. માત્ર ઠેકેદારો જ નહીં, પરંતુ આવા નબળા કામોને લીલી ઝંડી આપનારા અને ભ્રષ્ટાચારની કટકીઓ લઈને ફાઈલો મંજૂર કરનારા નર્મદા નિગમના 'માટીપગા' અધિકારીઓ સામે પણ ધાક બેસાડતા કડક પગલાં લેવાવા જોઈએ.આવા ભ્રષ્ટાચારી કામો કરનારા ઠેકેદારોના બિલો કોની સહીથી મંજૂર થયા, તે સમયના તમામ જવાબદાર અધિકારીઓની જવાબદારી નક્કી કરવામાં આવે.એકાઉન્ટ્સ વિભાગ અને કામનું ઈન્સ્પેક્શન કરનારા નિરીક્ષકોને પણ આ ગુનાહિત મદદગારી બદલ કાયદાના દાયરામાં લાવવામાં આવે.જ્યાં સુધી આવા ભ્રષ્ટ અધિકારીઓ અને ઠેકેદારોની મિલીભગત પર કડક કાનૂની સકંજો નહીં કસાય, ત્યાં સુધી સરકારી નાણાંનો આવો દુર્વ્યય અને કેનાલોમાં ગાબડાં પડવાની ઘટનાઓ અટકાવવી કપરી બનશે.હાલમાં ખેડૂતો દ્વારા આ મામલે તાત્કાલિક ન્યાયિક તપાસ કરી દોષિતો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે.નર્મદા નિગમના ઉચ્ચ વહીવટી તંત્ર દ્વારા આ મામલે તટસ્થ ટેકનિકલ ઓડિટ કરાવીને, ગાબડું પડવા પાછળ જવાબદાર તમામ સ્તરના (સુપરવાઈઝરથી લઈને ચીફ એન્જિનિયર સુધીના) અધિકારીઓની યાદી તૈયાર કરી, તેમના વિરુદ્ધ દાખલારૂપ કાનૂની પગલાં લેવામાં આવે તેવી લોકશાહી ઢબે માંગ ઉગ્ર બની છે.

## અધિકારીઓ પણ કાયદાના સકંજામાં : સરકારી નિયમો શું કહે છે?

**નબળા કામોને લીલી ઝંડી આપનારા ક્લાસ-૧ અને ૨ ના અધિકારીઓ સામે ત્વરિત સસ્પેન્શન અને ફોજદારી ગુનો નોંધવાની જોગવાઈ**

ગાંધીનગરઃ પાટણના સાંતલપુર પાસે કચ્છ બ્રાન્ચ કેનાલમાં પડેલા ૪૦ ફૂટના ગાબડા બાદ માત્ર ઠેકેદારો (કોન્ટ્રાક્ટર્સ) જ નહીં, પરંતુ નબળું કામ મંજૂર કરનારા નર્મદા નિગમના જવાબદાર અધિકારીઓ સામે પણ સરકારી નિયમો અનુસાર કડક કાર્યવાહીની માંગ ઉઠી છે. સરકારી નિયમો અને ગુજરાત સિવિલ સર્વિસીસ રૂલ્સ મુજબ, જાહેર જનતાના નાણાંનો દુરુપયોગ થવા દેવો કે નબળા કામને બહાલી આપવી એ ગંભીર કાનૂની ગુનો બને છે. આવા કિસ્સાઓમાં જવાબદાર અધિકારીઓ સામે કયા સરકારી નિયમો હેઠળ કાયદાકીય સકંજો કસાઈ શકે છે, તેની જો વાત માંડીએ તો :**૧. ગુજરાત સિવિલ સર્વિસીસ (કંડક્ટ) રૂલ્સ :**"આ નિયમ અનુસાર, દરેક સરકારી કર્મચારી અને અધિકારીએ પોતાની ફરજ દરમિયાન સંપૂર્ણ પ્રમાણિકતા અને કર્તવ્યનિષ્ઠા જાળવવી ફરજિયાત છે. જો કોઈ સુપરવાઈઝર, આસિસ્ટન્ટ એન્જિનિયર કે એક્ઝિક્યુટિવ એન્જિનિયર કેનાલની નબળી ગુણવત્તા જાણવા છતાં તેને લીલી ઝંડી આપે, તો તે આ નિયમનો સીધો ભંગ ગણાય છે. આ અંતર્ગત અધિકારીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ (મોકૂફ) કરી શકાય છે.**૨. વિજિલન્સ કમિશન (સતર્કતા આયોગ) અને ખાતાકીય તપાસ :**"સરકારી બાંધકામમાં જ્યારે પણ ગુણવત્તાનો પ્રશ્ન ઊભો થાય ત્યારે વિજિલન્સ તપાસ સોંપવામાં આવે છે.મેઝરમેન્ટ બુક માં ખોટી નોંધઃ જો અધિકારીએ સ્થળ તપાસ કર્યા વિના જ કાગળ પર કામ મંજૂર કરીને ઠેકેદારના બિલ પાસ કર્યા હોય, તો તે મેજર ગેરરીતિ ગણાય છે.આવા કિસ્સામાં અધિકારીના ખાતાકીય પ્રમોશન રોકવા, પેન્શનમાં કાપ મૂકવો અથવા તેમને નોકરીમાંથી બરતરફ કરવા સુધીની કડક જોગવાઈ છે.**૩. ભારતીય ન્યાય સંહિતા હેઠળ ફોજદારી ગુનો :**"કેનાલ તૂટવાને કારણે જો જાનમાલનું નુકસાન થાય કે જાહેર સંપત્તિને ભારે નુકસાન પહોંચે, તો ભ્રષ્ટ અધિકારીઓ સામે માત્ર ખાતાકીય પગલાં જ નહીં, પરંતુ ફોજદારી ગુનો પણ બને છે.**ગુનાહિત ષડયંત્ર અને વિશ્વાસઘાતઃ** ઠેકેદાર સાથે મિલીભગત કરીને કટકી લેવાના મામલે અધિકારીઓ સામે સરકાર અને જનતા સાથે વિશ્વાસઘાત કરવા બદલ ગુનાહિત કાવતરાની કલમો હેઠળ ગુનો નોંધી જેલભેગા કરી શકાય છે. **રિકવરી ઓફ લોસ (નુકસાનીની વસૂલાત)**: સરકારી નિયમો મુજબ, ભ્રષ્ટાચારને કારણે સરકારને થયેલા આર્થિક નુકસાનની વસૂલાત જવાબદાર એન્જિનિયરો અને અધિકારીઓની અંગત મિલકતો કે પગાર-ભથ્થામાંથી કરવાની પણ કાનૂની જોગવાઈ છે. **૪. નાણાકીય નિયમોનો ભંગઃ**"સરકારના ફાઈનાન્સિયલ રૂલ્સ મુજબ, કોઈપણ જાહેર કામનું પેમેન્ટ કરતાં પહેલાં ક્વોલિટી કંટ્રોલ સર્ટિફિકેટ અનિવાર્ય છે. જો તૂટેલી કેનાલના કામનું સર્ટિફિકેટ જે તે સમયના કયા ઈન્સ્પેક્શન અધિકારીએ આપ્યું અને કોની સહીથી બિલ મંજૂર થયા, તે તમામ સહી કરનારા અધિકારીઓ આર્થિક કૌભાંડના સહ-આરોપી બને છે.

## કચ્છ જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના નવનિયુક્ત ચેરમેનોનું 'કચ્છ કમલમ' ખાતે કરાયું ભવ્ય સ્વાગત







**હોદ્દો સંભાળ્યા બાદ તમામ પદાધિકારીઓ ભાજપ કાર્યાલયે પહોંચ્યા : પ્રદેશ અને જિલ્લા સંગઠનનો આભાર માની કચ્છના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહેવાની ખાતરી આપી**





ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનોની સોમવારે વિધિવત વરણી કરવામાં આવી હતી. આ તમામ નવનિયુક્ત સમિતિના ચેરમેનશ્રીઓએ પોતપોતાનો હોદ્દો અને કાર્યભાર સંભાળ્યા બાદ ભુજ સ્થિત કચ્છ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના મધ્યસ્થ કાર્યાલય 'કચ્છ કમલમ'ની મુલાકાત લીધી હતી. પંચાયતના નવા સુકાનીઓ કાર્યાલયે પહોંચતા જ પક્ષના હોદ્દેદારો અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

'કચ્છ કમલમ' ખાતે કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ અને અન્ય વરિષ્ઠ પદાધિકારીઓ દ્વારા તમામ નવનિયુક્ત ચેરમેનશ્રીઓનું પુષ્પગુચ્છ અને ખેસ પહેરાવીને ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રમુખે તમામ હોદ્દેદારોને નવી જવાબદારી બદલ અભિનંદન પાઠવીને પંચાયતની લોકાભિમુખ કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે નવનિયુક્ત પદાધિકારીઓએ પક્ષના મોવડીમંડળ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. તેમણે પોતાનામાં વિશ્વાસ મૂકવા બદલ જિલ્લા ભાજપ તેમજ પ્રદેશ ભાજપ સંગઠનનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ સાથે જ તમામ ચેરમેનશ્રીઓએ કચ્છ જિલ્લાના છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવા અને જિલ્લાના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત અને પ્રયત્નશીલ રહેવાની મક્કમ ખાતરી આપી હતી.

## ભુજમાં આરટીઓ કચેરીના ગેટ પાસે બેફામ ટ્રેઈલરે છ વાહનોને ઉડાવ્યા








**સદનસીબે મોટી જાનહાની ટળી : એક્ટીવા પર સવાર મહિલા સહિત બેને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા : કલાક સુધી રોડ પર ટ્રાફીકજામ સર્જાયો**



ભુજ - કચ્છઉદય : જિલ્લા ઉદ્યોગ કેન્દ્રથી આરટીઓ વિસ્તારમાં વારંવાર અકસ્માત થાય છે ત્યારે આજે સવારે વધુ એક બનાવ બન્યો હતો. જેમાં સદનસીબે મોટી જાનહાની ટળી હતી. ટ્રેઈલર ચાલકે ટક્કર મારતા એક મેકમાં છ વાહનો ભટકાયા હતા. બે લોકોને ઈજા થઈ હતી. કલાક સુધી રોડ પર ટ્રાફીકજામ થયો હતો. આ બાબતે સ્થળ પરથી જાણવા મળતી માહિતી મુજબ આરટીઓ સર્કલથી કચેરીએ આવતા માર્ગે સવારે દસ વાગ્યે આ બનાવ બન્યો હતો. એક ટ્રેઈલર ચાલકે બાજુમાંથી પસાર થતી બ્રેઝા કાર સાથે ભટકાવતા તેની બાજુમાં વધુ એક કાર તેમજ તેની બાજુમાં ત્રણ મોપેડ અને એક બાઈક એક મેકમાં ભટકાતા કુલ્લ છ વાહનો અકસ્માતનો ભોગ બન્યા હતા. જેમાં બન્ને કારમાં સાઈડના ભાગે નુકશાન થયું છે. જયારે એક એક્ટિવાનો સાવ બુકડો બોલી ગયો હતો. એક્ટિવા પર સવાર મહિલા સહિત બે જણા રોડમાં ખાલી સાઈડ પટકાયા હતા. તાત્કાલિક ૧૦૮ બોલાવી તેઓને સારવાર માટે જી.કે.માં મોકલવામાં આવ્યા હતા. અન્ય વાહનોમાં નજીવો નુકશાન થયું છે. અહીં ખુણા પર ઝુપડા બાંધીને લોકો રહે છે. જો ટ્રેઈલર બેકાબુ બનીને ઘૂસી ગયું હોત તો મોટી જાનહાની થવાની શકયતા સ્થાનીકે એકત્ર થયેલા લોકોએ વ્યકત કરી હતી. બનાવને પગલે આર્મીના જવાનો દોડી આવ્યા હતા. રોડ પર મહુલી સુધી ટ્રાફીકજામ થયો હતો. અકસ્માતમાં ભોગ બનનારે ૧૧૨ નંબર પર જાણ કરતા ટ્રાફીક પોલીસ આવી હતી. સતત ભારે વાહનોની અવરજવરના કારણે ટ્રાફીકજામ થતા અનેક વાહન ચાલકો કલાક સુધી અટવાઈ પડયા હતા.

દરમ્યાન સ્થાનીકેથી મળેલી વધુ વિગતો મુજબ સર્કલ પાસે રસ્તો પહોળો કરતા થ્રી લેન બન્યો છે પરંતુ આગળ આવતા કચેરી સુધી રસ્તો ટુ લેનમાં ફેરવાઈ જાય છે. વાહનો એક સાથે નિકળે પરંતુ અહીં નિકળવાની જગ્યા ન મળતા અકસ્માત થતા હોવાનું સ્થાનીકે ભેગા થયેલા લોકોએ જણાવ્યું હતું. અગાઉ એચડીએફસીમાં બેંકમાં ટ્રેઈલર ઘૂસી ગયું હતું. રેન્જ આઈજીના બંગલામાં પણ ઘણી વખત ટ્રેઈલર ઘૂસી ગયા છે. આ રોડ પર અકસ્માત અટકાવવા માટે ઢાળ ઓછો કરવો અને પહોળાઈ વધારવી જરૂરી બની ગઈ છે. પરંતુ માર્ગ મકાન વિભાગ દ્વારા હયાત રોડ પર ડામર પાથરી દેવામાં આવ્યો છે, જેના પરીણામે અકસ્માતો વધી રહ્યા છે. રવિવારે સ્મૃતિવનની સામે રસ્તો ક્રોસ કરતા વૃદ્ધાનું અકસ્માતમાં મોત થયું હતું. ખરેખર અહીં કટ છે, વાહનો ધીમા થવા જોઈએ પરંતુ ફુલ સ્પીડમાં જતા વાહનો રોકવા માટે સ્પીડ બ્રેકર લગાવાયા નથી. અગાઉ પણ અકસ્માત થયા ત્યારે તંત્રે રસ્તો પહોળો થતા અકસ્માત ઘટશે તેવું વચન આપ્યું હતું. પરંતુ હાલે પરિસ્થિતિ જૈસે થે છે. અને ભારે વાહનોની અવરજવર બન્ને માર્ગો પર બેફામ વધી ગઈ છે.

## વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જ કારકિર્દીની સફળતાનો પાયો : પૂજ્ય સ્વામીજી



**સફળ કારકિર્દી સાથે રાષ્ટ્રસેવાઃ મહેનતની સાથે માતા-પિતા, ગુરુ અને ઈશ્વરના આશીર્વાદ જ સાચી માસ્ટર કી : ફિનિક્સ સાયન્સ એકેડમી ભુજ દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે સંયુક્ત સેમિનાર**

ભુજ - કચ્છઉદય : ફિનિક્સ સાયન્સ એકેડમી ભુજ દ્વારા કચ્છમાં સૌ પ્રથમ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે સંયુક્ત સેમિનાર "કર્મણ્યેવાધિકારસ્તે" માસ્ટર કી ટુ સક્સેસફુલ લાઈફ નામે યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ પૂજ્ય પ્રદીપ્તાનંદ સરસ્વતીજી, આર્ષ અધ્યયન કેન્દ્રના ટ્રસ્ટીઓ કિરણભાઈ ગણાત્રા અને ગુલાબભાઈ ગજ્જર તથા ફિનિક્સ એકેડમીના શ્રી પોલરા, કમલભાઈ ગોર, શ્રી ભમર, શ્રી પાર્થ અને શ્રી યશ સહિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. સ્વાગત નૃત્ય પ્રિયલ ઠક્કર અને કેશવી સોલંકી દ્વારા 'ભો શંભો' સ્તુતિ સાથે પ્રસ્તુત કરવામાં આવ્યું હતું.

ભુજના ટાઉનહોલ ખાતે પ્રદીપ્તાનંદ સરસ્વતીજીએ જણાવ્યું કે, શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ વિદ્યાર્થીએ બાબત સ્પષ્ટ હોય કે મારા નિષ્ઠાપૂર્વકના અને સાતત્યપૂર્વકના અભ્યાસથી મારી કારકિર્દી અને સંકલ્પોની સિદ્ધિ થશે પણ સાથે માતા-પિતા, ગુરૂજનો, સમાજના અને રાષ્ટ્રના સંકલ્પો પણ સિદ્ધ થશે અને રાષ્ટ્રસેવામાં એક સફળ કારકિર્દી સાથેનું જીવન હું ભેટ ધરી શકીશ. સ્વામીજીએ કહ્યું કે, વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ એ કારકિર્દીની સફળતાનો પાયો છે અને સંકલ્પની પૂર્તિ માટે દૈનિક અભ્યાસનું આયોજન અને અમલ સાતત્યપૂર્ણ કરીને વિદ્યાર્થી પોતાનો 'સ્વધર્મ' એટલે કે અત્યારે જે કરવા જેવું છે તે 'અભ્યાસ' ગમતો કરી શકે, પરિણામ તો સારું આવશે જ, તેની બહુ ચિંતા કરવી નહિ, ધ્યાન અભ્યાસ તરફ જ રાખવું જોઈએ તેમ હ્યું હતું. પૂજ્ય સ્વામીજીએ ધોરણ ૧૦ અને ૧૨ ના અભ્યાસના મહત્વના વર્ષમાં શરીરનું સ્વાસ્થ્ય બરાબર જળવાય તે માટે કસરત, ખોરાક, ઊંઘ, યોગાસન તથા મેડીટેશનનું મહત્વ પણ જણાવ્યું હતું. સાથોસાથ એ પણ જણાવ્યું હતું કે સ્થૂળ જગતની મહેનતની સાથે સૂક્ષ્મ જગતમાંથી માતા-પિતા, ગુરૂજનો અને ઈશ્વરના આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે માતા - પિતા અને ગુરૂજનો પ્રત્યેનો પૂજ્યભાવ અને ઈશ્વરને પ્રાર્થના કરવાથી સફળતા નિશ્ચિત બને છે. સાથે સ્વામીજીએ વાલીઓને ટકોર કરતાં જણાવ્યું હતું કે માતા-પિતાએ પોતાના બાળકોની સરખામણી ક્યારેય બીજા સાથે કરવી નહીં. ફિનિક્સ સાયન્સ એકેડેમીના કમલભાઈ ગોરનું આર્ષ અધ્યયન કેન્દ્રના ટ્રસ્ટીઓએ અભિવાદન કર્યું હતું. વક્તા પૂજ્ય સ્વામીજીનું અભિવાદન એકેડેમીની સમગ્ર ટીમે કર્યું હતું. અંતમાં પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓ અને ઉપસ્થિત વાલીઓએ ભાગ લીધો હતો. શિક્ષક કમલેશભાઈ ગોરે જણાવ્યું હતું કે, આજનો વિદ્યાર્થી હોશિયાર છે, પણ એકલો છે, તેની પાસે અદ્યતન પુસ્તકો છે પણ જીવન માટે માર્ગદર્શક નથી. વિદ્યાર્થીએ એ સમજવાની જરૂર છે કે માર્કશીટ જીવન નક્કી નથી કરતી, પરંતુ માઈન્ડસેટ જીવન નક્કી કરે છે. વિદ્યાર્થી માટે માત્ર કારકિર્દી જ નહિ, પણ ચારિત્ર્ય પણ ખુબ અગત્યનું છે. વિદ્યાર્થી માટે શિસ્ત, સખત મહેનત, સંઘર્ષવાળો જે અભ્યાસ માટેનો માર્ગ છે, તે શરૂઆતમાં કઠિન લાગે છે, પણ સફળતા તરફ પણ એ જ માર્ગ લઇ જશે. પ્રસંગ પરિચય આપી પ્રશ્નોત્તરી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણવિદ સ્નેહલભાઇ વૈદ્યએ કર્યું હતું. આભારવિધિ ફિનિક્સ સાયન્સ એકેડેમીના કમલભાઈ ગોર કરી હતી. અંતે સર્વે વિદ્યાર્થીઓને સ્વામીજીએ દરેક વિદ્યાર્થીઓને આશીર્વાદ અને ભેટ આપી હતી. અત્રે નોંધનીય છે કે, સ્વામી પ્રદીપ્તાનંદ સરસ્વતીજી વર્ષોથી ભારતીય સંસ્કૃતિ, ગીતાજીના જ્ઞાન અને મૂલ્યનિષ્ઠ શિક્ષણના પ્રસાર માટે અવિરત કાર્યરત છે. માત્ર આધ્યાત્મિકતા જ નહીં, પરંતુ આજના આધુનિક યુગમાં વિદ્યાર્થીઓ માનસિક તણાવ મુક્ત બની, સખત પરિશ્રમ અને સાતત્યપૂર્ણ અભ્યાસ દ્વારા રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપી શકે તે માટે તેઓ સતત માર્ગદર્શન પૂરું પાડે છે. ગહન વિષયોને પણ એકદમ સરળ, વ્યવહારુ અને પ્રેરણાદાયી શૈલીમાં રજૂ કરવાની તેમની કળા વાલીઓ અને વિદ્યાર્થીઓ બંનેના હૃદયને સ્પર્શી જાય છે.

## માધાપરમાં બલ્કરમાંથી ટાયર - ડીઝલ સહિત દોઢ લાખનો મુદ્દામાલ ચોરાયો

ભુજ - કચ્છઉદય : તાલુકાના માધાપર જૂનાવાસ ગામે શાન-એ-પંજાબ હોટલની સામે સીટી સેન્ટર કોમ્પલેક્ષમાં ચોરીનો બનાવ બન્યો હતો. ફરીયાદી મુળ ગીર સોમનાથના દિવ્યેશભાઈ પરબતભાઈ આહીરના જણાવ્યા પ્રમાણે ફરીયાદી બાલકૃષ્ના હેન્ડલીંગ નામની ટ્રાન્સપોર્ટમાં ઓફીસમાં નોકરી કરે છે. તે ટ્રાન્સપોર્ટ ઓફીસની આગળ રાખેલા ટાટા બલ્કર નંબર જી.જે.૧૨ બીઝેડ ૫૫૭૪ ના આગળના ચાર ટાયર, વ્હીલ પ્લેટ, બલ્કરની બે બેટરી, ૧૫૦ લીટર ડીઝલ મળી કુલ્લ ૧,૫૩,૫૨૦ ના મુદ્દામાલની ચોરી કરવામાં આવી હતી. જે બાબતે માધાપર પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.


**ગુજરાત સરકાર**

**સરદાર સરોવર નર્મદા નિગમ લી.**

**ઓન-લાઈન ટેન્ડર જાહેર નિવિદા નં.-૦૧ સને ૨૦૨૬-૨૭.**

નાયબ કાર્યપાલક ઈજનેર, કચ્છ શાખા નહેર પેટા વિભાગ ૨/૨ ડી. રાપર-૩૮૫૩૪૦ની કચેરી દ્વારા નીચે દર્શાવેલ કામગીરી વર્ષ : ૨૦૨૬-૨૭ માટે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી./રૂબરૂથી મંગાવવામાં આવે છે. રસ ધરાવતી પાર્ટીઓએ કામ દીઠ ટેન્ડર ફી રજુ કરવાની રહેશે અને દરેક કામના કોરા ટેન્ડર ફોર્મ્સ નીચેની વિગતે આ કચેરીએથી આપવામાં આવશે.

| ક્રમ | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) ટેન્ડર ફી રૂ. (૩) બાનાની રકમ રૂ. (ડી.ડી. સ્વરૂપે) | (૧) કોરા ફોર્મ મેળવવાની છેલ્લી તારીખ (૨) ભાવ ભરેલી ઓફરો પરત સ્વીકારવાની તારીખ (આર.પી.એડી.થી) (૩) ઓફરો ખોલવાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | એસ્કેપ રીપેરીંગ | (૧) ૧,૫૪,૦૫૪ (૨) ૬૦૦ (૩) ૧૬૦૦ | (૧) તા.૨૧/૦૭/૨૦૨૬ (૨) તા.૨૮/૦૭/૨૦૨૬ સાંજના ૬:૦૦ કલાક સુધી (૩) તા.૨૯/૦૭/૨૦૨૬ સાંજના ૫:૦૦ કલાકે |

કામ બાબતે વધુ વિગતો મેળવવા તથા ડિટેઈલ ટેન્ડર નોટિસ જોવા ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવો.

(નામાનિ/કચ્છ/૪૨૩/૨૦૨૬-૨૭)

# વાલકા મોટા આયુષ્માન આરોગ્ય મંદિરે વૃક્ષારોપણ મહાઅભિયાન યોજાયું



નખત્રાણા - કચ્છઉદય : રાજ્ય સરકારના હરિયાળા ગુજરાતના સંકલ્પને સાકાર કરવા તેમજ પર્યાવરણ સંરક્ષણ અંગે જનજાગૃતિ લાવવાના હેતુથી નખત્રાણા તાલુકાના રવાપર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અંતર્ગત વાલકા મોટા આયુષ્માન આરોગ્ય મંદિર ખાતે વૃક્ષારોપણ મહાઅભિયાન યોજાયું હતું.

કાર્યક્રમનું આયોજન કોમ્યુનિટી હેલ્થ ઓફિસર કાજલ દાફડા તથા ફીમેલ હેલ્થ વર્કર રોશનીબેન પંડ્યાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ અવસરે ૬૦થી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ વૃક્ષારોપણ કરીને પર્યાવરણનું જતન, વૃક્ષોની સંભાળ અને હરિયાળા ભવિષ્ય માટે સૌને સંકલ્પબદ્ધ બનવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ ઓસમાણભાઈ સુમરા, ગામના સરપંચ ચંદુભાઈ પટેલ, ગામના પ્રમુખ, ઉપપ્રમુખ, ગામના આગેવાનો, ગ્રામજનો, પ્રાથમિક શાળાના પ્રિન્સિપાલ તથા શિક્ષકગણ તેમજ માધ્યમિક શાળાના સમગ્ર સ્ટાફે હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ પ્રસંગે વિશ્વ વસ્તી દિવસની પણ ઉજવણી કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગ દ્વારા પરિવાર કલ્યાણ, માતા-બાળ આરોગ્ય, વસ્તી સ્થિરતા અને સ્વસ્થ સમાજના નિર્માણ અંગે ઉપસ્થિત નાગરિકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ સૌના સહયોગ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારીના ભાવ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. આયોજકોએ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, ગ્રામજનો તથા શિક્ષણ જગતના પ્રતિનિધિઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# બન્ની વિસ્તારને મહેસૂલી સેટલમેન્ટ કરવા મંત્રી ત્રિકમ છાંગા સમક્ષ રજૂઆત

**વર્ષો જૂની લોકહિતની માંગ અંગે પ્રતિનિધિમંડળે કરી રજૂઆત : હકારાત્મક આશ્વાસન મળ્યું**

ભુજ - કચ્છઉદય : બન્ની વિસ્તારને મહેસૂલી રીતે સેટલમેન્ટ કરવાની વર્ષો જૂની માંગને લઈને જિલ્લાના પ્રતિનિધિ મંડળે રાજ્યમંત્રી ત્રિકમ છાંગાને રૂબરૂ મળી રજૂઆત કરી હતી.

પ્રતિનિધિમંડળે મંત્રીને જણાવ્યું હતું કે બન્ની વિસ્તારના રહેવાસીઓ લાંબા સમયથી મહેસૂલી સેટલમેન્ટના પ્રશ્નના ઉકેલની રાહ જોઈ રહ્યા છે. મહેસૂલી સેટલમેન્ટ થવાથી સ્થાનિક લોકોને કાયદેસર હકો પ્રાપ્ત થશે તેમજ વિસ્તારના વિકાસને નવી દિશા મળશે. તેથી આ પ્રશ્નનો ન્યાયસંગત અને કાયમી ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. આ પ્રસંગે કચ્છ ભાજપ લઘુમતી મોરચાના ઉપપ્રમુખ ફકીર મામધ રાયશી, સાડઈ જૂથ ગ્રામ પંચાયતના સરપંચ મુસ્તાક પઠાણ, મુસા જુનાસ નોડે તથા રાયબ અજીમ થેબા ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીશ્રી ત્રિકમ છાંગા સાહેબે પ્રતિનિધિમંડળની રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી સંબંધિત વિભાગ સાથે ચર્ચા કરી યોગ્ય અને જરૂરી કાર્યવાહી હાથ ધરવાની હકારાત્મક ખાતરી આપી હતી. પ્રતિનિધિ મંડળે વિશ્વાસ વ્યક્ત કર્યો કે બન્ની વિસ્તારના લોકોના હિત, અધિકાર અને સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા આ લાંબા સમયથી પડતર પ્રશ્નનો વહેલી તકે ઉકેલ લાવવામાં આવશે

# કચ્છ-રાજસ્થાન સરહદ પર ૧૦,૦૦૦ દેશી ડ્રોન તૈનાત કરાશે

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : ભારત-પાકિસ્તાન સરહદ પર સુરક્ષા વધુ મજબૂત કરવા માટે ભારતીય સેનાએ કચ્છ-રાજસ્થાન સેક્ટરમાં ૧૦,૦૦૦ દેશી ડ્રોન તૈનાત કરવાની કવાયત હાથ ધરી છે. ઓપરેશન સિંદૂર બાદ સરહદ પર ડ્રોનના વધતા જોખમને પગલે પશ્ચિમી સરહદ માટે ફાળવાયેલા કુલ ૧૦,૦૦૦ ડ્રોનમાંથી મોટો હિસ્સો કચ્છ અને બાડમેરના રણ વિસ્તારમાં મુકવામાં આવશે.

સેનાની એકંદરે યોજના મુજબ આગામી ૧૮-૨૪ મહિનામાં દેશમાં બનેલા કુલ ૩૦,૦૦૦ ડ્રોન સામેલ કરવામાં આવશે. જેમાંથી ૧૦,૦૦૦ ડ્રોન પાકિસ્તાન સરહદ માટે અને ૨૦,૦૦૦થી વધુ ડ્રોન ચીન સાથેની ન્છઝ પર તૈનાત થશે. આ ઉપરાંત દરેક કમાન્ડ માટે વધારાના ૫,૦૦૦ ડ્રોનનું પરીક્ષણ પણ પૂર્ણ થઈ ગયું છે.

કચ્છ સેક્ટરમાં ૧૦૦ કિમી રેન્જના રિકોન ડ્રોન, ૧૮૦ કિમી રેન્જના કામિકાઝ ડ્રોન અને ભવિષ્યમાં ૧૦૦૦ કિમી રેન્જના 'પ્રોજેક્ટ કાલનો સમાવેશ થશે. આ ડ્રોન જામિંગ રોધક ટેકનોલોજીથી સજ્જ હશે અને દુશ્મનની ઘૂસણખોરીને તાત્કાલિક જવાબ આપી શકશે. ૨૦૨૬-૨૭માં સેના ૧૭,૦૦૦ થી ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનો દેશી ઓર્ડર આપવાની તૈયારીમાં છે.


# કચ્છના કલાકારોએ તા.૫ ઓગસ્ટ સુધી કલા મહાકુંભમાં ફોર્મ ભરવા ઈજન

ભુજ - કચ્છઉદય : રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર પ્રેરિત કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત તથા જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની ક્ચેરી, કચ્છ-ભુજ દ્વારા સંચાલિત કલા અને સંસ્કૃતિથી લોકો માહિતગાર થાય તે હેતુથી કલા મહાકુંભ- ૨૦૨૬-૨૭નું આયોજન થનાર છે, જેનું રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાની છેલ્લી તા.૫/૮ છે.

આ વર્ષે કલા મહાકુંભમાં કુલ ૩૭ વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ અને કુલ ચાર વયજૂથ ૬ થી ૧૪ વર્ષ, ૧૫ થી ૨૦ વર્ષ, ૨૧ થી ૫૯ વર્ષ અને ૬૦ વર્ષથી ઉપરના (૬૦ વર્ષથી ઉપરના સ્પર્ધા સિધી રાજયકક્ષાએ યોજાશે) વયજૂથમાં સ્પર્ધા યોજાશે, જેમાં તાલુકા કક્ષાએથી શરૂ થતી કુલ ૧૪ કૃતિ જેમાં સમૂહગીત, ગરબા, લોકનૃત્ય, રાસ, એકપાત્રીય અભિનય, ભરતનાટ્યમ, વકતૃત્વ, ચિત્રકલા, નિબંધ, સુગમ સંગીત, લગ્નગીત, તબલા, હાર્મોનિયમ (હળવું), લોકગીત-જન, સીધી જિલ્લા કક્ષાએથી શરૂ થતી સ્પર્ધા કાવ્ય લેખન, ગઝલ શાયરી લેખન, લોકવાર્તા, દુહા- છંદ-ચોપાઇ, સર્જનાત્મક કારીગરી, સ્કુલબેન્ડ, ઓર્ગન, કથ્થક, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિંદુસ્તાની) તેમજ સીધી પ્રદેશકક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓમાં ઓડીસી, મોહીની અટ્ટમ, કુચીપુડી, સિતાર, ગીટાર, વાયોલીન, વાંસળી અને સીધી રાજ્યકક્ષાએથી શરૂ થતી સ્પર્ધાઓમાં પખાવજ, મૃદંગમ, સરોદ, સારંગી, ભવાઈ, જોડિયાપાવા, રાવણ હથ્થો, વગેરે કૃતિઓ યોજાશે. આ સ્પર્ધામાં વધુમાં વધુ કલાકારો ભાગ લે તે માટે તમામ શાળાઓ, કોલેજો તથા વિવધ સંસ્થાઓ તેમજ ભણતા કે ન ભણતા કલાકારોને આથી જણાવવામાં આવે છે કે, કલા મહાકુંભની વિગતવાર ફોર્મ પ્રવેશપત્ર જિલ્લા યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની કચેરી, રૂમ નં.૪૧૧, ત્રીજોમાળ, બહુમાળીભવન, ભુજ ખાતેથી મેળવી સિધી તાલુકા કક્ષા, સિધી જિલ્લા કક્ષા, સિધી પ્રદેશ કક્ષા, સિધી રાજયકક્ષા દરેકના ફોર્મ તા.૫/૮ સુધીમાં કચેરી સમયે ફોર્મ સાથે આધાર કાર્ડની નકલ તથા બેંક પાસબુકની નકલ સામેલ રાખી જમા કરાવી જવાનું આથી જિલ્લા યુવા વિકાસ અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# હાઇકોર્ટના ઐતિહાસિક ચુકાદાથી જૂની ઇમારતોના પુનર્વિકાસ માટે નવી આશા જાગી : ભવાનજી





મુંબઈ - કચ્છઉદય : નેશનલ વેલફેર ફાઉન્ડેશનના અધ્યક્ષ અને મુંબઈના પૂર્વ ઉપ મહાપૌર બાબુભાઈ ભવાનજીએ મુંબઈની જૂની ઈમારતોના પુનર્વિકાસ અંગે મુંબઈ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદાનું સ્વાગત કરતાં જણાવ્યું છે કે આ નિર્ણયથી જૂની ઈમારતોના પુનર્વિકાસનો માર્ગ વધુ સ્પષ્ટ અને સરળ બન્યો છે.

શ્રી ભવાનજીએ એક પ્રેસ નોંધમાં જણાવ્યું છે કે લોકોને આ ચુકાદાની સંપૂર્ણ માહિતી પહોંચાડવાના હેતુથી આયોજિત સભામાં મુંબઈ મહાનગરપાલિકાની કમિશનર અશ્વિની ભિડે મેડમ, મ્હાડાના સીઈઓ મિલિંદ શંભરકરજી તથા સંબંધિત વિભાગના સરકારી અધિકારીઓ, અનુભવી વકીલો અને આર્કિટેક્ટ્સ દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે માનનીય સાંસદ રાહુલ શેવાળે ઉપસ્થિત રહેશે. સભા કૈલાશ લચ્છી, દાદર (પૂર્વ) રેલવે સ્ટેશન નજીક, મુંબઈ મરાઠી ગ્રંથ સંગ્રહાલય માર્ગ, આરઝૂ સભાગૃહ, રત્નમણી બિલ્ડિંગ, ત્રીજા માળે, રવિવાર, તા. ૧૯ જુલાઈ, સવારે ૧૦:૦૦ વાગ્યાથી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી યોજાશે.

શ્રી ભવાનજીએ જણાવ્યું કે મુંબઈમાં પુનર્વિકાસની રાહ જોઈ રહેલી જૂની અને જર્જરિત ઈમારતોમાં વસતા હજારો પરિવારોને બોમ્બે હાઈકોર્ટના આ ઐતિહાસિક ચુકાદાથી મોટી રાહત મળશે. આ નિર્ણયથી વર્ષોથી અટકેલી પુનર્વિકાસ યોજનાઓને નવી ગતિ મળશે અને જોખમી ઈમારતોમાં રહેતા લોકોને સુરક્ષિત રહેઠાણ મળવાની આશા વધુ મજબૂત બનશે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે નાગરિકોની સુરક્ષા સાથે કોઈપણ પ્રકારનું સમાધાન કરીને જર્જરિત ઈમારતોને વારંવાર સમયમર્યાદા વધારવી યોગ્ય નથી. આવી ઈમારતોનો પુનર્વિકાસ આયોજનબદ્ધ અને સમયબદ્ધ રીતે પૂર્ણ થવો જોઈએ. સાથે જ, થોડાક લોકોની બિનજરૂરી વાંધાઓને કારણે બહુમતી રહેવાસીઓના હિતમાં ચાલી રહેલી પુનર્વિકાસ યોજનાઓને અટકાવવી યોગ્ય નથી.

શ્રી ભવાનજીએ વધુમાં જણાવ્યું કે આ ચુકાદાનો સૌથી મોટો લાભ દક્ષિણ અને મધ્ય મુંબઈના ગીરગાંવ, ભૂલેશ્વર, મસ્જિદ, પરેલ, લાલબાગ, દાદર, ગ્રાન્ટ રોડ, તાડદેવ, કાલબાદેવી, ડોંગરી, નાગપાડા, ભાયખલા અને ચિરા બજાર જેવા વિસ્તારોની જૂની સેસ ઈમારતોને મળશે. આ વિસ્તારોના હજારો પરિવારો લાંબા સમયથી પુનર્વિકાસની રાહ જોઈ રહ્યા છે. આમાંથી ઘણી સેસ ઈમારતો ૭૦થી ૮૦ વર્ષથી પણ વધુ જૂની છે. સરકારે આવી અનેક ઈમારતોને જોખમી જાહેર કરી છે. આશરે ૧,૦૦૦થી વધુ ઈમારતો અત્યંત જર્જરિત હાલતમાં છે, જ્યાં છતમાંથી પાણી ટપકવું, દિવાલોમાં ભંગાણ પડવું અને ઈમારત ધરાશાયી થવાનો ભય સામાન્ય બની ગયો છે. હાઈકોર્ટના આ ચુકાદાથી નાગરિકોની સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને પુનર્વિકાસના કાર્યોમાં ઝડપ આવશે. કાનૂની અવરોધો ઘટશે અને જૂના વિસ્તારોનો આધુનિક તથા સુરક્ષિત વિકાસ શક્ય બનશે.

# કચ્છમાં ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડની સ્થિતિ અને સંરક્ષણ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા એપ્રિલ ૨૦૨૫માં ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડની નવીનતમ વસ્તી ગણતરીનો અહેવાલ જાહેર કર્યો. આ ગણતરી ઓક્યુપન્સી અને ડિસ્ટન્સ સેમ્પલિંગ પદ્ધતિથી આશરે ૨૨,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં કરવામાં આવી જેમાં કચ્છ સહિત રાજસ્થાનના સરહદી વિસ્તારોનો પણ સમાવેશ હતો.

આ અહેવાલ મુજબ રાજસ્થાનના ડેઝર્ટ નેશનલ પાર્ક અને પોકરણ વિસ્તારમાં જંગલમાં ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડની સંખ્યા ૧૩૦·૨૧ નોંધાઈ. ૨૦૧૭માં આ સંખ્યા ૧૨૮·૧૯ હતી. એટલે છેલ્લા ૮ વર્ષમાં વસ્તીમાં થોડો વધારો થયો છે. કચ્છની વાત કરીએ તો અહીં ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડની વસ્તી ૧૫થી ઓછી છે અને તે કચ્છના ઘાસના મેદાનોમાં જોવા મળે છે. કચ્છનો ૭૪૦ ચોરસ કિલોમીટર વિસ્તાર કેન્દ્ર સરકાર દ્વારા જીઆઈબી સંરક્ષણ માટે પ્રાથમિકતા વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે.

ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ IUCN yux÷u fu International Union for Conservation of Natureની રેડ લિસ્ટમાં ક્રિટિકલી એન્ડેન્જર્ડ છે અને વન્યજીવ સુરક્ષા અધિનિયમ ૧૯૭૨ની અનુસૂચિ ૧માં સામેલ છે. સમગ્ર ભારતમાં આ પક્ષીના આશરે ૨૦૦ જેટલા જ વ્યક્તિઓ બચ્યા છે. કચ્છમાં નિવાસસ્થાનનું નુકસાન, ખેતીનું વિસ્તરણ, પાવરલાઈન સાથે અથડામણ અને માનવીય ખલેલ તેના માટે સૌથી મોટા ખતરા છે.

સંરક્ષણ માટે કેન્દ્ર સરકાર, ૈં અને રાજ્ય વન વિભાગે પ્રોજેક્ટ ૈંમ્ ૨૦૧૮ હેઠળ કામગીરી કરી રહ્યા છે. જૈસલમેરના સુદાસરી અને સમ ખાતે સંવર્ધન કેન્દ્રો છે જ્યાં અત્યાર સુધીમાં ૭૦ પક્ષીઓ કેપ્ટિવ બ્રીડિંગમાં તૈયાર થયા છે અને તેમાં ૧૧ નવા બચ્ચાનો પણ સમાવેશ છે. ભવિષ્યમાં આ પક્ષીઓને ધીમે ધીમે કુદરતી ઘાસના મેદાનોમાં છોડવાની યોજના છે. કચ્છ સહિતના પ્રાથમિકતા વિસ્તારોમાં નવા રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને પાવરલાઈન માટે વિશેષ સાવચેતી રાખવામાં આવી રહી છે. આ રિપોર્ટ દર્શાવે છે કે ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડની વસ્તીમાં ઘટાડો અટક્યો છે. પરંતુ કચ્છ જેવા વિસ્તારોમાં આ પ્રજાતિને બચાવવા માટે ઘાસના મેદાનોનું રક્ષણ અને સ્થાનિક સમુદાયોની ભાગીદારી ખૂબ જરૂરી છે.

# વિયેતનામ બોટ દુર્ઘટનાઃ ૧૫ ભારતીય પ્રવાસીઓના પાર્થિવ દેહ મુંબઈ લાવવામાં આવ્યા, વડાપ્રધાને દુઃખ વ્યક્ત કર્યું

મુંબઈ (એજન્સી દ્વારા) : વિયેતનામના ફુ કુઓક ટાપુ નજીક હોન માય રુટ ન્ગોઈ ખાતે ગયા શનિવારે સર્જાયેલી એક સ્પીડબોટ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા ૧૫ ભારતીય પ્રવાસીઓના પાર્થિવ દેહ લઈને ખાસ ફ્લાઈટ મુંબઈ એરપોર્ટ પર પહોંચી છે. આ કમનસીબ ઘટનામાં કુલ ૧૫ ભારતીયોના મોત નીપજ્યા છે, જેમાં બે મહિલાઓનો પણ સમાવેશ થાય છે. મૃતકો પૈકી ૧૦ પ્રવાસીઓ તમિલનાડુના, ૩ આંધ્રપ્રદેશના અને ૨ કેરળના વતની હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે. શનિવારે પ્રવાસીઓથી ભરેલી આ સ્પીડબોટ અચાનક પલટી મારી ગઈ હતી, જેમાં કુલ ૩૬ લોકો સવાર હતા. આ પૈકી ૩૨ ભારતીય પ્રવાસીઓ અને ૪ સ્થાનિક ક્રૂ મેમ્બર હતા. ઘટના બાદ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરીને ૨૧ લોકોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા હતા. દુર્ઘટના બાદ તમામ મૃતદેહોને કાયદાકીય અને તબીબી ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે સૌપ્રથમ હો ચી મિન્હ સિટી ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ વિયેતનામ સ્થિત ભારતીય દૂતાવાસના સક્રિય સંકલન અને કાયદાકીય પ્રક્રિયા બાદ તમામ મૃતદેહોને સન્માનપૂર્વક ભારત રવાના કરવામાં આવ્યા હતા. બીજી તરફ, દુર્ઘટનામાં બચી ગયેલા ૧૭ ભારતીય પ્રવાસીઓ પૈકી ૧૬ લોકોને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે અને તેઓ પણ સ્વદેશ પરત ફરી રહ્યા છે, જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત પ્રવાસી હાલ ફુ કુઓકની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આ ગંભીર હોનારતને પગલે ભારતીય દૂતાવાસે તાત્કાલિક કંટ્રોલ રૂમ શરૂ કરીને વિયેતનામના ઉચ્ચ અધિકારીઓ સાથે સતત સંપર્ક જાળવી રાખ્યો છે. વિયેતનામના વડાપ્રધાન લે મિન્હ હુંગે આ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપ્યા છે અને પીડિત પરિવારોને શક્ય તમામ તબીબી તથા વહીવટી મદદ પૂરી પાડવા તંત્રને નિર્દેશ આપ્યા છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ મંત્રી એસ. જયશંકરે આ કરુણ ઘટના અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરી પીડિત પરિવારો પ્રત્યે સંવેદના પ્રગટ કરી છે.

બચી ગયેલા મુસાફરોના જણાવ્યા અનુસાર, દરિયામાં અચાનક એક પ્રચંડ લહેર આવવાને કારણે બોટ પલટી ગઈ હતી અને કેટલાક મુસાફરો બોટની અંદર જ ફસાઈ ગયા હતા, જોકે દુર્ઘટનાનું ચોક્કસ કારણ હજુ તપાસ હેઠળ છે. સંબંધિત રાજ્યો તમિલનાડુ, આંધ્રપ્રદેશ અને કેરળની સરકારોએ પણ અસરગ્રસ્ત પરિવારોની સહાય માટે કટોકટીના હેલ્પલાઈન નંબર જાહેર કર્યા છે.

## રાજધાનીમાં લૂંટનો ભોગ બનેલા દંપતીને ગોલ્ડ મંગળસૂત્ર માટે ૮૦,૦૦૦ રૂપિયાનું વળતર મળ્યું

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : રાજધાની એક્સપ્રેસમાં મુસાફરી દરમિયાન એક દંપતી લૂંટનો ભોગ બન્યું હતું. આ ઘટનામાં તેમનું રોકડ અને સોનું સહિત ગોલ્ડ મંગળસૂત્ર પણ ચોરાઈ ગયું હતું. ઘટના બાદ દંપતીએ પોલીસ ફરિયાદ નોંધાવી અને કાયદાકીય પ્રક્રિયા શરૂ કરી. કોર્ટે કેસની સુનાવણી બાદ રેલવેને દંપતીને ૮૦,૦૦૦ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો. અદાલતે કહ્યું કે મુસાફરોની સુરક્ષા કરવી રેલવેની જવાબદારી છે અને આ નુકસાન માટે વળતર મળવું જોઈએ. વળતર મળ્યા બાદ દંપતીએ રાહતનો શ્વાસ લીધો અને કહ્યું કે ન્યાય મળ્યો છે.

# ટ્રમ્પે ઈરાની શિપિંગ પર અમેરિકાની નાકાબંધી ફરીથી લાગુ કરી

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જાહેરાત કરી કે અમેરિકા ઈરાન પર નૌસેનાની નાકાબંધી ફરીથી લાગુ કરી રહ્યું છે. તેમણે લખ્યું કે હોર્મુઝની સામુદ્રધુની ખુલ્લી રહેશે અને તે ઈરાન સાથે કે ઈરાન વિના પણ ખુલ્લી રહેશે. ટ્રમ્પે કહ્યું કે અમે ઈરાની નાકાબંધી ફરીથી શરૂ કરી રહ્યા છીએ જે ફક્ત ઈરાનના જહાજો અથવા ઈરાનના ગ્રાહકોને અટકાવશે અને બાકીના તમામ દેશો માટે સામુદ્રધુની ખુલ્લી રહેશે. તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા હવેથી હોર્મુઝની સામુદ્રધુનીનો વાલી તરીકે ઓળખાશે અને તે માટે સુરક્ષા અને સલામતીના ખર્ચને પહોંચી વળવા તમામ કાર્ગો પર ૨૦ ટકા ફી વસૂલવામાં આવશે. આ પ્રક્રિયા તરત જ શરૂ થશે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે બંને દેશો વચ્ચે નવા હુમલા થયા છે. સપ્તાહના અંતમાં અમેરિકાએ ઈરાનના મિસાઈલ, ડ્રોન અને રડાર સ્થળો પર હુમલા કર્યા હતા. જવાબમાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે બહરીન અને કુવૈતમાં અમેરિકી લશ્કરી મથકો, ઓમાનમાં રડાર અને જોર્ડનમાં એક હવાઈ મથકને નિશાન બનાવ્યા હતા. ઈરાને સપ્તાહના અંતે સામુદ્રધુની બંધ કરવાની જાહેરાત કરી હતી જેના પછી ટ્રમ્પે કહ્યું કે અમે કદાચ આ સામુદ્રધુનીનું સંચાલન કરીશું અને તેના બદલામાં વળતર માંગીશું. હોર્મુઝની સામુદ્રધુની વૈશ્વિક તેલ અને ગેસ માટેનો સૌથી મહત્વપૂર્ણ માર્ગ છે. આ વિવાદને કારણે શિપિંગ ટ્રાફિક અડધાથી વધુ ઘટી ગયો છે અને તેલના ભાવ વધી ગયા છે. ઈરાનના લશ્કરે ટ્રમ્પના નિવેદનને નકારી કાઢ્યું અને કહ્યું કે અમે કોઈપણ સંજોગોમાં અમેરિકાને હોર્મુઝની સામુદ્રધુનીના સંચાલનમાં દખલ કરવા દઈશું નહીં. આ એક વિકાસશીલ વાર્તા છે અને આગામી કલાકોમાં વધુ અપડેટ્સ આવવાની શક્યતા છે.

# જગત જમાદાર થવાના પાકિસ્તાનના પ્રયાસોને કુઠારાઘાત : ઈરાન દ્વારા ઈસ્લામાબાદ એમઓયુ કરાયું રદ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : એપ્રિલ ૨૦૨૬માં પાકિસ્તાને મોટા દેશો વચ્ચે મધ્યસ્થી બનીને પોતાની છબી વિશ્વ સમક્ષ સુધારવાનો પ્રયાસ કર્યો હતો. અમેરિકા, ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા ૪૦ દિવસના સંઘર્ષ બાદ પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ આસિમ મુનીરની મધ્યસ્થીથી ઈસ્લામાબાદમાં યુદ્ધવિરામની વાટાઘાટો ગોઠવાઈ. તે સમયે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ૧૫ દિવસનો કામચલાઉ યુદ્ધવિરામ જાહેર કર્યો અને તેને ઈસ્લામાબાદ એકોર્ડ નામ આપવામાં આવ્યું. આ સમજૂતીથી પાકિસ્તાનને એવું લાગ્યું કે તે દક્ષિણ એશિયામાં શાંતિનો મુખ્ય સ્તંભ બની શકે છે અને જગત જમાદાર તરીકે પોતાની ભૂમિકા સ્થાપિત કરી શકે છે.

સમજૂતીમાં હોર્મુઝની સામુદ્રધુનીને ૬૦ દિવસ સુધી વેપાર માટે ખુલ્લી રાખવી, ઈરાન પરના પ્રતિબંધોમાં રાહત આપવી અને પરમાણુ મુદ્દે આગળ ચર્ચા કરવી જેવી બાબતો નક્કી થઈ હતી. ઈરાને પોતાની ૧૦ શરતો પણ રજૂ કરી હતી જેમાં વિદેશમાં જપ્ત કરેલી સંપત્તિ મુક્ત કરવા અને લેબેનોનમાં યુદ્ધવિરામનો સમાવેશ હતો. પાકિસ્તાને આ બધી વાટાઘાટોનું આયોજન કરીને પોતાને શાંતિના દૂત તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો. પણ જુલાઈ ૨૦૨૬માં ઈરાને અચાનક આ ઈસ્લામાબાદ ર્ને રદ કરવાની જાહેરાત કરી દીધી. ઈરાનનું કહેવું છે કે અમેરિકાએ સમજૂતીની શરતોનું ઉલ્લંઘન કર્યું છે. હોર્મુઝની સામુદ્રધુનીમાં અમેરિકન યુદ્ધજહાજો મોકલવા અને ઈરાનની સાર્વભૌમત્વ પર હુમલા કરવાના કારણે ઈરાને આ નિર્ણય લીધો. સાથે લેબેનોનમાં ઈઝરાયેલના હુમલાઓ ચાલુ રહેવાથી પણ ઈરાન નારાજ છે અને તેનું માનવું છે કે યુદ્ધવિરામ તમામ મોરચા માટે હતો.

ઈરાનના આ પગલાથી પાકિસ્તાનના બધા પ્રયાસો પર પાણી ફરી વળ્યું છે. જે સમજૂતીને પાકિસ્તાન પોતાની મોટી રાજદ્વારી સિદ્ધિ માની રહ્યું હતું તે જ સમજૂતી તૂટી જવાથી પાકિસ્તાનની વિશ્વસનીયતા પર સવાલ ઉઠ્યા છે. હવે કતાર અને પાકિસ્તાન ફરીથી બંને પક્ષોને વાટાઘાટોના ટેબલ પર લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, પણ તણાવ હજુ પણ યથાવત છે અને યુદ્ધવિરામનો ભવિષ્ય અંધકારમાં છે. આ ઘટનાથી સ્પષ્ટ થયું છે કે જગત જમાદાર બનવાના પાકિસ્તાનના સપનાને ઈરાનના આ નિર્ણયથી મોટો ફટકો પડ્યો છે.

# રેલવે જમીન પર અતિક્રમણઃ પાંચ વર્ષમાં ૧૦૬૮ હેક્ટર જમીન કબ્જામાં

અમદાવાદ - કચ્છઉદય : કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે રાજ્યસભામાં આપેલા લેખિત જવાબના આંકડા મુજબ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં ભારતીય રેલવે પાસે કુલ લગભગ ૪.૯૯ લાખ હેક્ટર જમીન છે. જેમાંથી દેશભરમાં ૧૦૬૮.૫૪ હેક્ટર જમીન લાંબા સમયથી અતિક્રમણ હેઠળ છે. છેલ્લા પાંચ વર્ષમાં રેલવેએ ૯૮.૦૨ હેક્ટર જમીન અતિક્રમણમાંથી મુક્ત કરાવી છે. રેલવેએ જણાવ્યું કે તેઓ નિયમિત સર્વે કરે છે અને અતિક્રમણ હટાવવા માટે પગલાં લે છે. ઝૂંપડા અને કામચલાઉ અતિક્રમણને રેલવે સુરક્ષા દળ અને સ્થાનિક તંત્રની મદદથી દૂર કરવામાં આવે છે. જ્યારે પાકા મકાન જેવા જૂના અતિક્રમણ માટે પબ્લિક પ્રિમિસીસ એક્ટ ૧૯૭૧ હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે. આ માટે રાજ્ય સરકાર અને સ્થાનિક પોલીસની મદ લેવામાં આવે છે.

મંત્રીએ કહ્યું કે ડ્રોન, સેટેલાઈટ અને એઆઈ ટેકનોલોજીના ઉપયોગથી નવા અતિક્રમણ શોધવામાં મદ મળી છે અને તાજા અતિક્રમણ લગભગ બંધ થઈ ગયા છે. મુક્ત કરાયેલી જમીનનો ઉપયોગ મલ્ટી ટ્રેકિંગ, સ્ટેશન વિકાસ, પ્લાન્ટેશન અને સ્ટાફ સુવિધાઓ જેવા રેલવેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામો માટે કરવામાં આવે છે. જે જમીન તાત્કાલિક જરૂરી નથી તેને આરએલડીએ દ્વારા વ્યવસાયિક ઉપયોગ માટે આપવામાં આવે છે. સુરત મોડલની જેમ માનવતાવાદી અભિગમ અપનાવીને કેટલાક અતિક્રમણકારોને આવાસ યોજના હેઠળ મકાન આપવામાં પણ આવ્યા છે.

# હોર્મુઝ સ્ટ્રેટમાં ૨૦% ટેક્સનો પ્રસ્તાવ શિપિંગ ઈન્ડસ્ટ્રી માટે મુસીબતભર્યો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જાહેરાત કરી કે અમેરિકા ઈરાન પર નૌકા નાકાબંધી ફરીથી લાગુ કરી રહ્યું છે અને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા દરેક માલ પર ૨૦ ટકા ફી લેવામાં આવશે. તેમણે આને સુરક્ષા અને સલામતીના ખર્ચ માટેની ભરપાઈ ગણાવી અને કહ્યું કે અમેરિકા હવે "હોર્મુઝ સ્ટ્રેટનો વાલી" તરીકે કામ કરશે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે સાઉદી અરેબિયા, કતાર અને બહેરીન જેવા સમૃદ્ધ દેશોએ આ ખર્ચમાં યોગદાન આપવું જોઈએ. શિપિંગ ઓપરેટર્સ અને લોજિસ્ટિક્સ નિષ્ણાતોનું કહેવું છે કે ૨૦ ટકા ફી લાગવાથી તેલ અને અન્ય ચીજવસ્તુઓના પરિવહનનો ખર્ચ ઘણો વધી જશે. હોર્મુઝ સ્ટ્રેટમાંથી દુનિયાના લગભગ ૨૦ ટકા તેલ અને ન્દ્ગય્ પસાર થાય છે તેથી આ નિર્ણયની અસર વૈશ્વિક ભાવો પર પડશે. જાહેરાત બાદ તરત જ તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો. યુએસ ક્રૂડ ૯.૨ ટકા વધીને ૭૮ ડોલર પ્રતિ બેરલ અને બ્રેન્ટ ક્રૂડ ૯.૩ ટકા વધીને ૮૩ ડોલર પ્રતિ બેરલ પહોંચ્યું. આ દરખાસ્તને કાનૂની પડકારો પણ છે. સંયુક્ત રાષ્ટ્રના આંતરાષ્ટ્રીય દરિયાઈ સંગઠને કહ્યું કે આંતરાષ્ટ્રીય જળમાર્ગો પર ફી લેવાનો કોઈ કાનૂની આધાર નથી. વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પણ અગાઉ કહ્યું હતું કે કોઈ દેશ આવા જળમાર્ગ પર ટોલ કે ફી ન લઈ શકે. ઈરાને જવાબમાં કહ્યું કે સ્ટ્રેટનો વાલી ઈરાન જ છે અને ૨૦ ટકા ફી ખૂબ વધારે છે.

# હોર્મુઝમાં હુમલો - ભારતીય નાવિકનું મોત, ૬ ઘાયલ

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : સંયુક્ત આરબ અમીરાતના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર ઈરાની ક્રૂઝ મિસાઈલ દ્વારા ઓમાનના પ્રાદેશિક જળક્ષેત્રમાં હોર્મુઝના સામુદ્રધુનીમાં સફર કરી રહેલા અમીરાતી તેલ ટેક્રરો ◦મોમ્બાસા◦ અને ◦અલ બાહિયા◦ પર હુમલો કરવામાં આવ્યો હતો. મોમ્બાસા જહાજ પર એક ભારતીય નાવિકનું મોત થયું છે. હુમલામાં કુલ આઠ લોકો ઘાયલ થયા છે, જેમાંથી ચારની હાલત ગંભીર છે. ઘાયલોમાં ૬ ભારતીય અને ૨ યુક્રેનિયન નાગરિકોનો સમાવેશ થાય છે. બંને ટેક્રરોમાં આગ લાગી હતી પરંતુ હવે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. સંયુક્ત આરબ અમીરાતે આને "ઘોર હુમલો" ગણાવીને જવાબ આપવાનો અધિકાર અનામત રાખ્યો છે. ભારતે પણ આ પ્રદેશમાં વાણિજ્યિક જહાજો પરના હુમલાઓને લઈને ઊંડી ચિંતા વ્યક્ત કરી છે અને તાત્કાલિક શાંતિ તથા રાજદ્વારી ઉકેલની માંગ કરી છે.

# રેલવેના એસી કોચમાંથી દર વર્ષે બેડશીટ ટુવાલ ધાબળા ઓશીકા મોટા પ્રમાણમાં “અદ્રશ્ય”

**એસી કોચમાં ઓશીકા બેડશીટ, ધાબળા અપાતા હોય છે પરંતુ દર ૧૦૦૦ માંથી એક પ્રવાસી પોતાની સાથે લઈ જતા હોવાનું આવ્યું સામે : ૬૯ ડિવિઝનમાંથી ૫૪ ડિવિઝનમાંથી જાણવા મળ્યું કે વર્ષ ૨૦૨૨થી ૨૬ સુધીમાં ૧.૨૭ કરોડ બેડસીટની ચોરી**

ભુજ - કચ્છઉદય : ભારતીય રેલવેના છઋ કોચમાંથી દર વર્ષે મોટી સંખ્યામાં બેડશીટ, ટુવાલ, ધાબળા અને ઓશિકાં ગુમ થઈ રહ્યા છે. જેનાથી રેલવેને મોટું નુકસાન થાય છે.ભારતીય રેલવેના એસી કોચમાં દરરોજ રાત્રે મોટી સંખ્યામાં યાત્રિકો મુસાફરી કરે છે. આ માટે લોકોને સુવા માટે ૨ બેડશીટ,એક ઓશિકું, એક ધાબળો આપવામાં આવે છે. ટિકિટની સાથે આ સુવિધા મફતમાં મળે છે. પરંતુ ચોંકાવનારી વાત એ છે કે,સફર પૂર્ણ થયા બાદ અંદાજે ૧૦૦૦માંથી એક યાત્રિક એવો હોય છે. જે પોતાની સાથે આમાંથી એક વસ્તુ લઈ જાય છે.ભારતીય રેલવેની તમામ ૬૯ ડિવિઝન પાસેથી આરટીઆઈ હેઠળ જાણકારી માંગી છે. જેમાં અનેક વાત સામે આવી છે.

૬૯ માંથી ૫૪ રેલવે ડિવીઝન પાસેથી જવાબ મળ્યો છે. જવાબના વિશ્લેષણથી જાણ થઈ છે કે, કોરોના મહામારી બાદ જ્યારે બેડરોલની સેવાઓ ફરી શરુ થઈ તો જાન્યુઆરી ૨૦૨૨થી મે ૨૦૨૬ સુધી ચોરીની ઘટનાઓમાં ૫૬ ટકા વધારો થઈ અંદાજે ૧.૨૭ કરોડ બેડરોલ ચોરી થયા હતા.

આને . આર. ટી. આઈ.ના આંકડાથી એ જાણ થાય છે કે, ચોરીના કારણે કોન્ટ્રાક્ટરો દ્વારા કામ પર રાખેલા કોચ અટેન્ડેટ્સનું કહેવું છે કે, ચોરીના કારણે થયેલા નુકસાનની ચૂકવણી તેની સેલેરીમાંથી કરવામાં આવે છે. , રેલવેને ચોરી મામલે તેના કર્મચારીઓની મિલીભગતના કોઈ પુરાવા મળ્યા નથી. આરટીઆઈના આંકડા મુજબ રેલવેના ૭ ઝોનના ૧૦ મંડળોમાં કુલ ચોરીની ૬૭ ટકા ઘટનાઓ બની છે..રેલવે મંત્રાલયના પ્રવક્તાએ આ મુદ્દાને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો. તેમણે જણાવ્યું કે રેલવેમાં આવી ચોરી અટકાવવા અને ગુનેગારો સામે કાર્યવાહી કરવા માટે સતત પ્રયાસો કરી રહી છે. પ્રવક્તાએ એ પણ સ્પષ્ટતા કરી કે આજ સુધી કોઈ નક્કર પુરાવા મળ્યા નથી કે રેલવે સ્ટાફ ચોરીમાં સામેલ હતો. રેલવે અધિકારીઓ માને છે કે જાહેર સંપત્તિના રક્ષણ અંગે મુસાફરોમાં જાગૃતિ વધારવી એ સુરક્ષાને મજબૂત બનાવવા જેટલું જ મહત્વપૂર્ણ છે.

# અંબાજી યાત્રાધામમાં ૧૬ થી ૨૦ જુલાઈ દરમિયાન રાત્રી પૂજા, નવચંડી યજ્ઞ અને ધ્વજારોહણ સહિતના કાર્યક્રમ યોજાશે

ભુજ - કચ્છઉદય: અમદાવાદના યુવા નાગર બ્રાહ્મણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અષાઢ નવરાત્રી પ્રસંગે તારીખ ૧૬ થી ૨૦ જુલાઈ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે એવું ધર્મેશભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું, જેમાં તારીખ ૧૬/૭ થી ૨૦/૭ સુધી અંબાજી ખાતે રાત્રે ૯ થી ૧૨ કલાક દરમિયાન રાત્રી પૂજા, તારીખ ૧૮/૭ ના સામૂહિક નવચંડી યજ્ઞ અંબાજી યજ્ઞશાળા ખાતે યોજાશે તેમજ તારીખ ૧૯/૭ના સવારે ૯ કલાકેથી અંબાજી મંદિર ખાતે ચઢાવવામાં આવનારી પાવન ધ્વજારોહણ કાર્યક્રમ છે, જેમાં અંબાજીના રાજમાર્ગથી શોભાયાત્રા સાથે અંબાજી મંદિરમાં ધ્વજારોહણ થશે. નવરાત્રી દરમિયાન વિવિધ કાર્યક્રમ સાથે રાત્રી પૂજા યોજાશે.

ભુજ, અંજાર, વડોદરા, અમદાવાદ, મુંબઈ વગેરે સ્થળોએથી રાત્રિ પૂજામાં સૌ જોડાશે. ભુજ કચ્છ - સૌરાષ્ટ્રની રાત્રી પૂજા તારીખ ૨૦/૭ના યોજાશે, જેમાં પાવડી પૂજા, ગબ્બર ખાતે ઘી અર્પણ અને શક્રાદય પઠન થશે. હસમુખભાઈ વોરા અને વિભાકરભાઈ અંતાણીના માર્ગદર્શન હેઠળ આશરે ૬૦ વ્યક્તિઓ તેનો લાભ લેશે. મઢ ખાતે બેઠા ગરબા, સન્માન સહિતના કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ રાત્રે ૯ થી ૧૨ કલાક દરમિયાન અંબાજી ખાતે રાત્રી પૂજા જેમાં થાળ, આરતી, શક્રાદય પઠન યોજાશે એવું જયશ્રીબેન હાથી અને વત્સલાબેન શુક્લએ જણાવ્યું હતું.

# લગાનની ૨૫મી વર્ષગાંઠે અમીર ખાન-રશેલ શેલીનું કચ્છથી લંડન સુધીનું પુનર્મિલન

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : લગાન ફિલ્મને ૨૫ વર્ષ પૂરા થયા છે અને તેની યાદો ફરી તાજી થઈ છે. હાલમાં જ લંડન ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં અમીર ખાને ફિલ્મની સિલ્વર જ્યુબિલીની ઉજવણી કરી અને આ દરમિયાન તે પોતાની સહ-કલાકાર રશેલ શેલીને મળ્યા. રશેલે ફિલ્મમાં એલિઝાબેથ રસેલનું પાત્ર ભજવ્યું હતું. રશેલે આ મુલાકાતની તસવીરો શેર કરી હતી જેને જોઈને ચાહકો ભાવુક થઈ ગયા.

૧૮૯૩ના બ્રિટિશ રાજ દરમિયાનની કહાની કહેતી લગાન ફિલ્મનું શૂટિંગ મોટાભાગે ગુજરાતના કચ્છ જિલ્લામાં થયું હતું. દિગ્દર્શક આશુતોષ ગોવારીકરને ૧૮૯૦ના દાયકા જેવું સુકું અને વીજળી-રસ્તા વગરનું ગામ જોઈતું હતું. લાંબી શોધ બાદ મે ૧૯૯૯માં ભુજ નજીકનું કુનારિયા ગામ અને જામ કુનારિયા-કોટાય વચ્ચેના ખેતરોને કાલ્પનિક ચંપાનેર ગામ તરીકે પસંદ કરવામાં આવ્યા. ૧૦૦ એકર જમીન પર ૩ મહિનામાં ૩૦૦૦ કારીગરોએ મળીને કાદવની દિવાલો, શેરીઓ અને ક્રિકેટનું મેદાન બનાવ્યું હતું. ભુજના પ્રાગ મહેલ અને માંડવીના વિજય વિલાસ પેલેસમાં પણ ફિલ્મના મહત્વના દ્રશ્યો શૂટ થયા હતા. કચ્છની ૫૬ ડિગ્રી ગરમી અને ધૂળના તોફાન વચ્ચે ટીમે કામ કર્યું. શૂટિંગ પૂરું થયાના એક અઠવાડિયા પછી આ વિસ્તારમાં વરસાદ આવ્યો હતો અને છ મહિના પછી ૨૦૦૧ના ભુજ ભૂકંપમાં ગામ બરબાદ થયું. ત્યારે અમીર ખાન અને સમગ્ર ટીમે રાહત કાર્ય માટે દાન આપ્યું અને કોટાય ગામને દત્તક પણ લીધું. લગાનમાં એલિઝાબેથ એટલે કે રશેલ શેલીએ ગુપ્ત રીતે ભુવન અને ગામવાસીઓને ક્રિકેટ શીખવ્યું હતું. ફિલ્મે ઓસ્કાર નોમિનેશન મેળવીને વૈશ્વિક ઓળખ મેળવી. ૨૫ વર્ષ બાદ પણ કુનારિયાને લોકો “લગાનનું ચંપાનેર” કહીને ઓળખે છે. તાજેતરમાં જૂનમાં ફિલ્મની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે ભારતમાં ત્રણ દિવસ માટે ફરીથી રિલીઝ કરવામાં આવી હતી અને અમીર ખાને મૂળ કલાકારો સાથે મોટું પુનર્મિલન યોજ્યું હતું. કચ્છની રેતીમાંથી જન્મેલી આ ફિલ્મ આજે પણ લોકોના દિલમાં જીવંત છે.

# સુપ્રીમ કોર્ટે ચારા કૌભાંડમાં લાલુની જામીન યથાવત રાખી, હાઈકોર્ટને બાકી અપીલ ઝડપથી પતાવવા નિર્દેશ

નવી દિલહી (એજન્સી દ્વારા) : સુપ્રીમ કોર્ટે ચારા કૌભાંડ કેસમાં લાલુ પ્રસાદ યાદવને મળેલા જામીનને યથાવત રાખ્યા છે. સાથે જ કોર્ટે ઝારખંડ હાઈકોર્ટને આ કેસમાં પેન્ડિંગ રહેલી અપીલોની સુનાવણી ઝડપથી પૂર્ણ કરવા માટે નિર્દેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું કે જામીન રદ કરવાનું હાલ કોઈ કારણ નથી, પરંતુ કેસને લાંબો સમય લંબાવવો પણ યોગ્ય નથી. એટલા માટે હાઈકોર્ટે બાકીની અપીલોનું વહેલી તકે નિરાકરણ લાવવું જોઈએ. આ નિર્ણય બાદ લાલુ યાદવને હાલ જેલમાં જવાની જરૂર નથી અને તેઓ જામીન પર જ રહેશે.

# આવકવેરા રિટર્નની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ: એક્સટેન્શનની આશા ન રાખો

નવી દિલ્હી (એજન્સી દ્વારા) : આ વર્ષે આવકવેરા વિભાગે સ્પષ્ટ કહ્યું છે કે ITR ભરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ ૨૦૨૬ છે અને એક્સટેન્શનની કોઈ શક્યતા નથી. અત્યાર સુધીમાં ૨૦૨૬-૨૭ માટે ૧.૭ કરોડથી વધુ ITR ફાઈલ થઈ ચૂક્યા છે અને એક જ દિવસમાં ૧૦ લાખથી વધુ રિટર્ન સબમિટ થયા છે. વિભાગ લોકોને વારંવાર યાદ અપાવી રહ્યો છે કે છેલ્લી ઘડીની ભીડ, ટેકનિકલ સમસ્યા અને ભૂલો ટાળવા માટે વહેલી તકે રિટર્ન ભરો.

છેલ્લી તારીખ ચૂકી જશો તો ૩૧ ડિસેમ્બર સુધી વિલંબિત રિટર્ન ફાઈલ કરી શકો છો, પરંતુ તેની સાથે દંડ લાગશે. આવક ૫ લાખ સુધી હોય તો ૧૦૦૦ રૂપિયા અને તેનાથી વધુ હોય તો ૫૦૦૦ રૂપિયા સુધીનો લેટ ફી ચૂકવો પડી શકે છે. આ ઉપરાંત જૂની કે નવી ટેક્સ વ્યવસ્થા પસંદ કરવાનો વિકલ્પ, નુકસાન કેરી ફોરવર્ડ કરવાની સુવિધા અને રિફંડમાં વિલંબ જેવી સમસ્યાઓ પણ આવે છે.

મોટાભાગના પગારદાર લોકો માટે ITR-1 સહજ ફોર્મ છે જે વાર્ષિક ૫૦ લાખ સુધીની આવક ધરાવતા લોકો માટે છે. જો તમારી પાસે કેપિટલ ગેઈન, વિદેશી આવક કે એકથી વધુ મકાનની આવક હોય તો ITR-૨ ભરવું પડશે. રિટર્ન પર ઓનલાઈન ભરી શકાય છે. ફોર્મ 26AS અને AIS માંથી આવેલી પ્રી-ફિલ્ડ માહિતી ચકાસીને જ સબમિટ કરવી જોઈએ. ટૂંકમાં કહીએ તો આ વખતે વિભાગ એક્સટેન્શન આપવાના મૂડમાં નથી. તેથી દંડ અને મુશ્કેલી ટાળવા માટે ૩૧ જુલાઈ પહેલા ફાઈલ કરી દેવું સૌથી સારો વિકલ્પ છે.

# ધોળાવીરામાંથી મળી આવેલી વિશ્વની સૌથી પ્રાચીન સાઇનબોર્ડની તસવીર કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલયે શેર કરી

ભુજ - કચ્છઉદય : કચ્છના સીમાવર્તી ખાવડા વિસ્તારના ખડીર બેટ પર આવેલું અને વૈશ્વિક વિરાસત તરીકે ખ્યાતિપ્રાપ્ત ઐતિહાસિક સ્થળ ધોળાવીરા ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તાજેતરમાં કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય દ્વારા ધોળાવીરામાંથી મળી આવેલી વિશ્વની સૌથી જૂની જાહેર સૂચના પટ્ટી (સાઈનબોર્ડ)ની એક વિશિષ્ટ તસવીર સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી છે. સિંધુ ખીણની સંસ્કૃતિના સમયગાળાની આ સૂચના પટ્ટી આશરે ૪૦૦૦ વર્ષ કરતાં પણ વધુ પ્રાચીન હોવાનું માનવામાં આવે છે.

ગુજરાતના કચ્છ જિલ્લામાં સ્થિત ધોળાવીરા એ હડપ્પીયન. સંસ્કૃતિનું એક અત્યંત સમૃદ્ધ, મોટું અને સુઆયોજિત નગર હતું. પ્રાચીન સમયમાં મહાસાગરના વ્યાપારી માર્ગો સાથે જોડાયેલું આ નગર તે જમાનામાં દરિયાઈ વેપારનું એક મુખ્ય કેન્દ્ર હતું. અહીં હાથ ધરવામાં આવેલા ઉત્ખનન દરમિયાન મળી આવેલા અવશેષો પ્રાચીન ઈજનેરી કળા, કિલ્લેબંધી, બેનમૂન નગર રચના અને અદ્યતન જળ વ્યવસ્થાપન (વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ)ની સાક્ષી પૂરે છે. આ ઐતિહાસિક મહત્વને ધ્યાને રાખીને વર્ષ ૨૦૨૧માં યુનેસ્કો દ્વારા ધોળાવીરાને ‘વર્લ્ડ હેરિટેજ સાઈટ’ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું.

ઐતિહાસિક વિગતો મુજબ, વર્ષ ૧૯૯૦-૯૧ દરમિયાન આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા નગરના ઉત્તર પ્રવેશદ્વાર પર કરવામાં આવેલા ઉત્ખનન દરમિયાન આ અનન્ય સૂચના પટ્ટી મળી આવી હતી. આ સાઈનબોર્ડ પર સિંધુ લિપિના ૧૦ મોટા ચિહ્નો અંકિત થયેલા છે, જેમાં પ્રત્યેક અક્ષરની ઊંચાઈ આશરે ૩૬ સેન્ટીમીટર છે. આ અક્ષરોને સફેદ જીપ્સમ (ચિરોડી)ના મિશ્રણથી તૈયાર કરવામાં આવ્યા હતા. સમય જતાં જે લાકડાના પાટિયા પર આ અક્ષરો જડવામાં આવ્યા હતા તે લાકડું તો નાશ પામ્યું, પરંતુ માટીમાં દબાયેલા આ ચિહ્નો તેની મૂળ સ્થિતિમાં અકબંધ મળી આવ્યા હતા.પુરાતત્વવિદો અને ઈતિહાસકારોના મતે, આ પટ્ટીનો ઉપયોગ નગરના મુખ્ય પ્રવેશદ્વારની ઓળખ આપવા અથવા કોઈ મહત્વપૂર્ણ વહીવટી સૂચના જાહેર કરવા માટે કરવામાં આવ્યો હશે. જોકે, સિંધુ ખીણની સંસ્કૃતિની રહસ્યમય લિપિ હજુ સુધી ઉકેલી શકાઈ ન હોવાથી, આ બોર્ડ પર ખરેખર શું લખ્યું છે તેનો ચોક્કસ અર્થ હજુ પણ એક વણઉકેલાયેલો કોયડો છે. કચ્છના ધોળાવીરામાંથી મળેલી આ ઐતિહાસિક કડી માત્ર ભારત માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે અત્યંત ગૌરવરૂપ છે; કારણ કે તે હડપ્પીયન સંસ્કૃતિના લોકોની સાક્ષરતા, ઉચ્ચ નગરજીવન અને જાહેર સંદેશાવ્યવહારની પદ્ધતિનો વિશ્વનો સૌથી પ્રાચીન અને જીવંત પુરાવો પૂરો પાડે છે.

# વીમા કંપનીના મોટા ખેલનો પર્દાફાશ: પોલિસીમાં ન હોય તેવી કલમ બતાવી ખેડૂતનો દાવો ફગાવ્યો, કોર્ટે ૪ લાખ ચૂકવવા કર્યો હુકમ!

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : રાજ્ય ગ્રાહક વિવાદ નિવારણ આયોગે ગ્રાહકો અને ખેડૂતોના હિતમાં એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. આયોગે સ્પષ્ટ કર્યું છે કે, વીમા કંપનીઓ કોઈ નક્કર કે કાયદેસરના પુરાવા વિના ગ્રાહકોના વીમા દાવા ફગાવી શકે નહીં. પોલિસીમાં જે જોગવાઈ અસ્તિત્વમાં જ ન હોય, તેનો આધાર લઈને દાવો નકારવો એ સેવામાં ગંભીર ખામી ગણાય. આ ટકોર સાથે રાજ્ય આયોગે વીમા કંપનીની અપીલ ફગાવીને જિલ્લા ગ્રાહક આયોગના આદેશને યથાવત રાખ્યો છે.


મૂળ બોટાદ (અગાઉ ભાવનગર) જિલ્લાના ગઢડા તાલુકાના રામપરા ગામના ખેડૂત બુધાભાઈ રણછોડભાઈ ગાબુનું જૂન-૨૦૧૬માં વીજ કરંટ લાગવાથી કરૂણ મૃત્યુ થયું હતું. ગઢડા કૃષિ ઉપજ બજાર સમિતિ દ્વારા ખેડૂત ખાતેદારો માટે જૂથ અકસ્માત વીમા પોલિસી લેવામાં આવી હતી. આ પોલિસી અંતર્ગત મૃતક ખેડૂતના વારસદારોને રૂ. ૪ લાખનો વીમો મળવાપાત્ર હતો. જોકે, વીમા કંપનીએ એવો આક્ષેપ કર્યો હતો કે મૃતક ખેડૂતે ગેરકાયદે વીજ જોડાણ લીધું હતું, તેથી પોલિસીની અપવાદરૂપ જોગવાઈ મુજબ આ દાવો મંજૂર કરી શકાય નહીં તેમ કહી ક્લેમ ફગાવી દીધો હતો.

જૂન-૨૦૧૬માં ખેડૂત બુધાભાઈ ગાબુ પોતાના ઘરની અગાસી પર પાણીનો છંટકાવ કરી રહ્યા હતા. આ દરમિયાન ઈલેક્ટ્રિક મોટર સાથે જોડાયેલી પાઈપ નીકળી જતાં, તેને ફરીથી ફિટ કરવાનો પ્રયાસ કરતી વખતે તેમને અચાનક વીજ કરંટ લાગ્યો હતો. તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. પોલીસ પંચનામું અને પોસ્ટમોર્ટમ રિપોર્ટ સહિતના તમામ સરકારી દસ્તાવેજોમાં આ મૃત્યુ અકસ્માતજન્ય હોવાનું સાબિત થયું હતું. જિલ્લા ગ્રાહક આયોગના મેમ્બર જજ પ્રિતી શાહ અને પ્રિસાઈડીંગ મેમ્બર એ.સી. રાવલે અગાઉ ખેડૂત પરિવારની તરફેણમાં ચુકાદો આપીને વીમા કંપનીને રૂ. ૪ લાખ સાત ટકાના વ્યાજ સાથે ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ આદેશ સામે વીમા કંપનીએ રાજ્ય આયોગમાં અપીલ કરી હતી.

રાજ્ય ગ્રાહક આયોગે સુનાવણી દરમિયાન નોંધ્યું કે, પોલીસ પંચનામું અને પીએમ રિપોર્ટ અકસ્માતની પુષ્ટિ કરે છે. વીમા કંપનીએ દાવો ફગાવવા માટે જે ‘એક્સક્લુઝન (એચ)’ કલમનો ઉલ્લેખ કર્યો હતો, તેવી કોઈ કલમ મૂળ વીમા પોલિસીમાં અસ્તિત્વમાં જ નથી! વીમા કંપનીએ રજૂ કરેલા પીજીવીસીએલ (સ્ક્વૉડ)ના પંચનામાને આયોગે રેકોર્ડ પર લેવાનો ઈનકાર કર્યો હતો.

રાજ્ય આયોગે ચુકાદામાં મહત્ત્વપૂર્ણ અવલોકન કરતાં જણાવ્યું હતું કે, પોલિસીની અપવાદરૂપ જોગવાઈઓ લાગુ કરવા માટે માત્ર કાયદાનો ટેકનિકલ ભંગ પૂરતો નથી, પરંતુ તેની પાછળ વ્યક્તિનો ગુનાહિત ઈરાદો સાબિત કરવો પણ જરૂરી છે. આ કેસમાં વીમા કંપની આવો કોઈ પુરાવો રજૂ કરી શકી નથી, તેથી કંપનીનો ઈનકાર કાયદેસર રીતે ટકી શકે તેમ નથી. અંતે, રાજ્ય ગ્રાહક આયોગે વીમા કંપનીની અપીલને સદંતર ફગાવી દીધી છે અને જિલ્લા આયોગના વળતરના આદેશને બહાલ રાખવાની સાથે, ફરિયાદી ખેડૂત પરિવારને કાનૂની ખર્ચ પેટે વધારાના રૂ.૧૦,૦૦૦ ચૂકવવાનો પણ વીમા કંપનીને આદેશ કર્યો છે. આ ચુકાદાથી ગ્રાહકોના અધિકારો વધુ મજબૂત થયા છે.

# કવિ કલાવૃંદ સાહિત્ય સંસ્થાની બેઠક યોજાઈ



ભુજ - કચ્છઉદય : કવિ કલા વૃંદ સાહિત્ય સંસ્થાના ઉપક્રમે કાવ્ય પઠન અને પ્રસંગ ઉજવણીની બેઠક દિલીપ આચાર્યના પ્રમુખ સ્થાને કરવામાં આવી હતી, જેમાં મગનભાઈ ઠક્કર, પ્રવીર ધોળકિયા, ખુશ્બુ સરવૈયા, જ્યોતિ ગોહિલે સ્વરચિત રચનાઓ રજૂ કરી હતી, જેમાં પુનિતાબેન મુન્સી, ફાલ્ગુની રાજગોર, હીરવા, મહેક પટેલ, દીક્ષાબા, ઉષાબેન, ખુશી, પારુલ સોની વિગેરે હાજર રહ્યા હતા. આ પ્રસંગે સાંસદ આયોજિત કાર્નિવલમાં ભાગ લેવા માટે તલવાર બાજી અને લાઠી દાવમાં ભાગ લેનાર બહેનોની પ્રેક્ટિસ કરવામાં આવી હતી, જેમાં જ્યોતિબેન ગોહિલે સેવા આપી હતી.

# ભુજમાં સ્વાસ્થ્યનું પાવર હાઉસ યોગ સેમિનારનું આયોજન કરાયું



ભુજ - કચ્છ ઉદય : ઉમા યોગ કેન્દ્ર દ્વારા સ્વાસ્થ્યનું પાવર હાઉસ યોગ સેમિનારનું દીપ પ્રાગટ્ય યોગગુરૂ કમલકાંતભાઈ, યોગ ટીચરો અને લાયોનેસ કલબના હોદ્દેદારો કરવામાં આવ્યું હતું. મનીષા, જેલમ, જિજ્ઞા યોગ ટીચરો દ્વારા પ્રાણાયામ, ઝુમ્બા, પવન મુક્તાસન અને રમતો રમાડવામાં આવી હતી. બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો. દરરોજ યોગના વિવિધ પ્રકારના આયામો કરાવવામાં આવે છે. લાયોનેસ પ્રમુખ રીટાબેન મહેતા, મંત્રી હર્ષાબેન મહેતા ઉમા યોગ દ્વારા સાલથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ કલબ દ્વારા યોગ કેન્દ્રને પ્રોજેક્ટ માટે અનુદાન આપવામાં આવ્યું હતું. સંચાલન અને આભારવિધિ ભાવનાબેન ઝવેરી દ્વારા કરવામાં આવી હતી.

# ભુજ પોલિટેક્નિકના પૂર્વ વ્યાખ્યાતા જગદીશભાઈ જોશી ગુજરાત યુનિ.ના કાર્યકારી કુલપતિ બન્યા



ભુજ - કચ્છ ઉદય : પોલિટેકનિક કોલેજના જનરલ વિભાગના ભૂતપૂર્વ અંગ્રેજીના વ્યાખ્યાતા જગદીશભાઈ જોશીને તા.૧/૭ થી ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિની જવાબદારી સોપાતા કચ્છ જિલ્લાના પોલિટેકનિકલ કર્મચારીગણ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમને આ પદ મળતા તેઓએ કચ્છ જિલ્લાનું અને પોલિટેકનિક કોલેજનું ગૌરવ વધારેલ છે. આ નિમણૂક થતાં સંસ્થાના પૂર્વ કર્મચારીગણ પ્રથમ પ્રિન્સિપાલ એમ.આર.બુચ, હેડ કલાર્ક કે.ડી.નાયક, એમ.વી.માંડલીયા, ઈશ્વરસિંહ ઝાલા, રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા વિભાકરભાઈ અંતાણી, વિભાગ ૪ ના સેવક ડી.કે.મનવર, અરવિંદભાઈ ગોર વગેરે અભિનંદન પાઠવ્યા હતા. તેમજ આચાર્ય જી.ડી.લાખણીએ પણ કોલેજ વતી શુભેચ્છા પાઠવી હતી.

# ભારતીય વંશના ‘નાસા’ એસ્ટ્રોનોટ અનિલ મેનન આજે આઠ માસ માટે અંતરિક્ષમાં જશે

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટનઃ ભારતીય વંશના ‘નાસા’ના એસ્ટ્રોનોટ અનિલ મેનન તેઓ પહેલું સ્પેસ મિશન મંગળવારે શરૂ કરશે અને આઠ મહિના સુધી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં રહેશે. અનિલ મેનન રશિયાના રોસકોસ્પોસ સોયુઝ એમ. એસ. ૨૯ સ્પેસક્રાફ્ટ દ્વારા કઝાખસ્તાન સ્થિત બૈકનૂર-કોસ્મોડ્રોમ દ્વારા અંતરિક્ષમાં જશે. તેઓની સાથે રશિયાના બે અંતરિક્ષ યાત્રીઓ પીયોટર ડુબ્રોવ અને આન્ના કીકીના પણ તે યાનમાં હશે.

ભારતીય મૂળના અનિલ મેનન ઈમર્જન્સી મેડીસીન ફીઝીશ્યન છે. તેઓએ અમેરિકાના સ્પેસ ફોર્સમાં કર્નલ તરીકેની પણ ફરજ બજાવી છે. તેઓ તબીબી વિજ્ઞાની હોવાથી તેઓની પસંદગી કરવામાં આવી છે. ૪૯ વર્ષના મેનન અંતરિક્ષમાં પણ આરોગ્ય વિષયક ઉપસ્થિત થતા પ્રશ્નો ઉકેલવા પ્રયત્ન કરશે. આ સ્પેસ ક્રાફ્ટ તેઓને માટે ઓર્બેટિંગ લેબોરેટરી બની રહેશે. તેમાં તેઓ વધુ સંશોધનો પણ કરશે, જેનો હેતુ ઊંડા અવકાશમાં ભવિષ્યમાં ઊભી થનારી આરોગ્ય વિષયક મુશ્કેલીઓ દૂર કરવાનો રહેશે.

અમેરિકાનાં મીનીયા મોબિસમાં ભારતીય પિતા અને યુક્રેની માતાનાં સંતાન તેવા મેનનની કારકિર્દી પણ ભાતીગળ છે. તેઓએ મેડીસીન મીલીટરી અને સ્પેસ ઓપરેશન જેવા ક્ષેત્રોમાં કાર્યવાહી કરી છે. નાસામાં જોડાયા પૂર્વે તેઓ અમેરિકન એરફોર્સમાં હતા. અને અફઘાનિસ્તાનમાં અમેરિકાએ હાથ ધરેલા ‘ઓપરેશન ફ્રીડમ‘માં ફ્રન્ટ-લાઈનમાં સેવા આપી હતી. તેઓ હીમાલયન રેસ્ક્યુ એસોસીએશનમાં કામગીરી બજાવી છે, અને જે પર્વતારોહકો - માઉન્ટ એવરેસ્ટ ચઢવા જતાં હતા તેમની મેડીકલ કેર પણ રાખી હતી.

મેનને ભારત સાથે પણ સંબંધો જાળવી રાખ્યા છે. તેઓએ ‘રોટરી એમ્બેસેડરમાં સ્કોલર’ તરીકે ‘પોલિયો વેક્સિન’ ઝુંબેશમાં એક વર્ષ સુધી સેવા આપી હતી. ૨૦૨૧નું વર્ષ તેમણે ભારતમાં ગાળ્યું હતું. તેઓનાં પત્ની આન્ના વિલ્હેમ સપ્ટે. ૨૪માં સ્પેસ એક્સના પોલારિસ ડોન મિશન દ્વારા પાંચ દિવસ અંતરિક્ષમાં રહ્યાં હતા.

# ગુજરાતમાં વાહનચાલક વિદ્યાર્થી માટે વાલીની અરજી અને ડ્રાઇવિંગ લાઇસન્સની નકલ જમા કરાવવી ફરજીયાત

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ: ગુજરાતના વિવિધ શહેરોમાં શાળાએ જતા વિદ્યાર્થીઓમાં ટુ વ્હિલરનો ક્રેઝ વધ્યો છે. આર્થિક રીતે સધ્ધર પરિવારોના યુવકો મોપેડ કે સ્કૂટર લઈને સ્કૂલએ આવી રહ્યા છે. આ સ્થિતીમાં તેમની સુરક્ષા મહત્વની બની રહે છે. જો કે સતત વધતો જતો વાહન વ્યવહાર અને સગીર વયના વિદ્યાર્થીઓ દ્વારા થતા ગંભીર અકસ્માતો તેમજ મોતના દુઃખદ કિસ્સાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટ દ્વારા ગુજરાતની તમામ ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓના સંચાલકોને એક અપીલ કરવામાં આવી છે. આ સુરક્ષા પગલાના ભાગરૂપે મહામંડળના પ્રમુખએ સૂચન કર્યું હતું કે, જો કોઈ વિદ્યાર્થી વાહન લઈને શાળાએ આવે તો તેની પાસેથી વાલીની લેખિત અરજી અને ડ્રાઈવિંગ લાઈસન્સની નકલ મેળવીને શાળાના દફતરે (રેકોર્ડ પર) રાખવી જોઈએ. આવા નિયમબદ્ધ વિદ્યાર્થીઓને શાળા શરૂ થવાના અને છૂટવાના સમયની નોંધ સાથે જ મંજુરી આપવામાં આવે તેવો અનુરોધ મહામંડળે કર્યો હતો.

# ભુજ નાગર જ્ઞાતિમાં ધો.૧૦માં પ્રથમ અક્ષ છાયાનું બહુમાન



ભુજ - કચ્છ ઉદય : વડનગરા નાગર મંડળ, ભુજ દ્વારા યોજાએલ ૧૧૦ મા વાર્ષિકોત્સવ (મેળાવડા) માં ભુજ નાગર જ્ઞાતિમાં પ્રથમ ક્રમ મેળવનાર અક્ષ ધૈર્ય છાયાને સ્મારક પુરસ્કાર રૂ. ૬૭૦૦, શિલ્ડ અને ખાસ ગિફ્ટ આપી બહુમાન કરવામાં આવ્યું હતું. તેઓ લેખક સંશોધક જગદીશચંદ્ર છાયાના પૌત્ર છે. અગાઉ ભુજ હાટકેશ સેવા મંડળ દ્વારા અક્ષને શિલ્ડ, રોકડ પુરસ્કાર અને કેરા ખાતે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અને કેરા કુંદનપર શિક્ષણ ટ્રસ્ટ દ્વારા પ્રમાણપત્ર સાથે ચંદ્રક મળ્યાની ઘટના સાથે ભુજ વડનગરા નાગર વ્યવસ્થાપક મંડળ દ્વારા જ્ઞાતિ મિલન સમુહ હરખ ભોજન ગાયત્રી યજ્ઞનું આયોજન નોંધનીય છે.

# ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ : સેમિફાઇનલમાં આજે ફ્રાન્સ અને સ્પેન ટકરાશે

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ૪૮ ટીમોથી શરૂ થયેલા ફિફા વર્લ્ડ કપમાં હવે ફક્ત ચાર ટીમો બાકી છે: ફ્રાન્સ, સ્પેન, ઈંગ્લેન્ડ અને આર્જેન્ટિના. આ ચારમાંથી ફક્ત બે જ ફાઈનલમાં પહોંચશે, અને આ બે મુખ્ય સેમિફાઈનલ મેચો દ્વારા નક્કી કરવામાં આવશે.

ટુર્નામેન્ટની પહેલી સેમિફાઈનલ સ્પેન અને ફ્રાન્સ વચ્ચે ડલ્લાસમાં રમાશે. સ્પેનના યુવા વિંગર લેમિન યમાલે પહેલેથી જ દાવો કર્યો છે કે તેમની ટીમ ફ્રાન્સને હરાવી દેશે અને ફ્રાન્સે તેમનાથી સાવધ રહેવું જોઈએ. જોકે, કોઈપણ રમત જીતવા માટે મેદાન પર શ્રેષ્ઠતાની જરૂર છે, અને ફ્રાન્સની અત્યાર સુધીની સફર શ્રેષ્ઠતાથી ભરેલી છે.

પેરાગ્વે સિવાય કોઈ પણ ટીમ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ફ્રાન્સને મુશ્કેલીમાં મૂકી શકી નથી. તેઓએ દરેક મેચ પ્રમાણમાં સરળતાથી જીતી છે, જ્યારે સ્પેન માટે પણ એવું જ કહી શકાય નહીં. તેમની સફર કેપ વર્ડે સામે ડ્રો સાથે શરૂ થઈ હતી અને તેઓએ તેમની છેલ્લી બે નોકઆઉટ મેચ જીતવા માટે પણ સખત મહેનત કરી છે. એ જોવું રસપ્રદ રહેશે કે શું સ્પેનિશ ટીમ આખરે આ મોટી મેચમાં તેમના ટોપ ગિયરને ફટકારી શકશે કે પછી તેઓ આ વખતે પણ કોઈક રીતે સરકી જશે.

સ્પેને તેમના ટોપ ગિયર સાથે ફ્રાન્સ પર બ્રેક લગાવવાની તૈયારી કરવી પડશે. ફ્રેન્ચ ટીમ આ વર્લ્ડ કપમાં પોતાની ઈચ્છા મુજબ ગોલ કરી રહી છે. કાયલિયન એમબાપ્પે (આઠ ગોલ, ત્રણ આસિસ્ટ), ઓસ્માન ડેમ્બેલે (પાંચ ગોલ, બે આસિસ્ટ) અને માઈકલ ઓલિસેહ (પાંચ આસિસ્ટ) ની કારીગરી કાબુમાં રાખવી અત્યંત મુશ્કેલ રહેશે.

સ્પેનના બચાવે આ વર્લ્ડ કપમાં અત્યાર સુધી અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે, છ મેચમાં ફક્ત એક ગોલ ગુમાવ્યો છે. સ્પેન અને ફ્રાન્સ ઉપરાંત, આખી દુનિયા આ મેચને બેફિકરાઈથી જોશે, કારણ કે તેઓ ચોક્કસપણે




કેટલાક ઉત્તમ ફૂટબોલ જોશે, પછી ભલે કોણ જીતે. જો કે, આ દેશોના ચાહકો નિઃશંકપણે ખાતરી કરવા માટે ઉત્સુક હશે કે તેમની ટીમ આટલા આગળ પહોંચ્યા પછી કોઈ મોટી ભૂલ ન કરે.

કાયલિયન એમબાપ્પે ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬ માં ફ્રાન્સની વ્યૂહરચનામાં કેન્દ્ર સ્થાને છે. ઝડપથી આગળ વધવાની અને સરળતાથી તકો પૂરી કરવાની તેમની ક્ષમતા ફ્રાન્સને ખૂબ ફાયદો કરાવી રહી છે. આ ટીમ આક્રમક ફૂટબોલ રમે છે અને સાથે સાથે ઝડપી વળતા હુમલા પણ કરે છે. ઓસ્માન ડેમ્બેલે અને માઈકલ ઓલિસેહ જેવા વિંગર્સ તેમની કલાત્મકતા અને સચોટ પાસિંગ/ક્રોસિંગથી એમબાપ્પેનું કામ સરળ બનાવે છે. બે સેન્ટ્રલ મિડફિલ્ડર્સ, મનુ કોને અને એડ્રિયન રાબિઓ, તેમનું કામ કુશળતાપૂર્વક કરી રહ્યા છે. તેઓ ફક્ત તેમની ટીમના આક્રમણને જ ટેકો આપતા નથી, પરંતુ વિરોધી ટીમને તોડવામાં પણ માહિર છે. ટીમો ઘણીવાર વિરોધી ટીમને તેમના ફાયદા પર નિર્માણ કરવાની મંજૂરી આપે છે, પરંતુ પછી, બોલ પ્રાપ્ત કર્યા પછી, બુલેટ ગતિથી વળતો હુમલો કરે છે.

એમબાપ્પે, ડેમ્બેલે અને ઓલિસેહની ત્રિપુટી સ્પેન માટે એક મહત્વપૂર્ણ પડકાર ઉભો કરશે. આ ત્રણેયમાં વ્યક્તિગત રીતે કોઈપણ ટીમને વિક્ષેપિત કરવાની ક્ષમતા છે, અને જ્યારે સંયુક્ત રીતે, તેઓએ વિનાશ સર્જ્યો છે. ફ્રાન્સે આ વર્લ્ડ કપમાં અત્યાર સુધીમાં કુલ ૧૬ ગોલ કર્યા છે, જેમાંથી તેર એમબાપ્પે અને ડેમ્બેલેને આભારી છે. આ ત્રણેયે આમાંથી દસ ગોલમાં પણ મદદ કરી છે. આ ટુર્નામેન્ટમાં એકલા ઓલિસે પાંચ આસિસ્ટ કર્યા છે, જેનો અર્થ છે કે તે ફક્ત પોતે ગોલ જ નહીં પરંતુ અન્ય ખેલાડીઓ માટે તકો પણ બનાવે છે. સ્પેને તેનાથી સાવધ રહેવું પડશે. જ્યારે આ ટુર્નામેન્ટમાં દરેક વ્યક્તિ ફ્રાન્સના આક્રમણની પ્રશંસા કરી રહી છે, ત્યારે કોઈ એ વાત પર ધ્યાન આપી રહ્યું નથી કે ટીમે આખી ટુર્નામેન્ટમાં ફક્ત બે ગોલ ગુમાવ્યા છે, સ્પેને તેમના ગોલકીપર, માઈક મેનિયનને હરાવવાના રસ્તા શોધવા પડશે.

## ભારતની પ્લેઇંગ ઇલેવનની પસંદગી કેપ્ટન - કોચ માટે પડકારજનક

(એજન્સી દ્વારા)

બર્મિંઘમ : ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણીની પહેલી મેચ ૧૪ જુલાઈ મંગળવારના બર્મિંઘમના એજબેસ્ટન મેદાન ખાતે રમાશે. રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા અનુભવી ખેલાડીઓ સાથે ભારતીય ટીમ મજબૂત દેખાય છે, પરંતુ કેપ્ટન શુભમન ગિલ અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર પ્લેઈંગ ઈલેવન પસંદ કરવામાં પડકારનો સામનો કરશે. સૌથી મોટો પ્રશ્ન કુલદીપ યાદવ અને વોશિંગ્ટન સુંદરને લઈને છે.



ટીર૦ની જેમ વનડે ટીમમાં સ્થાન માટે ખેલાડીઓમાં વધુ સ્પર્ધા નથી. વૈભવ સૂર્યવંશી જેવા યુવા ખેલાડીઓ પણ પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવવાની રાહ જોઈ રહ્યા નથી. આમ છતાં ગૌતમ ગંભીર ટીમ કોમ્બિનેશન અંગે મૂંઝવણનો સામનો કરી રહ્યા છે, જ્યાં ખોટો નિર્ણય ટીમ ઇન્ડિયા માટે મોંઘો સાબિત થઈ શકે છે.

બેટિંગ ઓર્ડર લગભગ ફાઈનલ થઈ ગયો હોય તેવું લાગે છે. યશસ્વી જયસ્વાલે અફઘાનિસ્તાન સામેની છેલ્લી વનડેમાં ઈનિંગની શરૂઆત કરી હતી, પરંતુ તે ઈંગ્લેન્ડ શ્રેણી માટે ટીમનો ભાગ નથી. પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીની ટીમમાં વાપસી થઈ છે અને નંબર ૩ પર રમવા માટે તૈયાર છે. પરિણામે ઈશાન કિશનને પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર રાખવામાં આવશે.

રોહિત શર્મા અને કેપ્ટન શુભમન ગિલ આ મેચમાં ઈનિંગની શરૂઆત કરે તેવી શક્યતા છે. વિરાટ કોહલી, શ્રેયસ ઐયર અને કેએલ રાહુલ ત્યારબાદ મિડલ ઓર્ડર સંભાળશે. શ્રેયસ અને રાહુલ વનડે ક્રિકેટમાં ક્રમશઃનંબર ૪ અને નંબર ૫ પર ભારતના સૌથી વિશ્વસનીય બેટ્સમેનોમાંના એક છે. જોકે ગૌતમ ગંભીર મુખ્ય કોચ બન્યા પછી રાહુલના બેટિંગ ઓર્ડરમાં ઘણા ફેરફારો જોવા મળ્યા છે. તેથી તે જોવું રસપ્રદ રહેશે કે તેને ઈંગ્લેન્ડ સામે કયા સ્થાન પર મેદાનમાં ઉતારવામાં આવે છે.

અક્ષર પટેલને પરિસ્થિતિના આધારે નંબર ૫ અથવા નંબર ૬ પર મોકલવામાં આવી શકે છે. ભારતીય બેટિંગ ક્રમમાં જમણા હાથના બેટ્સમેનોની સંખ્યા વધુ હોવાથી અક્ષર ટીમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ઝડપી બોલિંગ વિભાગ અંગેનું ચિત્ર પણ સ્પષ્ટ છે. જસપ્રીત બુમરાહ લાંબા સમય પછી વનડે ટીમમાં પરત ફરી રહ્યો છે. તે ૨૦૨૩ વનડે વર્લ્ડ કપ ફાઈનલ પછી પહેલી વાર આ ફોર્મેટમાં ભારત માટે મેદાનમાં રમશે.

## પ્રથમ વનડે માટે ઈંગ્લેન્ડની ટીમ જાહેર

(એજન્સી દ્વારા)

બર્મિંઘમ : ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચોની વનડે સિરીઝનો પ્રથમ મુકાબલો ૧૪ જુલાઈ (મંગળવાર)ના રોજ બર્મિંઘમના એજબેસ્ટન મેદાન પર રમાશે. ભારતીય સમય અનુસાર બપોરે ૩:૩૦ વાગ્યે શરૂ થનારી આ મેચ માટે ઈંગ્લેન્ડે પોતાની મજબૂત પ્લેઈંગ-૧૧ની જાહેરાત કરી દીધી છે. તાજેતરમાં રમાયેલી ટીર૦ સિરીઝ ૪-૦થી જીત્યા બાદ ઈંગ્લેન્ડની નજર હવે વનડે સિરીઝમાં પણ ટીમ ઈન્ડિયા પર દબદબો જાળવી રાખવા પર રહેશે.

આ મેચમાં મેદાન પર ઉતરતાની સાથે જ સ્ટાર વિકેટકીપર બેટ્સમેન જોસ બટલર પોતાના વનડે ઈન્ટરનેશનલ કરિયરની ૨૦૦મી મેચ રમવાની મોટી સિદ્ધિ પોતાના નામે કરી લેશે.




બટલરે ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૨ના રોજ પાકિસ્તાન સામે ડેબ્યૂ કર્યું હતું અને ત્યારથી તેઓ પોતાની વિસ્ફોટક બેટિંગથી ટીમ માટે મેચ વિનર સાબિત થયા છે. ટીર૦ સિરીઝની છેલ્લી મેચમાં પણ બટલરનું બેટ જોરદાર ચાલ્યું હતું, જેથી મિડલ ઓર્ડરમાં તેઓ ઈંગ્લેન્ડની સૌથી મોટી તાકાત રહેશે.

ઈંગ્લેન્ડની આ ટીમમાં અનુભવી ખેલાડીઓ જો રૂટ અને જોફ્રા આર્ચરની સાથે યુવા ખેલાડીઓને પણ સ્થાન અપાયું છે. જેકબ બેથેલ ઓપનિંગમાં બેન ડકેટનો સાથ આપશે. જ્યારે તેજ બોલિંગ આક્રમણમાં જોશ ટંગ વનડે ક્રિકેટમાં પોતાનું ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. ટંગ આ પહેલા ટેસ્ટ અને ટીર૦ રમી ચૂક્યો છે. ઝડપી બોલિંગમાં તેને જોફ્રા આર્ચર અને સેમ કરનનો સાથ મળશે, જે એજબેસ્ટનની પરિસ્થિતિમાં ભારતીય બેટ્સમેનો માટે મુશ્કેલ પડકાર ઊભો કરી શકે છે.


ઈંગ્લેન્ડે પોતાની પ્લેઈંગ-૧૧માં બેટિંગ સાથે બોલિંગના પણ ઘણા વિકલ્પો રાખ્યા છે. સેમ કરન અને વિલ જેક્સ ઓલરાઉન્ડરની ભૂમિકા નિભાવશે. વળી, સ્પિન બોલિંગમાં વિલ જેક્સની સાથે લિયામ ડોસન અને આદિલ રાશિદ ભારતીય બેટ્સમેનોની કસોટી કરશે. ખાસ કરીને મિડલ ઓવર્સમાં અનુભવી આદિલ રાશિદની ભૂમિકા ખૂબ જ મહત્વની સાબિત થશે.

પ્રથમ વનડે માટે ઈંગ્લેન્ડની પ્લેઈંગ-૧૧ માં જેકબ બેથેલ, બેન ડકેટ, જો રૂટ, હેરી બ્રૂક (કેપ્ટન), જોસ બટલર (વિકેટકીપર), સેમ કરન, વિલ જેક્સ, જોફ્રા આર્ચર, લિયામ ડોસન, જોશ ટંગ અને આદિલ રાશિદનો સમાવેશ કરાયો છે.

## ન્યુઝીલેન્ડે બીજી વનડેમાં વેસ્ટ ઈન્ડિઝને હરાવીને શ્રેણી ૧-૧થી બરાબર કરી

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : જ્યારે વિકેટ બોલરો માટે અનુકૂળ હોય છે અને વિકેટો સતત પડી રહી હોય છે, ત્યારે દરેક ટીમને એવા બેટ્સમેનની જરૂર હોય છે જે પરિસ્થિતિનો અંદાજ લગાવી શકે અને ટીમને જીતવામાં મદદ કરી શકે. ન્યુઝીલેન્ડના ટોમ લેથમે તે જ કર્યું છે. તેમની અણનમ ૩૭ રનની ઈનિંગે ન્યૂઝીલેન્ડને બીજી વનડેમાં વેસ્ટ ઈન્ડીઝને હરાવવામાં અને શ્રેણી ૧-૧ થી બરાબર કરવામાં મદદ કરી. ન્યૂઝીલેન્ડના બોલરોએ ભારે તબાહી મચાવી, અને પછી વેસ્ટ ઈન્ડીઝના બોલરો પણ ટકી શક્યા નહીં. જેડન લેનોક્સે પાંચ વિકેટ લીધી, વેસ્ટ ઈન્ડીઝને ૩૬ ઓવરમાં ૧૩૮ રન પર રોકી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવી. કિવીઓ તે રન પણ બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા, અને જો



લેથમે ક્રીઝ પર ટકી શકયતા ન હોત તો તો વેસ્ટ ઈન્ડીઝ જીતી શક્યું હોત. ન્યૂઝીલેન્ડે ૩૨.૪ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી. ગિયાનાના પ્રોવિડન્સ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતી વેસ્ટ ઈન્ડિઝની ટીમે સતત વિકેટ ગુમાવી. જોકે, તેમની પહેલી વિકેટ ૧૧મી ઓવરના ચોથા બોલ પર પડી અને પરિણામે ૩૬મી ઓવરના છેલ્લા બોલ પર પતન અટકી ગયું. ટીમે અકીમ ઓગસ્ટેના રૂપમાં પોતાની પહેલી વિકેટ ગુમાવી, જે માઈકલ બ્રેસવેલના હાથે કેચ આઉટ થયો. તેણે ૧૮ રન બનાવ્યા. કેમ્પબેલ ટીમ તરફથી સૌથી વધુ ૪૩ રન બનાવીને સૌથી વધુ રન બનાવ્યો. તેણે પોતાની ઈનિંગમાં ૪૧ બોલનો સામનો કર્યો અને ચાર ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો.

## વૈભવ સૂર્યવંશીએ યુવરાજ સિંહને ગણાવ્યો પોતાનો આદર્શ



(એજન્સી દ્વારા)


નવીદિલ્હી : ક્રિકેટ જગતમાં જ્યારે યુવા પ્રતિભાઓ અને દિગ્ગજ ખેલાડીઓનું મિલન થાય છે, ત્યારે રમતપ્રેમીઓ માટે તે પળો અદભૂત બની જાય છે. આવી જ એક શાનદાર અને યાદગાર ક્ષણ લંડનથી સામે આવી છે. ભારતીય ક્રિકેટના દિગ્ગજ પૂર્વ ઓલરાઉન્ડર યુવરાજ સિંહ અને તાજેતરમાં જ પોતાની સનસનાટીભરી બેટિંગથી હેડલાઈન્સમાં આવેલો યુવા ક્રિકેટર વૈભવ સૂર્યવંશી લંડનમાં પ્રથમ વખત એકબીજાને મળ્યા હતા. આ ખાસ મુલાકાત દરમિયાન ભારતીય ટીમના અન્ય એક વિસ્ફોટક બેટ્સમેન અભિષેક શર્મા પણ હાજર રહ્યો હતો, જે હાલમાં યુવીની દેખરેખ હેઠળ પોતાની રમતને વધુ ધારદાર બનાવી રહ્યો છે. આ મુલાકાત કોઈ સામાન્ય ક્રિકેટ ગ્રાઉન્ડ કે પ્રેક્ટિસ સેશન દરમિયાન નહોતી થઈ, પરંતુ લંડનમાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત ટેનિસ ટૂર્નામેન્ટ વિમ્બલ્ડન ૨૦૨૬ના મેદાન પર થઈ હતી.

## કેપ્ટન શુભમન ગિલે આઈસીસીની નવી યોજનાની ટીકા કરી

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : ટેસ્ટ અને વન-ડે ફોર્મેટ માટે ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલે વન-ડે ફોર્મેટને ૪૦ ઓવર સુધી ઘટાડવાના વિચારને સ્પષ્ટપણે નકારી કાઢ્યો. તેના બદલે, તેમણે આ સંઘર્ષશીલ ફોર્મેટને પુનર્જીવિત કરવા માટે વધુ ત્રિકોણીય શ્રેણી અથવા ચાર રાષ્ટ્રોની શ્રેણીનું આયોજન કરવાનું સૂચન કર્યું હતું.

ટીર૦ અને ફ્રેન્ચાઈઝ-મોડલ ક્રિકેટના પ્રસાર વચ્ચે વન-ડેનું અસ્તિત્વ જોખમમાં છે. એડિનબર્ગમાં તાજેતરમાં મળેલી આઈસીસી વાર્ષિક બેઠક દરમિયાન ૪૦ ઓવરના વન-ડે ફોર્મેટમાં શિફ્ટ થવાની શક્યતા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. મંગળવારે ઈંગ્લેન્ડ સામે ભારતની




પ્રથમ વન-ડે પહેલા, જ્યારે ૫૦ ઓવરના ક્રિકેટના ભવિષ્ય વિશે પૂછવામાં આવ્યું, ત્યારે ગિલે કહ્યું કે તેઓ માનતા નથી કે તેને ૪૦ ઓવર સુધી ઘટાડવી જોઈએ. તેમણે ફોર્મેટમાં જાહેર રસ વધારવા માટે ત્રિકોણીય અને ચતુર્ભુજ શ્રેણીની હિમાયત કરી હતી. ૨૦૦૦ ના દાયકાના મધ્ય સુધી આવી શ્રેણી સામાન્ય હતી. ૨૦૨૭ વન-ડે વર્લ્ડ કપ વિશે બોલતા, ગિલે ભારપૂર્વક જણાવ્યું હતું કે તૈયારી મહત્વપૂર્ણ છે. "અમારું વિચાર એ છે કે દક્ષિણ આફ્રિકામાં આપણે જે ટીમ સંયોજનો અને પિચની સ્થિતિનો સામનો કરીએ છીએ તે અહીં આપણે જે રમીએ છીએ તેના જેવી જ હશે."

## ફેન સાથેના વર્તનને લઈને દિગ્ગજ અભિનેતાની સોશિયલ મીડિયા પર થઈ ભારે ટીકા

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલીવૂડના દિગ્ગજ અભિનેતા અને સાંસદ શત્રુઘ્ન સિંહા હાલમાં સોશિયલ મીડિયા પર તેમના એક વીડિયોને લઈને ભારે વિવાદમાં ઘેરાઈ ગયા છે. અભિનેત્રી આકાંક્ષા રંજન કપૂર અને ફિલ્મમેકર શરણ શર્માના વેડિંગ રિસેપ્શન દરમિયાનનો તેમનો એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ એક ફેન સાથે કરેલા વર્તનને કારણે લોકોના રોષનો ભોગ બન્યા છે.

વાત જાણે એમ છે કે હાલમાં જ યોજાયેલા આકાંક્ષા અને શરણના રિસેપ્શનમાં શત્રુઘ્ન સિંહા પોતાની પત્ની પૂનમ અને પુત્રી સોનાક્ષી સિંહા સાથે પહોંચ્યા હતા. એ સમયે એક ફેન તેમની સાથે ફોટો પડાવવા માટે આવ્યો હતો. ફોટો પડાવતી વખતે તે ફેન્સ ઉત્સાહમાં આવીને પોતાની આંગળીઓથી 'વિક્ટરી' (V)



સાઈન બનાવી હતી. આ જોઈને શત્રુઘ્ન સિંહા કંઈક અંશે ચીડાઈ ગયા હોય તેવું લાગ્યું. તેમણે તરત જ ગુસ્સામાં તે ફેનના હાથ પર જોરથી માર્યું અને કહ્યું કે હાથ નીચે રાખ. અભિનેતાના આ અચાનક પ્રતિક્રિયાથી ફેન ચોંકી ગયો હતો અને તરત જ ત્યાંથી દૂર થઈ ગયો હતો.

## બ્લેક લહેંગામાં જાહ્નવી કપૂરે ફેન્સને આપી દમદાર સરપ્રાઈઝઃ બોલ્ડ સાથે ગ્લેમર લૂક પર ફેન્સ ફીદા

(એજન્સી દ્વારા) મુંબઈઃ જાહ્નવી કપૂરની ફેશન સેન્સની જ્યારે પણ વાત કરવામાં આવે ત્યારે સૌથી વધારે એના આઉટફિટની ચર્ચા થાય છે. ફેન્સ ત્યાં સુધી કહે છે કે, એના પર દરેક આઉટફિટ મસ્ત લાગી રહ્યા છે. એ પછી વેસ્ટર્ન હોય કે ટ્રેડિશનલ, ઈન્ડો વેસ્ટર્ન હોય કે કસ્ટમાઈઝ. તાજેતરમાં બ્લેક કલરના એમ્બ્રોડરી લહેંગામાં તેણે એક રોયલ લૂક બનાવી દીધો હતો. આ રોયલ લૂકમાં મસ્ત ફોટો પણ ક્લિક કર્યા હતા. આ ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ થતા ફેન્સ કોમેન્ટ કરવા પર મજબૂર થયા હતા.

અંશુલા કપુરના લગ્નમાં એક મસ્ત ડ્રેસિંગ સાથે તે જોવા મળી હતી. આ માટે તેણે જે ડ્રેસ પસંદ કર્યો હતો એની ચર્ચા જોરશોરથી થઈ રહી છે. નવા ડ્રેસમાં તેણે એકથી એક ચડિયાતા પોઝ આપીને ફોટો ક્લિક કરાવ્યા હતા. આ દરેક ફોટો પર ફેન્સ દિલ ખોલીને દિલવાળું ઈમોજી પોસ્ટ કરી રહ્યા છે તો કોઈ એની બ્યૂટીના વખાણ કરી રહ્યા છે. તો કોઈ એના ફીગર અને ફીટનેસ અંગે પ્રશંસા કરી રહ્યા છે. બ્લેક કલરના ડ્રેસમાં મસ્ત લહેંગા લૂકમાં ટ્રડિશલ આઉટફિટ પહેર્યા હતા. બ્લેક બ્લાઉઝમાં એમ્બ્રોડરી વર્કથી એનો લૂક અલગ પડી જતો હતો. આ બ્લાઉઝ પર બારિકીથી વર્ક કરવામાં આવ્યું છે.

આ તસવીર સોશિયલ મીડિયા પર જોરશોરથી શૅર થઈ રહી છે. આ દરેક ફોટોમાં એનો ગ્લેમરસ અંદાજ જોવા મળી રહ્યો છે. લોકો આને દેશી લૂક એવું ટેગ આપી રહ્યા છે. રેડ અને બ્લેક કલરના આઉટફિટ એના પર બેસ્ટ લાગી રહ્યા છે. દરેક ફોટોમાં તે સ્ટિનિંગ લૂક આપી રહી છે. પોતાના ઈન્સ્ટાગ્રામ પર શૅર કરીને જાહ્નવીએ ફેન્સને પોતાની નવી અપડેટ આપી હતી. લોંગ નેક બ્લાઉઝ પણ એના પર સૂટ કરી રહ્યું છે. કલર કોમ્બો સ્પેશિયલ જોઈને અનેક યુવતીઓ આ ફેશન ટ્રેન્ડ ફોલો પણ કરી શકે છે. ખાસ કરીને પોતાની બેસ્ટ ફ્રેન્ડના લગ્નમાં આવો દેશી અંદાજ ફોલો કરી શકે છે. આ આઉટફિટના દરેક ફોટોમાં તે ખૂબ જ યુનિક દેખાઈ રહી છે. લેંઘા અને બ્લાઉઝ પર કરેલી બારિકી ફેન્સને ઈમ્પ્રેસ કરી રહી છે. બ્લેક કલરના લાંબા ઘેર વાળા લહેંગાની બોર્ડરે સૌનું ધ્યાન ખેચ્યું હતું. જે જાહ્નવીને એક દેશી લૂક આપે છે. આ ફોટોમાં તે કોઈ ગામડાંની સ્ત્રી હોય એવી ફીલ આવી રહી છે.



## આદર્શ બાલ વિદ્યાલયનું ટ્રેલર રિલીઝઃ ૨૪ જુલાઈએ થશે વર્લ્ડ પ્રીમિયર

(એજન્સી દ્વારા)

મુંબઈ : ભારતના લોકપ્રિય સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પ્રાઈમ વિડિયોએ તેની નવી પ્રાઈમ ઓરિજિનલ સિરીઝ 'આદર્શ બાલ વિદ્યાલય'નો ટ્રેલર રિલીઝ કર્યો છે. હાસ્ય, લાગણી અને રોજિંદા પડકારોથી ભરેલી આ સિરીઝનું વર્લ્ડ પ્રીમિયર ૨૪ જુલાઈએ થશે. આ સાત એપિસોડની કોમેડી-ડ્રામા સિરીઝનું દિગ્દર્શન હિમાંક ગૌરે કર્યું છે. તેનું સર્જન અને એક્ઝિક્યુટિવ પ્રોડક્શન બિસ્વપતિ સરકાર અને સમીર સક્સેનાએ પોશમ પા પિક્ચર્સના બેનર હેઠળ કર્યું છે. સિરીઝના લેખકોમાં બિસ્વપતિ સરકાર, અક્ષય અસ્થાના, નુપુર પાઈ, તત્સત પાંડે અને મેઘના શ્રીવાસ્તવનો સમાવેશ થાય છે. સિરીઝમાં કેકે મેનન મુખ્ય





ભૂમિકામાં છે. તેમની સાથે અર્ચના પુરણ સિંહ, અભિમન્યુ સિંહ, નવીન કસ્તુરીયા, પ્રસન્ના બિષ્ઠ, દેવેન ભોજાણી, અજિતેશ ગુપ્તા, અન્નપૂર્ણા સોની અને પ્રાચી શાહ મહત્વની ભૂમિકાઓમાં જોવા મળશે. ટ્રેલરમાં દર્શાવવામાં આવ્યું છે કે 'આદર્શ બાલ વિદ્યાલય' એક એવી શાળા છે, જ્યાં નિયમો બહુ કડક નથી, દરેક પાત્ર અલગ સ્વભાવ ધરાવે છે અને કોઈ બે દિવસ એકસરખા નથી હોતા. સિરીઝનું કેન્દ્ર છે જ્ઞાનેશ્વર ત્રિપાઠી, જેની ભૂમિકામાં કેકે મેનન જોવા મળશે. તેઓ એક શાંત અને અલગ વિચારસરણી ધરાવતા પ્રિન્સિપાલ છે, જે પોતાની બુદ્ધિ અને અનોખી રીતોથી શાળાને સંભાળવાનો પ્રયાસ કરે છે.

## 'ભાઈજાનનો અંદાજ સૌથી અલગ'

(એજન્સી દ્વારા)

મુંબઈ : બોલીવૂડના 'ભાઈજાન' ગણાતા સલમાન ખાન પોતાના કામની સાથે સાથે હંમેશા પોતાના લુક્સને લઈને પણ ચર્ચામાં રહેતા હોય છે. તાજેતરમાં સલમાન




ખાન મુંબઈના બાંદ્રામાં એક ડબિંગ સ્ટુડિયોની બહાર સ્પોટ થયા હતા, જ્યાં તેમનો 'કાઉબોય લુક' સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. ચાલો જોઈએ શું છે ખાસ સલમાનભાઈના આ લૂકમાં. આ લુકમાં સલમાન ખાન ખૂબ જ હેન્ડસમ લાગી રહ્યા હતા. તેમણે લાઈટ કલરની શર્ટ, જેની ઉપરના થોડા બટન ખુલ્લા હતા, તેની સાથે લાઈટ બ્લૂ ડિસ્ટ્રેસ્ડ ડેનિમ જીન્સ પહેર્યું હતું. તેમના લુકમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર તેમની ગ્રે કલરની 'ટેક્સચર્ડ કાઉબોય હેટ' હતી. આ સ્ટાઈલિશ લુકને વધુ આકર્ષક બનાવવા માટે તેમણે બ્લેક લેધર બેલ્ટ, ગોલ્ડ વોચ, બ્લેક શૂઝ અને ગળામાં મોટા સ્ટોનવાળા પેન્ડન્ટ સાથેની સિલ્વર ચેઈન પહેરી હતી. સલમાનના આ નવા અવતારના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. ફેન્સ તેમના આ ફેશન સેન્સના દીવાના બની ગયા છે.

## નસીરુદ્દીન શાહે અનુપમ ખેરને 'જોકર' કહ્યું તે વાત સાચી સાબિત થઈ રહી છે, લોકોએ કેમ આવું કહ્યું?

(એજન્સી દ્વારા)

મુંબઈ : અયોધ્યા રામ મંદિરમાં દાનની રકમની ચોરી અંગે અભિનેતા અનુપમ ખેરની તાજેતરની ટિપ્પણી બાદ અભિનેતા નસીરુદ્દીન શાહનો એક જૂનો વીડિયો સોશિયલ મીડિયા પર ફરી વાયરલ થયો છે. આ વીડિયો ૨૦૨૦ ના એક ઈન્ટરવ્યુનો છે જેમાં શાહે ખેરને તેમના રાજકીય વિચારો પર ટિપ્પણી કરતી વખતે 'જોકર' કહ્યા હતા. ખેરના તાજેતરના નિવેદન વાયરલ થયા પછી આ જૂનો વીડિયો ફરી સામે આવ્યો છે.

વાયરલ ઈન્ટરવ્યુમાં, શાહને પૂછવામાં આવ્યું હતું કે ફિલ્મ



ઉદ્યોગમાં કેટલાક લોકો કથિત રીતે ભેદભાવપૂર્ણ રાજકારણ અને નીતિઓ સામે બોલે છે, જ્યારે અન્ય લોકો ખુલ્લેઆમ સરકારનું સમર્થન કરે છે. આનો જવાબ આપતા શાહે કહ્યું, "જે લોકો સરકારનો વિરોધ કરે છે તેઓ પણ સંખ્યામાં ઓછા નથી." અનુપમ ખેરના નામનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, "અનુપમ ખેર જેવા લોકો ખૂબ જ સ્પષ્ટ છે. મને નથી લાગતું કે તેમને ગંભીરતાથી લેવાની જરૂર છે. તેઓ એક જોકર છે.

# કચ્છના રણપ્રદેશમાંથી વિશ્વને મળી નવી વનસ્પતિની ઓળખ : 'કચ્છીકમ' ઉપજાતિને આંતરરાષ્ટ્રીય માન્યતા

## લખપત તાલુકામાં જ જોવા મળતી દુર્લભ વનસ્પતિ પર દસ વર્ષના સંશોધનને સફળતા; વૈશ્વિક જર્નલમાં પ્રકાશિત થયેલા અભ્યાસથી કચ્છની જૈવવિવિધતાને મળી નવી ઓળખ

ભુજ - કચ્છ ઉદય : કચ્છની ધરતી કુદરતી વૈવિધ્ય અને દુર્લભ જીવસૃષ્ટિના ખજાના તરીકે ઓળખાય છે. હવે આ ઓળખને વધુ મજબૂત બનાવતી એક મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક સિદ્ધિ સામે આવી છે. કચ્છ જિલ્લાના લખપત તાલુકામાં જોવા મળતી એક અત્યંત દુર્લભ વનસ્પતિને વૈજ્ઞાનિક અભ્યાસના આધારે નવી ઉપજાતિ તરીકે માન્યતા મળતા કચ્છનું નામ આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક જગતમાં ગુંજી ઉઠ્યું છે. આ નવી ઉપજાતિને 'હેલિએન્થમમ સીટ્રીનમ સબસ્પિસીઝ કચ્છીકમ' નામ આપવામાં આવ્યું છે, જેનું નામકરણ કચ્છ જિલ્લાને સમર્પિત કરવામાં આવ્યું છે.

આ મહત્વપૂર્ણ સંશોધનનું નેતૃત્વ વનસ્પતિશાસ્ત્રી ડો. રોહિતકુમાર એમ. પટેલે કર્યું હતું. તેઓ હાલમાં ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજમાં સહાયક પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે છે, પરંતુ છેલ્લા ૧૩ વર્ષથી વધુ સમયથી કચ્છની જૈવવિવિધતા પર સંશોધન કરતા રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ થયેલા અભ્યાસમાં ભારત ઉપરાંત સ્પેનના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત વૈજ્ઞાનિકોએ પણ ભાગ લીધો હતો. આ સંશોધન વિશ્વવિખ્યાત વનસ્પતિશાસ્ત્રીય જર્નલ 'ફિટોક્સા'ાં પ્રકાશિત થતાં તેને વૈશ્વિક માન્યતા મળી છે.

વર્ષ ૨૦૧૬માં ડો. પટેલે કચ્છમાંથી આ વનસ્પતિની પ્રથમ નોંધ કરી હતી. તે સમયે આ વનસ્પતિ સામાન્ય પ્રજાતિનો ભાગ હોવાનું માનવામાં આવતું હતું. જોકે ત્યારબાદ લગભગ દાયકાભર ચાલેલા અભ્યાસ દરમિયાન તેના બાહ્ય લક્ષણો, ડીએનએની રચના, રંગસૂત્રો અને ઉત્ક્રાંતિના વિવિધ પાસાઓનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ તમામ વૈજ્ઞાનિક પુરાવાઓના આધારે સ્પષ્ટ થયું કે આ વનસ્પતિ અગાઉ જાણીતી પ્રજાતિથી અલગ છે અને તેને નવી ઉપજાતિ તરીકે ઓળખ આપવી યોગ્ય છે.

સંશોધનમાં એક ચોંકાવનારી અને રસપ્રદ માહિતી પણ સામે આવી છે. ડીએનએ આધારિત અભ્યાસ મુજબ આ વનસ્પતિના પૂર્વજો આશરે ૧.૨૦ લાખ વર્ષ પહેલાં દક્ષિણ અરબી દ્વીપકલ્પમાંથી કુદરતી રીતે ભારતમાં પહોંચ્યા હતા. આ શોધ ભારત અને અરેબિયન પ્રદેશ વચ્ચેના પ્રાચીન જૈવિક સંબંધોનો મહત્વપૂર્ણ પુરાવો માનવામાં આવી રહી છે. વૈજ્ઞાનિકોના મત મુજબ લાંબા અંતરના કુદરતી પ્રસારનું આ અત્યંત દુર્લભ અને અનોખું ઉદાહરણ છે.

આ નવી ઉપજાતિ હાલ માત્ર કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ત્રણ સ્થળોએ જ નોંધાઈ છે. લક્ષ્મીરાણી વિસ્તાર, ગોંધાતડ ડેમની આસપાસનો વિસ્તાર અને નારાયણ સરોવર અભયારણ્ય નજીક તેના અસ્તિત્વના પુરાવા મળ્યા છે. અત્યાર સુધી માત્ર અંદાજે ૭૫ જેટલા છોડ જ નોંધાયા હોવાથી તેની સંખ્યા અત્યંત ઓછી હોવાનું સામે આવ્યું છે. પરિણામે આ વનસ્પતિના અસ્તિત્વ પર જોખમ ઊભું થયું છે.

વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ ચૂનાના પથ્થરના ખનન, કુદરતી વસવાટ વિસ્તારોમાં ઘટાડો અને માનવીય હસ્તક્ષેપના કારણે આ દુર્લભ વનસ્પતિ માટે ખતરો વધી રહ્યો છે. આથી તેને વૈશ્વિક ધોરણે લુપ્તપ્રાય શ્રેણીમાં સામેલ કરવાની ભલામણ કરવામાં આવી છે. જો સમયસર સંરક્ષણના પગલાં લેવામાં નહીં આવે તો ભવિષ્યમાં આ અનોખી ઉપજાતિ સંપૂર્ણપણે અદૃશ્ય થવાનો ભય વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

વનસ્પતિ શાસ્ત્રીઓના મતે આ શોધ માત્ર એક નવી વનસ્પતિની ઓળખ પૂરતી મર્યાદિત નથી, પરંતુ કચ્છના રણપ્રદેશની વૈશ્વિક પર્યાવરણીય મહત્તા, ગુજરાતની સમૃદ્ધ જૈવવિવિધતા અને ભારતીય વૈજ્ઞાનિક સંશોધનની ક્ષમતાનું જીવંત ઉદાહરણ છે. કચ્છ જેવા ઓછા અભ્યાસિત અને શુષ્ક વિસ્તારોમાં હજુ પણ અનેક અજાણી તથા વૈજ્ઞાનિક રીતે મહત્વપૂર્ણ વનસ્પતિઓ છુપાયેલી હોઈ શકે છે, તેવો વિશ્વાસ પણ આ સંશોધને મજબૂત કર્યો છે.

ઉલ્લેખનીય છે કે ડો. રોહિત પટેલ અગાઉ કચ્છમાં અલભ્યતાના આરે પહોંચેલી 'મીઠા ગૂગળ' વનસ્પતિના અસ્તિત્વને વૈજ્ઞાનિક રીતે ઉજાગર કરવામાં પણ સફળ રહ્યા હતા. હવે તેમની આગેવાની હેઠળ થયેલી આ નવી શોધે કચ્છને વૈશ્વિક વનસ્પતિ સંશોધન ક્ષેત્રે વધુ એક ગૌરવપૂર્ણ સ્થાન અપાવ્યું છે. કચ્છની ધરતી પર છુપાયેલી કુદરતી સંપત્તિ વિશ્વ માટે જ્ઞાનનો નવો ખજાનો બની રહી છે, ત્યારે તેના સંરક્ષણ માટે સામૂહિક પ્રયાસોની જરૂરિયાત વધુ સ્પષ્ટ બની છે.

# વાંઢાયમાં નિર્વાણતિથિ મહોત્સવે સંતપરંપરાની મહિમા ગુંજી ઉઠી

**બ્રહ્મલીન સંત વાલરામજી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ : સમાધિપૂજન, સત્સંગ, ગૌસેવા અને મહાપ્રસાદના કાર્યક્રમોમાં ભાવિકોની ઉપસ્થિતિ**

વાંઢાય - કચ્છ ઉદય : હરિહર સંત પરંપરાના બ્રહ્મલીન સંત વાલરામજી મહારાજ ગુરુ ઓધવરામ મહારાજની ૩૩મી નિર્વાણતિથિ નિમિત્તે વાંઢાય ખાતે ભવ્ય અને ભક્તિમય દ્વિદિવસીય મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક કાર્યક્રમો, સત્સંગ, ભજન, ગૌસેવા અને મહાપ્રસાદના આયોજનથી સમગ્ર વિસ્તાર ભક્તિમય વાતાવરણમાં રંગાઈ ગયો હતો.

સાધના કુટિર સ્થિત સમાધિ મંદિરે જીતુ ભગતના સાન્નિધ્યમાં પ્રથમ દિવસે સંધ્યાપાઠ અને સત્સંગ યોજાયા હતા. નિર્વાણતિથિના દિવસે સવારે સમાધિપૂજન, પાદુકા પૂજન અને આરતી સાથે કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી હતી. વર્ષાબેન જીતુભાઈ પંડિતપૌત્રા તથા નીતિનભાઈ યજમાન પદે રહ્યા હતા, જ્યારે શાસ્ત્રી ઉમેશભાઈ પંડ્યાએ શાસ્ત્રોક્ત વિધિ સંપન્ન કરાવી હતી.

આ પ્રસંગે યોજાયેલા ધર્મસભામાં ભાગવતાચાર્ય મહેશભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે સંતો અને શાસ્ત્રો ભારતીય વૈદિક ધર્મસંસ્કૃતિના આધારસ્તંભ છે. સંતોના આદર્શો અને શાસ્ત્રોના ઉપદેશ માનવજીવનને સદાચાર, સેવા અને સંસ્કારના માર્ગે દોરી જાય છે. આધ્યાત્મિક મૂલ્યોના સંવર્ધન માટે સંતપરંપરાનું જતન અને અનુસરણ સમયની માંગ હોવાનું તેમણે જણાવ્યું હતું.

સાધ્વી મૃદુલાબા (રતાડિયા), સાધ્વી મયાબા અને વસુમતિબેન (કુકમા) એ આશીર્વચન આપીને ધર્મમાર્ગે આગળ વધવા પ્રેરણા આપી હતી. કારૂભાબાપુએ ભક્તિભાવથી ભજનો રજૂ કરતાં ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો.

બાદમાં ઈશ્વર આશ્રમ ખાતે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભાવિકોએ પ્રસાદનો લાભ લીધો હતો. સાથે જ ગૌશાળામાં ગાયોને ઘાસચારો અર્પણ કરી ગૌસેવાનો કાર્યક્રમ યોજાયો હતો. મહોત્સવના દાતા તરીકે વીણાબેન નવીનભાઈ મનજી આઈયા (મોટી વિરાણી-ભુજ) રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, ભાનુશાલી દેશમહાજનના પ્રમુખ દામજીભાઈ ભાનુશાલી, જશોદાબેન ભાનુશાલી, હીરજીભાઈ દાવડા, દિનેશભાઈ ઠક્કર તથા છોટુભાઈ પંચાલનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા બાબુભાઈ ચોપડા, કરશનજી દોલુભા સોઢા, નવીનભાઈ ચોપડા, ચાંપશીભાઈ આઈયા, ભરતભાઈ પવાણી, ભાવેશ આઈયા સહિતના સેવકોએ જહેમત ઉઠાવી હતી. નિર્વાણતિથિ મહોત્સવ માત્ર ધાર્મિક કાર્યક્રમ પૂરતો મર્યાદિત ન રહ્યો, પરંતુ સંતપરંપરાના સંસ્કારો, સેવા અને આધ્યાત્મિક જીવનમૂલ્યોને સમાજ સુધી પહોંચાડવાનો એક પ્રેરણાદાયી અવસર બની રહ્યો હતો.

# માટુંગામાં જૈન સમાજનો ભવ્ય ચાતુર્માસ મહોત્સવ : જીવદયા માટે રૂ. ૬ લાખનું અનુદાન

**મુનિ વિદ્યાચંદ્રજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશે ધર્મ, સેવા અને સંસ્કારનો અનોખો સમન્વય : આઈસ સ્કેટિંગમાં સુવર્ણચંદ્રક વિજેતા અમાયરા શાહનું સન્માન**

મુંબઈ કચ્છ ઉદય : મુંબઈના માટુંગા ખાતે મુનિ વિદ્યાચંદ્રજી મ.સા.ના પાવન ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે હજારો શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિ વચ્ચે ધાર્મિક આરાધના, જીવદયા અને સામાજિક સેવાના સંદેશ સાથે અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમની સૌથી વિશેષ બાબત તરીકે જીવદયા માટે રૂ. ૬ લાખ જેટલી રકમ એકત્ર થતાં સમાજમાં સેવાભાવ અને કરુણાની ભાવનાને વધુ બળ મળ્યું હતું.

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે પદ્માવતી માતાજીનું વૈદિક વિધિ મુજબ પૂજન, નવકારશી, સ્વામીવાત્સલ્ય, ચોવિહાર અને વિવિધ ધાર્મિક અનુષ્ઠાનો યોજાયા હતા. સમગ્ર વાતાવરણ ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઉર્જાથી ઓતપ્રોત બન્યું હતું. શ્રદ્ધાળુઓએ મોટી સંખ્યામાં હાજરી આપી સાધુ-સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

આ સમગ્ર ચાતુર્માસનો લાભ જીડબલ્યુવી ગ્રુપ દ્વારા લેવામાં આવ્યો હતો. પ્રસંગે આચાર્ય ડો. અજિતચંદ્રસાગરજી મ.સા.ની પરંપરાના સાધુ-સંતોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. ગિનીસ વર્લ્ડ રેકોર્ડમાં સ્મરણશક્તિ અને વક્તૃત્વ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા આચાર્ય ડો. અજિતચંદ્રસાગરજી મ.સા.ના શિષ્ય બાલમુનિ પદ્મપ્રભચંદ્ર મ.સા. સહિતના સંતોના પવિત્ર સાનિધ્યથી કાર્યક્રમને વિશેષ ગૌરવ પ્રાપ્ત થયું હતું.

આ પ્રસંગે જાણીતા ફિલ્મ અભિનેતા પરેશ ગણાત્રા, માટુંગાના ધારાસભ્ય કાલિદાસ કોલંકર, નેહલબેન શાહ, મહારાષ્ટ્ર ફેડરેશનના અધ્યક્ષ વિઠ્ઠલરાવ ગોસલે, ભાજપના મુંબઈ પ્રવક્તા ઉદયપ્રતાપસિંહ, વિવેક કદમ, અનિલ ધકાણ, દામજીભાઈ દેઢિયા તેમજ કોડાય-મુંબઈ મહાજનના હોદ્દેદારો, આગેવાનો અને જૈન સમાજના અગ્રણી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન દહેરાદૂનમાં યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની આઈસ સ્કેટિંગ સ્પર્ધામાં સુવર્ણચંદ્રક હાંસલ કરી કચ્છનું ગૌરવ વધારનાર પ્રતિભાશાળી અમાયરા શાહનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ તેમની સિદ્ધિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમનું અસરકારક સંચાલન ધીરજભાઈ એકલવીરે કર્યું હતું. ધર્મભક્તિના પ્રમુખ અમૂલ દેઢિયાએ સમગ્ર આયોજનની વિગતો આપતાં જણાવ્યું હતું કે ચાતુર્માસ દરમિયાન ધાર્મિક આરાધના, જ્ઞાનપ્રવચનો, સંસ્કારલક્ષી કાર્યક્રમો અને સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં સકારાત્મક સંદેશ પહોંચાડવામાં આવશે.

ધર્મપ્રેમ, જીવદયા, સમાજસેવા અને પ્રતિભાના સન્માનનો અનોખો સમન્વય સર્જનાર આ ચાતુર્માસ પ્રવેશ મહોત્સવ મુંબઈના જૈન સમાજ માટે યાદગાર અને પ્રેરણાદાયી બની રહ્યો હતો.

# આઈઆઈટી ખડગપુરમાં કચ્છના કારીગરે પરંપરાગત વારસાની કરાવી ઓળખ

## ૪૫૦૦ વર્ષ જૂની અજરખ કળાના સંવર્ધન માટે આધુનિક ટેકનોલોજી અને સરળ મશીનો વિકસાવવાની જરૂરિયાત પર ભાર

ભુજ - કચ્છ ઉદય: કચ્છની ઐતિહાસિક અને વિશ્વપ્રસિદ્ધ અજરખ કળાએ વધુ એક વખત રાષ્ટ્રીય સ્તરે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. આઈઆઈટી ખડગપુર અને ભારત સરકારના કાપડ મંત્રાલયના સંયુક્ત ઉપક્રમે આયોજિત વિશેષ વર્કશોપમાં કચ્છના રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા અજરખ કારીગર ઈબ્રાહિમ ઈશા ખત્રીએ અજરખ કળાની સમૃદ્ધ પરંપરા, તેના વૈજ્ઞાનિક પાસાઓ અને કારીગરોને પડકારરૂપ બનતી સમસ્યાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

રાજેન્દ્ર મિશ્રા સ્કૂલ ઓફ એન્જિનિયરિંગ એન્ટરપ્રેન્યોરશિપ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં દેશભરના સંશોધકો, ડિઝાઈનરો, ઈજનેરો, સ્ટાર્ટઅપ પ્રતિનિધિઓ અને હસ્તકલા ક્ષેત્રના નિષ્ણાતોએ ભાગ લીધો હતો. ઈબ્રાહિમ ખત્રીએ જણાવ્યું હતું કે કચ્છની અજરખ કળા માત્ર હસ્તકલા નથી, પરંતુ હજારો વર્ષ જૂની સંસ્કૃતિ, પરંપરા અને કારીગરીનું જીવંત પ્રતીક છે. કુદરતી રંગો, પરંપરાગત બ્લોક પ્રિન્ટિંગ અને જટિલ પ્રક્રિયાઓના કારણે અજરખ વિશ્વભરમાં વિશેષ સ્થાન ધરાવે છે.

કાર્યક્રમ દરમિયાન આઈઆઈટી ખડગપુરના ભૂતપૂર્વ ડાયરેક્ટર પાર્થ પી. ચક્રવર્તીએ જાતે કાપડ પર બ્લોક પ્રિન્ટિંગ કરી અજરખ કળાની ઝીણવટને અનુભવી હતી. સંસ્થાના પ્રાધ્યાપકો અને સંશોધકોએ જીઆઈ ટેગ પ્રાપ્ત અજરખ કળાની વિશેષતાઓ, કુદરતી રંગોના ઉપયોગ અને પરંપરાગત ઉત્પાદન પ્રક્રિયાની માહિતી મેળવી હતી.

અગિયાર દિવસ સુધી ચાલેલા સેમિનાર દરમિયાન કારીગરોની સમસ્યાઓ અને તેના ટેકનોલોજી આધારિત ઉકેલો અંગે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી. ઈજનેર મનોજ મંડલે અજરખ ઉત્પાદન માટે ઉપયોગી બની શકે તેવા નવા સાધનો અને ટેકનિકલ મોડેલો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઈબ્રાહિમ ખત્રીએ ખાસ કરીને અજરખ કાપડની ધોલાઈ પ્રક્રિયા અત્યંત શ્રમસાધ્ય અને સમયખાઉ હોવાની વાત રજૂ કરી હતી. તેમણે આ પ્રક્રિયાને સરળ, ઝડપી અને ઓછી ખર્ચાળ બનાવવા માટે નાના કારીગરોને પરવડે તેવા આધુનિક મશીનો વિકસાવવાની માંગ કરી હતી.

વર્કશોપમાં પરંપરાગત હસ્તકળાને વૈશ્વિક બજારો સાથે જોડવા માટે ઈ-કોમર્સ, ડિજિટલ માર્કેટિંગ અને કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉપયોગ અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિવિધ રાજ્યોમાંથી આવેલા કારીગરો અને નિષ્ણાતોએ અનુભવ અને જ્ઞાનની આપ-લે કરી હસ્તકલા ક્ષેત્રના ભવિષ્ય અંગે મંથન કર્યું હતું. કાર્યક્રમના અંતે 'સ્થાનિકથી વૈશ્વિક'ના સંકલ્પને આગળ વધારવા માટે તમામ સહભાગીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. કચ્છની અજરખ કળાને નવી ટેકનોલોજી સાથે જોડીને વધુ મજબૂત અને વૈશ્વિક બનાવવાના પ્રયાસોને ઉપસ્થિતોએ આવકાર્યા હતા.

# નારાયણ સરોવરમાં સંત સ્મૃતિનો પાવન અવસર ઉજવાયો

નારાયણ સરોવર - કચ્છ ઉદય : પવિત્ર તીર્થધામ નારાયણ સરોવરમાં બ્રહ્મલીન બ્રહ્મચારી આનંદલાલજી ગુરુ મધુસૂદનલાલજી મહારાજની ૮મી નિર્વાણતિથિ નિમિત્તે ભક્તિ અને આસ્થાભર્યો કાર્યક્રમ યોજાયો હતો. સંતશ્રીના જીવનમૂલ્યો અને ધાર્મિક સેવાને યાદ કરી મોટી સંખ્યામાં ભાવિકોએ ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

નિર્વાણતિથિ પ્રસંગે ભગવાન ત્રિવિક્રમરાયજીના મુખ્ય મંદિરે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નારાયણ યજ્ઞ અને પાદુકાપૂજન સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યોજાયેલા યજ્ઞમાં લોકકલ્યાણ, સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન સમગ્ર તીર્થધામ ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું.

આ અવસરે હિંગરિયાના મહંત કરશનદાસ બાપુ, બિબ્બરના મહંત જગજીવનદાસ બાપુ, મોટી વિરાણીના લઘુ મહંત સુરેશદાસ બાપુ, રામવાળાના મહંત સહિત વિવિધ સ્થળોના સંત-મહંતો અને સાધુજનો ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોને નારાયણ સરોવર જાગીરના અધ્યક્ષ સોનલલાલજી મહારાજ દ્વારા ભાવપૂર્વક આવકારવામાં આવ્યા હતા.

કાર્યક્રમના મુખ્ય યજમાન તરીકે સ્વ. શાંતિભાઈ શિવગણભાઈ બાથાણી પરિવાર (ભુવનેશ્વર), જિતેન્દ્ર નારાયણભાઈ ભાવાણી (ચાલીસગાંવ), તુલસીદાસભાઈ લીમડા પરિવાર (કોલ્હાપુર), સચિનભાઈ (મુંબઈ) તેમજ ગાભાભાઈ સુથાર (કોલ્હાપુર) જોડાયા હતા. યજ્ઞવિધિનું માર્ગદર્શન અને સંચાલન આચાર્ય અજિતભાઈ જોશીએ કર્યું હતું. કાર્યક્રમની સફળતા માટે મંદિરના પૂજારીગણ, મુખ્ય મહારાજના શિષ્યગણો અને ગામના યુવાનોએ જહેમત ઉઠાવી હતી. નિર્વાણતિથિના પાવન પ્રસંગે ઉપસ્થિત ભાવિકોએ સંતશ્રીના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કરી તેમની સ્મૃતિને વંદન કર્યું હતું.

# વિદેશમાં વસતા કચ્છીના દાનથી ૧૦૬ દર્દીઓની આંખોમાં ફરી પ્રગટ્યો અજવાળો

**ભુજની એલએનએમ લાયન્સ હોસ્પિટલમાં યોજાયેલા ૨૪૯મા નેત્રમણિ આરોપણ કેમ્પને લંડન સ્થિત વેકરિયા પરિવારનો સહયોગ**

ભુજ, કચ્છ ઉદય : માનવસેવા અને પરોપકારની ભાવનાને ઉજાગર કરતો એક વધુ સેવાયજ્ઞ ભુજની એલએનએમ લાયન્સ હોસ્પિટલમાં સફળતાપૂર્વક યોજાયો હતો. લંડનમાં વસતા મૂળ કચ્છી દાતા પરિવારના ઉદાર સહયોગથી આયોજિત ૨૪૯મા નેત્રમણિ આરોપણ કેમ્પમાં ૧૦૬ દર્દીઓના આંખના સફળ ઓપરેશન કરવામાં આવ્યા હતા. કેમ્પના પરિણામે અનેક દર્દીઓને ફરીથી સ્પષ્ટ દ્રષ્ટિ પ્રાપ્ત થતાં તેમના જીવનમાં ખુશી અને આશાનો નવો સંચાર થયો હતો.

આ કેમ્પ માટે મૂળ સુખપરના અને હાલ લંડન નિવાસી હરજીભાઈ કાનજીભાઈ વેકરિયા, રામુબેન હરજીભાઈ વેકરિયા પરિવાર તેમજ તેમના ભાણેજ શાંતિલાલ દેવજી ગોરસિયાએ આર્થિક સહયોગ આપ્યો હતો. દાતા પરિવાર વર્ષોથી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો રહી સમાજને ઉપયોગી બને તેવા કાર્યોમાં યોગદાન આપતો રહ્યો છે. હોસ્પિટલની મુલાકાત દરમિયાન દાતા પરિવારે દર્દીઓને મળતી આરોગ્યસેવાઓ, નેત્રચિકિત્સા વિભાગની કામગીરી તેમજ ડાયાલિસીસ સહિતની વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હોસ્પિટલ દ્વારા સામાન્ય અને આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓને આપવામાં આવતી ગુણવત્તાસભર અને માનવતાભરી સારવારથી તેઓ પ્રભાવિત થયા છે. હોસ્પિટલની સેવાકીય કામગીરીને વધુ મજબૂત બનાવવા અને વધુ દર્દીઓ સુધી સારવારનો લાભ પહોંચે તે હેતુથી સહયોગ આપ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

કેમ્પ પૂર્ણ થયા બાદ હોસ્પિટલ ટ્રસ્ટ અને લાયન્સ પરિવાર દ્વારા દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના ચેરમેન ડો. ભરતભાઈ મહેતા, અભયભાઈ શાહ તથા લાયન્સ ક્લબના પૂર્વ ગવર્નરની ઉપસ્થિતિમાં પાઘડી, શાલ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી દાતા પરિવારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમાજના સહયોગ અને સેવાભાવી દાતાઓના યોગદાનથી એલએનએમ લાયન્સ હોસ્પિટલ દ્વારા આંખના દર્દીઓ માટે સતત આરોગ્યસેવાના કાર્યને ગતિ મળી રહી છે.

# ડોક્ટર્સ દિવસ નિમિત્તે સત્યમ સંસ્થા દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ યોજાઈ

ભુજ - કચ્છ ઉદય : રાષ્ટ્રીય ડૉક્ટર્સ દિવસ નિમિત્તે સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે કોરોના મહામારી દરમિયાન પોતાના જીવનની પરવા કર્યા વિના દિવસ-રાત દર્દીઓની સેવા કરનાર તમામ ડૉક્ટર્સને હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી તેમજ તેમની નિઃસ્વાર્થ, સમર્પિત અને માનવતાભરી સેવાઓને બિરદાવવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના કાર્યકરોએ જણાવ્યું હતું કે ડૉક્ટર્સ માત્ર દર્દીઓની સારવાર જ કરતા નથી, પરંતુ અનેક પરિવારોને નવું જીવન અને નવી આશા આપવાનું મહત્વપૂર્ણ કાર્ય કરે છે. ખાસ કરીને કોરોના મહામારી દરમિયાન ડૉક્ટર્સે પોતાના પરિવારથી દૂર રહીને સતત ફરજ બજાવી સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. તેમના આ અવિસ્મરણીય યોગદાન બદલ સમાજ હંમેશા ઋણી રહેશે.

ડૉક્ટર્સ દિવસની ઉજવણી સાથે સમાજસેવાના ભાગરૂપે ભુજ શહેરના વિવિધ વિસ્તારોમાં જરૂરિયાતમંદ પરિવારોને કપડાંનું વિતરણ, નાના બાળકોને અલ્પાહાર તથા તાલપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા પ્રવૃત્તિ દ્વારા જરૂરિયાતમંદ લોકોને સહાયરૂપ થવા સાથે માનવસેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. તેમજ આર્ગોન એમ્યુઝમેન્ટ રાઈડ્સ પ્રાઈવેટ લિમિટેડ, પધ્ધર-ભુજના કૃષ્ણા મનન રૂડાણી અને મનન રૂડાણી દ્વારા પણ સહયોગ આપવામાં આવ્યો હતો

આ સેવા કાર્યમાં સત્યમ સંસ્થાના અધ્યક્ષ દર્શક અંતાણી, ગુજરાત માધ્યમિક શિક્ષણ વિભાગના પૂર્વ પ્રમુખ નયનભાઈ શુક્લ, ભુજ નગર સેવા સદનના પૂર્વ કાઉન્સિલર ધીરેનભાઈ લાલન, અંકિતા ધોકાઈ રાજુલાબેન શાહ માલસિંહ ગઢવીનરેન્દ્રભાઈ સ્વાદીયા, શિવાંગ અંતાણી, નર્મદાબેન ગામોટ સહિત અનેક કાર્યકરો જોડાયા હતા અને સેવા પ્રવૃત્તિને સફળ બનાવી હતી.

કાર્યક્રમ દરમિયાન માઈક સિસ્ટમ તથા વાહન વ્યવસ્થામાં ભુજ નગરપાલિકાના પૂર્વ નગરસેવક તથા ભુજ કો-ઓપરેટિવ બેંકના એમ.ડી. ધીરેનભાઈ ઠક્કર, રામૂબેન પટેલ અને મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. અંતે ઉપસ્થિત સૌએ તમામ ડૉક્ટર્સને રાષ્ટ્રીય ડૉક્ટર્સ દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી તેમના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી.

# ભુજનું પ્રાચીન રામ મંદિર રામભક્તિના રંગે રંગાયું

ભુજ-કચ્છ ઉદય : શહેરના ધીંગેશ્વર મંદિર સામે આવેલ પ્રાચીન રામમંદિર-ખાખચોક મોટા હનુમાનજી મંદિર સંકુલને જીર્ણોદ્ધાર અને રંગરોગાન બાદ નવો ઓપ મળ્યો છે. મંદિર સંકુલના નવીનીકરણની કામગીરી પૂર્ણ થતાં ધાર્મિક માહોલ વચ્ચે વિશેષ પૂજનવિધિ અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન રામસેવા અને ધાર્મિક કાર્યોમાં સતત યોગદાન આપતા વિનોદભાઈ પુરુષોત્તમ સોલંકી પરિવારનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણી હિંમતસિંહ વસણ, ભુજ નગરપતિ શીતલ શાહ, કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવી, ચિરાગ કોઠારી તેમજ મહેશભાઈ સોની સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વક્તાઓએ જણાવ્યું હતું કે પ્રાચીન મંદિરો માત્ર આસ્થાના કેન્દ્રો નથી, પરંતુ સમાજની સાંસ્કૃતિક અને ધાર્મિક ઓળખના પ્રતિક છે. આવા ઐતિહાસિક મંદિરોનું જતન અને સંવર્ધન થવાથી નવી પેઢીમાં પણ સંસ્કાર અને શ્રદ્ધાનો સંચાર થાય છે. મંદિરનું સૌંદર્યવર્ધન થતાં ભાવિકોને વધુ પવિત્ર અને સુખદ વાતાવરણમાં દર્શન-પૂજનનો લાભ મળશે. વિનોદભાઈ સોલંકીએ આ સેવા કાર્યને ભગવાન શ્રીરામના આશીર્વાદ અને ભક્તિભાવનું પરિણામ ગણાવ્યું હતું. નોંધનીય છે કે વિનોદભાઈ સોલંકી અને તેમના ભાઈ મનોજભાઈ સોલંકીએ અયોધ્યામાં નિર્મિત ભવ્ય શ્રીરામ મંદિર માટે કચ્છમાંથી સૌથી વધુ એક કરોડ રૂપિયાનું યોગદાન આપીને પણ વિશેષ ઓળખ ઉભી કરી છે.

મંદિર સંકુલના જીર્ણોદ્ધાર કાર્યમાં મહેશ સોની અને હર્ષદ ચૌહાણે દેખરેખ રાખી હતી, જ્યારે પ્રદીપ સોની અને પાર્થ રાઠોડે કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી. કાર્યક્રમમાં દીપક માંકડ, મુકેશ ધોળકિયા, નીતાબેન વી. સોલંકી, ઋતુબેન મોહિત સોલંકી, ઈન્દિરાબેન મનોજ સોલંકી, એડવોકેટ સંદીપ શાહ સહિતના આગેવાનો અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

પુનિત મહારાજના સાનિધ્યમાં પૂજનવિધિ સંપન્ન થઈ હતી. આ અવસરે વિનોદભાઈ અને નીતાબેન સોલંકીએ પૂજારી ઓમપ્રકાશ રામચરણદાસ સાધુનું સન્માન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ઘનશ્યામભાઈએ પણ મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો.

પ્રસંગ દરમિયાન ભુજ નગરપતિ શીતલ શાહ અને કારોબારી ચેરમેન કમલભાઈ ગઢવીએ મંદિર બહાર ભાવિકોની સુવિધા માટે ચાર બેન્ચ મૂકવાની જાહેરાત કરતાં ઉપસ્થિતોમાં આનંદની લાગણી વ્યાપી હતી. મંદિર સંકુલના નવીનીકરણથી આ વિસ્તારના ધાર્મિક અને સાંસ્કૃતિક વાતાવરણને નવી ઊર્જા મળ્યાની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# રાષ્ટ્રીય સંગીત સ્પર્ધામાં અદાણી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓનો ડંકો

મુંદરાર - કચ્છ ઉદય : પુનાની અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ સંસ્થા દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત ગ્લોબલ કાઉન્સિલ ઓફ આર્ટસ એન્ડ કલ્ચરલ સ્પર્ધામાં મુંદરાની અદાણી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળા અને કચ્છનું ગૌરવ વધાર્યું છે. સંગીત ક્ષેત્રે વિદ્યાર્થીઓની પ્રતિભાને મળેલી આ સિદ્ધિ સમગ્ર શૈક્ષણિક જગતમાં પ્રશંસાનો વિષય બની છે.

સ્પર્ધામાં શાસ્ત્રીય ગાયન વિભાગમાં કુ. સંપૂર્ણ મજમુદારે રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે તબલા વાદન વિભાગમાં સનમ મોદીએ પણ દ્વિતીય ક્રમ મેળવી પોતાની સંગીત પ્રતિભાનો પરિચય આપ્યો હતો. વિદ્યાર્થીઓની આ સફળતા પાછળ તેમના સંગીત ગુરુઓનું માર્ગદર્શન મહત્વપૂર્ણ રહ્યું હતું.

આ ઉપરાંત અદાણી પબ્લિક સ્કૂલના સંગીત ગુરુ પરાગ આર. સોમપુરાએ સેમી-ક્લાસિકલ ગાયન વિભાગમાં તૃતીય સ્થાન હાંસલ કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું. સાથે જ સંગીત ગુરુ દુર્ગેશ માલીની આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા માટે પસંદગી થતા શાળા પરિવાર માટે વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ નોંધાઈ છે.

વિદ્યાર્થીઓ અને ગુરુઓની આ નોંધપાત્ર સફળતા બદલ સંસ્થાના ડાયરેક્ટર અમી શાહ, આચાર્ય હેમંતકુમાર શર્મા તેમજ સમગ્ર મેનેજમેન્ટે અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. અદાણી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ સંગીત ક્ષેત્રે પ્રાપ્ત કરેલી આ સિદ્ધિ મુંદરા તથા કચ્છ માટે ગર્વની બાબત બની છે.

# ભુજની ઇન્દીરાબાઈ કન્યા વિદ્યાલયમાં બાલ સંસદની ચૂંટણી યોજાઈ



ભુજ - કચ્છઉદય : બાળકો વિદ્યાર્થીકાળથી જ લોકશાહી પ્રણાલીથી અવગત થાય અને ચૂંટણીની પ્રક્રિયા સમજે તે હેતુથી ભુજ શહેરની ઈન્દીરાબાઈ કન્યા વિદ્યાલય ખાતે ધોરણ ૬ થી ૮ની વિદ્યાર્થીનીઓ માટે વર્ષ ૨૦૨૬-૨૭ની બાળ સંસદની રચના કરવામાં આવી હતી. મુખ્ય શિક્ષક શ્યામકુમાર મહેતાએ લોકશાહીનું મહત્વ અને ચૂંટણી પ્રક્રિયાની વિગતવાર સમજુતી આપી હતી જયારે શિક્ષકો દીપાબેન પટેલ, ઈવાબેન માંકડ, અલ્કાબેન દવે અને દીપકભાઈ મકવાણા દ્વારા મતદાન પ્રક્રિયાનું આયોજન કરાયું હતું અને મતદાન કઈ રીતે કરવું , મતદાન વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું તેની સમજ અપાઈ હતી. આ ચૂંટણીમાં કુલ ૫ ઉમેદવારોના ઉમેદવારી પત્રો માન્ય રહ્યા હતા. મત ગણતરીમાં ભારે રસાકસીના અંતે મહામંત્રી તરીકે સમા આલિયા અલીમામદ અને ઉપમહામંત્રી તરીકે મોખા આલિયા હુસેનભાઈ વિજેતા જાહેર થયા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

# નખત્રાણાના ઝાલુ ગામમાં પાણી વિના તડપતા પશુઓ

### પાણી પુરવઠા વિભાગમાં વારંવાર રજૂઆતો છતાં પાણી ન આવતા માલધારીઓ લાચાર

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના ઝાલુ ગામે ઘાસચારા અને પાણી વિના તરસ્યા મરી રહ્યા છે. ભેંસનું શરીર હાડપિંજર જેવું થઈ ગયું છે. પાંસળીઓ એક એક ગણી શકાય એટલી બહાર નીકળી આવી છે. તરસ અને ભૂખના કારણે તે ઊભી પણ રહી શકતી નથી. ૪-૪ લોકોએ માંડ માંડ તેને પકડી રાખી છે.

જત મિસરી રતુ ઝાલુના જણાવ્યા અનુસાર ઝાલુ ગામમાં છેલ્લા ઘણા સમયથી વરસાદ રિસાઈ ગયો છે. ખેતરો તિરાડ પડીને ખુલ્લા પડ્યા છે. તળાવો અને કૂવામાં પાણી નથી. આવી સ્થિતિમાં પશુઓ માટે એક ડોલ પીવાનું પાણી મળવું પણ મુશ્કેલ બની ગયું છે. જે પાણી મળે છે એ પણ ૧૬૦૦ ટીડીએસ વાળું ખારૂ અને ઝેરીલું પાણી છે. એ પીવાથી પશુઓ બીમાર પડીને આ રીતે હાડકાનો ઢાંચો બની ગયા છે.

ગામના લોકોએ વારંવાર પાણી પુરવઠા વિભાગને અને તાલુકા તંત્રને લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. પણ પરિણામ શૂન્ય. અધિકારીઓએ માત્ર આશ્વાસન આપ્યા પણ એક ટેન્કર પણ મોકલવાની તસ્દી લીધી નથી. પશુપાલક ભાઈઓની આંખમાં આંસુ છે. તેઓ કહે છે "અમારા છોકરાઓને ભૂખ્યા રાખીને બજારનું પાણી પીવડાવીએ છીએ પણ આ બિચારા પશુઓને શું ખવડાવીએ ? એમને તો આ જ ખારૂં પાણી પીવડાવવું પડે છે. ઝાલુની આ હાલતએ પાણી પુરવઠા વિભાગ માટે સીધો સવાલ છે. જ્યારે વરસાદ નથી અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે ત્યારે તંત્રની જવાબદારી વધી જાય છે. પણ અહીં તો ઉલટું જ દેખાઈ રહ્યું છે.

ગામ લોકોની એક જ માંગ છે. તાત્કાલિક ધોરણે શુદ્ધ પીવાના પાણીના ટેન્કર મોકલવામાં આવે અને કાયમી ઉકેલ માટે તાત્કાલિક યોજના બનાવવામાં આવે. નહીંતર આવનારા દિવસોમાં ઝાલુના પશુઓ જ નહીં, માણસો પણ પાણી વિના તરસે મરવાનો વારો આવશે.

# રાપર નગરપાલિકાની સામાન્ય સભા તેમજ કારોબારી બેઠક યોજાઈ

રાપર - કચ્છઉદય : રાપર નગરપાલિકા કચેરીના સભાખંડ મધ્યે વિવિધ વિકાસલક્ષી કામો અને વહીવટી પ્રક્રિયાઓ અંગે મહત્વની કારોબારી સમિતિ અને સામાન્ય સભાની બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં શહેરના વિકાસ કાર્યો, વાર્ષિક હિસાબો અને વહીવટી મંજૂરીઓ સહિતના અનેક પ્રશ્નો પર સભ્યો વચ્ચે વિસ્તૃત ચર્ચા-વિચારણા હાથ ધરીને મહત્વના નિર્ણયો લેવામાં



### ત્રિમાસિક હિસાબો અને ખાલી જગ્યાઓ ભરવા સહિતના મુદ્દે કરાયો પરામર્શ : કચેરીના નિવૃત્ત કર્મચારીઓને અપાયું વિદાયમાન : અમુક મુદ્દે સત્તા પક્ષમાં પણ કચવાટની વાત બહાર આવી રહી છે, પણ કોઈ મગનું નામ મરી પાડતું નથી

આવ્યા હતા. નગરપાલિકાના સભાખંડ મધ્યે કારોબારી સમિતિની બેઠક સમિતિના ચેરમેન વિકાસ શાહની અધ્યક્ષતામાં મળી હતી. આ બેઠકમાં ગત કારોબારી સમિતિની બેઠકની કાર્યવાહી નોંધનું વાંચન કરીને તેને બહાલી આપવામાં આવી હતી. તદુપરાંત, શહેરમાં હાથ ધરવાના થતા વિવિધ વિકાસ કાર્યો માટે આવેલા જુદા-જુદા ટેન્ડરોના ભાવો મંજૂર કરવા, બાકી બિલોના ચૂકવણાં કરવા તેમજ નગરપાલિકાની વિવિધ શાખાઓ અને વિભાગો તરફથી રજૂ થયેલા પ્રશ્નો અને અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલી બાબતો પર ચર્ચા કરી યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. નગરપાલિકા દ્વારા કરાયેલા કામો અને થનાર કામો મુદ્દે સત્તા પક્ષમાં સમુસુતરૂ દેખાતું નથી. અમુક પ્રશ્ને સત્તા પક્ષમાં પણ કચવાટ દેખાઈ રહ્યો છે, પણ આ બાબતે સત્તાવાર કોઈ પુષ્ટી આપતા નથી.

ત્યારબાદ, નગરપાલિકાના પ્રમુખ ચાંદભાઈ ભીંડેના અધ્યક્ષસ્થાને સામાન્ય સભાની બેઠક યોજાઈ હતી. જેમાં સૌપ્રથમ ગત બેઠકની કાર્યવાહી નોંધને બહાલી અપાઈ હતી. આ સભામાં માહે એપ્રિલ-૨૦૨૬ થી જૂન-૨૦૨૬ સુધીના ત્રિમાસિક ગાળાના તથા વર્ષ ૨૦૨૫-૨૬ ના વાર્ષિક હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, નગરપાલિકાના મંજૂર થયેલા મહેકમની ખાલી જગ્યાઓ ભરવા માટે રાજકોટ ઝોનના મેહરબાન પ્રાદેશિક કમિશનરશ્રીની જરૂરી વહીવટી મંજૂરી લેવા બાબતે મહત્વનો નિર્ણય કરાયો હતો. સામાન્ય સભામાં પણ બાકી બિલોની ચુકવણી, વિવિધ વિભાગોની રજૂઆતો, કચેરીને મળેલ અરજીઓ અને પરિપત્રોના વાંચન બાદ જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે આયોજન કરાયું હતું. પ્રમુખશ્રીની અનુમતિથી રજૂ થયેલા અન્ય લોકઉપયોગી પ્રશ્નો પર પણ સભ્યો દ્વારા સકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકોમાં ઇન્ચાર્જ ચીફ ઓફિસર એ.બી. ઝાલા, નગરપાલિકાના ઉપપ્રમુખ બબીબેન સોલંકી, કારોબારી ચેરમેન વિકાસ શાહ, શાસક પક્ષના નેતા મહાવીરસિંહ જાડેજા, રાણાભાઈ પરમાર, ભીખુભા સોઢા, ભાણજીભાઈ ભ્રાંસડીયા, મનજીભાઈ ભાટેસરા, રસિલાબેન રમેશભાઈ ચાવડા, એન્જિનિયર આશિષ ગોસ્વામી, એકાઉન્ટન્ટ મહેશ સુથાર, હેતુભા રાઠોડ, જયદેવ સોલંકી, હરદેવસિંહ રાઠોડ, માલીબેન શિયારીયા, ગાયત્રીબેન ગઢવી, દક્ષાબેન વિજયભાઈ ગોસ્વામી, હેતલબેન મોરબીયા, બંટી ગોસ્વામી, દેવીબેન આહીર, દિવ્યરાજસિંહ જાડેજા, નિલેશ ઠક્કર, હસુમતિબેન સોની, ધર્મેન્દ્રસિંહ જાડેજા, અનિતાબેન મુછડીયા અને મુનીરાબાનુ ખત્રી તેમજ મહેબૂબ કુંભાર સહિતના સદસ્યો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠકનું સફળ સંચાલન અને વહીવટી આયોજન ચીફ ઓફિસર એ.બી. ઝાલા, મહેશ સુથાર, આશિષ ગોસ્વામી અને હેતુભા રાઠોડે સંભાળ્યું હતું. બેઠકના અંતે રાપર નગરપાલિકામાં ફરજ બજાવતા અને વયનિવૃત્ત થતા ફાયરમેન નરેન્દ્રસિંહ જાડેજા તથા વાલમેન દેવાભાઈ મેરીયાનો વિદાયમાન સમારોહ યોજાયો હતો. નગરપાલિકા કર્મચારી મંડળના પ્રમુખ હકુમતસિંહ સોઢાની વિશેષ ઉપસ્થિતિમાં નિવૃત્ત થતા બંને કર્મચારીઓની વર્ષોની સેવાઓને બિરદાવીને તેમને ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

# સરાડા પંથકમાં પાણી અને ઘાસચારાની તીવ્ર અછત

### પાણીના ટેક્રરો શરૂ કરવા તેમજ પૂરતો ઘાસચારો પૂરો પાડવા માંગ

ભુજ - કચ્છઉદય : ભુજ તાલુકાના સરાડા જુથ ગ્રામ પંચાયત વિસ્તારમાં વરસાદમાં વિલંબ અને કાળઝાળ ગરમીના કારણે ભયંકર દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાઈ છે. વરસાદના અભાવે સમગ્ર પંથકમાં પીવાના પાણીના સ્રોત સંપૂર્ણપણે સુકાઈ ગયા છે અને ઘાસચારાની ભારે અછત ઉભી થઈ છે. સરાડા જુથ ગ્રામ પંચાયતના સરપંચ જત ફકીર મામદ ભાઈ પનરાએ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, પાણી અને ચારા વિના માલધારીઓની હાલત અત્યંત દયનીય બની છે. ભૂખ અને તરસના કારણે અબોલ પશુઓ તરફડીને મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. આ કપરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરપંચ દ્વારા જિલ્લા વહીવટી તંત્ર અને સરકારને તાત્કાલિક ધોરણે પાણીના ટેક્રરો શરૂ કરવા તેમજ પૂરતો ઘાસચારો પૂરો પાડવા માટે આજીજી કરવામાં આવી છે. જો સમયસર સરકારી સહાય નહીં મળે તો મોટા પાયે પશુધન નાશ પામવાની ભીતિ સેવાઈ રહી છે.



# કંતાનની બોરીમાંથી ખીલી સર્જનાત્મકતાની અનોખી ફેશન દુનિયા

### શિલ્પા અંજલિ વિદ્યામંદિરના ફેશન શોમાં 'વેસ્ટમાંથી બેસ્ટ'નો સંદેશ : વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાગૃતિ સાથે રજૂ કરી કલાત્મક કૃતિઓ

અંજાર-કચ્છ ઉદય : આજના આધુનિક યુગમાં ફેશન માત્ર આકર્ષક વસ્ત્રો પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ તે સર્જનાત્મકતા, પર્યાવરણ પ્રત્યેની જવાબદારી અને નવીન વિચારધારાનું પણ પ્રતિબિંબ બની રહ્યું છે. આ વિચારને સાકાર કરતાં અંજાર સોસાયટી સંચાલિત શિલ્પા અંજલિ વિદ્યામંદિરમાં નવી શિક્ષણ નીતિના ભાગરૂપે "બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ" પ્રવૃત્તિ અંતર્ગત કંતાન પરિધાન આધારિત અનોખા ફેશન શોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઘરમાં ઉપયોગ બાદ નકામી ગણાતી કંતાનની બોરીઓને પોતાની કલ્પનાશક્તિ અને કલાત્મક કૌશલ્યથી આકર્ષક પરિધાનોમાં પરિવર્તિત કરી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. વાલીઓના સહયોગથી તૈયાર કરાયેલા વિવિધ પરિધાનોમાં વિદ્યાર્થીઓએ રેમ્પ પર આત્મવિશ્વાસભેર રજૂઆત કરી હતી. કંતાન પર કરવામાં આવેલી રંગીન સજાવટ, હસ્તકલાની સુંદર ડિઝાઈન, પરંપરા અને આધુનિકતાનો સમન્વય તેમજ નવીન વિચારોના કારણે દરેક પરિધાન વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ સંસ્થાના પ્રમુખ ચંદ્રકાંત પલણ, કેમ્પસ ડાયરેક્ટર ડો. શિલ્પાબેન ભટ્ટ તથા વિવિધ શાળાઓના આચાર્યોના હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વક્તાઓએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિને યોગ્ય દિશા આપવી એ શિક્ષણનો મહત્વપૂર્ણ ભાગ છે. પર્યાવરણ સંરક્ષણ અને પુનઃઉપયોગનો સંદેશ આપતી આવી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓમાં જવાબદાર નાગરિકત્વના ગુણો વિકસાવવામાં સહાયક બને છે.

ફેશન શો દરમિયાન વિદ્યાર્થીઓએ વિવિધ થીમ આધારિત પરિધાનો અને પાત્રોની રજૂઆત કરી હતી. તેમની અભિવ્યક્તિ, આત્મવિશ્વાસ અને કલાત્મક રજૂઆતને ઉપસ્થિતોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન સર્જનાત્મકતા અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

કાર્યક્રમમાં નટરાજ એકેડમીનાં રશ્મિબેન અને પુનમબેને નિર્ણાયક તરીકે સેવા આપી હતી. શાળાના આચાર્ય નીલેશ ચાવડાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનું સંચાલન શિક્ષિકા જલ્પાબેન અને રૂપાબેને કર્યું હતું.

આ આયોજન માત્ર એક ફેશન શો ન રહી, પરંતુ કચરાના પુનઃઉપયોગ, પર્યાવરણ પ્રત્યેની સંવેદના અને સર્જનાત્મક અભિવ્યક્તિના મૂલ્યોને પ્રોત્સાહન આપતો પ્રેરણાદાયી ઉપક્રમ બની રહ્યો હતો. વિદ્યાર્થીઓએ પોતાની અનોખી કૃતિઓ દ્વારા સાબિત કર્યું હતું કે સર્જનાત્મક વિચારો હોય તો નકામી ગણાતી વસ્તુઓમાંથી પણ નવી ઓળખ અને નવી સંભાવનાઓ સર્જી શકાય છે.

# ચાતુર્માસ એ આત્મશુદ્ધિ, સંયમ, તપ, સ્વાધ્યાય અને આરાધનાનો પવિત્ર અવસર છે



### બોરીવલીમાં કચ્છી જૈન સંતોના ભવ્ય ચાતુર્માસ પ્રવેશથી ધર્મમય માહોલ સર્જાયો

મુંબઈ - કચ્છઉદય : બોરીવલી સ્થિત પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘમાં રવિવારે કચ્છી જૈન સંતોના ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભક્તિ, શ્રદ્ધા અને ધાર્મિક ઉત્સાહનો અભૂતપૂર્વ માહોલ સર્જાયો હતો, જેમાં સવારે ૭:૩૦ કલાકે સાજન- માજન સાથે ભવ્ય સામૈયાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉમટી પડ્યા હતા.

આ પ્રસંગે પ.પૂ. મુનિરાજ ધર્મરત્નચંદ્રજી મ.સા. તથા પ.પૂ. મુનિરાજ નયશેખર મહારાજ સાહેબ આદિનો મંગલ પ્રવેશ પ્રસંગ દરમિયાન ભાવિકોએ ગ્રંથ અર્પણ, કામળી અર્પણ અને ગુરુપૂજન કરીને ધર્મલાભ મેળવ્યો હતો. પ્રવેશ બાદ ઉપાશ્રયમાં યોજાયેલા ધર્મસભામાં પ.પૂ. મુનિરાજ નયશેખર મહારાજ સાહેબે ચાતુર્માસના મહિમાનું હૃદયસ્પર્શી નિરૂપણ કરતાં જણાવ્યું હતું કે, ચાતુર્માસ એ આત્મશુદ્ધિ, સંયમ, તપ, સ્વાધ્યાય અને આરાધનાનો પવિત્ર અવસર છે. ગુરુભગવંતોના સાનિધ્યમાં ચાર મહિનાની આરાધના આત્મકલ્યાણનો સુવર્ણ માર્ગ બની રહે છે. તેમણે જણાવ્યું કે, ચાતુર્માસ દરમિયાન નિયમ, પ્રતિક્રમણ, નવકાર મહામંત્રનું સ્મરણ, સ્વાધ્યાય અને જિનશાસનની આરાધના દ્વારા જીવનને આધ્યાત્મિક ઉન્નતિ તરફ દોરી શકાય છે. તેમણે સૌ ભાવિકોને ચાતુર્માસનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. પ્રવચન બાદ નવકારશી તથા સંઘ સ્વામીવાત્સલ્યનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત રૂ. ૫૦ના સંઘપૂજનમાં પણ મોટી સંખ્યામાં ભાવિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કાર્યક્રમમાં બોરીવલી પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘના પ્રમુખ, ટ્રસ્ટીમંડળ, વિવિધ પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘોના ટ્રસ્ટીઓ, અગ્રણી મહાનુભાવો તથા મોટી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભક્તિ, શિસ્ત અને ધાર્મિક ઉત્સાહનો અનેરો માહોલ જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ ભવ્ય ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ગુજરાત, કચ્છ, ઉત્તર ગુજરાત, બનાસકાંઠા, મધ્ય પ્રદેશ સહિત દેશના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જૈન સમાજની એકતા, ગુરુભક્તિ અને જિનશાસન પ્રત્યેની અડગ આસ્થા જીવંત બની હતી.

# ભુજ ઓવરલોડ વાહનોના ત્રાસથી માર્ગ સુરક્ષા જોખમમાં

### માર્ગો પર ઢોળાતી રેતી-કાંકરી અને માટીથી અકસ્માતનો ભય વધ્યો : જવાબદાર તંત્રની કડક કાર્યવાહી માટે નાગરિકોની માંગ

ભુજ - કચ્છઉદય : શહેર તથા આસપાસના વિસ્તારોમાં રેતી, કાંકરી, માટી અને અન્ય ખનિજ સામગ્રીનું પરિવહન કરતા ઓવરલોડ વાહનો જાહેર માર્ગો માટે ગંભીર સમસ્યા બની રહ્યા છે. ક્ષમતા કરતાં વધુ માલસામાન ભરીને દોડતા આવા વાહનોમાંથી રસ્તા પર સતત કાટમાળ ઢોળાઈ રહ્યો છે, જેના કારણે માર્ગ સુરક્ષા જોખમમાં મુકાઈ છે. ખાસ કરીને સ્પીડ બ્રેકરો, વળાંકો અને ખરાબ રસ્તાઓ પર અચાનક બ્રેક મારતાં વાહનોમાંથી રેતી-કાંકરીના ઢગલા રસ્તા પર પડી જતા હોવાથી નાના વાહનચાલકો માટે અકસ્માતનો ખતરો વધી રહ્યો છે.

શહેરના અનેક માર્ગો પર દિવસભર ભારે વાહનોની અવરજવર રહે છે. નિયમોનું પાલન કર્યા વગર ક્ષમતા કરતાં વધુ માલ ભરાતા વાહનોમાંથી સામગ્રી બહાર ઢોળાતી રહે છે. પરિણામે માર્ગ પર રેતી અને કાંકરીનો પથરાવો થઈ જાય છે, જે દ્વિચક્રી વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે. માર્ગ પર પડેલી ઢીલી કાંકરીના કારણે વાહનોના ટાયર લપસી જવાની અને ચાલકનું સંતુલન ગુમાવવાની શક્યતા વધી જાય છે. અનેક વખત વાહનચાલકોને અચાનક બ્રેક મારવી પડે છે, જેના કારણે અકસ્માત સર્જાવાની સ્થિતિ ઊભી થાય છે.

સ્થાનિક નાગરિકોના જણાવ્યા મુજબ માત્ર સ્લીપ થવાનો જ નહીં પરંતુ ઉડતી કાંકરીઓનો પણ મોટો ખતરો છે. ભારે વાહનોના ટાયરની નીચે આવતી કાંકરીઓ ઝડપથી ઊડીને પાછળથી આવતા વાહનો, બાઈકચાલકો તેમજ રસ્તા પરથી પસાર થતા રાહદારીઓને વાગે છે. કેટલીક જગ્યાએ વાહનોના કાચ તૂટી જવાની તેમજ લોકોને ઈજાઓ પહોંચવાની ઘટનાઓ પણ બનતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તેમ છતાં સંબંધિત તંત્ર દ્વારા અસરકારક દેખરેખ અને કાર્યવાહીનો અભાવ જોવા મળી રહ્યો છે. શહેરમાં ઓવરલોડ વાહનો સામે સમયાંતરે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે, પરંતુ તેની અસર લાંબા ગાળે જોવા મળતી નથી. જાગૃત નાગરિકોનું માનવું છે કે આરટીઓ, ટ્રાફિક પોલીસ, ખનિજ વિભાગ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા સંયુક્ત અભિયાન ચલાવી નિયમભંગ કરતા વાહનો સામે કડક દંડાત્મક પગલાં ભરવામાં આવે તો જ સમસ્યાનું સ્થાયી નિરાકરણ આવી શકે. માત્ર દંડ વસૂલવાની કાર્યવાહી પૂરતી નથી, પરંતુ ઓવરલોડ વાહનોને સ્થળ પર જ અટકાવી નિયમોનું પાલન કરાવવું પણ જરૂરી બન્યું છે.બીજી તરફ રસ્તા પર ઢોળાયેલો કાટમાળ દિવસો સુધી પડ્યો રહેતા લોકોમાં નારાજગી વધી રહી છે. નગરપાલિકા દ્વારા માર્ગોની નિયમિત સફાઈ અને જાળવણી થવી જોઈએ, પરંતુ અનેક સ્થળોએ રેતી, કાંકરી અને માટીના થર યથાવત જોવા મળી રહ્યા છે. જી.કે. જનરલ હોસ્પિટલથી આરટીઓ સર્કલ અને ત્યાંથી સ્મૃતિવન તરફ જતાં માર્ગ સહિત શહેરના અનેક મુખ્ય માર્ગો પર આ સમસ્યા સ્પષ્ટપણે જોવા મળે છે. વાહનચાલકોનું કહેવું છે કે આવા માર્ગો પર રાત્રિના સમયે અકસ્માતનો ભય વધુ વધી જાય છે. શહેરમાં માર્ગ સુરક્ષાને લઈને અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, ત્યારે ઓવરલોડ વાહનોના કારણે ઊભી થતી સમસ્યાઓ પર નિયંત્રણ લાવવું પણ એટલું જ જરૂરી બની ગયું છે. નાગરિકોએ માંગ કરી છે કે નિયમોનો ભંગ કરતા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવે, માર્ગો પર પડેલો કાટમાળ તાત્કાલિક દૂર કરવામાં આવે અને જવાબદાર પરિવહનકારો સામે દંડાત્મક પગલાં ભરવામાં આવે. સમયસર કાર્યવાહી નહીં થાય તો કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલાં તંત્રએ સક્રિય બની લોકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવી જરૂરી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# દિલ્હીની રાષ્ટ્રીય તાલીમમાં કચ્છની મહિલા સરપંચોનો ડંકો

### 'શી રિપ્રેઝન્ટ્સ-૨૦૨૬' કાર્યક્રમમાં ભાગ લઈ નેતૃત્વ, ગ્રામ વિકાસ અને સશક્ત શાસન અંગે મેળવ્યું વિશેષ માર્ગદર્શન

ભુજ - કચ્છઉદય : જિલ્લાના ગ્રામ્ય નેતૃત્વ માટે ગૌરવની બાબત બની છે કે દેશભરની ચૂંટાયેલી મહિલા જનપ્રતિનિધિઓ માટે નવી દિલ્હીમાં આયોજિત પ્રતિષ્ઠિત 'શી રિપ્રેઝન્ટ્સ-૨૦૨૬' રાષ્ટ્રીય નેતૃત્વ કાર્યક્રમમાં કચ્છની મહિલા સરપંચોની પસંદગી થઈ હતી. સાત દિવસીય આ તાલીમ કાર્યક્રમમાં ભાગ લઈને કચ્છની મહિલા સરપંચોએ નેતૃત્વ, સુશાસન અને ગ્રામ વિકાસના વિવિધ પાસાઓ અંગે ઊંડાણપૂર્વકની સમજ મેળવી હતી.ઇન્ડિયન સ્કૂલ ઓફ ડેમોક્રેસી, નવી દિલ્હી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલી મહિલા જનપ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. લોકશાહી મૂલ્યો, બંધારણીય અધિકારો, સમાનતા, જવાબદાર નેતૃત્વ અને નાગરિક સહભાગિતાને મજબૂત બનાવવાના હેતુથી આયોજિત આ કાર્યક્રમમાં મહિલા પ્રતિનિધિઓને અસરકારક શાસન માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.કચ્છ મહિલા વિકાસ સંગઠનના સહયોગથી કચ્છમાંથી રતિબેન રબારી (સરપંચ-હાજાપર), કૃપાબેન ભગત (સરપંચ-થરાવડા) અને ભાવનાબેન વિરડા (સરપંચ-બિટ્ટા-વલાડિયા)ની પસંદગી થઈ હતી. જેમાંથી રતિબેન રબારી અને કૃપાબેન ભગતે તાલીમમાં હાજરી આપી સફળતાપૂર્વક અભ્યાસક્રમ પૂર્ણ કર્યો હતો.કાર્યક્રમ દરમિયાન ગ્રામ સ્વરાજ, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ભૂમિકા, મહિલા નેતૃત્વ, સામૂહિક નિર્ણય પ્રક્રિયા, લિંગ સમાનતા, વિકાસલક્ષી આયોજન, જાહેર ભાગીદારી અને સશક્ત શાસન જેવા વિષયો પર દેશના અગ્રણી નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત વિવિધ રાજ્યોમાંથી આવેલી મહિલા સરપંચો અને જનપ્રતિનિધિઓ સાથે વિચારવિમર્શ થકી અનેક સફળ વિકાસ મોડેલો અને નવીન પહેલોની માહિતી મેળવી હતી.તાલીમથી પ્રાપ્ત જ્ઞાન અને અનુભવોના આધારે હવે બંને મહિલા સરપંચો પોતાના ગામોના વિકાસને વધુ ગતિ આપવાનો સંકલ્પ વ્યક્ત કરી રહી છે. ગ્રામજનોની ભાગીદારી વધારવી, પારદર્શક વહીવટને પ્રોત્સાહન આપવું અને મહિલાઓને વિકાસની મુખ્યધારામાં જોડવા જેવા ક્ષેત્રોમાં તેઓ વધુ અસરકારક રીતે કાર્ય કરી શકશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય સ્તરના આ પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં કચ્છની મહિલા સરપંચોની ભાગીદારી માત્ર જિલ્લાના માટે ગૌરવની બાબત જ નહીં, પરંતુ ગ્રામ્ય મહિલાઓને નેતૃત્વ ક્ષેત્રે આગળ આવવા માટે પ્રેરણારૂપ ઘટના પણ બની છે.

# ભુજના તૂટેલા બાંકડાઓ પાછળ નગરપાલિકાની બેદરકારી પણ જનતા પર દોષારોપણ

**તંત્રની નબળી કામગીરી અને જવાબદારીમાંથી છટકવાની નીતિ : બાંકડા તૂટવા પાછળ નાગરિકો જ દોષિત? : સરકારી ગ્રાન્ટનો ધુમાડો અને જાળવણીના નામે પાલિકાની ઘોર ઉદાસીનતા :સીસીટીવી અને પેટ્રોલિંગના અભાવે અસામાજિક તત્વો બેફામ છતાં તંત્ર માવજતની જવાબદારી નાગરિકો પર ઢોળીને ભીનું સંકેલવામાં વ્યસ્ત : સરકારી નાણાંનો ધુમાડો કરી સુવિધા આપ્યા પછી જાળવણીના નામે સત્તાધીશોએ કર્યા હાથ ઊંચા : લેકવ્યુ પાસે ભંગાર બનેલા બાંકડાઓ પાલિકાની નાકામીની પૂરે છે સાક્ષી**





ભુજ - કચ્છઉદય : ભુજ શહેરમાં સાર્વજનિક સ્થળો અને સોસાયટીઓમાં લોકોની સુવિધા માટે રાખવામાં આવેલા બાંકડાઓની અત્યંત જર્જરિત અને દયનીય હાલત તંત્રની ઘોર બેદરકારીની ચાડી ખાય છે. નગરપાલિકા દ્વારા કરોડો રૂપિયાની સરકારી ગ્રાન્ટ અને ધારાસભ્યની ગ્રાન્ટમાંથી સગવડના નામે બાંકડા ગોઠવી તો દેવાય છે, પરંતુ તેના મેન્ટેનન્સ કે સુરક્ષા બાબતે તંત્ર સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યું છે.

આ સમગ્ર મામલે આશ્ચર્યજનક અને આઘાતજનક બાબત એ છે કે સત્તાધીશો પોતાની નિષ્ફળતા સ્વીકારવાને બદલે સમગ્ર દોષનો ટોપલો જનતાના માથે ઢોળી રહ્યા છે. નગરપાલિકા પોતાની કાયદાકીય અને નૈતિક જવાબદારીઓમાંથી છટકીને બધો જ ભાર સામાન્ય નાગરિકો અને સોસાયટીના રહીશો પર નાખવા માંગે છે.

નગરમાં ઠેર-ઠેર તૂટેલા બાંકડાઓ અંગે જ્યારે સત્તાધીશોને પૂછવામાં આવે છે ત્યારે તેઓ એવો બચાવ કરે છે કે પ્રજા જ તેનો ગેરઉપયોગ કરીને તોડફોડ કરે છે.

આ પ્રકારનું બેજવાબદાર નિવેદન એ વાત સાબિત કરે છે કે વહીવટી તંત્ર પાસે અસામાજિક તત્વો સામે કડક પગલાં લેવાની કે કાયદાકીય કાર્યવાહી કરવાની કોઈ ઈચ્છાશક્તિ જ નથી. જો સિનિયર સિટિઝનો માટે મૂકવામાં આવેલા બાંકડાઓ પર યુવાનો આવીને બેસતા હોય કે કોઈ ગેરપ્રવૃત્તિ થતી હોય, તો તેની સામે કાયદાનો ડર ઊભો કરવો અને પેટ્રોલિંગ વધારવું એ નગરપાલિકા અને પોલીસ તંત્રની સંયુક્ત ફરજ બને છે.

તેને બદલે સામાન્ય સોસાયટીના લોકોને આવી પ્રવૃત્તિઓ રોકવાની અને બાંકડા સાચવવાની સલાહ આપવી એ પાલિકાની સદંતર લાચારી અને નાકામી દર્શાવે છે.

લેકવ્યુ હોટેલ જેવા જાહેર પ્રવાસન સ્થળોની સામે પણ લાંબી લાઈનમાં ગોઠવેલા બાંકડાઓ આજે જર્જરિત અવસ્થામાં ભંગાર બનીને પડ્યા છે, જે શહેરની સુંદરતા પર મોટો ડાઘ છે. આવી ભૌગોલિક અને મહત્વની જગ્યાઓ પર પણ તંત્ર પાસે નવું આયોજન કરવાના નામે માત્ર પોકળ આશ્વાસનો સિવાય કંઈ નથી.

દર વખતે નવી ગ્રાન્ટ આવે ત્યારે માત્ર નવા બાંકડા ખરીદી લાવવા અને જૂનાની કોઈ માવજત ન કરવી એ સરકારી નાણાંનો ખુલ્લેઆમ દુરુપયોગ છે. જ્યાં સુધી તંત્ર પોતાની આ કુંભકર્ણ નિદ્રામાંથી જાગશે નહીં અને જાળવણીની સીધી જવાબદારી પોતાના શિરે નહીં લે, ત્યાં સુધી પ્રજાના ટેક્સના પૈસાથી થતા આવા કામો કાગળ પર જ સીમિત રહેશે અને જનતા સુવિધા વગર વલખાં મારતી રહેશે.

# મુંદરામાં કચ્છ સમેજા થેબા સમાજનું સ્નેહમિલન યોજાયું





મુન્દ્રા - કચ્છ ઉદય : અખિલ કચ્છ સમેજા થેબા સમાજ મુન્દ્રા તાલુકા અને મુન્દ્રા શહેર સમિતિ દ્વારા સમાજમાં એકતા, ભાઈચારો અને પરસ્પર પ્રેમની ભાવના વધુ મજબૂત બને તે હેતુથી ભવ્ય સ્નેહમિલન કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શરૂઆત મૌલાના અલીફ નક્સબંધી દ્વારા કુરઆન શરીફની તિલાવતથી કરવામાં આવી હતી.

અખિલ કચ્છ સમેજા થેબા સમાજના જિલ્લા પ્રમુખ સાયેબ અબ્દુલ શાહિદ સમેજાએ સમાજના સર્વાંગી વિકાસ માટે સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા સમાજબંધુઓને અનુરોધ કર્યો હતો. સમાજની પ્રગતિમાં અવરોધરૂપ બનતી ખૂટતી કડીઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું તેમજ શિક્ષણ, સંગઠન અને સરકારી યોજનાઓનો અસરકારક લાભ લઈ સમાજને આત્મનિર્ભર અને પ્રગતિશીલ બનાવવા સૌને હાકલ કરી હતી. મૌલાના અલીફ નક્સબંધીએ જણાવ્યું હતું કે, સમાજમાં ભાઈચારો, એકતા અને પરસ્પર પ્રેમની ભાવના વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો હતો. તેમણે દીની અને દુનિયાવી બંને પ્રકારના જ્ઞાન અને શિક્ષણને જીવનમાં સમાન મહત્વનું ગણાવી નવી પેઢીને સારા સંસ્કાર, ઉચ્ચ શિક્ષણ અને નૈતિક મૂલ્યો સાથે આગળ વધવા પ્રેરણા આપી હતી. અબ્દુલ વહાબે જણાવ્યું હતું કે, "શિક્ષણ જ સમાજની પ્રગતિની સાચી ચાવી છે." તેમણે સમાજના દરેક પરિવારને પોતાના સંતાનોને ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ અપાવવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે શિક્ષણ જ વ્યક્તિને દુનિયા અને આખીરત બંનેમાં સફળતા, સન્માન અને ઉજ્જવળ ભવિષ્ય અપાવી શકે છે. આગામી સમયમાં શૈક્ષણિક સન્માન સમારોહ, કારકિર્દી માર્ગદર્શન સેમિનાર, બ્લડ ડોનેશન કેમ્પ, આરોગ્ય તપાસ કેમ્પ, રમતગમત સ્પર્ધાઓ, મહિલા સશક્તિકરણ કાર્યક્રમો તેમજ યુવાનોને જોડતા વિવિધ સમાજોપયોગી કાર્યક્રમો યોજવાનો સર્વાનુમતે સંકલ્પ કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમમાં અખિલ કચ્છ સમેજા થેબા સમાજના જિલ્લા પ્રમુખ સાયેબ અબ્દુલ શાહિદ સમેજા, અબ્દુલ વહાબ સાહેબ, મૌલાના અલીફ નક્સબંધી સાહેબ, હાજી સલામ સમેજા (ભુજ તાલુકા પ્રમુખ), સલીમ સમેજા (અંજાર તાલુકા પ્રમુખ), લાલાભાઈ સમેજા, ઈબ્રાહીમ સમેજા (ભુજ તાલુકા મહામંત્રી), રફીક થેબા (ભુજ તાલુકા મહામંત્રી), અશરફ સમેજા (સંગઠન મંત્રી), અબ્દુલ કરીમ સમેજા (સહમંત્રી), ઈબ્રાહીમ જાકબ થેબા (ઉપપ્રમુખ), સુલેમાન ઈસ્માઈલભાઈ થેબા (મંત્રી), ઈકબાલભાઈ સમેજા (જિલ્લા સમિતિ સભ્ય), ઝહીર સમેજા (ભુજ શહેર મંત્રી), રહીમભાઈ સમેજા તથા અનવરભાઈ સમેજા, મુન્દ્રા તાલુકા સમિતિના પ્રમુખ હાજી ઈસાકભાઈ સમેજા, ઉપપ્રમુખ હુસેન સુલતાનભાઈ સાડાઉં, ઉપપ્રમુખ અકબરભાઈ સમેજા, મહામંત્રી ઈમરાનભાઈ સમેજા (ભુજપર), મહામંત્રી અબ્દુલભાઈ સમેજા, મહામંત્રી ઈમરાનભાઈ સમેજા (ડેસલપર), સંગઠન મંત્રી અકરમભાઈ સમેજા, મંત્રી ઝાકીરભાઈ થેબા, મંત્રી ફિરોઝ (કેસ)ભાઈ સમેજા, સભ્ય ઈકબાલભાઈ સમેજા, સભ્ય ઈમરાનભાઈ સમેજા, સભ્ય ફરહાનભાઈ સમેજા તથા જનરલ સેક્રેટરી સબાબભાઈ સમેજા, મુન્દ્રા શહેર સમિતિના પ્રમુખ ફારૂકભાઈ સમેજા, ઉપપ્રમુખ સાહિલભાઈ સમેજા, ઉપપ્રમુખ મુસ્તાકભાઈ સમેજા, મહામંત્રી જાવેદભાઈ સમેજા, મહામંત્રી ફારૂકભાઈ સમેજા, મહામંત્રી ફેઝલભાઈ સમેજા, સહમંત્રી તાહિરહુસેન સમેજા, સંગઠન મંત્રી અલીમામદભાઈ સમેજા, મંત્રી અસલમભાઈ સમેજા, મંત્રી સોયેમભાઈ સમેજા, સભ્ય ફારૂકભાઈ સમેજા, સભ્ય ઈબ્રાહીમભાઈ સમેજા તથા સભ્ય અબ્દુલભાઈ સમેજા, મિયાજી ફકીરમામદ સમેજા (સાડાઉં), સુલતાન જુમાભાઈ સમેજા (સાડાઉં), રહીમભાઈ થેબા (સાડાઉં), દુલ્હાભાઈ સમેજા (ભુજપર), ઈબ્રાહીમભાઈ સમેજા (નવીનાળ), કાસમભાઈ સમેજા (નવીનાળ), રમજુભાઈ સમેજા (બારોઈ), સબીરભાઈ સમેજા (સુખપર), આદિલભાઈ સમેજા (સુખપર), જુનેદ ગુલામ સમેજા, અબ્દુલ સમેજા, ઈમરાન સમેજા અને મોહમદ સમેજા સહિત સમાજના મોટી સંખ્યામાં આગેવાનો, વડીલો, યુવાનો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા હુસેન સુલતાનભાઈ સાડાઉં (ઉપપ્રમુખ, મુન્દ્રા તાલુકા – અખિલ કચ્છ સમેજા થેબા સમાજ) દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ મુન્દ્રા તાલુકા અખિલ કચ્છ સમેજા થેબા સમાજના પ્રમુખ હાજી ઈસાકભાઈ સમેજાએ કરી હતી.

# હિંમતનગર ખાતે ઓપન ગુજરાત ચેસ સ્પર્ધાનું આયોજન કરાયું

**પોલીસ સબ ઇન્સ્પેક્ટર સંજય દાવડા દ્વિતિય ક્રમે વિજેતા બની પોલીસ ડીપાર્ટમેન્ટનું ગૌરવ વધાર્યું**



ભુજ - કચ્છ ઉદય : રોયલ ચેસ એકેડેમી હિંમતનગર ખાતે ઓપન ગુજરાત ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં પોલીસ આસિસ્ટન્ટ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સંજય વેલજીભાઈ દાવડા દ્વિતિય ક્રમે વિજેતા બની પોલીસ ડીપાર્ટમેન્ટનું ગૌરવ વધાર્યું હતું. શ્રી દાવડા હાલમાં થોડા સમય પહેલા ઓપન ગુજરાત પોલીસ ડી. જી.પી. કપ ચેસ સ્પર્ધામાં પણ ચેમ્પિયન બન્યા હતા અને આ ઉપરાંત લોહાણા સમાજ દ્વારા આયોજિત ચેસ સ્પર્ધામાં ચેમ્પિયન બન્યા હતા અને પોલીસ ઓલ ઈન્ડિયા ટેબલ ટેનિસ સ્પર્ધા માટે પણ પસંદગી પામવા જેવી અનેક સિદ્ધિઓ સર કરી છે.

તેમની આ સિદ્ધિને બોર્ડર આઈ.જી.પી. ચિરાગ કોરડીયા, પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડા, ડી.વાય .એસ. પી. ક્રિશ્ચેન, પી.આઈ.રાતડા .બી.ડી.ડી.એસ.પી.એસ.આઈ કાગ સાહેબ અને ગ્રાઉન્ડ સેકન્ડ મેજર દોલત માનશીંગ ભાટ્ટી બિરદાવી હતી.

# ચીનમાં ડિપ્રેશન ઘટાડવા ચાલતો હસાવવાનો ૪૦૦ અબજ ડોલરનો જંગી બિઝનેસ

(એજન્સી દ્વારા)

બેઈજિંગઃ ચીનના સોશિયલ મીડિયા આજકાલ ઈનોશ્નલ વેલ્યૂની જાહેરાતોથી ઉભરાઈ રહ્યું છે. એકલતા વધી રહી છે અને યુવા જનરેશનમાં ભવિષ્યની ચિંતાને લઈને ડિપ્રેશનનું પ્રમાણ પણ વધ્યું છે. તેની સામે ઈનોશ્નલ વેલ્યૂ યાને હસાવવાથી લઈને ગિફ્ટ આપીને ખુશ કરવા સુધીનું ખુશહાલીનું માર્કેટ વધી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે ચીનમાં આ પ્રકારનો બિઝનેસ ૪૦૦ અબજ ડોલરને પાર પહોંચી ગયો છે.

ચીનની યુવા પેઢીમાં ભવિષ્યને લઈને ચિંતા છે. નવી જનરેશન એક્ઝાઈટીમાં જીવા છે. ભવિષ્યની ચિંતામાં દિવસો કાઢે છે. તેની સામે અમુક યુવાનો ખુશહાલીનો બિઝનેસ કરી રહ્યા છે. લૂ ઝાઓયૂ નામનો એક યુવાન ચીનના વિખ્યાત પહાડ માઉન્ડ તાઈના અવરોહણમાં મદદ કરે છે. તે અન્ય પ્રવાસીઓને આ પહાડ ચડવાનું પેકેજ ઓફર કરે છે, પરંતુ આ માત્ર પહાડ ચડવા પૂરતું પેકેજ નથી. તે રસ્તામાં પ્રવાસીને હસાવે છે. તેને ઈમોશ્નલી સપોર્ટ આપે છે. ગિફ્ટ્સ આપે છે. તેને તાજાં ફળો આપે છે. ગમતી વાતો કરે છે. આ માટે તે ૧૦૦ ડોલર જેટલો ચાર્જ વસૂલે છે અને લોકો આટલો ખર્ચ કરીને હોંશે હોંશે તેની સાથે જાય છે.

૩૦ વર્ષનો એ લાંગ નામનો યુવાન જુદા જુદા કલાકારોનો પોશાક પહેરીને મધ્ય ચીનમાં લોકોને હસાવવાનું કામ કરે છે. તે માત્ર હસાવતો નથી, પરંતુ ફુલ ઈમોશ્નલ એક્સપિરિયન્સ આપે છે. ચીનના સોશિયલ મીડિયામાં આવા યુવાનો પ્રમોશન્સ કરી રહ્યા છે.

# ટ્રમ્પનો નવો ફતવો : હોર્મુઝ અમેરિકાનું, ૨૦ ટકા ટોલ વસૂલીશું

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટનઃ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે હોર્મુઝ પર અમારો અંકુશ છે અને અમે તેના ગાર્ડિયન ઓફ ધ સ્ટ્રેઈટ બનીશું તથા દરેક કાર્ગો શિપ પર ૨૦ ટકા ટોલ લઈશું તેમ જણાવીને આખા વિશ્વમાં સનસનાટી મચાવી દીધી છે. ઈરાને હોર્મુઝ પરના અમેરિકાના દાવાને ફગાવી દીધું છે.ટ્રમ્પનું કહેવું છે કે અમેરિકા હોર્મુઝને સલામત રાખવા માટે જે પ્રયત્નો કરી રહ્યુ છે તે બદલ તેને બીજા દેશોએ ચૂકવણી કરવી જોઈએ.

આમ હોર્મુઝમાંથી જે વસૂલાતની વાત ઈરાન કરતું હતું હવે તે જ વાત ટ્રમ્પ કરી રહ્યા છે. ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા ટેલિફોનિક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે અમેરિકા હોર્મુઝના આંતરરાષ્ટ્રીય જળમાર્ગની સુરક્ષા કરશે અને તે આ જળમાર્ગનું સંચાલન પોતાના હાથમાં લઈ લે તે પણ શક્ય છે. અમેરિકા આ ક્ષેત્રનું ગાર્ડિયન બનશે અને તેને ગાર્ડિયન ઓફ ધ સ્ટ્રેઈટ કહી શકાય છે. જો કે હોર્મુઝમાં પસાર થવાની ઈરાનના જહાજોને મંજૂરી નહીં હોય.

ટ્રમ્પે જણાવ્યું હતું કે વિશ્વના ઘણા સમૃદ્ધ દેશો આ જળમાર્ગ પર નિર્ભર છે. તે અમેરિકાના સહયોગી પણ છે. તેથી બધો બોજો એકલું અમેરિકા ન ઉઠાવી શકે. હોર્મુઝની રક્ષાની જવાબદારી બદલ અમેરિકાને પૂરતી ચૂકવણી થવી જોઈએ. હોર્મુઝની ખાડી વિશ્વના સૌથી મહત્ત્વના આંતરાષ્ટ્રીય જળમાર્ગોમાં એક છે. બીજી બાજુ ઈરાન હાલમાં હોર્મુઝ સંપૂર્ણપણે બંધ હોવાનો અને તેના પર સંપૂર્ણપણે તેનો અંકુશ હોવાનો દાવો કરે છે. યુદ્ધ પૂરુ થયા પછી જ હોર્મુઝ ખૂલશે તેમ કહે છે. બંને દેશ વચ્ચે વધેલો આ સંઘર્ષ ફક્ત લશ્કરી સંઘર્ષ જ ન રહેતા તે વૈશ્વિક અર્થતંત્રને મોટો ફટકો મારી શકે છે.આખા વિશ્વને મંદીની ગર્તામાં ધકેલી શકે છે.

ટ્રમ્પે જણાવ્યું હતું કે બંને દેશ વચ્ચે ૧૧ કલાક લાંબી વાતચીત ચાલી હતી. તેમા લગભગ બધું જ નક્કી થયું હતું. જો કે બેઠક પૂરી થયા પછી ઈરાની પક્ષે ફરીથી સંપર્ક કરીને જણાવ્યું હતું કે આ સમજૂતીમાં કેટલાક ફેરફાર કરવા પડશે. પરંતુ પછી ઈરાન પોતાની વાત પરથી ફરી ગયું. ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન છેલ્લા ૪૭ વર્ષથી આ જ રીતે લોકોને ટાળતું રહ્યું છે. આ મુદ્દો ઘણા સમય પહેલા ઉકેલાઈ જવાની જરૂર હતી.

ટ્રમ્પના નિવેદનના થોડી જ મિનિટો પછી ઈરાને હોર્મુઝની ખાડી બંધ થઈ હોવાની જાહેરાત કરી. ઈરાનનું કહેવું છે કે અમેરિકન લશ્કરના સતત હુમલાના કારણે આ રસ્તા પરથી પસાર થવું અઘરું છે. સ્થિતિ શાંત થતાં રસ્તો ફરીથી શરૂ કરવા વિચાર કરવામાં આવશે.

ઈરાને ચેતવણી આપી છે કે જો કોઈ દેશે આ મુદ્દે અમેરિકાને સાથ આપ્યો તો તેને ઈરાન સામેનું યુદ્ધ માનવામાં આવશે. વર્તમાન તણાવ જો યુદ્ધમાં બદલાય છે તો તેની અસર આખા પશ્ચિમ એશિયા પર પડશે. આવામાં કોઈપણ સંઘર્ષની વ્યાપક જવાબદારી અમેરિકા અને તેના સહયોગી દેશો પર હશે.

આ દરમિયાન બને દેશ વચ્ચે યુદ્ધ વથુ ભીષણ થયું છે. અમેરિકાએ ઈરાન પર ૧૪૦થી પણ વધુ સ્થળોએ હુમલા કર્યા તો તેના જવાબમાં ઈરાને પણ મધ્ય-પૂર્વમાં કેટલાય અમેરિકન લશ્કરી થાણાને નિશાન બનાવ્યા છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે અમેરિકાએ રવિવારથી ઈરાન સામે નવી એરસ્ટ્રાઈક સીરિઝ શરૂ કરી છે. આ હુમલામાં ઈરાનની મિસાઈલ સિસ્ટમ, એર ડિફેન્સ બેઝ અને આઈઆરજીસીની સ્પીડ બોટ્સને નિશાન બનાવવામાં આવી છે.

અમેરિકાએ સોમવારે પણ ઈરાન પર હુમલા કર્યા હતા. ઈરાનના બંદર અબ્બાસ, કેશમ દ્વીપ, જાસ્ક, સિરીક અને બુશહર શહેરના કેટલાય વિસ્તારોમાં વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. આ બધા હુમલા લશ્કરી ઠેકાણા પર થયા છે. કોઈ નાગરિકના મોતના સમાચાર નથી.

# કેન્દ્રનો રાજ્ય સરકારોને આદેશ : ઇ-૨૦ પેટ્રોલ સલામતઃ ભેળસેળ કરનારા સામે આકરી કાર્યવાહી કરો

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીઃ લોકોમાં ઈ-૨૦ પેટ્રોલની ગુણવત્તા અને એન્જિનની સુરક્ષાને લઈને ઘણી ચિંતા જોવા મળી રહી છે. આ સંદર્ભમાં કેન્દ્રએ રાજ્ય સરકારોને પેટ્રોલમાં ભેળસેળ કરનારાઓ સામે આકરી કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે.

સરકાર ઈ-૨૦ પેટ્રોલના મોરચે કોઈ પાછીપાની કરવા માંગતી નથી. આથી પેટ્રોલમાં બીજું કોઈપણ પ્રકારનું મિશ્રણ કરનારા સામે સરકાર આકરા પગલાં લેવા તૈયાર છે.

આ સંદર્ભમાં પેટ્રોલિયન અને નેચરલ ગેસ મંત્રાલયે બધા રાજ્યોના મુખ્ય સચિવોને જણાવ્યું હતું કે ઈંધણની જાળવણી કે સપ્લાય ચેઈનમાં કોઈપણ પ્રકારની બેદરકારીને જરા પણ સહન કરવામાં નહીં આવે.

સરકારે જણાવ્યું હતું કે પેટ્રોલમાં ભેળસેળ કરનારા દરેક કેસમાં આકરી કાર્યવાહી કરવામાં આવે. ગુણવત્તા સાથે સમાધાન કરનારા સામે ઝીરો ટોલરન્સનો અભિગમ અપનાવવામાં આવે. જો કે મંત્રાલયે તે સ્પષ્ટ કર્યુ નથી કે અત્યાર સુધી ક્યાં મોટાપાયા પર ભેળસેળ પકડાઈ છે.

સરકારના માપદંડ મુજબ ઈ-૨૦ પેટ્રોલ સંપૂર્ણ સલામત છે. હવે જો ગાડીમાં ખરાબી આવે છે તો તે પેટ્રોલની ખરાબ ગુણવત્તા, પેટ્રોલ પંપો પર યોગ્ય જાળવણીનો અભાવ અને ભેળસેળના કારણે હોઈ શકે છે. આ ભેળસેળનો ભોગ સરકારનો ઈ-૨૦ ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનો પ્રોગ્રામ બની રહ્યો છે, તેથી સરકારે આકરા પગલાં લેવા ફરમાન કર્યુ છે. ઈ-૨૦ પેટ્રોલના કારણે અચાનક ગાડી બંધ પડી જવી અને બ્રેકડાઉન થવાના કેસ સામે આવ્યા છે. આમ છતાં સરકારની તપાસ મુજબ અસલી સમસ્યા ઈ-૨૦ પેટ્રોલમાં નથી, પરંતુ ભેળસેળવાળા ઈંધણમાં છે. તેથી જ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને ભેળસેળિયા સામે આકરાં પગલાં લેવા આદેશ આપ્યો છે.

# નેત્રાના ગુપ્તેશ્વર મહાદેવના સાનિધ્યમાં ભક્તિ, આસ્થા અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ

**નેત્રા નજીક જંગલમાં આવેલા પૌરાણિક શિવધામના વાર્ષિક પાટોત્સવમાં હજારો ભાવિકો ઉમટ્યા : રૂદ્રાભિષેક, મહાઆરતી, મહાપ્રસાદ અને સંતવાણીના કાર્યક્રમો યોજાયા**

નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના નેત્રા ગામથી આશરે બે કિલોમીટર દૂર જંગલની હરિયાળી વચ્ચે ભોંયરામાં આવેલા પૌરાણિક ગુપ્તેશ્વર મહાદેવ મંદિરે વાર્ષિક પાટોત્સવની ભવ્ય અને ભક્તિમય ઉજવણી કરવામાં આવી હતી. વર્ષોથી શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર તરીકે જાણીતા આ શિવધામ ખાતે વહેલી સવારથી જ ભાવિકોની ભારે અવરજવર જોવા મળી હતી. સમગ્ર દિવસ દરમિયાન ધાર્મિક વિધિઓ, પૂજન-અર્ચન, રૂદ્રાભિષેક, મહાઆરતી, મહાપ્રસાદ અને સંતવાણીના કાર્યક્રમો યોજાતા મંદિર પરિસર ભક્તિભાવથી ઓતપ્રોત બની ગયું હતું.

જંગલના શાંત અને કુદરતી વાતાવરણ વચ્ચે આવેલું ગુપ્તેશ્વર મહાદેવ મંદિર પંથકના લોકો માટે વિશેષ આસ્થાનું સ્થાન ધરાવે છે. ભોંયરામાં બિરાજમાન મહાદેવના દર્શન માટે દર વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અહીં પહોંચે છે. પાટોત્સવના દિવસે પણ નેત્રા ઉપરાંત નખત્રાણા, અબડાસા તથા આસપાસના અનેક ગામોમાંથી ભક્તો ઉમટી પડ્યા હતા. મંદિર પરિસરમાં દિવસભર હર હર મહાદેવના ગુંજતા નાદ અને ભક્તિમય વાતાવરણ વચ્ચે શ્રદ્ધાળુઓએ દર્શન-પૂજનનો લાભ લીધો હતો.

ગ્રામજનો અને ગિરનારી યુવક મંડળના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા પાટોત્સવની શરૂઆત વૈદિક મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. મહાદેવને વિશેષ રૂદ્રાભિષેક, દુગ્ધાભિષેક, જળાભિષેક અને બિલ્વપત્ર અર્પણ કરીને વિશેષ પૂજા કરવામાં આવી હતી. રૂદ્રી પાઠ દરમિયાન સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક ઊર્જાથી ઝળહળી ઉઠ્યું હતું. શ્રદ્ધાળુઓએ પરિવારના સુખ, સમૃદ્ધિ, આરોગ્ય અને લોકકલ્યાણ માટે પ્રાર્થનાઓ અર્પણ કરી હતી.

સાંજના સમયે યોજાયેલી મહાઆરતીમાં ભાવિકોની વિશેષ ભીડ જોવા મળી હતી. દીવડાઓના અજવાળાં અને શિવસ્તુતિના મંત્રોચ્ચાર વચ્ચે યોજાયેલી મહાઆરતીનું દૃશ્ય અદભૂત બન્યું હતું. મહાદેવના જયઘોષ સાથે સમગ્ર મંદિર પરિસર ગુંજી ઉઠ્યું હતું. મહાઆરતી બાદ સર્વ સમાજ માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ પ્રસાદ ગ્રહણ કરી ધર્મલાભ મેળવ્યો હતો.

રાત્રિના સમયે યોજાયેલી સંતવાણી અને ભજન સંધ્યાએ પાટોત્સવને વિશેષ ઊંચાઈ આપી હતી. ભજનિકો દ્વારા રજૂ કરાયેલા શિવભક્તિ, સંતપરંપરા અને આધ્યાત્મિક સંદેશ આપતા ભજનોને ઉપસ્થિત ભાવિકોએ ખૂબ જ ભાવપૂર્વક માણ્યા હતા. ભક્તિરસથી છલકાતા વાતાવરણમાં મોડી રાત સુધી સત્સંગ અને સંતવાણીની રમઝટ જામી રહી હતી.પાટોત્સવ નિમિત્તે સમાજ અને ધાર્મિક ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર મહાનુભાવોના સન્માનનો કાર્યક્રમ પણ યોજાયો હતો. અબડાસા તાલુકા પંચાયતના સભ્ય જયેન્દ્રસિંહ જાડેજા (બાંડિયા), નખત્રાણા તાલુકા પંચાયતના સભ્ય અશ્વિન રૂપારેલ, જિલ્લા પંચાયતના સભ્ય નેહાબેન રૂપારેલ, પૂર્વ પૂજારી મહંત લખુભારથી ચતુરભારથી તેમજ ભજનિક વિશાલ આઈયા સહિતના આગેવાનોનું ગિરનારી યુવક મંડળ દ્વારા શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું કે આવા ધાર્મિક ઉત્સવો માત્ર પૂજા-અર્ચના પૂરતા મર્યાદિત નથી, પરંતુ સમાજમાં એકતા, સંસ્કાર, સેવાભાવ અને ધાર્મિક ચેતનાને મજબૂત બનાવવાનું કાર્ય પણ કરે છે. ગ્રામ્ય વિસ્તારોમાં યોજાતા આવા પાટોત્સવો યુવા પેઢીને પોતાની સંસ્કૃતિ અને પરંપરા સાથે જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ગિરનારી યુવક મંડળ, શિવ મિત્ર મંડળ, ગામના આગેવાનો અને સ્વયંસેવકો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી. દેવેન્દ્રભાઈ કલરા, સરપંચ બહાદુરસિંહ જાડેજા, પૂજારી પ્રકાશગિરિ સહિતના કાર્યકરોએ આયોજન, વ્યવસ્થા, પ્રસાદ વિતરણ અને ભાવિકોની સુવિધા માટે સતત સેવા આપી હતી.

પ્રકૃતિના ખોળામાં આવેલા ગુપ્તેશ્વર મહાદેવ ધામ ખાતે યોજાયેલો આ વાર્ષિક પાટોત્સવ શ્રદ્ધા, ભક્તિ અને સામૂહિક સહકારનું અનોખું ઉદાહરણ બની રહ્યો હતો. મોટી સંખ્યામાં ભાવિકોની ઉપસ્થિતિ અને ઉત્સાહપૂર્ણ સહભાગિતાએ સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવી દીધો હતો. પંથકના ધાર્મિક જીવનમાં વિશેષ સ્થાન ધરાવતા આ પાટોત્સવે ફરી એકવાર ગુપ્તેશ્વર મહાદેવ પ્રત્યેની અખૂટ આસ્થા અને ભક્તિનો પરિચય કરાવ્યો હતો.

# કચ્છમાં સાયબર ક્રાઈમ ટીમ શું અગરબત્તી કરે છે?

# SMCની ડિજિટલ જુગાર પર તવાઈથી ઉઠતા ગંભીર સવાલો

**એસએમસી શા માટે ત્રાટકે છે?**"સ્થાનિક કક્ષાએ આ અડ્ડાઓ વહીવટ કે સેટિંગના જોરે ધમધમતા હોય છે, પરંતુ સ્ટેટ મોનિટરિંગ સેલ સીધું ગાંધીનગરથી ટેકનિકલ લોકેશન ટ્રેક કરીને લાઈવ રેડ પાડે છે. રેડ દરમિયાન પોલીસ સ્થળ પરથી મોબાઈલ, લેપટોપ, વાઈફાઈ રાઉટર, લોગ-બુક (હિસાબની ડાયરીઓ) અને ડિજિટલ આઈડીના લિસ્ટ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી કરે છે. આ જ પદ્ધતિથી સ્થાનિક સાયબર ક્રાઈમ અપનાવાવમાં કયા ટુકી પડે છે? કે પછી ઈચ્છાશક્તિનો હોય છે અભાવ? : **જાણકારોના સવાલો**

**SMC ત્રાટકી પણ સ્થાનિક સાયબર સેલ કેમ ઊંઘતો રહ્યો? ગાંધીધામ સપનાનગરમાં રહેણાંક મકાનમાં ચકલાપોપટ અથવા તો યંત્ર આધારિત ઓનલાઈન જુગાર ધમધમી ઉઠી હતી છતા સ્થાનિકની સાયબર ક્રાઈમ ટીમોને કોઈ જ ગંધ શુદ્ધા ન આવવા પાછળનું રહસ્ય શું?**

## આ યંત્ર-ડીજિટલ ઓનલાઈન જુગાર કયા મોડસ ઓપરેન્ડીથી રમાય છે? આ રહ્યો એકસરે!

ગાંધીધામ : હાઈટેક ડિજિટલ કે ઓનલાઈન યંત્ર જુગાર એ પરંપરાગત જુગાર (પત્તા કે વરલી મટકા) કરતાં બિલકુલ અલગ અને અત્યંત શાતિર પદ્ધતિથી કામ કરે છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ગાંધીધામ જેવા શહેરોમાં જે દરોડા પાડવામાં આવે છે, ત્યાં આખું નેટવર્ક ટેકનોલોજી અને ગુપ્ત કોડિંગ પર ચાલતું હોય છે.

આ ડિજિટલ જુગાર વાસ્તવમાં કેવી રીતે રમાડાય છે, તેનું સંપૂર્ણ ટેકનિકલ અને ઓપરેશનલ રિસર્ચની જો વાત કરીએ તો ડિજિટલ 'યંત્ર જુગાર'નું આખું નેટવક કેવી રીતે થાય છે આ ખેલ?"આ પ્રકારના હાઈટેક જુગારના અડ્ડાઓ કોઈ ખુલ્લી જગ્યામાં નથી ચાલતા, પરંતુ ઓફિસો, ફ્લેટ કે દુકાનોમાં કમ્પ્યુટર, લેપટોપ અને મોબાઈલ સ્ક્રીન પાછળ છુપાયેલા હોય છે. તેની મુખ્ય કાર્યપદ્ધતિની જો વાત કરીએ તો **૧. માસ્ટર આઈડી અને ક્લાયન્ટ આઈડી સિસ્ટમ"મેઈન સર્વર/બુકી**: આ જુગારની મુખ્ય વેબસાઈટ કે એપ્લિકેશન વિદેશમાં (જેમ કે દુબઈ) અથવા અન્ય રાજ્યોના સર્વર પર ચાલતી હોય છે. **૨.સ્થાનિક એજન્ટો**: સ્થાનિક સ્તરે જે સટ્ટાખોરો અડ્ડા ચલાવે છે, તેઓ મુખ્ય કંપની પાસેથી 'માસ્ટર આઈડી' અથવા 'પેનલ' કરોડો રૂપિયામાં ભાડે કે ભાગીદારીમાં રાખે છે. ૩.ગ્રાહકો જુગાર રમવા આવનાર વ્યક્તિને આ સ્થાનિક બુકીઓ એક ગુપ્ત યુઝર આઈડી અને પાસવર્ડ આપે છે.'યંત્ર' અથવા ડિજિટલ કોઈન્સ ની ખરીદી"આ જુગારમાં રોકડા રૂપિયા સીધા ટેબલ પર નથી મુકાતા. જુગારી (પ્લેયર) જેટલા રૂપિયા રોકડા કે ઓનલાઈન આપે, તેટલા જ રૂપિયાના ડિજિટલ કોઈન્સ અથવા પોઈન્ટ્સ તેના આઈડીમાં ક્રેડિટ (જમા) કરવામાં આવે છે. (દા.ત. ૧૦,૦૦૦ રૂપિયા = ૧૦,૦૦૦ પોઈન્ટ્સ).**૩. સોફ્ટવેર અને ગેમ્સ**ના પ્રકાર"કમ્પ્યુટર કે મોબાઈલ સ્ક્રીન પર જુદા જુદા પ્રકારના આકર્ષક 'યંત્રો' કે ગેમ્સ લાઈવ ચાલતી હોય છેઃ વર્ચ્યુઅલ કેસિઓઃ રૂલેટ (ચક્ર ફરવું), અંદર-બહાર, પોકર, કે ૭-અપ ૭-ડાઉન જેવી ગેમ્સ સોફ્ટવેર પર ચાલે છે.નંબર ગેમિંગ (યંત્ર): સ્ક્રીન પર ૧ થી ૯ કે ૧ થી ૧૦૦ ના અંકો (યંત્રો) હોય છે. ચોક્કસ સેકન્ડોમાં કોઈ એક નંબર ખૂલે છે. જો જુગારીએ એ જ નંબર પર પોઈન્ટ્સ લગાવ્યા હોય, તો તેને ૯ ગણા કે ૩૬ ગણા પોઈન્ટ્સ પાછા મળે છે.**૪. 'અલ્ગોરિધમ' સેટિંગઃ** જુગારી ક્યારેય જીતી શકતો નથી!"આ ડિજિટલ જુગારનું સૌથી કાળું પાસું તેનું **RNG** સોફ્ટવેર છે.આ સોફ્ટવેરની પાછળ એવું કોડિંગ હોય છે કે જે માલિક (બુકી)ને જ ફાયદો કરાવે. શરૂઆતમાં જુગારીને લાલચ આપવા માટે થોડું જીતવા દેવામાં આવે છે. પરંતુ જેવો જુગારી મોટી રકમ લગાવે, એટલે સોફ્ટવેર આપોઆપ એવો નંબર ખોલે છે જેમાં બુકીને સૌથી ઓછું ચૂકવવું પડે અથવા બધો પ્રોફિટ બુકીનો થાય. આર્થિક વ્યવહારો"પોલીસ અને સાયબર ક્રાઈમથી બચવા માટે આ નેટવર્ક નાણાકીય વ્યવહારો ખૂબ જ શાતિરતાથી કરે છેઃ હવાલા નેટવર્કઃ જીતેલી કે હારેલી મોટી રકમો આંગડિયા કે હવાલા મારફતે ટ્રાન્સફર થાય છે. **ડમી બેંક એકાઉન્ટ્સઃ** ઓનલાઈન ટ્રાન્ઝેક્શન માટે ગરીબ કે અજાણ્યા લોકોના નામે ખોલાવેલા 'ડમી' બેંક ખાતાઓનો ઉપયોગ થાય છે, જેથી પોલીસ તપાસ કરે તો પણ અસલી માલિક પકડાતો નથી. ક્રિપ્ટોકરન્સીઃ આજકાલ ટ્રેકિંગથી બચવા માટે બિટકોઈન કે યુએસડીટી જેવી ક્રિપ્ટોકરન્સીમાં પણ આઈડી રિચાર્જ કરવામાં આવે છે.

## સણસણતો સવાલ : સાયબર સેલ એટલે શું માત્ર 'વહીવટ' સેલ?

**ક્રીકેટ સટ્ટોડીયાઓની રીયલ એસ્ટેટ ક્ષેત્ર**માં કરોડોની જમીનો અને **૨૦ લાખની રોલેક્સ ઘડિયાળો** પાછળ છુપાયેલું કાળું સત્ય! : આદિપુરમાં સટોડીયાઓની આલીશાન ગાડીઓ અને શિણાયમાં કરોડોની જમીનોઃ કોની રહેમનજર?: ૨૦ લાખની 'રોલેક્સ' ઘડિયાળ અને રહસ્યમય મૌન !

**જનતાનો આક્રોશ: નાટકો બંધ કરો, અસલી ગુનેગારોને પકડો** "શાળા-કોલેજોના માસૂમ બાળકોને સાયબર ક્રાઈમના પાઠ ભણાવતા અધિકારીઓ પહેલા પોતાના જ વિભાગમાં ચાલતા 'ઓનલાઈન વહીવટ'ના ક્રાઈમને બંધ કરે તે જરૂરી છે. જો બોર્ડર રેન્જ આઈજી અને ઉચ્ચ પોલીસ વહીવટી તંત્ર ખરેખર ન્યાય ઈચ્છતું હોય, તો આદિપુર અને શિણાયમાં જમીનો ખરીદનારા ક્રીકેટ સટોડીયાઓ અને તેમના આકાઓ સાથે કયા કયા પોલીસ અધિકારીઓના કનેક્શન છે, તેની સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ બનાવીને તપાસ થવી જોઈએ.

ગાંધીધામ : સામાન્ય જનતા માટે 'સાયબર સેલ' એટલે ઓનલાઈન છેતરપિંડી કે ડિજિટલ ગુનાઓ અટકાવતી પોલીસની એક હાઈટેક પાંખ. અધિકારીઓ મોટી-મોટી વાતો કરે છે કે તેઓ શાળા-કોલેજોમાં જઈને વિદ્યાર્થીઓને સાયબર ક્રાઈમ સામે જાગૃત કરે છે. પરંતુ જનતા આજે પૂછી રહી છે કેઃ સાયબર સેલનો અસલી મતલબ શું છે? શું આ વિભાગ માત્ર સ્કૂલ-કોલેજોમાં જઈને ફોટા પડાવવા અને જાગૃતિના નામે નાટકો કરવા માટે જ બનાવાયો છે? કે પછી તેની પાછળ ક્રિકેટ સટ્ટાકાંડ અને કરોડો રૂપિયાના તોડબાજીના આટાફેટા છુપાયેલા છે? ઓનલાઈન હાઈટેક યંત્ર જુગારની સાથે જ અગાઉ ગાંધીધામ-આદિપુરપટ્ટામાં એક અધિકારીને ક્રિકેટ સટ્ટાકાંડમાં ૪૦ લાખ રૂપિયાની રોલેક્ષ ઘડીયાલ 'ભેટ' મળતી હોવાના ગંભીર આરોપો અને ચર્ચાઓ વહેતી થઈ હતી. ત્યારે સવાલ એ થાય છે કે સાયબર સેલની ખરી વફાદારી કાયદા પ્રત્યે છે કે પછી સટ્ટાના આકાઓ પ્રત્યે?ગાંધીધામના જોડિયા નગર આદિપુરમાં આજે મોટા પાયે હાઈટેક જુગાર અને ઓનલાઈન સટ્ટાનું નેટવર્ક ધમધમી રહ્યું છે. ગઈકાલ સુધી સામાન્ય બાઈક પર ફરતા સટોડીયાઓ આજે અચાનક આલીશાન મોંઘીદાટ ગાડીઓમાં ફરતા થઈ ગયા છે. એટલું જ નહીં, આદિપુરની બાજુમાં આવેલા શિણાય રોડ અને શિણાય પંથકમાં આ સટોડીયાઓ કરોડો રૂપિયાની કિંમતી જમીનો ખરીદી રહ્યા છે.આ આખી માયાજાળ ખુલ્લેઆમ નજરે પડે છે, છતાં સવાલ એ છે કે સ્થાનિક સાયબર સેલ કે પોલીસને આ કેમ નથી દેખાતું? સામાન્ય માણસ લોન લેવા જાય તો તેની કુંડળી કઢાય છે, તો આ સટોડીયાઓ પાસે આટલી અઢળક સંપત્તિ ક્યાંથી આવે છે તેની તપાસ કેમ નથી થતી?જનતામાં અને પોલીસ બેડામાં અત્યારે ભારે ગણગણાટ છે કે આદિપુર અને ગાંધીધામના સટોડીયાઓ પાસેથી સાયબર સેલને દર મહિને તગડો 'વહીવટ' પહોંચી જાય છે. ચર્ચા તો ત્યાં સુધી છે કે આ સાહેબોના હાથમાં જે ૨૦-૨૦ લાખ રૂપિયાની મોંઘીદાટ 'રોલેક્સ' ઘડિયાળો ચમકે છે, તે પણ આ સટોડીયાઓએ મોકલેલી સોગાદ હોઈ શકે છે! જ્યારે ટેબલ નીચેથી લાખોનો વહીવટ અને કાંડા પર ૨૦ લાખની બ્રાન્ડેડ ઘડિયાળો પહોંચી જતી હોય, ત્યારે સાયબર સેલના મોઢા પર આપોઆપ 'તાળું' વાગી જાય તે સ્વાભાવિક છે તવુ પણ લોકો ચર્ચી રહ્યા છે. એટલે જ કદાચ, આદિપુરના અડ્ડાઓ પર સ્થાનિક પોલીસ આંખ આડા કાન કરે છે અને છેક ગાંધીનગરથી **SMC** (સ્ટેટ મોનિટરિંગ સેલ) એ આવીને રેડ પાડવી પડે છે!

ગાંધીધામ : કચ્છ બોર્ડર રેન્જમાં કરોડો રૂપિયાના ખર્ચે અને આધુનિક ટેકનોલોજીથી સજ્જ સાયબર ક્રાઈમ સેલનો અલાયદો વિભાગ કાર્યરત છે. ડિજિટલ ફ્રોડ કે ઓનલાઈન ગુનાખોરી આચરવામાં આવતી હોય તો તેને ડામવાની પ્રાથમિક જવાબદારી આ વિભાગ અને તેના જવાબદાર અધિકારીઓની રહેતી હોય છે. સાયબર ક્રાઈમ ટીમ રેન્જ કક્ષાએથી લઈ અને જિલ્લા કક્ષાએ પણ અલગ-અલગ રીતે કાર્યરત કરાયેલી છે. પરંતુ, તાજેતરમાં ગાંધીધામમાં જે ઘટના બની છે તેણે આ સમગ્ર વિભાગની નબળી કામગીરી અથવા તો રહસ્યમય મૌન પર મોટા સવાલો ઊભા કર્યા છે. ભાવનગર અને રાજકોટ બાદ હવે સ્ટેટ મોનિટરિંગ સેલની ટુકડીએ કચ્છના ગાંધીધામના સપનાનગર વિસ્તારમાં ઓનલાઈન, હાઈટેક ડિજિટલ જુગારના અડ્ડા પર ત્રાટકીને મોટું ઓપરેશન પાર પાડ્યું હોવાની વિગતો સામે આવી રહી છે. ગાંધીધામના હાર્દ સમાન વિસ્તારમાંથી જ્યારે આ પ્રકારનું હાઈટેક નેટવર્ક પકડાય, ત્યારે સવાલ એ થાય છે કે સાયબર ક્રાઈમ કચ્છ રેન્જ (આઈજીશ્રીની ટીમ) અને જિલ્લા કક્ષાની ટીમોને આવી કોઈ બાતમી કેમ ન મળી?શું આ સરહદી જિલ્લામાં આવું હાઈટેક ડિજિટલ જુગારનું સામાજિક દૂષણ મોટા પાયે વકરી ચૂક્યું હોય અને સ્થાનિક એજન્સીઓ તેનાથી તદ્દન અજાણ હોય તે શક્ય છે? જો અજાણ હોય તો તે ક્ષમતા પર સવાલ છે, અને જો જાણતા હોવા છતાં આંખ આડા કાન કરાયા હોય તો તે મિલીભગત તરફ ઈશારો કરે છે. કચ્છ જેવા સંવેદનશીલ સરહદી વિસ્તારમાં ઓનલાઈન દૂષણો ધમધમી ઉઠે અને સાયબર ક્રાઈમ સેલ સ્થાનિકે આવા અડ્ડાઓને અટકાવી જ ન શકે તો જનતામાં સવાલો ઊભા થવા સ્વાભાવિક છે.

## હવે જોવાનું એ રહ્યું છે કે.,

ગાંધીધામ : જ્યારે ગાંધીધામ જેવા સંવેદનશીલ અને વેપારી મથકે ગાંધીનગરની SMC ટીમે આવીને દરોડા પાડવા પડે, ત્યારે સાબિત થાય છે કે સ્થાનિક સાયબર ક્રાઈમ સેલ પોતાની કાનૂની અને નૈતિક જવાબદારી નિભાવવામાં સદંતર નિષ્ફળ રહ્યો છે અથવા તો ઓનલાઈન જુગારીઓને સ્થાનિક સ્તરે 'અભય વચન' મળેલું હતું. હવે જોવાનું એ રહેશે કે આ ગંભીર બેદરકારી બદલ ઉચ્ચ અધિકારીઓ સ્થાનિક સાયબર ટીમના જવાબદારો સામે પગલાં ભરે છે કે પછી મામલો થાળે પાડી દેવાય છે!

## નિયમો અને કાયદા અનુસાર સાયબર ક્રાઈમ સેલની આ છે ખરી જવાબદારી ?

ગાંધીધામ : જ્યારે ઓનલાઈન ગેમ્બલિંગ (ડિજિટલ જુગાર) કે સાયબર ગુનાઓ આચરવામાં આવે છે, ત્યારે 'ધ ગુજરાત પ્રિવેન્શન ઓફ ગેમ્બલિંગ એક્ટ' અને 'ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ' હેઠળ સાયબર ક્રાઈમ સેલની કેટલીક ચોક્કસ કાનૂની અને વહીવટી જવાબદારીઓ બને છે, જેમાં તેઓ નિષ્ફળ નીવડ્યા હોવાનું ચિત્ર ઉપસે છેઃ **૧. પ્રો-એક્ટિવ સાયબર પેટ્રોલિંગ** : સાયબર સેલનું મુખ્ય કામ માત્ર ફરિયાદ આવે ત્યારે જાગવાનું નથી. નિયમ અનુસાર, ડિજિટલ સ્પેસ, શંકાસ્પદ આઈપી એડ્રેસ, લોકલ નેટવર્ક અને ગેરકાયદેસર ઓનલાઈન ગેમિંગ એપ્લિકેશન્સ પર સતત વોચ રાખવાની જવાબદારી તેમની છે. **૨.ડિજિટલ ફૂટપ્રિન્ટ ટ્રેકિંગઃ** ઓનલાઈન જુગાર માટે લોકલ સર્વર, વીપીએન કે ખાસ પ્રકારની એપ્સ વપરાતી હોય છે. સાયબર સેલ પાસે રહેલા આધુનિક ટૂલ્સની મદદથી આવા શંકાસ્પદ ડેટા ટ્રાફિકને ટ્રેક કરીને સ્થાનિક સ્તરે જ દરોડા પાડવાની સત્તા અને જવાબદારી પોલીસ સબ-ઈન્સ્પેક્ટર થી લઈને ઉપરના અધિકારીઓની હોય છે. **૩. ઈન્ટેલિજન્સ ગેધરિંગ :** ઓનલાઈન જુગારમાં થતા આર્થિક વ્યવહારો ડિજિટલ વોલેટ કે હવાલા નેટવર્ક દ્વારા થતા હોય છે. આવા ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શન પર નજર રાખીને ગુનાના મૂળ સુધી પહોંચવાની કાનૂની જવાબદારી રેન્જ સાયબર સેલની બને છે.**૪.સ્થાનિક પોલીસ સાથે સંકલનઃ** આઈજીશ્રીની સાયબર ટીમનું કામ સ્થાનિક એજન્સીઓને ટેકનિકલ સપોર્ટ આપી આવા નેટવર્ક નેસ્તનાબૂદ કરવાનું છે.

## નાની ચીરાઈ ગામમાં ગમખ્વાર ઘટનાઃ ૧૮ વર્ષની યુવતીએ ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

ભચાઉ : ભચાઉ તાલુકાના નાની ચીરાઈ ગામમાં એક ૧૮ વર્ષની આશાસ્પદ યુવતીએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા અરેરાટી વ્યાપી ગઈ છે.મળતી માહિતી મુજબ, નાની ચીરાઈમાં રહેતા ઉસ્માન ભટ્ટીની ૧૮ વર્ષીય પુત્રી સુગરાએ તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રોજ બપોરના આશરે ૦૪:૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતાં જ પરિવારજનો તેને સારવાર અર્થે આદિપુરની ડિવાઈન લાઈફ હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબ ડો. ધારા શુક્લાએ તેને મૃત જાહેર કરી હતી. ઘટના અંગે ભચાઉ પોલીસને જાણ કરાતા એ.એસ.આઈ. રવજીભાઈ લોંચાએ પ્રાથમિક નોંધ કરી છે. મૃતદેહને પી.એમ. અર્થે ગાંધીધામની રામબાગ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ભચાઉ પોલીસ ઈન્સ્પેક્ટરના હુકમથી હેડ કોન્સ્ટેબલ વિક્રમસિંહ અને પો.સબ.ઈન્સ. કે.બી. તરારે આત્મહત્યા પાછળનું કારણ જાણવા આગળની તપાસ તેજ કરી છે.

SALE
UP TO 50% OFF
14-18 JULY 2026
BANDHANI
SAREE • SUIT
DUPATTA • KURTI
ABDULHAD IMTIYAZ KHATRI'S
BANDHANI HERITAGE
ANAM RING ROAD
BHUJ - KUTCH

## ગાંધીધામમાં ચાલતી જુગારધામ પર પોલીસનો મધરાતે દરોડો

### આસામના ૭ જુગારીઓ રંગેહાથ ઝડપાયા

ગાંધીધામ:ગાંધીધામના એ-ડિવિઝન પોલીસ મથકની ટીમે બાતમીના આધારે આહીર પ્લોટ ટીમ્બર યાર્ડની બહાર ખુલ્લી જગ્યામાં ચાલતા જુગારધામ પર મધરાતે ત્રાટકીને ૭ શખ્સોને ગંજીપાના અને હજારોની રોકડ રકમ સાથે દબોચી લીધા છે. પકડાયેલા તમામ શખ્સો મૂળ આસામના હોવાનું બહાર આવ્યું છે. ગાંધીધામ એ-ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ જનકભાઈ ગોરધનભાઈ લકુમ અને તેમની ટીમને બાતમી મળી હતી કે જીનામ પાર્કિંગ પાસે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો લાઈટના અજવાળે જુગાર રમી રહ્યા છે. પોલીસે તા. ૧૩/૦૭/૨૦૨૬ ના રાત્રે ૦૧:૧૫ વાગ્યે રેડ પાડતા જુગાર રમતા સાત શખ્સોમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા (૧) મેનુલ દિલદારઅલી હક, (૨) યુસુફઅલી ગુલઝારઅલી અલી, (૩) રેજયુલ ઓપીઅલી શેખ, (૪) અઝરૂલ ઓપીઅલી શેખ, (૫) હુસેન નુરમામદ અલી, (૬) સંજત મુઝીબરરેહમાન અલી અને (૭) પીંકાગ નીઝમ બ્રહ્મા (તમામ હાલે રહે. ગાંધીધામ ટીમ્બર ઓરડીઓ, મૂળ રહે. જી. કોકરાઝાર, આસામ) ને ઝડપી લીધા હતા. રૂપિયા ૨૦,૯૧૦ નો મુદ્દામાલ જપ્ત પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂપિયા ૨૦,૯૧૦/- તથા ગંજીપાના નંગ-૫૨ જપ્ત કર્યા છે. આ તમામ આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી એ.એસ.આઈ. મયુરગીરી હરેશગીરી ગૌસ્વામીએ આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે. ઈ-ગુજકોપમાં સર્ચ કરતા આ આરોપીઓનો કોઈ પૂર્વ ગુનાહિત ઈતિહાસ મળી આવ્યો નથી.

## જિલ્લાના વિકાસમાં આ એક નવો ઐતિહાસિક અધ્યાય ઉમેરાવા જઈ રહ્યો છે

# વૈશ્વિક પાવર ગ્રીડનું એપીસેન્ટર બનશે કચ્છ : દુબઈથી ભારત આવનારી વીજળી સીધી ભુજમાં લેન્ડ થશે!



**ભુકંપ બાદના ઔદ્યોગીકરણ તથા પ્રવાસનમાં રણોત્સવ બાદ હવે પીએમ નરેન્દ્ર મોદીના 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ' ના વિઝન હેઠળ કચ્છ વૈશ્વિક ઉર્જા ક્રાંતિનું નવું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે.! : ભારત-યુએઈ વચ્ચેના તાજેતરમાં જ મનોહરલાલ ખટ્ટરે કરેલા મોટા પ્રોજેકટનું કેન્દ્ર બનશે કચ્છ**

### યુએઈ બાદ સિંગાપોર અને યુરોપ પણ ભુજ સાથે જોડાશે!

ગાંધીધામ : ઉર્જા મંત્રી મનોહરલાલ ખટ્ટરના જણાવ્યા મુજબ ભારતનો પ્લાન માત્ર યુએઈ પૂરતો મર્યાદિત નથી. આ જ કડીમાં સાઉદી અરેબિયા સાથે ૪૭,૦૦૦ કરોડ રૂપિયાની ડીલ થઈ ચૂકી છે. આગામી સમયમાં શ્રીલંકા, સિંગાપોર અને છેક યુરોપ સુધી ભારત પોતાની ગ્રીડ લાઈન લંબાવશે. આ તમામ આંતરરાષ્ટ્રીય વીજળી વેપારના રોડમેપ માં ભુજ પશ્ચિમ ભારતનું સૌથી મજબૂત ઈન્ટરનેશનલ પાવર જંક્શન બનવા જઈ રહ્યું છે.

ગાંધીધામઃ કચ્છની ધરતી અત્યાર સુધી તેના સફેદ રણ, પ્રવાસન અને વિશાળ બંદરોના કારણે વિશ્વભરમાં જાણીતી હતી. પરંતુ હવે પીએમ નરેન્દ્ર મોદીના 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ' ના વિઝન હેઠળ કચ્છ વૈશ્વિક ઉર્જા ક્રાંતિનું નવું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે સમુદ્રની અંદરથી ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચે જે ૧૬૦૦ કિલોમીટર લાંબી પાવર કેબલ બિછાવવાનો મેગા પ્રોજેક્ટ આવી રહ્યો છે, તેનું મુખ્ય કનેક્શન અને ટર્મિનલ પોઈન્ટ બીજે ક્યાંય નહીં પણ કચ્છના ભુજમાં બનશે! તાજેતરમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી મનોહર લાલ ખટ્ટરે ઈન્ડિયા એનર્જી સ્ટોરેજ વીક દરમિયાન આ ઐતિહાસિક પ્રોજેક્ટની જાહેરાત કરી છે, જેમાં કચ્છની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ અને કેન્દ્રીય રહેશે. અરબ સાગરના પેટાળમાંથી ભુજ સુધીનું હાઈટેક નેટવર્ક"આ પ્રોજેક્ટ કોઈ સામાન્ય કેબલ લાઈન નથી, પરંતુ આધુનિક ટેકનોલોજીનો એક અદભુત નમૂનો છે જેને કચ્છ સાથે સાંકળવામાઆવનાર છે. અરબ સાગરની નીચે ૩૦૦૦ થી ૩૫૦૦ મીટરની અકલ્પનીય ઊંડાઈમાં હાઈ-વોલ્ટેજ ડાયરેક્ટ કરંટ કેબલ્સ બિછાવવામાં આવશે. આ કેબલ દુબઈ ના તટ પરથી શરૂ થઈને દરિયાના પેટાળ ચીરીને સીધી ગુજરાતના ભુજ ખાતે સ્થાપિત થનારા પાવર સ્ટેશન સાથે જોડવામાં આવશે. આ અંડરસી પાવર કેબલ દ્વારા ભારત અને ખાડી દેશો વચ્ચે ૨ ગીગાવાટ જેટલી વિપુલ માત્રામાં વીજળીની આપ-લે સહેલાઈથી થઈ શકશે. આ રાષ્ટ્રીય મહત્વ ધરાવતા પ્રોજેક્ટને પૂર્ણ કરવાની જવાબદારી સરકારી માલિકીની કંપની 'પાવર ગ્રીડ કોર્પોરેશન'ને સોંપવામાં આવી છે, જે આગામી ૫ થી ૬ વર્ષમાં આ ભગીરથ કાર્ય પૂરું કરશે. કચ્છની સરહદેથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દુનિયાને જે ગ્રીન એનર્જીનું સપનું બતાવ્યું હતું, તે હવે વાસ્તવિકતા બનવા તરફ અગ્રેસર છે. દુબઈથી ભુજ સુધી દરિયાના પેટાળમાં બિછાવાઈ રહેલી આ લાઈન માત્ર વીજળી જ નહીં લાવે, પણ ભારત અને ખાડી દેશો વચ્ચેના રાજદ્વારી અને આર્થિક સંબંધોને પણ સુવર્ણ અક્ષરે નવું જોમ પૂરું પાડશે. કચ્છના વિકાસમાં આ એક નવો ઐતિહાસિક અધ્યાય ઉમેરાવા જઈ રહ્યો છે!

### આ પ્રોજેક્ટથી કચ્છ અને ભુજને શું ફાયદો થશે?

ગાંધીધામ : કચ્છ પહેલેથી જ વિન્ડ (પવન) અને સોલાર (સૂર્ય) ઉર્જાનું મોટું હબ છે. એશિયાનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક પણ કચ્છના ખાવડામાં આકાર લઈ રહ્યો છે. આવામાં આ પ્રોજેક્ટ કચ્છ માટે ગેમ-ચેન્જર સાબિત થશ **૧. ગ્લોબલ એનર્જી હબઃ** કચ્છ હવે માત્ર ભારતને જ નહીં, પણ સમગ્ર વિશ્વને ક્લીન એનર્જી (ગ્રીન પાવર) સપ્લાય કરનારો ગેટવે બની જશે. **૨. ટાઇમ ઝોનનો મોટો ફાયદોઃ** જ્યારે ભારતમાં રાત હશે અને સોલાર પાવર બંધ હશે, ત્યારે ભુજ ટર્મિનલ દ્વારા દુબઈથી વીજળી ભારતમાં ખેંચવામાં આવશે. જ્યારે ભારતમાં દિવસ હશે, ત્યારે ભારત પોતાની વધારાની (સરપ્લસ) વીજળી દુબઈ મોકલશે. આ આખી આપ-લેનું કંટ્રોલિંગ સેન્ટર કચ્છ બનશે. **૩. રોજગારી અને આર્થિક વિકાસઃ** ૪૦,૦૦૦ કરોડના આ પ્રોજેક્ટના કારણે ભુજ અને તેની આસપાસના વિસ્તારોમાં હાઈ-ટેક પાવર સબ-સ્ટેશનો, કન્વર્ટર પ્લાન્ટ્સ સ્થપાશે, જેનાથી સ્થાનિક સ્તરે એન્જિનિયરિંગ અને ટેકનિકલ ક્ષેત્રે રોજગારીની મોટી તકો ઊભી થશે.